| પાના નંબર | અનુક્રમણિકા | | | તારીખ |
|---|---|---|---|---|
| ૧-૯ | એગ્લોમોન્ટ | ઈર્શાદ મુબારક | | ૧૧-૦૭-૨૦૦૭ |
| ૧૦-૧૪ | કમ્પાલા | યુગાન્ડા | | ૨૩-૦૮-૨૦૦૭ |
| ૧૫-૧૮ | માપુટો | મોઝામ્બિક | | ૨૨-૧૧-૨૦૦૭ |
| ૧૯-૨૨ | દુબઈ | યુ.એ.ઈ | | ૨૫-૦૩-૨૦૦૮ |
| ૨૩-૨૭ | ઓન્ટોનિઓ | યુ.એસ.એ. | | ૧૩-૦૪-૨૦૦૮ |
| ૨૮-૩૩ | લોસએન્જલસ | કેલીફોનીયા | યુ.એસ.એ | ૧૫-૦૪-૨૦૦૮ |
| ૩૪-૩૯ | ઈલ્લિનોય | શિકાગો | યુ.એસ. એ | ૧૬-૦૪-૨૦૦૮ |
| ૪૦-૪૪ | અટલાન્ટા | જયોર્જિયા | યુ.એસ.એ. | ૧૭-૦૪-૨૦૦૮ |
| ૪૫-૫૦ | સિધ્ધપુર | ભારત | | ૧૬-૦૫-૨૦૦૮ |
| ૫૧-૫૬ | મુંબઈ | ભારત | | ૧૭-૦૫-૨૦૦૮ |
| ૫૭-૬૨ | મુંબઈ | ભારત | | ૧૮-૦૫-૨૦૦૮ |
| ૬૩-૬૭ | ઢાકા | બંગલાદેશ | | ૨૨-૦૫-૨૦૦૮ |
| ૬૮-૭૪ | લંડન | યુનાઈટેડ કિંગ્ડમ | | ૦૫-૦૭-૨૦૦૮ |
| ૭૫-૮૧ | લિસ્બન | પોર્ટુગલ | | ૧૩-૦૭-૨૦૦૮ |
| ૮૨-૮૫ | સલમિયા | સિરિયા | | ૨૬-૦૮-૨૦૦૮ |
| ૮૬-૯૦ | ઈશ્કાશિમ બદખશાન | તાજિકિસ્તાન | | ૦૪-૧૧-૨૦૦૮ |
| ૯૧-૯૫ | પોર્શનીય બદખશાન | તાજિકસ્તાન | | ૦૫-૧૧-૨૦૦૮ |
| ૯૬-૧૦૧ | ટોરેન્ટો | કેનેડા | | ૨૨-૧૧-૨૦૦૮ |
| ૧૦૨-૧૦૭ | ટોરેન્ટો | કેનેડા | | ૨૩-૧૧-૨૦૦૮ |
| ૧૦૮-૧૧૩ | કેલ્ગરી | કેનેડા | | ૨૪-૧૧-૨૦૦૮ |
| ૧૧૪-૧૧૮ | વેનકુવર | કેનેડા | | ૨૫-૧૧-૨૦૦૮ |
| ૧૧૯-૧૨૪ | - | સિંગાપુર | | ૦૩-૧૨-૨૦૦૮ |
| ૧૨૫-૧૩૦ | પેરિસ | ફ્રાન્સ | | ૧૧-૧૨-૨૦૦૮ |
| ૧૩૧-૧૪૮ | તાલિકા | એગ્લોમોન્ટ | | ૧૩-૧૨-૨૦૦૮ |

## ગોલ્ડન જ્યુબિલીના સ્મરણોત્સવની પ્રારંભવિધિ પ્રસંગે
## મૌલાના હાઝર ઇમામનો જમાતી આગેવાનો પ્રતિ ઇર્શાદ મુબારક - ૧૧મી જુલાઈ ૨૦૦૭

અમારો વહાલો પરિવાર, જમાતના અમારા વહાલા આગેવાનો,

અમારા કુટુંબ માટે, જમાતના આગેવાનો માટે અને વિશ્વભરની જમાત માટે આ એક ઘણો જ અસાધારણ દિવસ છે અને અમે જગતભરની જમાતને અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના તેમજ અમારા ઉત્તમ, ઉત્તમ, વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીને આ ઇર્શાદની શરૂઆત કરવા ચાહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અઝીમનો તેમના સંબોધન માટે અને તેમણે આગેવાનો વતી જે વચનો આપેલ છે તે માટે, અને તમે આગેવાનોએ, જગતભરની જમાત વતી જે વચનો આપેલ છે તે માટે આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ અને એમ ફરમાવવા ચાહીએ છીએ કે આ એક યાદગીરીનો સમય છે, અમારા સદ્‌ગત દાદાશ્રી, અમારા પિતાશ્રી, અમારા કાકાશ્રી, બેગમ ઉમ્મે હબીબે અને અમારા માતૃશ્રીને પણ યાદ કરવાનો સમય છે. એ જમાતના નેતૃત્વની, છેલ્લા ૫૦ વર્ષો દરમ્યાનના નેતૃત્વની યાદગીરીનો પણ સમય છે, એ મુરીદો કે જેમણે જમાતની સહાય કરવા માટે, ઇમામતની સહાય કરવા માટે પોતાનો સમય, પોતાનું જ્ઞાન અને પોતાનો પ્રયાસ અર્પણ કરેલ છે. ૫૦ વર્ષો દરમ્યાન આ આગેવાનો અને જમાત તેની સમગ્રતામાં, શીઆ ઇસ્માઈલી ઇસ્લામના તરીકામાં સંગઠિત રહ્યા છે અને આ ૫૦ વર્ષો દરમ્યાન આગેવાનો અને બીજાઓ, છેલ્લા ૫૦ વર્ષોમાં ઝમાનાના ઇમામને નિર્ણયો લેવામાં તેમને સહાયરૂપ થવા, સલાહ-સૂચનો અને ભલામણો આપવા માટે આગળ આવેલ છે, એ ૫૦ વર્ષો કે જેને અમે તમારા માટે ટૂંકમાં યાદ કરવા ચાહીએ છીએ.

બેશક, ભૂતકાળ વિશે બોલવાનું પણ પ્રલોભન રહેલ છે, અને જ્યારે અમે તે વિશે અમુક વાતો કરીશું ત્યારે શરૂઆતમાં અમને એ બાબત ઉપર ભાર મૂકવા દો કે આ ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે અમારા મોટાભાગના વિચારો ભવિષ્ય પ્રતિ રહેલા હશે, કારણ કે અમે જાણીએ છીએ કે તમારા વિચારો, તમારી આકાંક્ષાઓ અને તમારી ચિંતાઓ ભવિષ્ય ઉપર કેન્દ્રિત થયેલી હશે.

પરંતુ પ્રથમ, એ બાબત વિશે વિચારવાનું ઉપયોગી રહેશે કે આ છેલ્લા ૫૦ વર્ષો દરમ્યાન આપણું જગત કેટલુંબધું બદલાઈ ગયેલ છે. ૧૯૫૭માં ઘણાખરા એશિયાને ગરીબી માટે, ખોરાકની અપૂર્ણતા માટે અને રાજકીય અસ્થિરતા માટે નિરાશાજનક રીતે વખોડવામાં આવતું હતું. અમુક દેશોને થોડાક સમય પહેલાં જ સ્વતંત્રતા મળવા પામી હતી, બીજા દેશો સ્વતંત્રતા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, અને બીજા અનેક દેશો સંસ્થાનવાદના દરજ્જામાં પૂરાયેલા હતા. સબ-સહારન આફ્રિકા મૂળભૂત રીતે સંસ્થાનવાદી સત્તાના અમુક સ્વરૂપ હેઠળ રહેલું હતું અને તેમના ભવિષ્ય માટે સ્વતંત્રતા સંબંધી પ્રમાણમાં ઘણું ઓછું કહી શકાય તેમ હતું. મધ્ય એશિયા, દક્ષિણ એશિયા, આફ્રિકા, પૂર્વીય યુરોપમાંના આજના અનેક સ્વતંત્ર રાજ્યો અસ્તિત્વ પણ ધરાવતા ન હતા. આ જગતની પરિસ્થિતિ હતી કે જેમાં ૧૯૫૭માં જમાત વસવાટ કરી રહી હતી.



ITREB FOR INDIA MUMBAI

શીતયુદ્ધ એ વૈશ્વિક ચિત્રમાં દેખાતી સૌથી અગત્યની હકીકત હતી, જેના આધારે આંતરરાષ્ટ્રીય નિર્ણયો લેવાતા હતા, અને જેનાથી બન્ને પક્ષોના મુખ્ય પાત્રો વૈશ્વિક આગેવાનીના હેતુથી પ્રભાવિત હતા. અણુશક્તિ અને અવકાશ વિજ્ઞાન પોતાના પ્રારંભિક તબક્કામાં હતા અને મોટાભાગે શીતયુદ્ધના ઘર્ષણના સદા ઉપસ્થિત એવા જોખમ દ્વારા તે સંચાલિત થતા હતા. એ સમયે, આ જ્ઞાન માનવતાની સેવા માટે વિકસિત થયું ન હતું. આર્થિક વિવાદ મૂડીવાદના વિરુદ્ધ સામ્યવાદી સમાજવાદના સંદર્ભમાં જ થતો હતો. વિવિધ સ્વરૂપોમાંનો નિશ્ચિત મત (dogmatism) સમયની બૌદ્ધિક જેલ કે કારાગૃહ હતું, જ્યારે વ્યવહારુદક્ષતા (pragmatism)ને સારી સૂઝ-સમજ કરતાં વધુ મોટાભાગે અવસરવાદ સાથે સાંકળવામાં આવતું હતું. ભય અને ગરીબી તેમજ ગરીબીનો ભય આપણા વિશ્વની વિશાળ બહુમતીના લોકોની માનસિકતા ઉપર પ્રભુત્વ ધરાવતા હતા અને આપણી જમાત એ સમયે આ સંદર્ભમાં વસવાટ કરી રહી હતી.

જમાત પોતે પણ આજે છે તે કરતાં ઘણી જુદી હતી. તે અસંખ્ય વિવિધ રાજ્યશાસનો હેઠળ રહેતી હતી અને અમારા શહેરી તેમજ ગ્રામીણ મુરીદો વચ્ચે ઓછો સંપર્ક હતો. ઔદ્યોગિક જગતમાં જમાત લગભગ નહિવત પ્રમાણમાં હતી. એ સમયે આપણી મોટાભાગની સંસ્થાઓ આફ્રિકા અને એશિયાની સ્થાનિક પહેલોમાંથી જન્મી હતી અને તે ફક્ત જમાતની જરૂરિયાતોને સેવાઓ આપતી હતી. એ આગેવાનો એવા સ્ત્રીપુરુષો હતા કે જેમની માનદ સેવાઓ ઝમાનાના ઇમામ અને જમાત પ્રતિ સેવાની ભવ્ય અને અનંત પ્રણાલિકાની એક અતૂટ સાંકળ સમાન હતી, પરંતુ અમે (ત્યારે) ૨૦ વર્ષના હતા અને તેઓ અમારા દાદાશ્રીની પેઢીના હતા.

એ સમયના ગૂંચવણભર્યા જગતમાં, અમારી સર્વવ્યાપી કાળજી જમાતના વિકાસ માટેની સ્પષ્ટ અને ડહાપણભરી દોરવણી હતી. એક વિશાળ વ્યાપની સમસ્યાઓ માટે ઇમામતના વિચારો અને સલાહ-સૂચનો માંગવામાં આવ્યા હતા, પરંતુ મોટાભાગે જગતના વિવિધ વિસ્તારોમાં જમાતની મૌજૂદગી વિશેની અને તેની સામાજિક તેમજ આર્થિક સંસ્થાઓ વિશેની અતિ પ્રાથમિક માહિતી ઉપલબ્ધ નહિ હતી, કારણ કે આવી માહિતીનું કદી પણ કેન્દ્રીયકરણ કરવામાં આવ્યું ન હતું.

૫૦ વર્ષોના સમય અને પ્રયાસો મારફત ઘણુંબધું બદલાઈ ગયું છે. આજે જમાત અને ઇમામત એવા નવા સંદર્ભોમાં રહે છે અને કાર્ય કરે છે કે જ્યાં ભવિષ્યનો સામનો કરવા માટેની વધુ વિશાળ સ્પષ્ટતા અને વધુ પ્રમાણમાં આત્મવિશ્વાસ રહેલો છે. આ ઉદ્દેશ પ્રતિ હજારો મુરીદો, જેમાંના અમુક આજે અહિં છે, અને તમારી ઉપસ્થિતિ બેહદ ખુશી લઈ આવેલ છે, એ મુરીદોએ ઉદારતાપૂર્વક પોતાનો સમય અને પોતાનું જ્ઞાન અર્પણ કરેલ છે અને અમે તેઓને, ભૂતકાળના આગેવાનોને, હાલના આગેવાનોને તેમની નોંધપાત્ર સેવાઓ બદલ અમારા અતિશય ઉમળકાભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન.

આ સમયની સૌથી વધુ મહત્ત્વની સિદ્ધિઓમાંની એક સિદ્ધિ એ હકીકત છે કે જમાતની મહાન ભૌગોલિક અને ભાષાકીય વિવિધતા હવે જાણીતી બની છે અને તેને સમજવામાં આવી રહી છે અને તેનો આદર કરવામાં આવી રહ્યો છે. એક નાનકડી લઘુમતી સિવાય જગતભરની અમારી સઘળી જમાતો હવે ઇમામ અને ઇમામત સંસ્થાઓની સાથે સીધા સંપર્કમાં છે. ઇમામત અને જગતભરની જમાત તેમની બંધારણીય સંસ્થાઓ દ્વારા જમાતની એક સુવ્યવસ્થિત સંદર્ભમાં સેવા કરવા શક્તિમાન છે. જમાતી બંધારણીય સંસ્થાઓની ગેરહાજરીના



ITREB FOR INDIA MUMBAI

કારણે જ્યાં હજુ આ શક્ય નથી, ત્યાં સમસ્યાને ઓળખી કાઢવામાં આવેલ છે અને તેને હાથ ધરવામાં આવી રહી છે. અને જમાત માટે ગૌરવનો એ વધારાનો સ્રોત હોવો જોઈએ કે વધુ અને વધુ દેશોમાં જે બંધારણીય સંસ્થાઓ જમાતને સેવાઓ આપે છે તેમને બીજાઓની સેવાઓ કરવા માટે પણ બોલાવવામાં આવે છે.

એ બાબત ઘણી પહેલા સ્પષ્ટ થઈ ચૂકી છે કે જમાત જે રાષ્ટ્રીય સંદર્ભમાં વસવાટ કરે છે તેનાથી સ્વતંત્ર રીતે પોતાના જીવનની ગુણવત્તાની સુધારણા કરી શકે નહિ. આ મૂળભૂત સચ્ચાઈએ અમને જમાત જે વિશાળ સમાજોમાં રહે છે તેમની સેવા કરવા, સભ્ય સમાજની આપણી જમાતી સંસ્થાઓને સામાજિક અને આર્થિક વિકાસમાંના તેમના પોતાના કાર્યક્રમોને વિસ્તૃત કરવા માટે પ્રોત્સાહિત કરતા કરેલ છે. બેશક, આપણી અમુક સંસ્થાઓ અને કાર્યક્રમોને આપણે દેશ સ્તરનો રાષ્ટ્રીય પ્રભાવ અથવા પ્રાદેશિક પ્રભાવ કે આંતરરાષ્ટ્રીય પ્રભાવ મેળવવા માટે પણ પ્રોત્સાહિત કરેલ છે.

અમને લાગે છે કે અહિં આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્કની ભૂમિકા મહત્ત્વની છે. આ નેટવર્કને યોગ્ય સ્થાનમાં મૂકવા માટે સંખ્યાબંધ વિચારણાઓ, સંખ્યાબંધ પાયાના સિદ્ધાંતોને લક્ષમાં લેવા પડશે અને આજે અમે આ મુદ્દાઓ સંબંધી અમારા વિચારોમાં તમને સહભાગી બનાવવા ચાહીએ છીએ.

- પ્રથમ, પ્રવૃત્તિના કોઈપણ ક્ષેત્રમાં જમાતને તાત્કાલિક રીતે અથવા તો નજદીકના ભવિષ્યમાં સરળતાપૂર્વક ફાયદો મળવો જ જોઈએ. જો આપણી પાસે અસ્તિત્વમાં રહેલ સંસ્થાઓ પહેલેથી જ સ્થાનબદ્ધ હોય તો કોઈપણ નવીન પહેલ તેની પરિપુરક બની રહેવી જોઈએ

- આવી પ્રવૃત્તિઓનો જોઈ શકાય તેવો, લાભકારી રાષ્ટ્રીય પ્રભાવ હોવો જોઈએ અથવા આવો એક પ્રદેશ માટે પ્રભાવ ભૌગોલિક રીતે અથવા ઉમ્માહ માટે હોવો જોઈએ.

- કોઈપણ આવી સમગ્ર નવીન પ્રવૃત્તિઓએ સભ્ય સમાજની અર્થપૂર્ણ મજબૂતી પ્રતિ ફાળો આપવો જોઈએ, કારણ કે એ સ્પષ્ટ છે કે આપણા સમયમાં અને અનેક દેશોમાં એ તંદુરસ્ત નાગરિક સમાજ છે કે જે સરકારની ઓછી કામગીરીના ભરપાઈ કરી શકે છે.

- નેટવર્કે રાષ્ટ્રીય વિકાસ પ્રક્રિયાના સામાજિક અને આર્થિક બન્ને ઘટકો પ્રતિ હકારાત્મક સમર્થન લઈ આવીને સામાજિક અને આર્થિક હેતુઓ માટેનો આશય ધરાવવો જોઈએ.

- આપણે ગ્રામીણ તેમજ શહેરી ચિંતાઓની કાળજી લઈ શહેરી જમાતોની સાથોસાથ, ગ્રામીણ જમાતોના જીવનની ગુણવત્તામાં સુધારો લાવવો જોઈએ.

- કોઈપણ નવીન પહેલોએ એવું નવીન જ્ઞાન અથવા એવા નવીન ધોરણો લઈ આવવા જોઈએ કે જે અન્ય સ્રોતોમાંથી આવી શકે તેમ ન હોય. શિક્ષણ અને આરોગ્ય જેવા ક્ષેત્રોમાં નાટ્યાત્મક કે આશ્ચર્યકારક સુધારણાઓ ઘણા દેશો માટે, ખાસ કરીને આફ્રિકા માટે અતિ આવશ્યક છે કે જ્યાં સંખ્યાબંધ ક્ષેત્રોમાંના

ધોરણો જેવા હોવા જોઈએ તેની નજદીક આવી શકે તેવા પણ નથી. વૈશ્વિકીકરણના આપણા જગતમાં કોઈપણ એક સ્થળના શ્રેષ્ઠ ધોરણો ઝડપભેર વિશ્વના ધોરણો બનવા પામશે. અને જે સમાજો આ ધોરણોને પહોંચી શકતા નથી તે દાયકાઓ માટે બાજુએ હડસેલાઈ જવાની બાબતનો સામનો કરીને પાછળ રહી જવા પામશે.

.......................................................................................................................................

આ પાશ્ચાદ્ભૂમિકામાં ધી આગાખાન યુનિવર્સિટી, અને ધી યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ એશિયા, નવીન એકેડેમીઝના કાર્યક્રમો, ધી આગાખાન ટ્રસ્ટ ફોર કલ્ચરની પહેલો, ધી આગાખાન ફંડ ફોર ઈકોનોમિક ડેવલપ્મેન્ટ, ધી આગાખાન ફાઉન્ડેશન, ધી આગાખાન એજન્સી ફોર માઈક્રો ફાઈનાન્સ અને ફોકસ જેવી સંસ્થાઓ સહિત આપણું નેટવર્ક જે કંઈ કરવાનો પ્રયાસ કરી રહેલ છે તેને અમારી જમાત શ્રેષ્ઠ રીતે સમજવા પામશે.

૧૯૫૭માં એવી અપેક્ષા રાખવી આશાજનક હોત, કદાચ સાહસિક પણ હોત કે આફ્રિકા અને એશિયાના અનેક વિકાસ પામી રહેલા દેશો એક દિવસ, જમાત સહિત આપણા જગતના લોકો માટે તકોના દેશો બની શકે છે, પરંતુ ચોક્કસપણે આ એ જ હેતુ છે કે જેના માટે અમે છેલ્લા ૫૦ વર્ષોમાં પ્રયાસો કરી રહ્યા છીએ; કે જગતના આ ભાગો, આ દેશો તકોના વિસ્તારો બની રહે. ભૂતકાળમાં જેમ હતું તેમ પ્રગતિ અસમાન રહેવાની ચાલુ રહેવાની સંભાવના છે. જો કે, કોઈપણ વૈશ્વિક સમાજ કે જેની પાસે દરેક સ્તરોએ ગુણવત્તાભર્યા શિક્ષણનો અંકુશ હોય, જેની પાસે અતિ ગરીબથી લઈને અતિ સંપત્તિવાન સુધીના દરેકને સેવાઓ આપવા માટે તૈયાર કરાયેલ આર્થિક સંસાધનોનો અંકુશ હોય અને તે કારણે તેની પહોંચ હોય, જેની પાસે ગુણવત્તાભરી આરોગ્ય સંભાળની પહોંચ હોય, અને આ બધું જગતના એ વિસ્તારોમાં હોય કે જ્યાં સભ્ય સમાજને ટકાવી રાખવામાં આવ્યો હોય અને જ્યાં બહુમતવાદનું રક્ષણ કરવામાં આવ્યું હોય, તો તે એક એવો સમાજ છે કે જે ભવિષ્ય પ્રતિ કદાચ આશાભરી રીતે દૃષ્ટિ કરી શકે છે, અને જગતભરની અમારી જમાત માટે અમારી આ મહત્ત્વાકાંક્ષા છે.

એકેડીનના ઘડતરના ઘટકો જગતભરની જમાતના ભવિષ્ય માટે અતિ આવશ્યક છે, પરંતુ પોતાના હેતુઓને વધુ કાયમી રીતે અને ગુણવત્તાના વધુ ઉચ્ચ સ્તરોએ પરિપૂર્ણ કરવા શક્તિમાન બનાવવા માટે તેમને વધુ મજબૂત બનાવવાની જરૂરત છે.

આથી આવનારા વર્ષોમાં અમે (નીચેની બાબતો પ્રતિ) આતુરતાપૂર્વક દૃષ્ટિ કરીએ છીએ:

- આગાખાન યુનિવર્સિટીની તેની આર્ટ્સ અને સાયન્સ કોલેજની શરૂઆત, તેની સ્નાતક શાળાઓ, ઉચ્ચ શિક્ષણની અન્ય સંસ્થાઓ સાથેની તેની સહભાગીતાઓ, જે શ્રેષ્ઠ હોય તેમાંથી હાંસલ કરવાનું અને બીજાઓને સહાય કરવી, ખાસ કરીને ઉમ્માહમાં તેમજ અન્ય દેશોને કે જેથી તેઓ પોતાના હેતુઓને સહાય કરી શકે.

- અમે શૈક્ષણિક સંસ્થાઓ (એકેડેમીઓ) પ્રતિ અને એશિયા તેમજ આફ્રિકાના સંખ્યાબંધ વિસ્તારોમાં અને કદાચ ઔદ્યોગિક જગતમાં પણ શાળાકીય શિક્ષણના સર્વોચ્ચ સ્તરો પૂરા પાડવાના તેમના કાર્યક્રમો પ્રતિ દૃષ્ટિ



ITREB FOR INDIA * MUMBAI *

કરી રહ્યા છીએ, તેઓ યુવાન માનસને એ વૈશ્વિક ભવિષ્યમાં નેતૃત્વની ભૂમિકાઓ માટે તેમને તૈયાર કરવામાં સહાય કરે કે જ્યાં નવીન ભાષાકીય ક્ષમતાઓ અને વિવિધ સમાજોનું પ્રત્યક્ષ અંગત જ્ઞાન અતિ આવશ્યક હશે. જેમ જેમ એકેડેમીઓનો કાર્યક્રમ વિકાસ પામતો જશે તેમ તેમ તેના પરિણામસ્વરૂપે, તે ધી આગાખાન યુનિવર્સિટી અને ધી યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ એશિયા જેવી જગતની ટોચની યુનિવર્સટીઓમાં અરજી કરતાં વિદ્યાર્થીઓની ગુણવત્તાને ચોક્કસપણે પ્રભાવિત કરશે. જ્યાં આપણી એકેડેમીઓ બાંધવામાં આવેલ છે, અગર જો ત્યાં આપણી શાળાઓ પહેલેથી અસ્તિત્વમાં છે, તો તેમાંની અમુક શાળાઓને વિજ્ઞાન અને ટેક્નોલોજી અથવા માનવવિજ્ઞાનો (humanities) જેવા જ્ઞાનના વિશેષ વિસ્તારોમાં કેન્દ્રિત કરવા માટે પુનઃસ્થાનબદ્ધ કરી શકાય તેમ છે. ફરીથી, આપણા યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કરતી (આ) સંસ્થાઓ (છે).

અમે ધી યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ એશિયા પ્રતિ, જ્યારે તાજિકિસ્તાન, કીર્ગીઝસ્તાન અને કઝાખસ્તાનમાં શિક્ષણ કેન્દ્રો (કેમ્પસીઝ) બાંધવામાં આવી રહ્યા છે, ત્યારે ઉચ્ચ પર્વતીય સમાજોના જીવનની ગુણવત્તા ઉપર તાત્કાલિક પ્રભાવ પાડીને તેમના માટેના તેના સતત શૈક્ષણિક કાર્યક્રમોમાં વધારો કરે તે પ્રતિ દૃષ્ટિ કરીએ છીએ. થોડા સમયમાં આ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી, પર્વતીય લોકો કે જેમાંના અનેક લોકો જમાતમાંથી છે તેમના માટે વધુ ઉચ્ચ શિક્ષણની અગ્રગણ્ય સંસ્થા બની રહેવાની આશા છે.

અમે ધી આગાખાન ટ્રસ્ટ ફોર કલ્ચર, ઇસ્લામી જગતની સંસ્કૃતિઓને તે માનવીના કળાલક્ષી પ્રયાસના જેમ કેન્દ્રરૂપ હોવી જોઈએ તે પ્રમાણે તેમને સ્થાન અપાવીને તેમની સેવાઓ કરવાનું ચાલુ રાખે તે પ્રતિ દૃષ્ટિ કરીએ છીએ. તેની સાથે સાથે તેઓ આપણા ભૌતિક વાતાવરણમાં પણ સુધારણા લાવે અને એવા અતિ ગરીબ લોકોને તે સહાય કરે કે જેઓ ઐતિહાસિક શહેરોમાં વસવાટ કરે છે અને પોતાની અત્યંત ખરાબ હાલતમાંથી પોતાને ઉપર લાવવા માટે તે સહાય કરશે. મધ્ય એશિયાની સાંસ્કૃતિક અસ્કયામતો વિશે વિચાર કરો અને તેઓ જ્યારે આ વાતાવરણોમાં ફલદાયક એકમો બનવા પામે તો આપણી જમાત માટે તેઓ શું કરી શકે તેમ છે તે વિશે વિચાર કરો.

અમો ધી આગાખાન ફાઉન્ડેશન પોતાની પ્રવૃત્તિઓને એ ગ્રામ્ય વસ્તીઓની સહાય માટે વિસ્તૃત કરે તે પ્રતિ દૃષ્ટિ કરીએ છીએ, કે જે વસ્તીઓ આપણી જમાતની બહુમતી છે અને વધુ સામાન્યતઃ તે એશિયા અને આફ્રિકાની વસ્તીઓ છે. ફાઉન્ડેશન સભ્ય સમાજના ઘડતર માટેની પોતાની જવાબદારીઓને ઝડપી બનાવશે.

અમો આશા રાખીએ છીએ કે સંઘર્ષમાંથી પસાર થયેલા સમાજો જેમ કે તાજિકિસ્તાન, અને અફઘાનિસ્તાન, તેમજ મોઝામ્બિક, અને યુગાન્ડા અને નવીન સ્વતંત્ર થયેલ અર્થવ્યવસ્થાઓમાં નિર્ણાયક ક્ષેત્રો જેમ કે પાયાના (બુનિયાદી) માળખા, સંદેશવ્યવહાર અને નાણાકીય સેવાઓ દ્વારા આર્થિક વિકાસમાં આગાખાન ફંડ ફોર ઈકોનોમિક ડેવલપમેન્ટ પોતાના યોગદાનને વધુ વિસ્તારશે.

સાથોસાથ, આર્થિક પ્રવૃત્તિના ક્ષેત્રમાં, અમો આશા રાખીએ છીએ કે ધી આગાખાન એજન્સી ફોર માઈક્રો ફાઈનાન્સના એવા વિકાસની કે તે વ્યાપારી ધિરાણ લઈ ન શકે તેટલા ગરીબ એવા વધુમાં વધુ લોકોને સહાય



ITREB FOR INDIA MUMBAI

કરવા માટે પોતાના સંસાધનોનો ઘનિષ્ટ ઉપયોગ કરીને અનેક દેશોમાં વધુમાં વધુ જમાતને આવરી લેવાના કેન્દ્રિત પ્રયાસ કરે.

અમો આશા રાખીએ છીએ કે ફોકસ, જાનમાલને અસ્વીકાર્ય સ્તરનું નુકસાન કરે તેવી કુદરતી આપત્તિઓ અને માનવ સર્જીત કટોકટીઓની ધારણા અને સામના માટેની શક્તિઓ અને તૈયારીઓને વધારે. આપણી જમાત વધુ કુદરતી જોખમોવાળા વિસ્તારોમાં રહે છે તેની આપણને જાણ છે. આવનારા દાયકાઓમાં આ જોખમને ન ઉદ્દેશીએ તે આપણને પાલવે નહિ.

આથી, અમોને આશા છે કે ગોલ્ડન જ્યુબિલી આ સંસ્થાઓ અને પ્રવૃત્તિઓને શક્તિશાળી અન વધુ મજબૂત બનાવશે, જે અનેક દેશોને તકવાળા દેશોમાં પરિવર્તિત થવામાં સહાયરૂપ થશે. આ પ્રક્રિયા ફક્ત તે દેશોમાં નથી કરવાની જ્યાં જમાત હાલમાં વસે છે પણ તે દેશોમાં પણ કરવાની છે કે જ્યાં જમાત આવતીકાલે વસશે. જમાત જ્યાં રહેવા ચાહી શકે તેવા વધુમાં વધુ દેશોમાં અમો તકના ક્ષેત્રો સર્જતા ઇચ્છીએ છીએ.

પરંતુ અમો ખુલાસો કરી દઈએ. આ દરેક એકેડીએન સંસ્થાઓ અને તેમના દરક કાર્યક્રમો અને પહેલો, તેમાં કાર્યરત પુરુષો અને સ્ત્રીઓની વ્યક્તિગત અને બૌદ્ધિક ગુણવત્તાઓ ઉપર આધારિત છે. ઉમ્માહના અમુક ભાગોને ચિંતા છે મુસ્લિમો અને સમકાલીન જ્ઞાનાધારિત સમાજ વચ્ચેના સંબંધની કે જેના મૂળ મુખ્યત્વે પશ્ચિમમાં છે. અમારી અત્યંત ઊંડી દઢ માન્યતા છે, અમારી અત્યંત ઊંડી દઢ માન્યતા છે કે આ જ્ઞાનાધારિત સમાજને આપણે બૌદ્ધિકતા પ્રત્યેની અલીદ પ્રણાલિકાનુસાર પરંતુ આપણા ધર્મની નૈતિકતાની અંદર રહીને આપણો પોતાનો બનાવવો જોઈએ. એટલે અમે જમાત પાસેથી તમારું સમય અને જ્ઞાનનું નજરાણું ચાહ્યું છે.

અગર આપણી એકેડીએન સંસ્થાઓ આગામી વર્ષોમા પોતાને સંગઠિત બનાવી શકે તો તેઓ અનેક દેશોની જમાતના જીવનની ગુણવત્તામાં પ્રત્યક્ષ કે પરોક્ષ નોંધપાત્ર યોગદાન કરી શકશે. આપણી સંસ્થાઓ અનેક રાજ્યો અને વિસ્તારોમાં રાષ્ટ્રીય સભ્ય સમાજના ઘડતરમાં સહાય કરશે, જેમાંથી તે દેશોમાં વિકાસની પ્રક્રિયાની ખાત્રી મળશે અને આ પ્રક્રિયાઓને તેના વિકાસ માટે પૂર્ણપણે સરકારી કાર્યવાહી પર અવલંબિત થવાથી બચાવશે

અમો નથી ધારતા કે ભવિષ્યમાં નેટવર્કને વધુ અસરકારક બનાવવા માટે એકેડીએન એજન્સીઓની વ્યવસ્થામાં ઘણી નવી સંસ્થાઓ ઉમેરવી પડશે; જે અસ્તિત્વમાં છે તેનું મજબૂતીકરણ અને વિસ્તરણ પૂરતા થઈ રહેશે.

.................................................................................................................................

અલબત્ત, એવા ક્ષેત્રો છે જેના ઉપર હવે વધુ ધ્યાન આપવું જોઈશે. પ્રથમ છે વધુ સારી સરકાર. એશિયા અને આફ્રિકાના અનેક દેશોમાં લોકશાહી યુવાન છે અને હજી આધુનિક વિકાસ પ્રવૃત્તિના આધાર માટે પ્રમાણમાં બિન અસરકારક છે. જ્યારે એક શક્તિશાળી સભ્ય સમાજ આવી બિન અસરકારકતા સામે બચાવ બની શકે છે અને બને છે. લોકશાહી સરકારની પ્રક્રિયાઓને પણ વધુ ધ્યાન અને ટેકો મળવો જોઈએ. નિષ્ફળ જતી લોકશાહીના કારણો સમજવા અને નવા ઉપચારો શોધવા માટે આપણે વધુ પ્રયાસ કરવા જોઈએ. ખાસ કરીને

શિક્ષણ અને સંદેશવ્યવહારના ક્ષેત્રોમાં. પોતાને જોઈતા સ્વરૂપની સરકાર રચવા માટેની તકો અને વિકલ્પો જો લોકો નહિ સમજશે તો તેઓ તર્કસંગત નિર્ણયો નહિ લઈ શકશે અને એટલે, આપણે આપણા યુવકો અને અન્ય યુવકોને સરકારોના આધુનિક સ્વરૂપોનું જ્ઞાન આપવું જોઈએ. ઇમામત અને એકેડીએનએ વિવિધ સરકારો સાથે કરેલા કરારો આપણને લોકશાહીના વિવિધ સ્વરૂપો અને સભ્ય સમાજના સ્વનિર્ણય બાબત નવા વિચારોના આદાન પ્રદાનની નવી તકો પૂરી પાડી શકે.

બીજું ક્ષેત્ર છે બુઝુર્ગો, કે જેના પ્રતિ અમે જમાતી સભ્યો માટે વધુ સહાયનું સર્જન કરીશું. જીવાદોરી લંબાતી જાય છે પણ એ જ સમયે કાર્યરત જીવન ટૂંકાતું જાય છે. આધુનિક જીવનના દબાણને લીધે કૌટુંબિક બંધનો ઢીલા થતા જાય છે અને ક્યારેક તૂટી પણ જાય છે. આના પરિણામે ઘણા બુઝુર્ગ મુરીદો દુઃખી અને ઘણીવાર એકલવાયા વર્ષોનો સામનો કરી રહ્યા છે. આ કોયડાને ઉદ્દેશવાના માર્ગો આપણે શોધવા જોઈએ.

અંતે, આપણને જેનો પ્રતિસાદ આપવાનો છે તેવું અતિ મહત્ત્વનું ત્રીજું ક્ષેત્ર છે અત્યંત ગરીબ લોકોની દારૂણ પરિસ્થિતિ, અર્થવ્યવસ્થાઓનું ઉદારીકરણ તે લોકો માટે તકો સર્જે છે જેઓ તેનો લાભ લઈ શકે, પરંતુ એવા પણ લોકો છે કે જેમનામાં એ સામર્થ્ય નથી અને આથી તેઓ વધુ ને વધુ ગરીબ થતા જાય છે. આપણે તેમને આ સ્થિતિમાં મૂકી ન શકીએ અને આ મુરીદો અને તેમના પરિવારના જીવનની ગુણવત્તામાં કાયમી સુધારો લાવવા માટે જો અનેક પેઢીઓ લાગે તો પણ આપણને સહાય માટેના માધ્યમો શોધવા જોઈએ.

✓ જીવનની ગુણવત્તા જ્યારે વધુમાં વધુ ભૌતિક બાબતો વડે અંકાય છે તેવા વિશ્વમાં ઇસ્લામના આવશ્યક મૂલ્યોનું ધોવાણ થવાનો અને કદાચ અદૃશ્ય થવાનો ભય પણ છે. ધર્મશાસ્ત્રના ઉપરછલ્લા પ્રભાવવાળી રાજકીય સ્થિતિઓ એક જ ધર્મની અલગ અલગ કોમો વચ્ચે અને તેનાથીય વધુ અલગ અલગ ધર્મના લોકો વચ્ચે વિરોધ અને અસંતોષ સર્જે છે. આ ગૂંચવણભરી પરિસ્થિતિના કેન્દ્રમાં ઇસ્લામ છે. આપણે આ ચાલવા ન દઈ શકીએ. બીજી તરફ આ કોયડાનો વ્યાપ અને તેની જટિલતા તેને એવો પ્રશ્ન બનાવી મૂકે છે કે જેને માત્ર ઉમ્માહ પોતાની પૂર્ણતામાં સારી રીતે ઉદ્દેશી શકે અને નહિ કે તેમાંની અર્થઘટનની કોઈ વ્યક્તિગત વિચારધારાઓ. આપણી ઇસ્લામી મૂલ્ય વ્યવસ્થાના સામાન્ય સામાજિક અને નૈતિક સિદ્ધાંતોની સ્પષ્ટ અભિવ્યક્તિ માટે એ અતિ આવશ્યક છે કે ઇસ્લામમાંના વિવિધ તરીકાઓ પોતાની વ્યક્તિગત ઓળખને માન આપતા જોડાણ સાધે. દાખલા તરીકે, મુક્ત બજારની અર્થવ્યવસ્થાઓ રાષ્ટ્રો અને લોકોના સાહસને અગ્રીમતા આપે છે, પણ શું તે પોતાની રીતે લોભ, અસહ્ય મહત્ત્વાકાંક્ષા અને ભૌતિકવાદને જન્મ નથી આપતી? ઇસ્લામ સહનશીલતા, ઉદારતા અને આધ્યાત્મિકતાનો ધર્મ છે. શું અમુક સમાજો સ્વાતંત્ર્ય ભોગવવામાં એવો અતિરેક નથી કરી રહ્યા કે સ્વતંત્રતા એ સ્વચ્છંદતાનો પરવાનો બની જવાનું જોખમ ઊભું થાય?

શું વ્યક્તિઓ અને પરિવારોને આત્મસમ્માનનો હક અને આથી ખાનગીપણાનો હક નથી? જ્યાં આપણે અન્ય તરીકાઓ સાથે પુલો બાંધીને એક સર્વસામાન્ય મુસ્લિમ પચરંગી વ્યવસ્થા સ્થાપી શકીએ ત્યાં આપણે એવો પ્રયાસ કરવો જોઈએ.

જે દેશોમાં જમાત રહે છે ત્યાં ૧૯૫૭ પછી ઘણા ઊંડા પરિવર્તનો આવ્યા છે, અને હવે તે દેખીતું છે કે અમુક



ITREB FOR INDIA * MUMBAI *

જેમ કે અફઘાનિસ્તાન અને તાજિકિસ્તાનમાં જમાતને જોઈએ તેટલા પ્રમાણમાં જમાતખાનાઓ નથી. આને હવે ઉદ્દેશવું જોઈએ. આવી જ પરિસ્થિતિ નિર્માણ થયેલી જ્યારે જમાત યુરોપ અને ઉત્તર અમેરિકામાં સ્થાયી થવા લાગી હતી, પણ અમો માનીએ છીએ કે હવે આમાં સારી પ્રગતિ થઈ છે.

૧૯૫૭ પછીના વર્ષોએ મજબૂત રીતે દર્શાવ્યું છે કે કેવી રીતે આપણો ઇતિહાસ અને આપણી પ્રણાલિકાઓ વિશ્વભરમાં ખૂબ જ મોટી સંખ્યામાંની જમાતમાં ફેલાયેલ છે, જેઓ વિવિધ ભાષાઓ બોલે છે, જેમની ધાર્મિક પ્રથાઓ અને સાંસ્કૃતિક પ્રણાલિકા સમય સાથે ખીલેલ છે, અને જે પહેલાં કરતાં ખૂબ જ વધુ સંગઠિત થઈ રહ્યા છે, અને જ્યારે અમે અમારા આગેવાનોને જોઈએ છીએ ત્યારે વૈશ્વિક જમાતની વિવિધતાનું પ્રતિનિધિત્વ જોઈએ છીએ. તરીકાના અમલના મૂળ વિશ્વના વિવિધ ભાગોમાંથી, વિવિધ સ્વરૂપો અને ભાષાઓમાં આ રીતે સ્પષ્ટ થઈ રહ્યા છે. અમુક પ્રણાલીઓ વિશ્વના એક ભાગમાં વિકસેલ છે અને બીજામાં નહિ, તે બાબત આશ્ચર્ય ન થવું જોઈએ અને ન તો ભૂતકાળને ગેરકાયદેસર ઠરાવવો જોઈએ. એ માટે એ જરૂરી છે કે ઇમામ તરીકાના અમલને એ રીતે દિશા આપે કે જે દ્વારા વિવિધ જમાતો એ સમજે કે તેઓ સર્વે ઝમાનાના ઇમામની સત્તા સાથે સંબંધિત છે અને જેમનામાંથી જ તેઓ તેમની પ્રથાઓની કેન્દ્રિયતા મેળવી શકશે.

સાહિત્ય, લોકસાહિત્ય અને ધાર્મિક પ્રથાઓની આપણી વિવિધ પ્રણાલિકાઓના સંશોધનમાં ખાસ કરીને ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇસ્માઈલી સ્ટડીઝ દ્વારા ઘણું કાર્ય થયેલ છે. આ બાબતો ઉપર વિશ્વભરની અમારી જમાત પ્રબળ લાગણીઓ ધરાવે છે. આપણા અનેકતાવાદી વારસાની ધર્મશાસ્ત્રીય અને ઐતિહાસિક વિશ્વસનિયતાનું કાળજીપૂર્વક વિશ્લેષણ કરવામાં આવેલ છે. પવિત્ર કુરઆનના અર્થઘટનની, ફાતિમી સમય સહિતની, અનેક શાખાઓની પૂર્ણ સમજણ કેળવવા માટે સમસ્ત ઉમ્માહમાં તફસીરના વિશાળ ભંડોળ પ્રતિ પણ આવી જ રીતની કાળજીપૂર્વક ચકાસણી લાગુ પાડવામાં આવેલ છે. જ્યારે અમને સંતોષ થાય તે રીતે આ કાર્ય પૂર્ણ થશે ત્યારે અમો ઇસ્લામના શીઆ ઇસ્માઈલી તરીકાના ભવિષ્યના આચરણ બાબત અમારા વિચારો અને પ્રતિક્રિયાઓ જમાતને આપીશું.

અમોને ખાસ કરીને પ્રતીક્ષા છે તે સમયની જ્યારે આપણો માધ્યમિક અભ્યાસક્રમ (સેકન્ડરી કરીક્યુલમ) પૂરો થશે અને વ્યવસાયિક રીતે તાલીમ પામેલ શિક્ષકો દ્વારા તે શીખવવામાં આવશે. તમારી આસપાસ જુઓ કે વિશ્વના અનેક ભાગોમાં જ્યાં યોગ્ય શિક્ષણ ન મેળવેલ શિક્ષકો ધર્મની બાબતોને હાથ ધરે છે ત્યાં શું થવા પામ્યું છે.

આજે તમોને દરેકને વ્યક્તિગત રીતે, અમારા અતિશય ઉમળકાભર્યા અને અત્યંત હેતપૂર્વકના માતાપિતા તરીકેના વહાલભર્યા દુ'આઆશિષો પાઠવવા અમે દુનિયાભરમાંના દરેક મુરીદના ખભે હાથ મૂકીએ છીએ.

અમે દરેક મુરીદના ઈમાનની મજબૂતી માટે દુ'આ કરીએ છીએ.

અમો અમારા દરેક મરહૂમ રૂહાની બાળકોના આત્માની શાંતિ અને રાહત માટે દુ'આ કરીએ છીએ.

ITREB FOR INDIA
MUMBAI

તમો દુન્યવી સમસ્યાઓથી સુરક્ષિત રહો તે માટે અને તમારી મુશ્કીલ આસાન માટે અમો દુ'આ કરીએ છીએ.

અમો દુ'આ કરીએ છીએ કે તમારા પરિવારોમાં એકતા હોય અને સારી તંદુરસ્તી હોય.

અને અમો દુ'આ કરીએ છીએ કે તમો શાંતિમાં રહો અને તમને રૂહાની રોશનીનું માર્ગદર્શન મળે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારો વહાલો પરિવાર, અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

તમારા જમાતના આગેવાનોએ હમણાં ભવ્ય નજરાણું, ભવ્ય નજરાણું અર્પણ કર્યું છે અને આ ઉદારતા માટે અમો વિશ્વભરની જમાતને અમારી અપાર અને ઊંડી આભારની લાગણી પાઠવીએ છીએ. અમો વિચારીએ છીએ કે તમે જાણો કે આપણી પાસે લગભગ ૫૦૦ માનવ વર્ષોની સ્વૈચ્છિક સેવાઓ છે. વિશ્વના કોઈપણ ભાગમાં, કોઈપણ કોમ, અગર સમય અને જ્ઞાનની આવી ઉદારતા સાથે આગળ આવે તો અમો માનીએ છીએ કે તે કોમ ખૂબ જ વિશ્વાસ અને આશા સાથે ભવિષ્ય પ્રતિ દૃષ્ટિ કરી શકે છે.

દરેક મુરીદ જેણે જમાત અને ઝમાનાના ઇમામની સેવા સમય અને જ્ઞાન થકી કરવાની અને ભૌતિક ટેકો પૂરો પાડવાની ઇચ્છા દર્શાવેલ છે તેમને અમો ઊંડાણપૂર્વકના અને અતિશય વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA
MUMBAI.

# મૌલાના હાઝર ઇમામે કમ્પાલા, યુગાન્ડા ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ ઇર્શાદ-મુબારક

૨૩મી ઓગષ્ટ, ૨૦૦૭

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

અમે કમ્પાલામાં આ દરબારના પ્રસંગે અહિં અમારા સર્વે રૂહાની બાળકોને, તમારી જમાતોને, તમારાં કુટુંબોને, આ જગતમાં તેઓ જ્યાં પણ હોય, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ખાસ પ્યારભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને જણાવવા ચાહીએ છીએ કે યુગાન્ડા, કે જે ઇન્શાલ્લાહ, ભૂતકાળના ખરાબ સમયને વીતાવી ચૂકેલ છે તે દેશમાં અમારી જમાત સાથે ફરી એકવાર હોવા બદલ અમે કેટલાબધા ખુશી છીએ.

આ મુલાકાત પ્રસંગે અમને જે ઉષ્માભરી રીતે આવકાર આપવામાં આવ્યો છે તે માટે અમે આ તકે યુગાન્ડાની સરકાર પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. આ ઇર્શાદની શરૂઆતમાં અમે ખાસ કરીને અમારા એ સઘળા મુરીદો કે જેઓએ યુગાન્ડાની આ મુલાકાત માટે કાર્ય કર્યું છે, જે વોલન્ટીયરોએ અદ્ભુત કાર્ય કર્યું છે, તેઓને અમારા દુ'આઆશિષો ફરમાવવા ચાહીએ છીએ. અને અમે તેઓને જણાવવા ચાહીએ છીએ કે અમે ન માત્ર અહિં યુગાન્ડામાંના વોલન્ટીયરોને પરંતુ કેન્યા, ટાન્ઝાનિયા અને અન્ય જગ્યાઓમાંની અમારી એ જમાત માટે પણ અમારા દુ'આઆશિષો અને અમારી પ્રશંસાઓ પાઠવીએ છીએ કે જેઓએ આવું અદ્ભુત કાર્ય કર્યું છે. મુબારક અને અભિનંદનો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જ્યારથી પૂર્વ આફ્રિકામાં પધરામણી ફરમાવેલ છે ત્યારથી જે દરેક પ્રસંગોમાં અમે સહભાગી થયા છીએ તેણે અમને બેહદ ખુશી આપી છે, અને અમે અમારી જમાતને એ જણાવવા ચાહીએ છીએ કે તમારી સાથે ફરી એક વાર હોવા બદલ અને તમારી સાથે ભવિષ્ય પ્રતિ દૃષ્ટિ કરવા શક્તિમાન બનવા બદલ અમે ઊંડાણપૂર્વક ખુશી થયા છીએ.



ITREB FOR INDIA BOMBAY

અમારાં વ્હાલા રૂહાની બચ્ચાઓ,

સમય પસાર થયો છે. આફ્રિકા બદલાયું છે. આફ્રિકાનું બદલાવવાનું ચાલુ રહેશે, પરંતુ અમે માનીએ છીએકે તમે, જમાતની સંસ્થાઓ, અને આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્કની સંસ્થાઓ જે કાર્ય કરી રહેલ છો, તેનાથી આવનારા દાયકાઓ ઇન્શાઅલ્લાહ, વિકાસ અને તકના દાયકાઓ બની રહેશે. અને આ એક કાર્ય છે, કાર્યોમાંનું એક એવું છે કે જેને ભવિષ્ય માટે તૈયારી કરવા અર્થે ઇમામતની સંસ્થાઓ પરિપૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહેલ છે, કે જેથી જમાતની ભવિષ્યની પેઢીઓ અને બીજા લોકો આવનારા વર્ષો પ્રતિ એવા વિશ્વાસની સાથે દ્રષ્ટિ કરી શકે કે (ભવિષ્યમાં) વધુ સારી સરકાર, વધુ સારું શિક્ષણ, વધુ સારી આરોગ્ય-સંભાળ, વધુ સારી આર્થિક તક રહેલી હશે. અને જે સંસ્થાઓની અમે આગેવાની કરી રહ્યા છીએ તે પૂર્વ આફ્રિકાના લોકોના જીવનની ગુણવત્તામાં આ સુધારણા કરવા માટે, દરેક વર્ષે યોગદાન આપવાનો પ્રયાસ કરતી રહેશે. જો કે, તેમ કરવા માટે, આપણને જગતભરના સઘળા લાયકાત ધરાવતાં મુરીદોના પ્રોત્સાહન અને સહાયની જરૂરત પડશે, અને એટલા માટે જ અમે અમારી જમાતને એમ ફરમાવ્યું છેકે અમારી ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે સમય અને જ્ઞાનનું નઝરાણું બેહદ મહત્ત્વનું છે, કારણ કે એ અમારી આશા અને દુઆ છે કે તમે જેમ આગળ વધતા જશો તેમ જ્યાં જમાતો વસવાંટ કરે છે એ સઘળા દેશો, એક સમયે જીવનની વધુ સારી ગુણવત્તા માટેની ખરી તક ઉપલભ્ય કરશે. અને આમ કરવા માટે, આપણને દરેક વર્ષે, આપણા શિક્ષણની ગુણવત્તામાં, આપણી સંસ્થાઓની ગુણવત્તામાં, જે વિવિધ દેશોમાં જમાત વસે છે તેમાં તેઓ જે અસરકારતાની સાથે કામગીરી કરે છે તેમાં સુધારણા કરવી પડશે. અને ઇસ્લામની નૈતિકતાની અંતર્ગત રહીને આપણને બીજાઓને આ સુધારણા ઉપલબ્ધ કરાવવી પડશે. આપણે ભવિષ્ય તરફ જે રીતે દ્રષ્ટિ કરીએ છીએ તેમાં આપણને ઉદાર બનવું પડશે, કે જેથી જેમ ભવિષ્ય વિકાસ પામતું જાય તેમ આફ્રિકાના લોકો આપણી સાથે સહભાગી બની શકે અને આપણે તેઓની સાથે સહભાગી બની શકીએ.

જમાતમાં મુરીદોના અમુક સમૂહો એવા છે કે જેમની તરફ ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન અમે ખાસ ધ્યાન આપવાની ઇચ્છા ધરાવીએ છીએ, અને જ્યાં અમે એવી આશા રાખીએ છીએ કે આવતા વર્ષના જુલાઇ સુધીમાં તેઓ જે દુન્યવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેને હાથ ધરવામાં તેઓને સહાય કરવા માટેની આપણે અમુક સત્તાવાર ક્ષમતા ધરાવતા હશું.

પ્રથમ વર્ગ એ મુરીદોનો છે કે જેઓ આર્થિક રીતે નબળા છે અને જેમને આપણને ટેકો આપવો જોઇએ કે જેથી તેઓ પોતાના ભવિષ્યનું સ્થિર રીતે ઘડતર કરી શકે.અને આનો અર્થ એ છે કે આ મુરીદોને ન માત્ર તેમની પોતાની પેઢીઓના પરંતુ તેમની ભવિષ્યની પેઢીઓ-તેમની ભવિષ્યની પેઢીઓના સંદર્ભમાં ભવિષ્ય તરફ દ્રષ્ટિ કરવાની જરૂરત પડશે. તમારા માટે અમુક ચોક્કસ સમયે જીવન મુશ્કેલ હોવા છતાં પણ એ કદી પણ, કદી પણ નહિ ભૂલતા કે તમારા બાળકો અને તમારા બાળકોનાં બાળકો એ વ્યકિતઓ છે કે જેમના પ્રતિ તમારા સમય અને ધ્યાન તેમજ પ્રેમ અને વહાલ તેમજ ડહાપણ અર્પણ કરવા જ જોઇએ કે

જેથી તેઓ જેમ જેમ મોટાં થતાં જાય અને સામાન્ય જીવનમાં કાર્ય કરતાં લોકો બનવા પામે તેમ તેમ તેઓ જીવનમાં આગળ વધવા પામે. આ મુરીદોને અમે એ ફરમાવવા ચાહીએ છીએ કે અમે એ માઈક્રો ક્રેડિટ પ્રોગ્રામ્સ દ્વારા તમને સહાય કરવાનો પ્રયાસ કરીશું કે જે કાર્યક્રમોને મુરીદો વચ્ચેના પ્રોત્સાહનજનક સંયોજનો દ્વારા આપણને વિસ્તૃત કરવાની જરૂર છે, કારણ કે એ અમારી દૃઢ માન્યતા છે કે આફ્રિકા અને એશિયામાંનાં આ વાતાવરણોમાં સાથે મળીને કાર્ય કરવાની બાબત તમને અને તમે જે ગુણવત્તા હાંસલ કરવાં શક્તિમાન છો તેને તેમજ તમે જે કામગીરી કરી રહ્યા છો તેને વધુ મજબૂત બનાવશે.

મુરીદોનો બીજો વર્ગ જેના માટે અમે ચિંતા ધરાવીએ છીએ તે બુઝુર્ગો છે. અલ્-હમ્દુલિલ્લાહ, લોકો વધુ લાંબું જીવન જીવી રહ્યા છે, અને બુઝુર્ગ લોકો પોતાના જીવનનો સંપૂર્ણ સમયગાળો આનંદિત રહીને અને જીવનની સ્વીકૃત ગુણવત્તાની સાથે માણવા માટે શક્તિમાન બનવા જોઈએ. આથી, અમે એવી આશા રાખીએ છીએ કે આવતા વર્ષના જુલાઈમાં, આપણે ક્ષમતાનું ઘડતર કરવાની સ્થિતિમાં હશું કે જેથી જે મુરીદો દરરોજના જીવનમાં સક્રિય નથી તેઓ આનંદમાં અને સારી દેખરેખની સાથે ભવિષ્ય તરફ દૃષ્ટિ કરવા શક્તિમાન બનશે. અમને અતિ ગરીબો માટે ચિંતા છે: યુગાન્ડામાંની જમાતમાં એવા ઘણા લોકો છે કે જેઓ થોડા જ સમય પહેલાં આવેલા છે અને જેઓ આ દેશમાં પોતાને સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અમે ચાહીએ છીએ કે તમે યુગાન્ડામાં તમારા માટે એક મજબૂત ભવિષ્યનું સર્જન કરવા સખત રીતે અને યોગ્ય રીતે કાર્ય કરો અને આગળ વધવા માટે જમાતની સંસ્થાઓની સહાય મેળવવાનો પ્રયાસ કરો. આનો અર્થ જમાતની સંસ્થાઓને તમારી ઉપસ્થિતિ સંબંધી માહિતગાર કરવાનો છે, તેનો અર્થ દેશના કાયદાકાનૂનોને અનુસરવાનો - દેશના કાયદાકાનૂનોને અનુસરવાનો છે. તેનો અર્થ સાથે મળીને કાર્ય કરવાનો છે કે જેથી જે કુટુંબો હમણાં આવેલ છે તેઓ જ્યારે અહિં યુગાન્ડામાં પોતાના જીવન વ્યતીત કરે ત્યારે સહાયના અભાવથી પોતાને અલગ પડી ગયેલા સમજે નહિ. એ બાબત પણ લક્ષમાં રાખો કે ઈસ્ટર્ન આફ્રિકન સમાજ, એટલે કે કેન્યા, ટાન્ઝાનિયા, યુગાન્ડા, રવાન્ડા અને બુરૂન્ડી આફ્રિકાનો એક બહુ વિશાળ ભાગ છે અને તમારા માટે જીવનની ગુણવત્તા કે જે તમે હાંસલ કરી રહ્યા છો તેની સુધારણા કરવા માટે જ્યાં પણ તકો રહેલી હોય તેના પ્રતિ દૃષ્ટિ કરવા એ સમાજના ભવિષ્ય તરફ નજર કરો. એ બાબત પણ ધ્યાનમાં રાખો કે શિક્ષણ આફ્રિકામાંની અને અન્ય સ્થળોની પણ જમાત માટે, સૌથી મહત્ત્વની બાબતોમાંની એક બાબત બનવા પામશે.

અમે જાણીએ છીએ કે એવાં રૂહાની બાળકો છે કે જેઓ ઉચ્ચ શિક્ષણ એટલે કે યુનિવર્સિટીના શિક્ષણ માટે ચિંતા કરી રહ્યા છે. એવાં રૂહાની બાળકો છે કે જેઓ જેમ જેમ જીવન આગળ વધે છે તેમ તેમ સતત ચાલુ રહેતા શિક્ષણ સંબંધી, નવી કાબેલિયતો શીખવા સંબંધી વિચાર કરી રહ્યા નથી. પરંતુ એ લક્ષમાં રાખો કે આફ્રિકા અને અન્ય સ્થળોની જમાતના ભવિષ્ય માટે તે મૂળભૂત છે. આથી તમે તમારા માધ્યમિક શિક્ષણની



ITRES FOR INDIA * BOMBAY *

ડિગ્રી મેળવવામાં સફળ થયા છો તે કારણે સંતોષ માનતા નહિ. તમારા શિક્ષણમાં આગળ વધો, તમારા જ્ઞાનની સુધારણા કરવાનો પ્રયાસ કરો, તમારા જ્ઞાનને વિશાળ બનાવો, તમારાં કુટુંબોમાં નવીન તકોનું સર્જન કરો, કે જેથી આ તકો આફ્રિકામાં અહિં જમાતના ભવિષ્ય માટે ખુલ્લી બનવા પામે, કારણ કે તમે એવો ભરોસો રાખી શકો છો કે ભવિષ્યમાં ઈસ્ટર્ન આફ્રિકામાં તકો રહેલી હશે.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

એ બાબત પણ ધ્યાનમાં રાખો કે તમારા ધર્મમાં જીવવું, તમારા ધર્મનું પાલન કરવું એ રોજિંદા જીવનનો એક અતિ આવશ્યક ભાગ છે. અમે એ બાબતથી વાકેફગાર છીએ કે વિકાસ પામી રહેલા જગતમાં અને વિકસિત જગતમાં જીવન લોકો ઉપર વધુ અને વધુ દબાણો ઊભા કરે છે. પરંતુ આપણા ધર્મનાં મૂળભૂત મૂલ્યોને, આપણા ધર્મની નૈતિકતાને કદી પણ, કદી પણ  છોડી આપો નહિ. અને અમે અમારી જમાતને અન્ય પ્રસંગોએ ફરમાવ્યું છે તેમ તમારી સાથે તસ્બીહ રાખો. તમારી સાથે તસ્બીહ રાખો. અલ્લાહના નામનું સ્મરણ કરો, હઝરત અલી (અ.સ.)ના નામનું સ્મરણ કરો, પૈગમ્બર મુહમ્મદ (સ.અ.સ.)ના નામનું સ્મરણ કરો, પરંતુ આ ધર્મને તમારાં જીવનના ભાગરૂપ બનાવો. જમાતખાનામાં નિયમિતપણે હાજરી આપો, એ બાબતને સમજો કે આપણી પ્રણાલિકામાં અક્કલ અને ધર્મ કઈ રીતે એકત્રિત થાય છે, કારણ કે અક્કલ એ આપણા ધર્મને વધુ સારી રીતે સમજવા માટે છે. આથી અમે નથી ઇચ્છતા કે અમારાં રૂહાની બાળકો દરરોજના જીવનનાં દુન્યવી પાસાઓથી મોહિત બની જાય, મોહિત થઈ જાય, કારણ કે અમે એવું માનીએ છીએ કે આ બાબત માત્ર તમે અહિં છો ત્યારે જ નહિ પરંતુ આખરતના જીવન માટે પણ ઘણી જ નુકસાનકર્તા થઈ શકે છે. એ બાબત લક્ષમાં રાખો કે રૂહ એ દરેક વ્યક્તિનો એકમાત્ર ભાગ છે કે જે અનંત છે. આથી દુનિયાના જીવન માટે ધર્મના જીવનને છોડી આપો નહિ.

અમે તમારામાંના દરેકને અને એકેએકને વ્યક્તિગત રીતે અને તમારાં કુટુંબોને, અને તમારી જમાતોને, સુખ માટે, સિરાતલ્ મુસ્તકીમ ઉપર રહેવાની શક્તિ માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, સારી તંદુરસ્તી માટે, દુન્યવી પ્રગતિ માટે અને ખાસ કરીને મુશ્કીલ આસાન માટે અમારા ઉત્તમ, ઉત્તમ, પ્યારભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ,

યુગાન્ડાની અમારી ગોલ્ડન જ્યુબિલી મુલાકાત પ્રસંગે તમે હમણાં અમને અમુક અદ્ભુત ભેટો અર્પણ કરેલ છે, અને તમે અમને ઘણી, ઘણી જ ઊંડી ખુશી આપેલ છે. આમાં ચીનનો એક ભવ્ય ઐતિહાસિક ફૂલદાન



ITREB FOR INDIA BOMBAY.

(વાઝ) છે અને તેણે અમને એક પ્રખ્યાત હદીસની યાદ અપાવેલ છે કે જેમાં પૈગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.સ.)એ ફરમાવ્યું છે કે "જો તમને પોતાને માહિતગાર કરવા માટે અને શિક્ષણ મેળવવા માટે ચીન પણ જવું પડે તો ચીન જાઓ." અને અમે માનીએ છીએ કે આ હદીસ ઇસ્લામના શીઆ ઇસ્માઈલી તરીકાના એક સિદ્ધાંત - જ્ઞાન અને ધર્મના પાલનમાં જ્ઞાનના ઉપયોગના સિદ્ધાંતને દૃષ્ટાંતરૂપ બનાવે છે. ભૌતિક સહાય અને સમય તેમજ જ્ઞાનનું પણ અદ્‌ભુત નઝરાણું છે. અને અમે સમય અને જ્ઞાનની આવી ઉદારતા માટે આ જમાતને, યુગાન્ડામાંની અમારી જમાતને અભિનંદનો આપીએ છીએ. અમે એવી આશા રાખીએ છીએ, અને એ અપેક્ષા અને દુ'આ છે કે જે અમે ભવિષ્ય માટે ધરાવીએ છીએ કે એ દરેક દેશોમાં કે જ્યાં જમાત વસવાટ કરે છે, અમારી સંસ્થાઓએ, એક દિવસ, જ્ઞાન અને સેવાના તેમના પોતાના વિસ્તારોમાં આગેવાનો બની રહેવું જોઈએ. એ અમારી આશા અને દુ'આ છે. અને તેઓ - તેમાંના દરેકે દરેક આ દેશો પ્રતિ, એ લોકો કે જેઓ ત્યાં વસવાટ કરે છે તેમના જીવનની ગુણવત્તા પ્રતિ મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. દેખીતી રીતે આ એક મહત્ત્વાકાંક્ષી ઉદ્દેશ છે, પરંતુ તમે જાણો છો કે આ ઇમામ પોતાની જમાત માટે અતિ મહત્ત્વાકાંક્ષી છે, આથી તમારે એ સ્વીકારવું જ રહ્યું. અમે એ બાબતથી પણ વાકેફગાર છીએ કે એવા દેશો છે કે જ્યાં આ ઉદ્દેશોને સિદ્ધ કરવાનું મુશ્કેલ બનશે, કારણ કે તેઓ મોટા (દેશો) છે અને તેઓ પોતાના વિકાસમાં અને અન્ય બાબતોમાં આગળ પડતા છે. પરંતુ એવું વિચારવું ભૂલભરેલું છે કે વિકાસને માત્ર જીવનની ભૌતિક ગુણવત્તા સાથે જ સરખાવવું જોઈએ. જીવનની ગુણવત્તા માત્ર ભૌતિક જીવન જ નથી, તે હૃદયનું જીવન પણ છે, આત્માનું જીવન પણ છે, રૂહનું જીવન પણ છે, અને જે રીતે દરરોજનું તમે જીવન જીવો છો (તે છે).

અમે યુગાન્ડા અને અન્ય જગ્યાઓની આ જમાત તરફથી આ અદ્‌ભુત સહાય બદલ અમે અમારાં રૂહાની બાળકોને અમારા ઉત્તમ, ઉત્તમ, ખાસ પ્યારભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારા આગેવાનો અમને જણાવી રહ્યા હતા કે છેલ્લી રાત્રીઓ દરમ્યાન તમે નાચી રહ્યા હતા અને ડાંડીયા રાસ વગેરે રાખેલ હતા. અમે ચાહીએ છીએ કે આ ગોલ્ડન જ્યુબિલી યુગાન્ડામાંની જમાત માટે અને જે સર્વે જમાતો અહિં છે તેમના માટે એક મહાન ખુશીનો સમય બની રહે. અને એ ધ્યાનમાં રાખો કે જ્યારે તમે નાચી રહ્યા હો છો અને ડાંડીયા રાસ રમો છો અને જ્યારે તમે ખુશીનો સમય ધરાવો છો, ત્યારે અમારું હૃદય અને અમારા વિચારો તમારી સાથે હોય છે. આથી, અમારું હૃદય અને અમારા વિચારો સર્વ સમયે, સર્વ સમયે, તમે જ્યારે મુશ્કેલીઓનો સામનો કરો છો, અને જ્યારે તમે ખુશીમાં પણ હો છો ત્યારે પણ તમારી સાથે હોય છે, કારણ કે અમે તમારી સાથે આનંદ મનાવીશું.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA BOMBAY.

# મૌલાના હાઝર ઇમામે માપુટો, મોઝામ્બિક ખાતે ફરમાવેલ મુબારક ફરમાન

૨૨મી નવેમ્બર, ૨૦૦૭

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં હાજર અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, તેઓ જ્યાં પણ હોય, ભલે તેઓ જ્યાં પણ હોય, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એક ભવ્ય દરબાર જેવા આવા પ્રસંગોએ, અમારા વિચારો જગતભરની સઘળી જમાતો તરફ જાય છે અને અમે અમારી જાતને પૂછીએ છીએ કે તેમના જીવનની પરિસ્થિતિઓ કેવી છે? શું પરિસ્થિતિઓ વધુ સારી બની રહી છે કે પછી તે વણસી રહી છે? અને શું કરી શકાય તેમ છે? અમારા માટે એ બાબત અતિ મહત્ત્વશીલ છે કે ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે આપણી જમાત સંગઠિત બને, એક કુટુંબ તરીકે કાર્ય કરે અને જમાત જ્યાં પણ વસતી હોય ત્યાં, જેઓ આજે જીવન જીવી રહ્યા છે અને જેઓ આવનારી પેઢીઓમાં જીવન જીવશે તેમના જીવનની ગુણવત્તાને સુધારવા માટેનો તેઓ પ્રયાસ કરે.

અમે આ ફરમાનની શરૂઆત જે વોલન્ટીયરોએ અહિં માપુટોમાં આ દરબારને આટલી શ્રેષ્ઠ રીતે સફળ બનાવવા માટે આવું અદ્ભુત કાર્ય કર્યું છે તેઓને મુબારકીઓ આપવા દ્વારા કરવા ચાહીએ છીએ. જ્યારે અમે આ સંકુલમાં પધાર્યા ત્યારે અમારી આંખો અમારા વિચારો સાથે સંકલિત નહોતી થઈ શકતી. અમને ખબર નહોતી પડતી કે કોણ અમને સાચું જણાવે છે? અમે એ સઘળા વોલન્ટીયરો કે જેઓએ આ દરબારને શક્ય બનાવવા માટે આવું અદ્ભુત કાર્ય કર્યું છે તેઓને અમારા ઉત્તમ, ઉત્તમ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

અમે આ ફરમાનની શરૂઆતમાં આ પ્રસંગે આવી ઉષ્મા અને આવી ઉદારતાથી અમને આવકારવા બદલ મોઝામ્બિકના પ્રેસિડેન્ટ અને સરકાર પ્રતિ પણ અમારો ઉષ્માપૂર્ણ આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અને આફ્રિકાના આ ભાગના ભવિષ્ય સંબંધી અને તેમાંની જમાતના ભવિષ્ય સંબંધી પ્રેસિડેન્ટ અને સરકાર સાથે અમે સર્વોત્તમ ચર્ચાવિચારણાઓ કરી છે. આથી, અમને અહિં જે મહેમાનગતી અને સૌજન્યશીલતા અર્પણ કરવામાં આવી છે તે માટે પ્રેસિડેન્ટ અને સરકાર પ્રતિ અમારા ઉષ્મિત આભારને પુન: અભિવ્યક્ત કરવા અમે બેહદ ખુશ છીએ.



ITREB FOR INDIA ★ BOMBAY ★

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે ભવિષ્ય તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે અમને લાગે છે કે એ સમજવું અગત્યનું છે કે ઇમામ, ઇમામતની સંસ્થા જમાતના જીવનની ગુણવત્તા માટે કાળજી ધરાવે છે, પછી જમાત ભલે જ્યાં પણ રહેતી હોય, અને ભૂતકાળના દાયકાઓમાં શાસનમાં, વિકાસને કાર્યક્રમબદ્ધ કરવામાં આફ્રિકા મુશ્કેલીઓ ધરાવતું હતું - અને તમે સઘળા એ પરિસ્થિતિથી વાકેફગાર છો. એક વિચિત્ર માર્ગે એમાંની ઘણીખરી મુશ્કેલીઓ આફ્રિકા ઉપર શીત યુદ્ધ (Cold war) ની પ્રતિક્રિયાઓના કારણે ઊભી થવા પામી હતી. એ પૂર્ણ થઈ ગયું છે અને આથી અમે માનીએ છીએ કે આપણે ભવિષ્ય તરફ વિશ્વાસની સાથે દૃષ્ટિ કરી શકીએ છીએ. જો કે, એ અતિ અગત્યનું છે કે એ સઘળા દેશો કે જ્યાં જમાત વસવાટ કરી રહી છે તેમાં એ દેશોના પ્રજાજનો માટે અને તેમની વચ્ચે વસવાટ કરતી જમાત માટે તેને તકના દેશો બનાવવા માટે એ દેશોની સહાય કરવાના પ્રયાસો કરવામાં આવવા જોઇએ. અને આથી, આપણું કાર્ય આવનારા વર્ષોમાં આ દેશો પાતાનો ડહાપણભરી રીતે વિકાસ કરી શકે તે માટે તેમની કાર્યશક્તિને મજબૂત બનાવવા આ દેશોની ક્ષમતાનું નિર્માણ કરવા માટે અથવા તેમાં વધારો કરવા માટે બુદ્ધિશાળી માર્ગોએ, નવીન માર્ગોએ, સર્જનાત્મક માર્ગોએ યોગદાન આપવાનું છે. અને જ્યારે કે થોડા દાયકાઓ અગાઉ આંતરરાષ્ટ્રીય સમાજમાં આફ્રિકા પ્રતિ નિરાશાની લાગણી હતી, તે અમે નથી માનતા કે તે એ સમયે યોગ્ય હતી, અને અમે નથી માનતા કે તે આ સમયે યોગ્ય છે. હા, એ સાચું છે કે આ ખંડ મુશ્કેલીઓમાં જીવ્યો છે. પરંતુ એમ માનવું ભુલભર્યું હશે કે આપણા ઇતિહાસ દરમ્યાન જમાતના ઈતિહાસ દરમ્યાન આ ફક્ત એક જ એવો ખંડ છે કે જે પોતાના ભવિષ્યને બુદ્ધિશાળી અને સ્થિર માર્ગે કાર્યક્રમબદ્ધ કરવા મુશ્કેલીઓ ધરાવતો હતો. આથી, અમે માનીએ છીએ કે આજે આપણે આફ્રિકા ખંડ તરફ પુનઃસ્થાપિત કરાયેલ વિશ્વાસ, પુનઃસ્થાપિત કરાવેલ આશા સાથે દૃષ્ટિ કરી શકીએ છીએ અને જ્યાં સુધી ડહાપણ અને એકતા તેમજ સામન હેતુઓને સમજવામાં આવ્યા હોય, તેનું સમર્થન કરવામાં આવ્યું હોય અને તેને ટકાવી રાખવામાં આવ્યા હોય, ત્યાં સુધી અમે માનીએ છીએ કે જમાત આફ્રિકા તરફ ભવિષ્ય માટે વિશ્વાસની સાથે દૃષ્ટિ કરી શકે છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

ભવિષ્ય તરફ દૃષ્ટિ કરવાનો એક માપદંડ જીવનની ગુણવત્તા છે. અને જીવનની ગુણવત્તાનો અર્થ તમને તેમજ તમારી ભાવિ પેઢીઓને ભવિષ્ય માટે સ્થિર તકો આપવાની સભ્ય સમાજની ક્ષમતાની પહોંચ મેળવવાનો, ગુણવત્તાભર્યા શિક્ષણની પહોંચ ધરાવવાનો, ગુણવત્તાપૂર્વકની આરોગ્ય-સંભાળની પહોંચ ધરાવવાનો, એક મજબૂત અર્થતંત્રની - એક વિકાસ પામતી અર્થવ્યવસ્થાની પહોંચ ધરાવવાનો થાય છે. આ સઘળા એ લક્ષ્યાંકો છે કે જે હવે આફ્રિકાની સરકારો - કે જેમની સાથે અમે કાર્ય કરી રહ્યા છે તેમની સાથે સ્થાપિત કરાયેલ લક્ષ્યાંકો છે અને ઈમામત એ લક્ષ્યાંકો પ્રતિ. યોગદાન આપી રહી છે.જો કે, એ લક્ષ્યાંકોને મધ્યમ દરજ્જાના માર્ગે સિદ્ધ કરવાની બાબત સમસ્યાઓને ઉકેલી શકશે નહિ. એ અતિ આવશ્યક છે કે ગુણવત્તા, કાબેલિયત, વૈશ્વિક મૂલ્યોના વિચારો આફ્રિકામાં સંસ્થાકીય વિકાસના ભવિષ્યના ભાગરૂપ બનવા

જોઈએ. અને અમે એ સ્પષ્ટ કરી દેવા ચાહીએ છીએ કે ઇમામત, તે જે કાર્ય કરે છે, તેમાં આપણા આંતરરાષ્ટ્રીય કાર્ય પ્રતિ દરેક જગ્યાએ કામગીરીના વૈશ્વિક ધોરણોને લઈ આવવા માટેનો પ્રયાસ કરશે. ભવિષ્યનું જગત એક હરીફાઈભર્યું જગત છે, અને એ બાબત અતિશય ટૂંકી દૃષ્ટિની, અતિશય ગેરડહાપણભરી બાબત હશે કે આપણે આવનારાં વર્ષો માટે જે ધોરણોની અપેક્ષા રાખીએ છીએ તેમાં મધ્યમ દરજ્જાને ધોરણો તરીકે સ્વીકારીએ. તે આ સંદર્ભમાં છે કે અમે જગતભરના મુરીદો તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવેલ નઝરાણું - ન માત્ર ભૌતિક નઝરાણું પરંતુ સમય અને જ્ઞાનના નઝરાણા માટે અમારો બેહદ આભાર, અમારો બેહદ આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. જગતભરના મુરીદો તરફથી સમય અને જ્ઞાનનું આ નઝરાણું કે જે જમાતના આગેવાનો અને ઇમામ ભવિષ્યમાં આપણી પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લઈ શકે છે તે ચોક્કસ રીતે એવું સંસાધન છે કે જે આપણી સંસ્થાઓને વધુ અને વધુ આંતરરાષ્ટ્રીય, વિશ્વ ધોરણોએ વિકાસ પામવા અને કામગીરી કરવા માટે શક્તિમાન બનાવશે. અને આથી, અમે આજે અહિં માપુટોમાં અમારી જગતભરની જમાત પ્રતિ સમય અને જ્ઞાનનું એ નઝરાણું કે જેને આગેવાનો અને અમને જગતભરની આપણી સંસ્થાઓને વધુ વિકસાવવા અને મજબૂત કરવા માટે અમારા પ્રતિ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે તે માટે અમારો બેહદ આભાર વ્યક્ત કરીએ છીએ.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

એ મહત્ત્વનું છે કે જેમ જગત બદલાઈ રહ્યું છે, તેમ આપણી મૂલ્ય પદ્ધતિઓ, દરરોજના જીવનમાં આપણી નીતિમત્તાઓ, ઇસ્લામની નીતિમત્તાઓ રહેવી જોઈએ. ઇસ્લામની નીતિમત્તાઓ, સૌ પ્રથમ, સઘળા મુસ્લિમો વચ્ચે ભાઈચારાની હાકલ કરે છે, અને તે હાકલ ઇસ્લામના અર્થઘટનો વચ્ચે વિભાજિત થયેલ નથી. તે જગતના દરેક ભાગોમાં, દરેક મુસ્લિમ ઉપર રહેલી એક વિશ્વવ્યાપી હાકલ છે. અને આથી, (ન માત્ર) વિશ્વભરની જમાતની અંદર, પરંતુ જગતભરના અન્ય લોકોની અંદર પણ ભાઈચારાની ભાવનાનું ઘડતર કરવું એ એક મૂળભૂત બાબત છે.

બીજી મૂળભૂત બાબત ધર્મનું પાલન છે, કારણ કે ધર્મનું પાલન, દુ'આ-બંદગીમાં નિયમિતતા, રોશની મેળવવા માટેની વ્યક્તિગત શોધ આપણી પ્રણાલિકાના ભાગરૂપ છે, પરંતુ તે જીવનની એક હકીકત પણ છે - એ અર્થમાં કે અમને (જરાય) સંદેહ નથી - કે જો તમે તમારા ધર્મનું પાલન કરશો, તો તમે રોશની માટેની આ વ્યક્તિગત શોધને પરિપૂર્ણ કરશો, તો તમે સુખ, સ્થિરતા, વિશ્વાસ મેળવશો, અને તમને જે સમસ્યાઓનો કદાચ સામનો કરવો પડે, તેનો તમે સામનો કરવા શક્તિમાન બનશો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આ પ્રસંગે અમે જમાતના સઘળા રૂહાની સભ્યો માટે, જે સર્વે રૂહાની બાળકો અવસાન પામ્યા છે, તેમના આત્માની શાંતિ અને રાહત માટે અમારા ખાસ દુ'આઆશિષો ફરમાવીએ છીએ. અમે તમને સુખ માટે,

ITREB FOR INDIA BOMBAY

લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે અને મુશ્કીલ આસાન માટે અમારા દુ'આઆશિષો ફરમાવીએ છીએ અને અમે આશા રાખીએ છીએ કે તમારી સર્વે ઉમેદો પરિપૂર્ણ થશે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આજે તમે જે ભવ્ય ભેટ અને નઝરાણું અમને અર્પણ કર્યું છે તે બદલ અમે અમારી જમાત પ્રતિ અમારો અતિશય ઉમળકાભર્યો અને અમારો હ્રદયપૂર્વકનો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ અને તમને એ ફરમાવવા ચાહીએ છીએ કે આ ભેટો માટે, તમારી ઉદારતા માટે અને તમારી વિચારશીલતા માટે અમે કેટલા ઊંડાણપૂર્વક આભારી છીએ. અમે આવનારાં વર્ષો પ્રતિ વિશ્વાસની સાથે દૃષ્ટિ કરીએ છીએ, કારણ કે અમે માનીએ છીએ કે જગતના અનેક ભાગોમાં - ખેદજનક રીતે બધા ભાગોમાં નહિ, પરંતુ જગતના અનેક ભાગોમાં આપણે આવનારા દાયકાઓ પ્રતિ ભૂતકાળમાં કરી હતી તેના કરતાં ઘણા વધુ વિશ્વાસપૂર્વક દૃષ્ટિ કરી શકીએ છીએ. અને ઇમામના દૃષ્ટિબિંદુ પ્રમાણે આ ઘણો વિશાળ વિશ્વાસ, જગતભરની જમાતની ક્ષમતાઓ અને કાબેલિયતોની તેમની સમજણમાંથી આવે છે. એ બેહદ ખુશીનું મૂળ છે. એક એવા પિતાની કલ્પના કરો કે જેનાં આટલાબધાં બાળકો હોય અને આટલાબધાં બાળકો આટલું સુંદર કાર્ય કરતા હોય. (તો પછી) તમે કેવી રીતે ખુશ અને ગૌરવવંત ન થઈ શકો? અમારી ખુશી ત્યારે હોય છે કે જ્યારે જમાતનું આદરમાન કરવામાં આવે છે, જ્યારે દેશો અમને એમ કહેતા હોય: મહેરબાની કરીને તમે તમારી જમાતને અમારા દેશમાં લઈ આવો; મહેરબાની કરીને તમે તમારી સંસ્થાઓને અમારા દેશમાં લઈ આવો; અમને તમારી અભિલાષા છે, અમે તમને અહિં આવકારવા ચાહીએ છીએ; અમે ચાહીએ છીએ કે તમારી જમાત અહિં વસવાટ કરે, અહિં કાર્ય કરે, અમારા લોકોની સેવા કરે, તેઓ પોતાની સેવા કરે. આ બેહદ સન્માનની એક નિશાની છે, અને તે અમારા માટે બેહદ ગૌરવ અને ખુશીનું મૂળ છે. અને જગતભરના અમારા સઘળા મુરીદોને, અમે તમને આ પ્રસંગે ફરમાવીએ છીએ, મુબારક. અમે ફરી એકવાર, તમારામાંના દરેકને અને એકે એકને વ્યક્તિગત રીતે અને તમારાં કુટુંબોને, તેઓ જ્યાં પણ હોય, તમારી જમાતોને અમારા ઉત્તમ, ઉત્તમ, હેતપૂર્વકના દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અને અમે સુખ માટે, મુશ્કીલ આસાન માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે અને સિરાતલ્ મુસ્તકીમ ઉપરની મજબૂતી માટે દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન..

ITREB FOR INDIA
BOMBAY.

## મૌલાના હાઝર ઇમામે દુબઈ, યુનાઈટેડ આરબ અમીરાત ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૨૫મી માર્ચ, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં હાજર અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારામાંના દરેકે દરેકને વ્યક્તિગત રીતે, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે સમજીએ છીએ કે આજે સાંજના જમાતમાં ૫૦થી વધુ દેશોના મુરીદો છે, અને તમે જ્યાંથી પણ આવ્યા હો, અમે ચાહીએ છીએ કે તમે તમારાં કુટુંબો માટે, અને તમારી જમાતો માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો લઈ જાઓ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આ ઘણી જ ખુશીનો એક પ્રસંગ છે, અને અમે આશા રાખીએ છીએ કે તમે આ દરબારના પ્રસંગે આ ખુશીમાં સહભાગી થશો. દરબાર ખુશીનો એક પ્રસંગ હોય છે, અને અમે તમને જણાવવા ચાહીએ છીએ કે ન માત્ર તમારી સાથે હોવા બદલ જ, પરંતુ આજે અહિં અમારા શાહઝાદા અને અમારા શાહઝાદી અમારી સાથે હોવા બદલ પણ અમે કેટલાબધા ખુશી છીએ. અમારાં શાહઝાદી-શાહઝાદા અમારા કાર્યમાં અમને સહાય કરે છે; તેઓ અમારી સંભાળ રાખે છે; તેઓ અમને એ બાબતો પણ કહે છે કે જે બાબતો કહેવાની અન્ય કોઈ હિંમત કરતા નથી; અને તેઓ અહિં અમારી સાથે હોવા બદલ એ અતિશય ખુશીની એક પળ છે. અમે એવી આશા રાખીએ છીએ કે આ વર્ષ દરમ્યાન અમે જે અન્ય મુલાકાતો લઈશું તેમાં આ શાહઝાદી-શાહઝાદા અને (પ્રિન્સ) હુસૈન પણ તેમના બેગમ સાથે અમારી સાથે જોડાશે, કે જેથી અમારી ૫૦ વર્ષની જ્યુબિલીના પ્રસંગે અમારો પરિવાર જગતના વિવિધ ભાગોમાં અમારી સાથે હોય.

ITREB FOR INDIA * BOMBAY *

અમે આ ફરમાનની શરૂઆત તમને અને ખાસ કરીને વોલન્ટીયરો કે જે ઓએ આ હોલને તૈયાર કરવા માટે અને આવતીકાલના સમારંભ માટે જે ભવ્ય કાર્ય કર્યું છે તે બદલ તેઓને મુબારકીઓ આપીને કરવા ચાહીએ છીએ. દરબાર માટે આ હોલને તૈયાર કરવામાં અને આ પ્રસંગ માટે જગતના બીજા ભાગોમાંથી દુબઇ ખાતે આવેલ આટલાબધા મુરીદોનો સમાવેશ કરવામાં આ વોલન્ટીયરોએ કરેલા અદ્‌ભુત કાર્યને અમે જ્યારે નિહાળીએ છીએ ત્યારે તે બાબત ગૌરવ, ખુશી તેમજ આનંદનો એક સ્ત્રોત છે. અમે આ પ્રસંગે ડોનરો પ્રતિ પણ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ કે જેઓ સમય વડે ઉદાર રહ્યા છે અને ભૌતિક સહાય વડે ઉદાર રહ્યા છે.

અમે આ ફરમાનની શરૂઆતમાં જમાતના સર્વે રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે પણ અમારા ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આવતીકાલે આપણે દુબઇના ઇસ્લાઇલી સેન્ટરનું ઉદ્‌ઘાટન કરીશું, અને તે પ્રસંગ પણ અતિશય ખુશીનો એક પ્રસંગ હશે કે અહિંની જમાત, ગલ્ફમાંની અને જગતના અન્ય ભાગોમાંની જમાત માટે આ પ્રકારની ગુણવત્તાનું એક સેન્ટર ધરાવતી થશે. આવનારા મહિનાઓમાં, ઇન્શાઅલ્લાહ, આપણે તાજિકિસ્તાનમાં દુશામ્બે ખાતે, કેનેડામાં ટોરન્ટો ખાતે અને ઇન્શાઅલ્લાહ, અન્ય શહેરો કે જ્યાં જમાત નોંધપાત્ર પ્રમાણમાં ઉપસ્થિત છે ત્યાં નવીન ઇસ્માઇલી સેન્ટર ખોલીશું. અને અમે આ તકે એ ફરમાવવા ચાહીએ છીએ કે જગતના વિવિધ ભાગોમાં ઇસ્માઇલી સેન્ટરો - પ્રતિષ્ઠાપૂર્ણ અને અર્થપૂર્ણ ઇમારતો - બાંધવાના આ કાર્યક્રમ માટે ગલ્ફમાંની અને સમગ્ર જગતમાંની જમાતે જે સઘળી સહાય આપી છે તે માટે અમે કેટલાબધા ખુશી છીએ.

અમે આ ફરમાનની શરૂઆતમાં, અબુધાબી અને દુબઇના રાજવીઓએ અમને જે ભવ્ય રીતે આવકાર આપ્યો છે, અને આ પ્રસંગ માટે આવેલી જમાતને તેઓએ જે રીતે આવકાર આપ્યો છે તે બદલ તેમના પ્રતિ પણ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. તેઓ અતિ ઉદાર, અતિ સદ્‌ભાવપૂર્ણ રહ્યા છે, અને અમે ગલ્ફના દેશો સાથે વધુ ગાઢ સંબંધો બાંધવાની આશા રાખીએ છીએ કે જેથી ન માત્ર અહિં ગલ્ફમાં જ, પરંતુ વિશ્વના અન્ય ભાગોમાં પણ જગતના વિવિધ ભાગોમાંની જમાત માટે અને સામાન્ય રીતે ઉમ્માહ માટે આપણે વધુ સહાયનું અને વધુ પ્રયાસોનું સર્જન કરીએ.

અમારા વહાલાં રૂહાની બચ્ચાઓ,

આવતી કાલે, જ્યારે સેન્ટરનું ઉદ્‌ઘાટન થઇ રહ્યું છે ત્યારે આપણી પાસે ઘણી, ઘણી જ નાની ઉંમરના બાળકોને શિક્ષણ આપવા માટેની પણ જગ્યા ઉપલબ્ધ હશે, અને અમે એવી આશા રાખીએ છીએ કે અમારી જમાત આ નવીન પહેલનો ફાયદો ઉઠાવશે, કારણ કે વિજ્ઞાન આપણાને જણાવે છે કે નાની

ઉંમરની વ્યક્તિનાં સૌથી વધારે ઘડતરનાં વર્ષો એ બાળપણનાં અતિ, અતિશય પ્રારંભિક વર્ષો હોય છે. અને આથી, આવનારા દાયકાઓમાં, આપણે એવા સેન્ટરોનું સર્જન કરવા માટે સમય અને પ્રયાસોનો ખર્ચ કરીશું કે જ્યાં અતિશય નાની વયનાં બાળકો સૌથી સાનુકૂળ વાતાવરણમાં પોતાનાં જીવનની શરૂઆત કરી શકે.

ભૂતકાળનાં વરસો દરમ્યાન, એ અમારા પ્રયાસો રહ્યા છે કે જ્યાં જમાતો વસવાટ કરી રહી છે તે વિવિધ દેશોને ડહાપણપૂર્વકના વિકાસ અને સુશાસનના માર્ગે ચાલવા માટે પ્રોત્સાહન આપવામાં આવે, અને એ હેતુ રહ્યો છે કે તે દેશોને તકના દેશો બનવા માટે, એવા દેશો બનવા માટે સહાય કરવામાં આવે કે જ્યાં જમાત પોતાને વિશ્વાસ અને ભરોસાની સાથે સ્થાપિત કરી શકે. અને અમે માનીએ છીએ કે જો કે, ઘણું કાર્ય કરવાનું બાકી રહે છે, તેમ છતાં આજે જમાત પહેલાં કદી પણ હતી તે કરતાં એવા દેશોની ઘણી વધુ વિશાળ શ્રેણી ધરાવે છે કે જ્યાં તે પોતાને ભરોસા, વિશ્વાસ અને સારા આર્થિક વિકાસની અપેક્ષાની સાથે સ્થાપિત કરી શકે છે.

આમ કરવા માટે, બે પાયાની જરૂરિયાતોને પૂરી કરવી જ જોઈએ: પ્રથમ છે શિક્ષણ અને બીજું, અંગ્રેજી ભાષા પ્રત્યેની પહોંચ. અમે ચાહીએ છીએ કે અમારાં રૂહાની બાળકો એ ધ્યાનમાં રાખે કે આ બે અસ્કયામતો (assets) - શિક્ષણ અને અંગ્રેજીની વિશ્વવ્યાપી ભાષા પ્રત્યેની પહોંચની સાથે, જો તમે રાષ્ટ્રભાષા ઉપર પણ કાબૂ ધરાવતા હો તો, તમે જ્યાં પણ રહેતા હો, ત્યાં તમે ઉત્તમ પ્રગતિ કરવા શક્તિમાન બનશો. ગલ્ફમાંની રાષ્ટ્રભાષા ઉપર કાબૂ ધરાવવાનો અર્થ અરબી ભાષા ઉપર કાબૂ ધરાવવાનો થાય છે, અને અમે આશા રાખીએ છીએ કે અમારાં રૂહાની બાળકો, આવતાં વર્ષો દરમ્યાન, અરબી ભાષામાં સંદેશવ્યવહાર કરવા, અને લખવા તેમજ વાંચવા શક્તિમાન બનવા માટે ખાસ પ્રયાસો કરશે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે માનીએ છીએ કે આવતાં વર્ષો દરમ્યાન, તમારી આસપાસ જે આર્થિક સંદર્ભ રહેલો છે તેના પ્રતિ તમને સંભાળપૂર્વક દૃષ્ટિ કરવાની જરૂરત રહેશે, અને આ એક એવો સમય છે કે જ્યારે તમે ભૌતિક માર્ગોએ જે રીતે જીવન જીવો છો તેમાં અમે અમારી જમાતને સંભાળપૂર્વક, વિચારપૂર્વક અને ડહાપણપૂર્વક રીતે રહેવાની સલાહ આપીએ છીએ. વૈશ્વિક અર્થતંત્ર મંદ (soft) છે, અને જો આવતા છ મહિનામાં કે એક વર્ષમાં આપણે એવી પરિસ્થિતિઓ જોઈએ કે જે યા તો ચલણી નાણાઓ (currencies)માં કે દેશોમાં અથવા બન્નેમાં આર્થિક અસ્થિરતાનું સર્જન કરશે તો એ બાબતમાં કોઈ આશ્ચર્ય નહિ હોય. આનો અર્થ એ નથી કે ઇમામ જમાતને એમ ફરમાવી રહ્યા છે કે 'ખરાબ (સમય)ની ધારણા કરો'; ઇમામ ફરમાવે છે કે 'આ સમયે ડહાપણપૂર્વક રહો, કારણ કે ડહાપણ ભવિષ્ય માટે તૈયારી કરવા અર્થેનો ઉચિત માર્ગ છે.'

ITREB FOR INDIA * BOMBAY *

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમારા સમગ્ર જીવન દરમ્યાન તમે બે જગતમાં રહેતા હશો, ભૌતિક જગત અને રૂહાની જગત. અમુક સમાજોએ પોતાને ભૌતિક જગત તરફ વધુ પડતા પ્રતિબદ્ધ રહેવા દીધેલ છે, અને આત્માના, રૂહના જગતને, ધર્મના જગતને ત્યજી દેવાની વલણ ધરાવેલ છે. અમે આજે, અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે એવી ભૂલ કરતાં નહિ. જમાતખાનાની હાજરીમાં નિયમિત રહો. તમારી દુ'આ-બંદગીમાં નિયમિત રહો. જો તમારા કાર્યરત દિવસ દરમ્યાન જમાતખાનામાં હાજરી આપવાનો તમારી પાસે સમય ન હોય, તો તમારી પાસે તમારી તસ્બીહ રાખો, અને સરળતાપૂર્વક, તસ્બીહ વડે અલ્લાહના નામનું, પૈગમ્બર (સ.અ.સ.)ના નામનું, હઝરત અલી (અ.સ.)ના નામનું, ઇમામોના નામનું સ્મરણ કરો. પરંતુ દિવસોના દિવસોના દિવસો સુધી તમારાં જીવનના રૂહાની ભાગને ત્યજી નહિ આપો, કારણ કે, અમે માનીએ છીએ કે એ એક ઘણી, ઘણી જ મોટી ભૂલ હશે.

અમે ફરી એક વાર, તમારામાંના દરેકને અને એકે એકને વ્યક્તિગત રીતે, સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આ તકે, દુબઈની અમારી મુલાકાતના આ પ્રસંગે તમે અમને જે ભવ્ય ભેટો અર્પણ કરી છે તે બદલ અમારા શાહઝાદી, અમારા શાહઝાદા અને અમારા તરફથી તમારા સહુ પ્રતિ અમારો અતિશય ઉમળકાભર્યો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. તમે અમને લાડ લડાવ્યા છે. તમે જે નઝરાણું અર્પણ કર્યું છે તે માટે પણ અમે અમારા ઉત્તમ, ખાસ દુ'આઆશિષો ફરમાવીએ છીએ, અને અમે આશા રાખીએ છીએ કે તે નઝરાણું, તમારામાંના દરેક માટે હજારગણું, હજારગણું વધવા પામે.

અમે ફરી એક વાર, તમારામાંના દરેકને અને એકે એકને સુખ માટે, સારી તંદુરસ્તી માટે, લાંબા જીવન માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ITREB FOR INDIA BOMBAY.

## મૌલાના હાઝર ઇમામે સેન ઓન્ટોનિઓ, ટેક્સાસ, યુ. એસ. એ. ખાતે ફરમાવેલ મુબારક ફરમાન

૧૩મી એપ્રિલ, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, તમે જ્યાંથી પણ આવ્યા હો, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆતમાં, ટેક્સાસના ગવર્નર અને સરકારે આ ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે, ટેક્સાસમાંના અને ટેક્સાસની બહારથી આવેલ દરેકને જે અતિ ઉષ્માભર્યો અને ઉદાર આવકાર આપ્યો છે તે બદલ જમાત અને અમારા તરફથી તેઓનો હાર્દિક આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે આ ફરમાનની શરૂઆતમાં, જે વોલન્ટીયરોએ આ હોલની વ્યવસ્થા કરવા, ટેક્સાસની બહારથી આવેલ લોકોને આવકાર આપવા અને જેઓએ યુનાઈટેડ સ્ટેટ્સની અમારી મુલાકાતની વ્યવસ્થા કરવા માટે ભવ્ય કાર્ય કર્યું છે, તેઓ પ્રતિ પણ અમારી પ્રશંસા વ્યક્ત કરવા ચાહીએ છીએ અને તેઓને અમારા ઉત્તમ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમારાં કુટુંબોના સર્વે રૂહાની સભ્યોના આત્માની અનંત શાંતિ અને રાહત માટે પણ અમારા ઉત્તમ, ઉત્તમ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમારી ગોલ્ડન જ્યુબિલીના આ વર્ષ દરમ્યાન, અમે અમારાં શાહઝાદી-શાહઝાદાઓને સમયાંતરે અમારી સાથે રહેવા માટે ફરમાવ્યું છે. આજે, અમારા શાહઝાદી અમારી સાથે હોવા બદલ અમે ઘણા જ ખુશી છીએ, અને અન્ય પ્રસંગોએ, અમારી સાથે એક અથવા એકથી વધુ શાહઝાદાઓ અને અમારા શાહઝાદી હશે, અને અમે અમારી જમાત સાથે અને અમારા શાહઝાદી-શાહઝાદાઓ સાથે આ દરબારોની ઉજવણી કરવા માટે અતિશય ખુશી થઈશું.

ITREB FOR INDIA * BOMBAY *

[illegible]
અને તમારાં કુટુંબો અને તમારી જમાતો આ પ્રસંગે ખુશી મનાવશે. અમે ખશી માટે અમારા ઉત્તમ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આ સમયે, જગતના ભાગોમાં, આપણા ધર્મ, ઇસ્લામ ધર્મનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે, તેને ખોટી રીતે સમજવામાં આવી રહ્યું છે, અને અમે ચાહીએ છીએ કે અમારી જમાત આ પરિસ્થિતિની કેવી રીતે પ્રતિક્રિયા આપવી જોઇએ તેની વિચારણા કરે. આપણા ઇતિહાસમાંના આ મુશ્કેલ સમયની અંદર તમારું વલણ કેવું હોવું જોઇએ ?

એ મુશ્કેલ સવાલ નથી, કારણ કે, પૈગમ્બર (સ.અ.સ.) ના જીવન દરમ્યાન, હદીસમાં વારંવાર, અનેકવાર એમ ફરમાવવામાં આવ્યું છેઃ જો લોકો તમને ન સમજે, તો તમે સમજાવો; ગુસ્સામાં પ્રતિક્રિયા નહિ આપો, સમજણ આપો. જો તેઓ ન સમજે, તો સમજાવવાનું ચાલુ રાખો અને તેઓને તેઓના ચુકાદાઓ કરવા દો, તે જે પણ હોય, પરંતુ જેઓ નથી સમજતા તેઓ માટે અથવા તેઓ માટે અથવા તેઓ તરફ ગુસ્સામાં પ્રતિક્રિયા નહિ આપો. જો તેઓ ન સમજે, તો તેઓને તેઓની મનોસ્થિતી (state of mind) માં, આપણા ધર્મ વિશેની તેમની નજીવી (shallow) સમજણમાં રહેવા દો. પરંતુ ક્રોધમાં અથવા ગુસ્સામાં પ્રતિક્રિયા નહિ આપો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આ સમસ્યાના ઉકેલો શોધવામાં સમય લાગશે, અને આથી, અમે ચાહીએ છીએ કે અમારી જમાત સિરાતલ્-મુસ્તકીમ ઉપર મજબૂત રહે. આ સમય ગેરમાર્ગે જવાનો, સવાલ કરવાને સમય નથી; સે સમય વિચારવાનો, સમજણ આપવાનો, અને જે રીતે આપણે માનીએ છીએ તેને અને આપણા ધર્મની નીતિમત્તાઓને દરરોજ, વ્યક્ત કરવાનો સમય છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

વર્તમાન સમયમાં, આપણે કદાચ વૈશ્વિક અર્થતંત્ર (global economy) ની મંદ ગતિ તરફ દૃષ્ટિ કરી રહ્યા છીએ. જ્યારે આમ થાય, ત્યારે ગભરાટમાં પ્રતિક્રિયા આપવાનું કોઇ કારણ નથી, પરંતુ ડહાપણપૂર્વક, વિચારપૂર્વક અને સંભાળપૂર્વક પ્રતિક્રિયા આપવા માટેનું દરેક કારણ છે. જે પ્રથમ બાબત, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ તે સંગઠિત થવાની છે. અને અમે એવી ભલામણ કરેલ છે કે જે મુરીદો એક સરખી પ્રવૃત્તિઓમાં છે, તેઓએ સંગઠિત થવું જોઇએ. મુરીદો વચ્ચેના તમારા ભાઇચારાને મજબૂત બનાવો, કે જેથી મંદીના સમયે જે સમસ્યાઓ ઊભી થઇ શકે છે તેનો સંગઠિત બનીને તમે સારી રીતે સામનો કરી શકશો. બીજું, ડહાપણપૂર્વક (Prudently) રહો. ડહાપણ એ મવિષ્ય માટે તૈયારી કરવાનું એક મહત્ત્વનું પાસું છે, અને અમે માનીએ છીએ કે આ સમય ડહાપણપૂર્વક રહેવાનો છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

છેલ્લાં ૫૦ વર્ષો દરમ્યાન, એ અમારી આશા, અમારી દુ'આ, અમારું કાર્ય, તમારું કાર્ય રહ્યું છે કે જગતભરમાં, જ્યાં પણ જમાત વસવાટ કરે છે, ત્યાં જમાત માટે આશા અને તકની પરિસ્થિતિઓનું નિર્માણ કરવા, સામાજિક ઘર્ષણ (civil conflict)માંથી જમાતને સુરક્ષિત રાખવા, જમાત માટે રૂહાની અને દુન્યવી પ્રગતિ કરવા માટેની તકોનું સર્જન કરવા આપણને સહાય કરવી જોઈએ. અને અમે ચાહીએ છીએ કે અમારાં રૂહાની બાળકો એ જાણે કે સમય અને જ્ઞાનનું જે ભવ્ય નઝરાણું તમે અર્પણ કર્યું છે તે માટે અમે કેટલા અતિ ગૌરવવંત અને અતિ આભારી છીએ. અને જગતના વિવિધ ભાગોમાંની જમાતની સેવામાં જે સઘળાઓએ પોતાનો સમય અને પોતાનું જ્ઞાન અર્પણ કર્યું છે, તે સઘળાઓને અમે અમારા ઉત્તમ, વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જેઓએ નઝરાણું અર્પણ કર્યું છે તેઓને પણ અમે અમારા ઉમળકાભર્યા અને વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ, અને અમે ચાહીએ છીએ કે જ્યુબિલી વર્ષના અંતે અમારી શું આશાઓ છે તે અમારી જમાત જાણે. સૌ પ્રથમ, એ સઘળા દેશો કે જ્યાં જમાત વસવાટ કરે છે, ત્યાં જમાતમાં ક્ષમતા (capacity)નું ઘડતર કરવાનું, રાષ્ટ્રીય સુમેળતા (national cohesion) પ્રતિ, સારા રાષ્ટ્રીય વહીવટ (good national governance) પ્રતિ યોગદાન આપવાનું, સઘળા દેશોમાં તકનું નિર્માણ કરવાનું અમે ચાલુ રાખવા ઇચ્છીએ છીએ, કે જેથી જ્યાં પણ જમાત વસવાટ કરી રહી છે, ત્યાં તેમનાં માટે સારી પ્રગતિ કરવાની તક રહેલી હોય. અને બેશક, સમય અને જ્ઞાનનું નઝરાણું તેમજ ભૌતિક સહાય આ ઉદ્દેશને હાંસલ કરવા માટે ઘણી નોંધપાત્ર બાબત બની રહેશે. બીજું, જગતભરમાં એવા મુરીદો છે કે જેઓ અતિશય ઘણી ગરીબીમાં જીવી રહ્યા છે. અમને આ અસ્વીકાર્ય લાગે છે, અને ઇન્શાઅલ્લાહ, જ્યુબિલી વર્ષના અંતે, જે જમાતો હજુ આજે પણ અસ્વીકાર્ય પરિસ્થિતિઓમાં જીવી રહી છે, તેમને સહાય કરવાની વિવિધ પદ્ધતિઓ વિશે વિચાર કરવા આપણે શક્તિમાન બનીશું.

ત્રીજું, જમાતમાં એવી પરિસ્થિતિ છે કે જ્યાં મુરીદો લાંબું અને વધુ લાંબું જીવન જીવી રહ્યા છે. આપણને તે માટે આભારી બનવું જ જોઈએ, પરંતુ આપણને તેનાથી પણ વાકેફગાર થવું જોઈએ કે આ બાબત કુટુંબો ઉપર, સંસ્થાઓ ઉપર, ઇમામત ઉપર એવી પરિસ્થિતિઓના નિર્માણ માટેના પ્રયાસ કરવાની જવાબદારીનું સર્જન કરે છે કે જે દ્વારા, એ બુઝુર્ગો, જેઓ સક્રિય જીવન નથી જીવતા, તેઓ ખુશીની સાથે, માન-મર્તબાની સાથે અને સારી સંભાળની પહોંચની સાથે જીવન જીવવા શક્તિમાન બને.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે ભવિષ્ય તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે આપણે જગતના વિવિધ ભાગોમાં જે જમાતો હજુ પણ ગરીબ છે, જેઓને હજુ પણ સહાયની જરૂરત છે, અને અન્ય જગ્યાઓમાંની એ જમાતોને જોઈએ

ITREB FOR INDIA * MUMBAI *

છીએ કે જેઓ એવાં વાતાવરણોમાં વસવાટ કરી રહી છે કે જે વાતાવરણો બદલાઈ રહ્યાં છે, જે ઝડપભેર બદલાઈ રહ્યાં છે, અથવા તો ધીમે ધીમે બદલાઈ રહ્યાં છે, પરંતુ એ કોઈપણ સંજોગોમાં આ જમાતોને સંસ્થાઓની સહાયની જરૂરત છે. અને આથી, એ અમારી આશા છે કે જ્યુબિલી વર્ષના અંતે જમાત, અમારો પરિવાર અને અમે વધુ મજબૂત સંસ્થાઓનું સર્જન કરવા અને જે સંસ્થાઓ અસ્તિત્વમાં છે તેમને મજબૂત બનાવવા શક્તિમાન બનીશું, કે જેથી જ્યાં પણ જરૂરત હોય, ત્યાં જમાત વધારાની સંસ્થાકીય સહાયની પહોંચ ધરાવી શકે.

ભૂતકાળમાં અમે અમારી જમાતને શિક્ષણની જરૂરિયાત સંબંધી અનેક ફરમાનો ફરમાવ્યા છે, અને અમે માનીએ છીએ કે જે મુરીદોએ આ બાબત વિશે વિચાર કર્યો હશે તેઓ એ સમજવા પામ્યા હશે કે સારા શિક્ષણની શું જરૂરત છે અને તેની શું શક્તિ છે. અને અમે ચાહીએ છીએ કે અમારા યુવાન મુરીદો એ ધ્યાનમાં રાખે કે આ એક એવી તક છે કે જે તેઓ પોતાના જીવનકાળ દરમ્યાન, જ્ઞાન હાંસલ કરવા, જ્ઞાનમાં સુધારણા કરવા તેમજ જ્ઞાનનો કેવી રીતે ઉપયોગ કરવો તે નક્કી કરવા માટેની તક ધરાવે છે. અને તે બાબત પણ અમને જગતભરની જમાત માટે ઘણી, ઘણી જ મહત્ત્વની જણાય છે. અને જમાતી આગેવાનો, આપણી સંસ્થાઓ અને અમે પોતે જગતભરમાં શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટેની મહત્ત્વશીલ નવીન જવાબદારીઓ લઈશું.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

ફરીથી, તમારામાંના એકે એકને અને દરેકને, વ્યક્તિગત રીતે, અને તમારાં કુટુંબોને, અને તમારી જમાતોને, છેક હોલના અંત સુધી - અમે તમને ત્યાં સુધી જોઈએ છીએ - અમે અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે તમને સારી તંદુરસ્તી માટે દુ'આઆશિષો ફરમાવીએ છીએ. અમે તમને લાંબા જીવન માટે દુ'આઆશિષો ફરમાવીએ છીએ. અમે તમને તમારાં કુટુંબોમાં એકતા માટે દુ'આઆશિષો ફરમાવીએ છીએ. અમે તમને સિરાતલ્-મુસ્તકીમ ઉપર મજબૂત રહેવા માટે દુ'આઆશિષો ફરમાવીએ છીએ, અને અમે તમને મુશ્કીલ આસાન માટે દુ'આઆશિષો, ખાસ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે જે ભેટો પેશ કરી છે, તે માટે અમે અમારાં રૂહાની બાળકો તરફ અમારો અતિશય આભાર, અને અમારા શાહઝાદીનો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે ઘણા, ઘણા જ પ્રભાવિત થયા છીએ અને



ITREB FOR INDIA * BOMBAY *

ઘણા આભારી છીએ. અને આ બાબત, અમારા શાહઝાદી અને અમારા માટે, ઇમામતના ૫૦ વર્ષોના પ્રસંગે, સમગ્ર જગતના મુરીદો સાથે ટેક્સાસમાં એક ઘણા જ વિશિષ્ઠ દિવસની અદ્‌ભુત યાદગીરીઓ હશે. અમે અમારા સઘળા મુરીદોને સમયના, જ્ઞાનના, અને ભૌતિક સહાયના તમારા ભવ્ય નઝરાણા માટે પણ અમારા ઉત્તમ, હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ. અને અમે આશા રાખીએ છીએ કે આ નઝરાણું તમારામાંના દરેક માટે અનેક, અનેક, અનેકગણું વધવા પામશે, કે જેથી તમે ગૌરવની સાથે, ખુશીની સાથે, પ્રમાણિકતાની સાથે જીવી શકો અને આપણા ધર્મની નીતિમત્તાઓ ઉપર દૃઢ રહી શકો. આપણા ધર્મની નીતિમત્તાઓ, આપણે જે સમાજોમાં રહીએ છીએ તેના ઉપર આધાર નથી રાખતી. આપણા ધર્મની નીતિમત્તાઓ જગતભરના મુરીદો માટે છે, પછી તેઓ જે પણ સમાજોમાં રહેતા હોય, એ બાબત ધ્યાનમાં રાખવી મહત્ત્વની છે, પછી તમે જે સ્થળેથી પણ આવ્યા હો, અથવા તમે જે સ્થળે પણ જવાના હો. આપણા ધર્મની નીતિમત્તાઓ, ઈમાનદારી (integrity)ની, યોગ્ય વર્તણૂકની, અનિચ્છનીય સામાજિક આદતો (undesirable social habits)થી દૂર રહેવાની, અને જે ભૌતિક વાતાવરણમાં તમે રહો છો, માત્ર તેના ઉપર જ નહિ, પરંતુ જે ધર્મ તમારો છે તેના ઉપર પણ તમારા દરરોજના જીવનમાં વિચાર કરવાની નીતિમત્તાઓ ઉપર તમે મજબૂત રહો.

અને એ બાબત પણ ધ્યાનમાં રાખો કે ધર્મ કાંઈ એવી બાબત નથી કે જેનું 'હું આજે પાલન કરૂં છું, હું ૧થી ૨ વાગ્યા સુધી પાલન કરી શકું, પરંતુ ૩ વાગ્યા પછી પાલન ન કરી શકું.' ધર્મ દરેક મુરીદના દરરોજના જીવનનો ભાગ છે. તમારી સાથે તમારી તસ્બીહ રાખો, અને જ્યારે તમને સહાયની જરૂરત જણાય, જ્યારે તમને હિંમતની જરૂરત જણાય, જ્યારે તમને ડહાપણ મેળવવાની જરૂરત હોય, તમને જે સમસ્યાઓને રોજબરોજ હાથ ધરવી પડતી હોય, તેમાં તમને જ્યારે સમજણ મેળવવાની જરૂરત હોય, ત્યારે તમે તસ્બીહ વડે સ્મરણ કરો. તમારા ધર્મના પાલનને તમારા દરરોજના જીવનના ભાગરૂપ બનાવો, તેને પ્રસંગોપાતની ઘટના નહિ બનાવો. આ ઇસ્લામ નથી, ઇસ્લામ, તમે જે રીતે જીવન જીવો છો તે છે.

અમે ફરી એક વાર, અમારી સઘળી જમાતને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, તેઓ જ્યાં પણ હોય, અમે આજે ફરમાવીએ છીએ કે તમે તમારાં કુટુંબો માટે અને તમારી જમાતો માટે અમારા દુ'આઆશિષો લઈ જાઓ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ITREB FOR INDIA * BOMBAY *

## મૌલાના હાઝર ઇમામે લોસ એન્જલસ, કેલિફોર્નિઆ, યુ. એસ. એ. ખાતે ફરમાવેલ
## મુબારક ફરમાન

૧૫મી એપ્રિલ, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અહિં, આજે અમારાં સર્વે રૂહાની બાળકોને, તમે જ્યાંથી પણ આવ્યા હો, અને તમારાં કુટુંબોને, અને તમારી જમાતોને, અમે અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમારામાંથી જેઓ કેલિફોર્નિઆની બહારથી આવ્યા છે, અમે ખાસ કરીને ચાહીએ છીએ કે જ્યારે તમે તમારાં કુટુંબો અને તમારી જમાતોમાં પાછા જાઓ, તમારાં સઘળાં કુટુંબો અને જમાતોને અમારા દુ'આઆશિષો પહોંચાડશો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારી જમાતને જણાવવા ચાહીએ છીએ કે અહિં લોસ એન્જલસમાં, આ દરબાર પ્રસંગે હોવા બદલ અમે કેટલાબધા ખુશ છીએ. દરબાર એક ઉજવણીનો એક પ્રસંગ હોય છે, એક ખુશીનો પ્રસંગ હોય છે, અને અમે આશા રાખીએ છીએ કે દરેક મુરીદ જે આજે અહિં છે તે અથવા તેણીના ચહેરા ઉપર બાકીના દિવસ દરમ્યાન એક મોટું સ્મિત હોય - જમાતના અને અમારા જીવનમાં ખાસ કરીને ખુશીનો આ પ્રસંગ બધા સાથે મળીને ઉજવવા માટે ખુશીનું સ્મિત હોય, એકતાનું સ્મિત હોય, આનંદનું સ્મિત હોય.

આ ફરમાનની શરૂઆતમાં, આ પ્રસંગે કેલિફોર્નિઆની આ મુલાકાત વખતે અમને જે ઉદાર, હ્રદયપૂર્વકનો, ઉમળકાભર્યો આવકાર આપેલ છે અને કેલિફોર્નિઆની બહારના જમાતના એ સભ્યો કે જેઓ આ દરબારમાં હાજર રહેવા ચાહતા હતા તેઓને મદદ પૂરી પાડવા બદલ અમે કેલિફોર્નિઆના ગવર્નરનો, વહીવટીતંત્રનો, ઉમળકાભર્યો આભાર વ્યક્ત કરીએ છીએ. અમે આ પ્રસંગે, મુરીદો કે જેઓએ આજે આ દરબારની વ્યવસ્થા કરવા, કેલિફોર્નિઆની અમારી આ મુલાકાતની વ્યવસ્થા કરવા જે ભવ્ય મરજિયાત સેવાઓ પૂરી પાડી છે તે બદલ તેઓને પણ અમે મુબારકીઓ પાઠવીએ છીએ. અમે તેઓને અમારા અતિશય ઉમળકાભર્યા, અતિશય વહાલપૂર્વકના ઉત્તમ, પ્યારભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA ★ BOMBAY ★

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણા ઇતિહાસનો આ એ સમય છે કે જ્યારે જગતના જુદા જુદા ભાગોમાં ઇસ્લામ ધર્મની પ્રકૃતિ અને નીતિમત્તાઓ વિશેની ગેરસમજ વધી રહી છે, અને તમે ચોક્કસપણે, તમારા રોજિંદા જીવનમાં ઇન્શાઅલ્લાહ, સર્વ સમયે નહિ પણ પ્રસંગોપાત તેનો અનુભવ કરતા હશો, અને અમે અમારી જમાતને એ ફરમાવવા ચાહતા હતા કે ઉશ્કેરણી સામે પ્રતિસાદ આપવાનો મુસ્લિમોનો એક લાંબો ઇતિહાસ છે. અને તે શાંતિનો, ડહાપણનો, સંભાળનો એક ઇતિહાસ છે. અનેએ અનેક પ્રસંગોએ કહેવામાં આવ્યું છે કે: જો તમારી ઉશ્કેરણી કરવામાં આવે તો, તેનો જવાબ ડહાપણપૂર્વક આપો, સમજાવો , તમે જેઓની સાથે વાત કરો છો તેઓ તમારા ખુલાસાઓ ન સમજે તો તેમજ રહેવા દો. જેઓ સમજશે તેઓ સમજશે. જેઓ નહિ સમજે તેઓ નહિ સમજે. પરંતુ ઉશ્કેરણીની પ્રતિક્રિયા એ રીતે નહિ આપો કે તે ઇસ્લામ કે જે શાંતિનો ધર્મ છે, ડહાપણના ધર્મ છે, અને એવો ધર્મ છે કે જેને તકબદ્ધ રીતે (logically ) સમજાવી શકાય છે, તેના સંદર્ભથી બહાર હોય.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

હાલના સમયમાં, આપણા જગતની પરિસ્થિતિ નાજુક છે, અને બની શકે છે કે આપણે યુનાઇટેડ સ્ટેટ્સમાં જ નહિ, જગતના બીજા ભાગોમાં પણ આર્થિક પ્રવૃત્તિને ધીમી પડતી જોઇશું. આ તમારી પ્રવૃત્તિઓમાં ડહાપણભર્યો વહીવટ માંગી લે છે. તે વધુ પડતો ભય દર્શાવતી નથી. તમે જે રીતે તમારા ભૌતિક જીવન જીવી રહ્યા છો તેમાં તે ડહાપણ માંગી લે છે. આ મંદ ગતિ ચોક્કસપણે આવશે, તે અહિં યુનાઇટેડ સ્ટેટ્સમાં અને અન્ય જગ્યાઓએ આવશે, પણ તેનો અર્થ એ નથી કે તમારે નેતી પ્રતિક્રિયા કોઇપણ પ્રકારના ગભરાટ કે ચિંતા સાથે આપવી કોઇએ. ગંભીર સમસ્યાઓ છે. તેનો ઉકેલ આવતાં સમય લાગશે, પણ અમે નથી ચાહતા કે તમે વધુ પડતા ભાવનાશીલ બની તેની પ્રતિક્રિયા આપો. ડહાપણપૂર્વક રહો અને બુદ્ધિશાળી બનો.

ડહાપણનો અર્થ છે ભૌતિક જીવનમાં કોયડાઓનો સંભાળપૂર્વક અને બુદ્ધિગમ્ય રીતે ઉકેલ લાવવો. યુનાઇટેડ સ્ટેટ્સમાં મુરીદો છે, કેનેડામાં મુરીદો છે, ન્યુઝિલેન્ડમાં મુરીદો છે, ઓસ્ટ્રેલિયામાં મુરીદો છે, અને ઘણા બીજા દેશોમાં છે કે જેઓ એક સરખા વ્યવસાયમાં અથવા એક સરખી આર્થિક પ્રવૃત્તિમાં છે. સાથે મળો, તમે જ કાર્ય કરો છો તેમાં વધુ અસરકારક બનવા સાથે મળો. ભાગીદારીઓ અથવા સહમતિઓ સાધો, અને તેમ ડહાપણપૂર્વક કરો, અને તે એ રીતે કે, જો તમે સંસ્થામાંથી બહાર નીકળવા ઇચ્છો તો તમે બીજાઓ કે જેઓ ત્યાં છે તેમને નુકસાન કર્યા વગર તેમ કરી શકો. તેથી તમારી આર્થિક પ્રવૃત્તિઓમાં, તમારી વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં, તમારા માટે કામગીરી કરવા તમારી એકતાને લાવીને, આગળ જે કંઇ પણ મંદી હશે, અમે માનીએ છીએ કે તેનો સામનો કરવા તમે વધુ મજબુત બનશો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમારી ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે અમારી જમાત નઝરાણું - ભૌતિક તેમજ સમય અને જ્ઞાનનું નઝરાણું - કે જે તમે ઝમાનાના ઇમામને અર્પણ કરેલ છે, તેમાં અતિશય ઉદાર રહી છે. અમે ચાહીએ છીએ કે અમારી જમાત એ જાણે કે સમય અને જ્ઞાનની જે ઉદારતા તમે દાખવી છે તે માટે અમે કેટલો ઊંડો ગૌરવ અને ઊંડી ખુશી અનુભવીએ છીએ.

સમય અને જ્ઞાનની આ ભેટ શા માટે આટલી મહત્ત્વની છે? તે ખરેખર ઘણી મહત્ત્વની છે કારણ કે ઘણા દેશોમાં જ્યાં જમાત વસે છે, ત્યાં જીવનની ગુણવત્તા એક સરખી નથી. ઘણા દેશો કે જે હજી પણ ગંભીર આર્થિક મુશ્કેલીમાં છે; એવા દેશો છે કે જ્યાં લોકશાહી નબળી છે; એવા દેશો છે કે જે એવી કુદરતી આફતોના ભોગ છે, કે જે જીવનને નુકસાન કરે છે અને માલ-મિલ્કતોને નુકસાન કરે છે. અને આ પરિસ્થિતિઓનો સામનો કરવાનો ફક્ત એક જ માર્ગ કે જેને ઔદ્યોગિક જગતમાં 'ઉત્તમ પદ્ધતિ' (best practice) કહેવામાં આવે છે, તે છે. આપણે જગતભરની આપણી સંસ્થાઓમાં 'ઉત્તમ પદ્ધતિ' (best practice)ના વિચારને લાવવાની કોશિશ કરવી જોઈએ. અને 'ઉત્તમ પદ્ધતિ' (best practice) તમે જે પણ પ્રવૃત્તિઓ કરો છો તેમાં જ્ઞાન, ડહાપણ અને અનુભવના ઉપયોગથી આવે છે. માનવીય પ્રયાસના ઘણાં ક્ષેત્રોમાં મોટાભાગની ઉત્તમ પદ્ધતિઓ ઔદ્યોગિક જગતમાં વિકસી છે, અને વિકાસ પામી રહેલા જગતને તે જ્ઞાનની જરૂર છે. ઇન્શાઅલ્લાહ, સમય અને જ્ઞાન તેમજ સહાયની તમારી ઉદારતા, જ્યુબિલી વર્ષના અંત સુધીમાં જગતભરની જમાતના વૈશ્વિક ભાઈચારાને ઉપલબ્ધ હશે. અને, સંસ્થાઓ જમાત માટે જે કંઈ કરી રહી છે તેમાં સુધારણા માટે તમે જે સમય અને જ્ઞાનનું નઝરાણું અર્પણ કરશો, તે માટે જગતભરની જમાત આભારી રહેશે.

જ્યુબિલી વર્ષની અમારી આશાઓમાં, સૌ પ્રથમ, અમે અમારી સંસ્થાઓમાં વધુ મજબૂતી, તેમની વચ્ચે વધુ એકતા, પરિવર્તનના પ્રવાહોને અગાઉથી ઓળખવાની વધુ સારી ક્ષમતા લાવીશું, કે જેથી જમાત આ પરિવર્તનના પ્રવાહો - કે જેને આપણે જ્ઞાન આધારિત સમાજ (knowledge society) કહીએ છીએ - તેનો ફાયદો ઉઠાવી શકે. અમારી આશા છે કે જમાતની એવી બાબતોને હાથ ધરવી કે જેને હાથ ધરવી જરૂરી છે, જેવી કે ખૂબ ગરીબ લોકો. હજી આજે પણ, જગતના જુદા જુદા વિભાગોમાં, જમાતના એવા ભાગો છે કે જે ખૂબ ગરીબ છે. જગતના કોઈ પણ ભાગમાં કોઈ પણ મુરીદની જીવનની ગુણવત્તાના અભાવની આ પરિસ્થિતિ અમે જોવા ઇચ્છતા નથી. અને, તેથી, ઇન્શાઅલ્લાહ, જ્યુબિલી વર્ષના અંત સુધીમાં, તેઓના જીવનની ગુણવત્તા સુધારવા આ મુરીદોને કદાચ, અનેક પેઢીઓ સુધી, કેવી રીતે સહાય પૂરી પાડવી, અને તેઓને કેવી રીતે મદદ માટે કોશિશ કરવી, તે માટે આપણા પાસે કેટલીક યોજનાઓ, કેટલાક વિચારો હશે.

બીજું - અથવા અમારે કહેવું જોઈએ ત્રીજું લક્ષ્યાંક, કારણ કે અમે સંસ્થાકીય કામગીરીની સુધારણા માટે ફરમાવ્યું, અમે અતિ ગરીબોને સહાય માટે ઉલ્લેખ કર્યો, તેથી - ત્રીજું લક્ષ્યાંક કે જે અમે અમારી જમાત



ITREB FOR INDIA BOMBAY

માટે ધરાવીએ છીએ તે છે જીવન જે રીતે બદલાઈ રહ્યું છે તે અંગે જાણકારી મેળવવી અને તેને પ્રતિસાદ આપવો. લાંબું આયુષ્ય - એટલે કે એક વ્યક્તિના જીવનનો સમય - લાંબું આયુષ્ય, અલ્-હમ્દુલિલ્લાહ, જગતના અનેક ભાગોમાં વધી રહ્યું છે, અને આ, બુઝુર્ગોની કેવી રીતે સંભાળ લેવી, એ બાબતની કેવી રીતે ખાત્રી કરવી કે વૃદ્ધાવસ્થામાં સ્ત્રીઓ અને પુરુષો માનપૂર્વકનું અને આનંદપૂર્વકનું જીવન જીવી શકે તે આપણે સમજવું જરૂરી છે. અને તેથી, અમારું ત્રીજું લક્ષ્યાંક છે જગતભરમાં, જમાતમાં બુઝુર્ગોની જરૂરિયાતોને પ્રતિસાદ આપવા માટેની ક્ષમતાનું સર્જન કરવું.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આજે જગતભરમાં, અનેક પરિબળો સક્રિય છે જે તમારા જીવનની ગુણવત્તાને અસર કરી શકે છે, તે નીતિમત્તા (ethics)ને અસર કરી શકે છે, તમે જે મૂલ્ય પદ્ધતિઓ (value systems) ધરાવો છો તેને અસર કરી શકે છે. અમારી એ ઊંડી ચિંતા રહી છે કે અમારી જમાત અમારી પ્રણાલિકાને, નીતિમત્તાના ધોરણો: ઉદારતાની નીતિમત્તા, સદ્ભાવની નીતિમત્તા, નિખાલસતાની નીતિમત્તા, સચ્ચાઈની નીતિમત્તા, ફક્ત જમાતમાં જ નહિ પણ જમાતની બહાર પણ જ્યારે સહાયની જરૂરત હોય ત્યારે બીજાઓને સહાય આપવાની નીતિમત્તાને વફાદાર રહેવું જોઈએ. આ એ સિદ્ધાંતો છે કે જે અનેક અનેક સદીઓથી આપણા રહ્યા છે, અને, આધુનિક સમાજ દ્વારા કોઈ પણ દબાણો તમારા ઉપર હોય, આપણા ધર્મના નૈતિક સિદ્ધાંતોને વળગી રહો.

આપણે અસીમ (infinitely) ગૌરવ ધરાવીએ છીએ - અમે ફરીવાર ફરમાવીએ છીએ - આપણા ધર્મ અને આપણા ઇતિહાસમાંથી વારસામાં મળેલ નીતિમત્તાઓ અંગે આપણે અસીમ (infinitely) ગૌરવ ધરાવીએ છીએ, અને નીતિમત્તાઓ જે આપણા જીવનના ભાગરૂપ છે તેને સવાલ કરવાનું સંદત્તર કોઈ કારણ નથી. તેથી તમારા ધર્મના પાલનને એવું પાલન બનાવો કે જે રોજિંદા જીવનમાં સતત ચાલુ હોય.

જમાતખાનામાં હાજર રહો, પણ માત્ર જમાતખાનાની હાજરી, કદાચ, તમારા જીવનકાળ દરમ્યાન તમે ઇચ્છતા હો તેવી પૂર્ણ સામેલગીરી (engagement) નથી. તમારી તસ્બીહ લો, તમારી તસ્બીહ તમારી સાથે રાખો. અગર જો તમે દિવસમાં અથવા રાતમાં ૩૦ સેકન્ડ મેળવો, એ પળ કે જ્યારે તમે તમારા આસપાસના જગતની બીજી ચીજો વિશે વિચારતા ન હો, ત્યારે તસ્બીહ લો, અલ્લાહનું સ્મરણ કરો, હઝરત અલી (અ.સ.)નું સ્મરણ કરો, પણ ધર્મને તમારા રોજિંદા જીવનનો ભાગ બનાવો. ઇસ્લામનો આ અર્થ છે.

ડહાપણ પણ ધરાવો - કારણ કે જે આપણી નીતિમત્તાઓ અને સારા જીવનના આપણા સિદ્ધાંતો સાથે સુસંગત નથી તેને તજી દેવું - તે ડહાપણનો સવાલ છે. એ સામાજિક આદતો જે આપણી નીતિમત્તાઓ સાથે, આપણા સિદ્ધાંતો સાથે સુસંગત નથી તેને તદ્દન છોડી દો. યાદ રાખો કે એક વ્યક્તિને જે માર્ગદર્શન



ITREB FOR INDIA * BOMBAY. *

આપે છે તે અકલ છે, જે અલ્લાહની રહેમત છે, જે તેણે તમને આપેલ છે. અને, તેથી અકલનો ડહાપણપૂર્વક ઉપયોગ કરો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમારામાંના સઘળાઓ જેઓ અહિં આજે હાજર છે, તમારી સર્વે જમાતોને, તમારાં કુટુંબોને, લાંબા જીવન માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, સારી તંદુરસ્તી માટે, તમારી ઇચ્છાઓની પરિપૂર્ણતા માટે, તમારાં કુટુંબોના સઘળા રૂહાની સભ્યોની શાંતિ અને રાહત માટે, અને મુશ્કીલ આસાન માટે અમે અમારા અતિશય ઉમળકાભર્યા અને અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

લોસ એન્જલસમાં આ દરબાર પ્રસંગે, તમારામાંના દરેકને અને એકે એકને, તમે જ્યાંથી પણ આવ્યા હો - તમે લોસ એન્જલસમાં રહેતા હો એ જરૂરી નથી - અમે અહિં હાજર અમારા સઘળા મુરીદોને અને તમારાં કુટુંબોને અને તમારી જમાતોને અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમે જે નઝરાણું અર્પણ કરેલ છે અને જે સુંદર ભેટો અર્પણ કરેલ છે તે માટે અમે અમારો ઊંડો આભાર વ્યક્ત કરીએ છીએ. અને યાદ રાખો કે અમારી જમાત સર્વે સમયે, સર્વે સમયે અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં, અમારી દુ'આઓમાં છે. અને અમે ભવિષ્યને વિશ્વાસપૂર્વક જોઈએ છીએ, અને અમે ચાહીશું કે અમારી જમાત ભવિષ્યને વિશ્વાસપૂર્વક જુએ. જીવનમાં હંમેશાં તેના પડકારો હશે, પણ અમારી જમાત જ્યારે તે પડકારો ઊભા થાય ત્યારે તેનો, ડહાપણપૂર્વક, સારી બૌદ્ધિક કાબેલિયતપૂર્વક અને વિચારપૂર્વક હાથ ધરવા સક્ષમ (well-placed) છે. જમાતમાં એ યુવાન મુરીદો છે કે જેઓ પોતાનું શિક્ષણ લઈ રહ્યા છે. અમે તમને ફરમાવીશું: પશ્ચિમનો જ્ઞાન આધારિત સમાજ (knowledge society) કેવી રીતે વિકાસ પામી રહેલ છે તે સમજવાનો પ્રયાસ કરો. તકોના એ ક્ષેત્રો કે જે, યુવાન શિક્ષિત પુરુષો અને સ્ત્રીઓ માટે યુનાઈટેડ સ્ટેટ્સમાં, કેનેડામાં, ન્યુઝિલેન્ડમાં, ઓસ્ટ્રેલિયામાં, તેમજ વિકાસ પામી રહેલા જગતમાં હોય કે જેમાં વૃદ્ધિની સંભાવના હોય, તેને ઓળખી કાઢવાનો પ્રયાસ કરો. સુશિક્ષિત પુરુષો અને સ્ત્રીઓ માટે જગતભરમાં ઘણી, ઘણી, ઘણી તકો રહેલી છે. અને અમે આશા રાખીએ છીએ કે તમે તમારા અભ્યાસમાં ઘણી સફળતા હાંસલ કરશો, અને તમે આ નવું જ્ઞાન તમારાં કુટુંબોમાં, જમાતમાં, તેની સંસ્થાઓમાં અને તમે જે દેશોમાં રહો છો તેમાં લઈ આવશો.

મોટાભાગે દરબાર પછી, જમાત એકઠી મળે છે અને તમે દાંડીયારાસ રમો છો. આ સાંજે, અમે અમારા હૃદયમાં, વિચારોમાં તમારી સાથે હોઈશું, અને ખરેખર અમે તમારા સાથે દાંડીયારાસ રમતા હોઈશું. અમે તમારામાંના દરેકને, ફરી એકવાર, અમારા ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA * BOMBAY *

# મૌલાના હાઝર ઇમામે શિકાગો, ઇલ્લિનોય, યુ. એસ. એ. ખાતે ફરમાવેલ
# મુબારક ફરમાન

૧૬મી એપ્રિલ, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે અહિં અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારામાંના દરેકને, વ્યક્તિગત રીતે, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને જણાવવા ચાહીએ છીએ કે આ ભવ્ય દરબારમાં, અમારી જમાત સાથે ઇમામતના ૫૦ વર્ષોની ઉજવણી કરવા અમે કેટલાબધા અતિશય ખુશી થયા છીએ, અને અમે ચાહીએ છીએ કે તમે એ યાદ રાખો કે દરબાર ખુશીનો, આનંદનો અને ઉલ્લાસનો પ્રસંગ હોય છે. અને અમે આશા રાખીશું કે હમણાંથી લઈને બાકીના દિવસ માટે, તમારા અને તમારાં બાળકો, તમારાં દાદા-દાદી, નાના-નાની, અને તમારી જમાતોના ચહેરા ઉપર હંમેશાં સ્મિત હશે. આથી, આજે ઉજવણી કરો, તમારા હૃદયમાં ખુશ થાઓ, તમારા ચહેરા ઉપર સ્મિત ધરાવો, અને એક ખૂબ જ મોટા, વિશાળ ભાઈચારાની એકતાની સાથે રહો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે યુનાઈટેડ સ્ટેટ્સની આ મુલાકાતની વ્યવસ્થા કરવા માટે આપણા વોલન્ટીયરો દ્વારા જે ભવ્ય કાર્ય કરવામાં આવ્યું છે, તેનાથી ઘણા પ્રભાવિત થયા છીએ અને તે માટે અમે ઘણા આભારી છીએ. અને અમે જેઓએ આ મુલાકાતને શક્ય બનાવવા માટે સહાય કરી છે તે સઘળાઓને અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆતમાં, ઇલ્લિનોયના ગવર્નર, શિકાગોના મેયર, અને રાજ્યના સત્તાધિકારીઓએ જે રીતે અમને આવકાર આપ્યો છે, તેઓએ જમાત માટે જે સગવડો ઉપલબ્ધ કરાવી છે, તેઓએ આપણને જે સહાય કરી છે કે જેથી આપણે શિકાગોમાં આ પ્રસંગની અતિશય આનંદપૂર્વક ઉજવણી કરી શકીએ, તે માટે અમે તેઓ પ્રતિ પણ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.



ITREB FOR INDIA * BOMBAY.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આ તકે ભૂતકાળને પણ યાદ કરવા ચાહીએ છીએ અને આથી, અમે આજે, ખાસ કરીને તમારાં કુટુંબોના સઘળા રૂહાની સભ્યોને અમારા વહાલભર્યા દુઆઆશિષો ફરમાવવા ચાહીએ છીયે. ખાનાવદાન.

તાજેતરમાં, વર્તમાન સમયમાં, આપણા ધર્મ, ઇસ્લામ ધર્મની ટીકા કરવામાં આવે છે; તેના વિશે એવી રીતે વાત કરવામાં આવે છે કે જે અમને ખાત્રી છે કે આપણે સહુને ઉશ્કેરણીજનક, અસ્વીકાર્ય અને અયોગ્ય જણાશે. અને અમે અમારી જમાતને ફરમાવવા ચાહીએ છીએકે ઇસ્લામના ઇતિહાસમાં આ પ્રથમ વખત જ નથી કે જ્યારે આવું બનવા પામ્યું હોય. આવું ઘણા વખતે બનવા પામ્યું છે, અને ઉક્શેરણીના સમયે, મુસ્લિમોએ જે રીતે પ્રતિક્રિયા આપવી જોઇએ તે સંબંધી કુરૂઆન અને હદીસ અતિશય સ્પષ્ટ છે. જે ફરમાવવામાં આવ્યું છે. તે એ છે કે ઉશ્કેરણીના સમયે તમારા ધર્મની, તમારી નીતિમત્તાઓની, તમારા હૃદયમાં તમે જે શાંતિ ધરાવો છો તેની, લોકો તરફ તમે જે શુભેચ્છા ધરાવો છો તેની તમારે સમજણ આપવી જોઇએ, અને સમજણ આપવાનું ચાલુ ચાખવું કોઇએ. તમારે ગુસ્સામાં પ્રતિક્રિયા આપવી કોઇએ નહિ, અને જેઓ સાંભળશે અને જેઓ સમજશે તેઓ આપણાથી નજદીક અને ખુશ થશે, અને જેઓ ન તો સાંભળે છે અને ન સમજે છે તેમને તેમના માર્ગે જવા દો. તેમને તેમના માર્ગે જવા દો. આથી, અમે ચાહતા હતા કે આ ફરમાનની શરૂઆતમાં અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ કે આવી પરિસ્થિતિઓમાં તમારામાંના દરેક એક મુરીદ છો અને તમારે એ રીતે પ્રતિક્રિયા આપવી જોઇએ કે જે ઇસ્લામ ધર્મમાં યોગ્ય હોય. ઉશ્કેરણીની સામે પ્રતિક્રિયા નહિ આપો, સમજણ આપો, શાંત રહો, અને બાબતોને તેમ રહેવા દો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

જ્યુબિલી વર્ષ દરમ્યાન, અમે જમાતના આગેવાનો સાથે વિવિધ લક્ષ્યાંકો નક્કી કર્યા છે કે જેને અમે આ વર્ષ દરમ્યાન હાંસલ કરવા માંગીએ છીએ, અને પ્રથમ, જમાતનાં એ રૂહાની બાળકો માટે સહાય લઇ આવવાનું છે કે જેઓ તકલીફમાં છે, પછી તેઓ જ્યાં પણ હોય. અને આથી, આ વર્ષના અંત પહેલાં વિચારો દ્વારા, દુઆઓ દ્વારા, પરંતુ ઇન્શાઅલ્લાહ આપણાં કાર્યો દ્વારા પણ જમાતમાંના અતિ ગરીબો, પછી તેઓ જ્યાં પણ રહેતા હોય, તેઓના માટે સહાયની પદ્ધતિને આપણે યોગ્ય સ્થાનમાં મૂકીશું. અને આ બાબત માટે જો આપણને એક પેઢી અથવા બે પેઢીઓ અથવા ત્રણ પેઢીઓ પણ લાગે, એ અતિશય મહત્ત્વનું છે કે જે લોકો તકલીફમાં છે, તેઓ જ્યાં પણ હોય, તેઓને આપણને સહાય, મદદ અને પ્રોત્સાહન પૂરૂં પાડવું જોઇએ. આથી, ઇન્શાઅલ્લાહ, આ વર્ષના અંત પહેલાં, ગરીબ લોકોને સન્માનપૂર્વકનું જીવન જીવવા માટે સહાય કરવા અમે જમાત માટે સંસ્થાકીય ક્ષમતા ઉપલબ્ધ કરાવવા શક્તિમાન બનીશું.

બીજું, માનવજીવન બદલાયું છે. જીવનની આવરદા લાંબી થઇ રહી છે, અને બુઝુર્ગ લોકોને પોતાનાં જીવનના અંત સુધી જીવન જીવવાનું વધુ અને વધુ મુશ્કેલ લાગે છે, તેમજ વધુ અને વધુ એકલતાભર્યું લાગે છે, કારણ કે કુટુંબોમાં નવી પેઢીઓ ઘણી જ વધુ વ્યસ્ત છે. આથી, આપણે એ માર્ગો તરફ દૃષ્ટિ કરીશું, કે

જે દ્વારા આપણે જમાતની બુઝુર્ગ પેઢીઓને સહાયની પદ્ધતિ પૂરી પાડવા શક્તિમાન બનીશું, કે જેથી તેઓ સન્માનપૂર્વક જીવન જીવી શકે, અને તેઓ એ જાણે કે આપણે તેમના ભવિષ્યની અને તેઓ જે રીતે જીવન જીવે છે તેની સંભાળ રાખીએ છીએ.

અમે જ્યુબિલી વર્ષ માટે જે ત્રીજું લક્ષ્યાંક નક્કી કર્યું છે, તે જગતના વિવિધ ભાગોમાં આપણી જમાતી સંસ્થાઓને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવાનું, જે દેશોમાં હજુ બંધારણીય સંસ્થાઓ નથી, ત્યાં બંધારણીય સંસ્થાઓ ઉપલબ્ધ કરાવવાનું છે, કે જેથી ભવિષ્યની પેઢીઓ માટે જગતભરની જમાત અર્થે સહાયની પદ્ધતિ મજબૂત બનવા પામે. આનું છેવટનું લક્ષ્યાંક એ છે કે જમાત માટે તકના દેશો અને સ્થળોનું સર્જન કરવાનો પ્રયાસ કરવામાં આવે, પછી તમે જ્યાં પણ રહેવાનું નક્કી કર્યું હોય, કે જેથી તમે ભવિષ્યમાં વિશ્વાસ ધરાવી શકો, કે જેથી તમે આ વિસ્તારમાં કે પેલા વિસ્તારમાં કાર્ય કરવાનું નક્કી કરો, ત્યારે તમે સુખાકારીની લાગણી ધરાવી શકો. આથી, એ કેટલાંક લક્ષ્યાંકો છે કે જે અમે આ જ્યુબિલી વર્ષ માટે નક્કી કર્યાં છે. અને આ બાબત અમને એ ફરમાવવા માટે અતિ ખુશીભર્યો અવસર આપે છે કે જમાતે ભૌતિક નઝરાણા તેમજ સમય અને જ્ઞાનના નઝરાણા, એમ બન્નેની જે ભવ્ય સહાય પૂરી પાડી છે તે માટે અમે કેટલાબધા અસીમ રીતે ખુશી અને આભારી છીએ. અને જેઓએ આ નઝરાણું અર્પણ કર્યું છે તે સઘળાઓને અમે અમારા ઘણા જ ખાસ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જે સહાય જમાતે ઉપલબ્ધ કરાવી છે તે સંપૂર્ણપણે ભવ્ય છે, અને અમે આશા રાખીએ છીએ કે સમય અને જ્ઞાનની બાબતનો ઉલ્લેખ કરવાના અને અમારી જમાતને તેમાં સહભાગી બનાવવાના હેતુને અમારી જમાત સારી રીતે સમજે છે. આજે, જમાત જગતના વધુ અને વધુ દેશોમાં વસવાટ કરી રહી છે, પરંતુ બીજી અસાધારણ ઘટના પણ બની રહી છે. વધુ અને વધુ દેશો ૨૧મી સદીના જ્ઞાન આધારિત સમાજમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અને એ અતિશય મહત્ત્વનું છે કે જમાત આગળના સમયની વિચારણા કરનારી હોય, તેની સંસ્થાઓ પોતાને યોગ્ય રીતે સ્થાનબદ્ધ કરે, કે જેથી તેઓ વધુ અને વધુ, ન માત્ર એ જ્ઞાન આધારિત સમાજના ભાગરૂપ બનવા પામે, પરંતુ ઇન્શાઅલ્લાહ, જ્ઞાન આધારિત સમાજની દોરવણી કરે. અને અમે જ્યારે જ્ઞાન આધારિત સમાજની દોરવણી સંબંધી ફરમાવીએ છીએ, ત્યારે અમે જમાતમાંની યુવાન પેઢીઓને પણ સંબોધી રહ્યા છીએ, અને અમે તેઓને ફરમાવીએ છીએ: જ્યારે તમે તમારા શિક્ષણ તરફ આગળ દૃષ્ટિ કરો, જ્યારે તમે તમારી પ્રવૃત્તિઓની પસંદગી કરો, ત્યારે એ બાબત ધ્યાનમાં રાખો કે જ્ઞાન આધારિત સમાજ માટે જ્ઞાનનાં નવાં ક્ષેત્રોની જરૂરત પડશે, અને આથી, જ્ઞાનનાં એ નવાં ક્ષેત્રો શોધવાનો પ્રયાસ કરો, કારણ કે જ્ઞાનનાં નવાં ક્ષેત્રો, એ ક્ષેત્રો બનવા પામશે કે જે રોજગાર માટેની, નેતૃત્વ વગેરે માટેની ખરી તક પૂરી પાડશે.

બીજી બાબત સંબંધી, અમે અમારી જમાતને ફરમાવવા ચાહીએ છીએ કે વર્તમાન સમયમાં, વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ નાજુક છે, અને એવું ધારી લેવાનું ગેરડહાપણભર્યું હશે કે જગતભરના વિવિધ અર્થતંત્રોમાં મંદ



ITREB FOR INDIA * * BOMBAY.

ગતિ આવવા નહિ પામશે. આનો અર્થ એ નથી કે અમારી જમાત અતિ વધારે ચિંતા ધરાવે. તેનો અર્થ એ છે કે જો એ મંદ ગતિ ગંભીર બનવા પામે તો તમારે તમારી જાતને તૈયાર કરવાની જરૂરત છે. તૈયારીમાં તમે શું કરી શકો? જે જવાબદારીઓ તાત્કાલિક અથવા તાકીદની ન હોય, તેની ગતિ તમે ધીમી પાડી શકો. તમે સંગઠિત બની શકો. એકસરખા વ્યવસાયના લોકો, એકસરખી આર્થિક પ્રવૃત્તિના લોકો, એકબીજાને સહાય કરવા માટે એક દેશમાંથી બીજા દેશમાં સાથે મળવા માંગતા લોકોનું સંગઠિત બનવું - ભાઈચારાનાં આ પગલાં ખૂબ જ મહત્ત્વનાં છે. અને અમે અમારી યુ. એસ. એ. જમાત માટે ગૌરવ અનુભવીએ છીએ, કારણ કે તમે આ દિશાઓમાં સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છો. જગતભરની જમાત માટે નવીન માળખાઓનું ઘડતર કરવું બેશક, ઘણું, ઘણું જ મહત્ત્વનું છે, પરંતુ અમે અમારી જમાતને ફરમાવવા ચાહીએ છીએ: ઘડતર કરવું એ એક પાસું છે, બહાર નીકળવું એ બીજું પાસું છે. જો બહાર નીકળવાનું જરૂરી હોય, તો તમે જ્યારે માળખાનું ઘડતર કરો, ત્યારે દરવાજાઓ રાખો, કે જેથી તમે એ ઘરને પાડી દીધા વગર, એ દરવાજામાંથી તમારું માથું ઊંચું રાખીને જઈ શકો. તેનો અર્થ એ થાય છે કે જ્યારે તમે કોઈ સંગઠન (association)માં દાખલ થાઓ, અને જો કોઈ વ્યક્તિ અથવા કોઈ વ્યવસાય બહાર નીકળવાનો નિર્ણય કરે, ત્યારે તમે તે એ રીતે કરવા નથી ચાહતા કે જે બીજાઓને નુકસાન કરે. આથી, જો તમે એ મુદ્દાઓની અગાઉથી વિચારણા કરી શકો તો તે ઘણું જ મહત્ત્વનું છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણી આજુબાજુનું જગત, અને જે જગતમાં તમે વસવાટ કરો છો, તે પ્રબળ રીતે ભૌતિક જગત છે. પરંતુ અમે ચાહીએ છીએ કે અમારી જમાત એ ધ્યાનમાં રાખે કે આ ભૌતિક જગતમાં, ખુશી માટે, અને એકતા માટે, તેમજ તમે જે જીવન જીવો છો તેમાં સમતુલાની ભાવના (a sense of balance) માટે આપણા ધર્મની નીતિમત્તાઓ અતિશય આવશ્યક છે. આથી, અમે ચાહીએ છીએ કે અમારાં રૂહાની બાળકો ધર્મની નીતિમત્તાઓ - ભાઈચારાની, ઉદારતાની, માન-મર્તબાની, પ્રમાણિકતાની નીતિમત્તાઓને સમજે અને તેનું પાલન કરે, કે જેથી એ નીતિમત્તાઓ, જે દરરોજનું જીવન તમે જીવો છો તેની નીતિમત્તાઓ બને. અમને સંપૂર્ણપણે ખાત્રી છે કે જો તમે આપણા ધર્મની નીતિમત્તાઓનું પાલન કરશો, તો તમે ખુશી મેળવશો, પછી તમે જે પણ પરિસ્થિતિઓમાં રહેતા હો.

તમે કામકાજમાં વ્યસ્ત છો, પરંતુ વ્યસ્ત હોવું એ તમારા ધર્મના પાલનને છોડી દેવા માટેનું વાજબી કારણ નથી. એવા સમાજો છે કે જે વ્યસ્ત છે. એવા સમાજો છે કે જે ઓછા વ્યસ્ત છે. પરંતુ જો તમને મુશ્કેલી હોય, તો તમે તમારી સાથે તસ્બીહ રાખો, અને તસ્બીહ વડે ફક્ત ૧૦ સેકન્ડ, ૫ સેકન્ડ, ૩૦ સેકન્ડ માટે યા અલ્લાહ, યા અલી, યા મુહમ્મદનું સ્મરણ કરો, કે જેથી એ ટૂંક સમય માટે, તમારા વિચારો અને તમારો આત્મા એ બાબતો તરફ દૃષ્ટિ કરે છે કે જે બાબતો ભૌતિક નથી, કારણ કે તે તમારા માટે ખુશી લઈ આવશે. અમે તે માટે ચોક્કસ છીએ.



ITREB FOR INDIA BOMBAY

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે એ પણ ચાહીએ છીએ કે આવનારા દાયકાઓમાં, તમે જેમ કર્યું છે તેમ અન્ય કોમો સાથે, સભ્ય સમાજ (civil society)ની સંસ્થાઓ સાથે ઉષ્માભર્યા સંબંધો બાંધવાનું ચાલુ રાખો. કે જેથી જમાત એક એવી જમાત તરીકે જોવામાં આવે કે જે સઘળાઓના જીવનની ગુણવત્તા માટે કાળજી ધરાવતી હોય. અને તમે જે રીતે જીવન જીવો છો, તેમાં આ ઉદારતા ઘણી જ મહત્ત્વની બનવા પામશે, કારણ કે જગતભરમાં આપણે એવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ કે જ્યાં સરકારો નબળી છે, કે જ્યાં તેઓ જીવનની ગુણવત્તામાં એ પ્રકારની સુધારણાનું સર્જન કરવા હંમેશાં શક્તિમાન નથી હોતી કે જેની સરકારો પાસેથી અપેક્ષા રાખવામાં આવતી હોય છે. એકમાત્ર વિકલ્પ છે સભ્ય સમાજ - લોકોની, લોકો માટેની સંસ્થા કે જે શિક્ષણમાં, આરોગ્ય-સંભાળમાં, બિન સરકારી પ્રવૃત્તિઓમાં લોકોના કાર્યને ટેકો આપે, કે જેથી સભ્ય સમાજ એક એવો વધારાનો આધારસ્તંભ (additional prop) બનવા પામે કે જેની વિકાસ પામી રહેલા દેશોમાં જરૂરત છે. અને યુનાઈટેડ સ્ટેટ્સમાં તમે ખૂબ જ સારી રીતે વિકાસ પામેલ સભ્ય સમાજ ધરાવવા સદ્ભાગી છો, અને અમે એવી આશા રાખીએ છીએ કે સમય અને જ્ઞાનનું નઝરાણું કે જે તમે અર્પણ કર્યું છે, તે આપણને જગતભરમાં, જમાત અને બીજાઓ માટે એક મજબૂત સભ્ય સમાજનું ઘડતર કરવા સહાયરૂપ થશે. સભ્ય સમાજનું ઘડતર કરતી વખતે આપણા ધર્મની નીતિમત્તાઓ - દૃઢતા, શિસ્ત, પ્રમાણિકતા અને સેવાને લક્ષમાં રાખો. અને અમને ખાતરી છે કે તમે યુનાઈટેડ સ્ટેટ્સમાં પરંતુ જગતભરમાં પણ અતિશય ઘણી પ્રગતિ કરશો.

અમારાં સઘળાં રૂહાની બાળકોને, તમે જ્યાંથી પણ આવ્યા હો - અને અમને લાગે છે કે લગભગ ૨૬ દેશો અહિં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે - અમે સુખ માટે, સારી તંદુરસ્તી માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે માનીએ છીએ કે સામાન્ય રીતે દરબારની સાંજના, ડાંડિયા રાસ થતા હોય છે, અને ડાંડિયા રાસની સાથે બિરયાનીની વાનગી પુષ્કળ પ્રમાણમાં પીરસાય છે. અમે એવી આશા રાખીએ છીએ કે તમારી સાંજ અદ્ભુત હશે અને જ્યારે તમે આ પ્રસંગે ખુશી મનાવતા હશો ત્યારે અમે અમારા હૃદયમાં અને અમારા વિચારોમાં તમારી સાથે હોઈશું.

ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે જે ભવ્ય નઝરાણું અર્પણ કર્યું છે અને જે ભેટો તમે અમને અર્પણ કરી છે તે બદલ અમે આજે તમારા

પ્રતિ અમારી પ્રશંસા, અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે ઘણા, ઘણા જ આભારી છીએ અને ઘણા, ઘણા જ ખુશી છીએ. અમને ખાત્રી છે કે આ હોલમાં એવા મુરીદો છે કે જેઓ પોતાને એમ કહેતા હશે કે આવા પ્રસંગે હાઝર ઇમામ અમને બિરયાની વિશે કેવી રીતે ફરમાવી શકે? પરંતુ આમ શા માટે છે તે અમે તમને ફરમાવીશું: ઇસ્લામમાં ખુશી અલ્લાહ તરફની એક રહેમત છે, અને જો તમે - બિરયાનીથી અથવા અન્ય કોઈ વસ્તુઓથી ખુશી થાઓ છો - અમે ખુશી થઈશું, કારણ કે અલ્લાહની રહેમતો તમારા ઉપર હશે.

અમે તમને અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA ★ BOMBAY ★

# મૌલાના હાઝર ઇમામે અટલાન્ટા, જ્યોર્જિયા, યુ. એસ. એ. ખાતે ફરમાવેલ મુબારક ફરમાન

૧૭મી એપ્રિલ, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારામાંના દરેકને અને એકે એકને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારાં રૂહાની બાળકોને એ જણાવવા ચાહીએ છીએ કે આ પ્રસંગે તમારી સાથે હોવા બદલ અમે કેટલાબધા ખુશી છીએ. અને અમે તમને એ યાદ અપાવવા ચાહીએ છીએ કે દરબાર ઉજવણીનો એક પ્રસંગ હોય છે, તે આનંદનો એક પ્રસંગ હોય છે, તે ખુશીનો એક પ્રસંગ હોય છે. આથી, અમે ચાહીએ છીએ કે હમણાંથી, આ પળથી લઈ દિવસના અંત સુધી, અને તમારા ડાંડિયા રાસ પછી અને તમારી બિરયાની પછી, તમે તમારા ચહેરા ઉપર સ્મિત ધરાવશો. આ બાબત અમને ઘણી, ઘણી જ ખુશ કરશે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આ તકે જ્યોર્જિયાના ગવર્નર અને સરકાર તેમજ સઘળા સત્તાધિકારીઓએ અહિં આ દરબારની વ્યવસ્થા કરવા માટે આપણને - જમાતને અને અમને પોતાને - જે ભવ્ય સહાય અને ટેકો અર્પણ કરેલ છે તે બદલ તેઓનો પણ આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. એ એક ઘણો જ ખુશીભર્યો પ્રસંગ છે. અમે સઘળા વોલન્ટીયરો કે જેઓએ આ હોલની સજાવટ કરવા, બહારના મુલાકાતીઓનો સમાવેશ કરવા, અને દરેક વ્યક્તિ તરફ પોતાનો વહાલ દર્શાવવા આટલોબધો સમય આપેલ છે, આટલાબધા પ્રયાસો કરેલ છે તે બદલ તેઓને પણ અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ પ્રસંગે ભૂતકાળના સમયની પણ વિચારણા કરીએ છીએ અને તમારાં કુટુંબોના સઘળા રૂહાની સભ્યોને તેમના આત્માની અનંત શાંતિ અને રાહત માટે અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવવા ચાહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.

ITREB FOR INDIA BOMBAY.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણા ઇતિહાસના આ ખાસ સમયમાં, એવા લોકો છે કે જેઓ આપણા ધર્મ માટે સવાલો પૂછી રહ્યા છે, જેઓ આપણા ધર્મની ખોટી રજૂઆત કરી રહ્યા છે, જેઓ બિન સદ્‌ભાવપૂર્ણ ટીકાઓ કરી રહ્યા છે, અને અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવવા ચાહીએ છીએ કે આ બાબત ઇસ્લામના ઇતિહાસમાં કાંઇ અજોડ બાબત નથી. આ બાબત પહેલાં થવા પામી છે, અને આ બાબતને કેવી રીતે હાથ ધરવી જોઇએ તેના માટે દિશાસૂચનો ઘણાં જ સ્પષ્ટ છે. પૈગમ્બર (સ.અ.સ.) ના સમયમાં અને ત્યાર પછી, એવી પરિસ્થિતિઓ ઊભી થઇ હતી કે જ્યાં લોકો પૈગમ્બર (સ.અ.સ.) ની અને આપ (સ.અ.સ.) ની આજુબાજુના લોકોની ઉશ્કેરણી કરતા હતા. અને -કુર્‌આનમાં એ સ્પષ્ટ છે - હંમેશાં જવાબ એ હતો: સમજણ આપો, તમારી જાતની સમજણ આપો, તમારા ધર્મની સમજણ આપો, અને જે લોકો તમારી સમક્ષ છે તેઓ જો ન સાંભળે અથવા ન સમજે તો તેમના વિરૂદ્ધ તે બાબત (દિલમાં) નહિ રાખો. તેમને તેમના માર્ગે જવા દો. પરંતુ કદી પણ ગુસ્સામાં પ્રતિક્રિયા નહિ આપો, કદી પણ આક્રમક રીતે પ્રતિક્રિયા નહિ આપો, પરંતુ હમેશાં, એક સારા મુસ્લિમ તરીકે શાંતિથી અને સ્વસ્થતાથી પ્રતિક્રિયા આપો, કારણ કે તે એ બાબત છે કે જે તમારે કરવી જોઇએ.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ, .

આ મુલાકાત દરમ્યાન, અમે યુનાઇટેડ સ્ટેટ્‌સમાંની અને બીજા અનેક દેશોમાંની અમારી જમાત સાથે અમારી ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કરીશું, અને જમાતના આગેવાનો સાથે, અમે અમુક સંખ્યાના એવા લક્ષ્યાંકો નક્કી કર્યા છે કે જે અમે આ વર્ષના અંત પહેલાં હાંસલ કરવા ચાહીએ છીએ. અને અમુક એ લક્ષ્યાંકો શું છે તે સંબંધી અમે અમારી જમાતને જણાવવા ચાહીએ છીએ.

પ્રથમ, જગતભરમાં, જમાતના, મુરીદોના એવા વિભાગ છે કે જેઓ અતિ ગરીબ છે, જેઓ અતિશય ઘણી મુશ્કેલીમાં જીવી રહ્યા છે. આ કંઇ એવી બાબત નથી કે જે અમારી જમાતને અથવા અમને પોતાને ખુશ કરશે. અને આથી, ઇન્શાઅલ્લાહ, વર્ષના અંત પહેલાં, આપણે એવા માર્ગો તરફ દૃષ્ટિ કરીશું કે જેમાં જમાત અને અમે સહાયની પદ્ધતિઓનું નિર્માણ કરી શકીએ કે જેથી - જો એક પેઢી અથવા બે પેઢીઓ પણ લાગી જાય - આ અતિશય ગરીબ મુરીદો ગરીબીમાંથી બહાર નીકળવાનો અને પોતાના માટે અને પોતાની ભવિષ્યની પેઢીઓ માટે પોતાનાં જીવનમાં માન-મર્તબાના એક સ્તર સુધી પહોંચવાનો માર્ગ કાઢવા શક્તિમાન બની શકશે.

બીજું, એવાં રૂહાની બાળકો છે કે જેઓ બુઝુર્ગ થઇ રહ્યા છે. અલ્‌-હમ્દુલિલ્લાહ, સામાન્ય રીતે આપણે જમાતમાં લાંબી આવરદા ધરાવીએ છીએ. પુરૂષો અને સ્ત્રીઓ વધુ લાંબું જીવન જીવી રહ્યા છે. પરંતુ આનો અર્થ એ પણ થાય છે કે આપણને જમાતમાંના બુઝુર્ગોની સંભાળ લેવી જોઇએ અને એ બાબતની ચોકસાઇ કરવી જોઇએ કે તેઓ પણ પોતાનું જીવન શાંતિપૂર્વક અને માન-મર્તબાની સાથે જીવી શકે, અને એવી લાગણી ધરાવે કે તેઓને વહાલ કરવામાં આવે છે, અને તેઓનું ધ્યાન રાખવામાં આવે છે તેમજ તેઓની સંભાળ લેવામાં આવે છે. અને આ કાર્યનું એવું અન્ય ક્ષેત્ર છે કે જે અમે આશા રાખીએ છીએ કે આ બાબતનું નિરાકરણ લાવવા અને આવનારાં વર્ષોમાં આ મુરીદોને સારી સહાય પૂરી પાડવા માટે જમાત અને અમે શકિતમાન બની શકીશું.

અમારી જમાત માટે અમારું ત્રીજું લક્ષ્યાંક, તમે જે સઘળા દેશોમાં રહો છો તેને તકનાં સ્થળો, એવાં સ્થળો બનાવવા માટે કાર્ય કરવાના પ્રયાસો ચાલુ રાખવા અંગેનું છે કે જ્યાં તમે શાંતિપૂર્વક જીવન જીવી શકો, એવાં સ્થળો કે જ્યાં ભવિષ્યની પેઢીઓ સારી પરિસ્થિતિઓમાં શિક્ષિત બની શકે, એવાં સ્થળો કે જ્યાં સલામતી હોય, એવાં સ્થળો કે જ્યાં આરોગ્ય-સંભાળની પહોંચ હોય, એવાં સ્થળો કે જ્યાં તમે એક પેઢીથી બીજી પેઢી સુધીનું આયોજન કરી શકો. આથી, અમે અમારું કાર્ય ચાલુ રાખીશું, અને જ્યાં આપણે એ લક્ષ્યાંકો હાંસલ નથી કરી રહ્યા ત્યાં આપણને તે લક્ષ્યાંકો હાંસલ કરવા માટે પ્રયાસ કરવાનું ચાલુ રાખવું જ જોઈએ. અને આ લક્ષ્યાંકોને હાંસલ કરવાનો એક માર્ગ, જગતભરમાંની આપણી સંસ્થાઓને મજબૂત બનાવવાનો છે, કે જેથી તેઓ જમાતની અને જમાત જેમની વચ્ચે વસવાટ કરે છે તે બીજાઓની સેવા કરવા માટે વધુ અને વધુ ક્ષમતા ધરાવી શકે. અને આમ કરવા માટે, અમને આ બાબત અમારી જમાતને એ ફરમાવવા માટેની તક આપે છે કે ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે તમે ભૌતિક અને સમય તેમજ જ્ઞાનનું જે નઝરાણું અર્પણ કર્યું છે તે બદલ અમે કેટલાબધા અતિશય ખુશી થયા છીએ અને કેટલોબધો અતિશય ગૌરવ અનુભવીએ છીએ. અને આ ભવ્ય નઝરાણાં માટે અમે તમને અમારા ખાસ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

અમે ચાહીએ છીએ કે તમે એ સમજો કે આ પ્રસંગે, આ નઝરાણું શા માટે આટલુંબધું મહત્ત્વનું છે. એ સ્પષ્ટ છે કે જગતભરમાંની પ્રગતિ જ્ઞાન આધારિત સમાજની સમજણ પ્રતિ પહોંચની સાથે, તેમાં સહભાગી થવાની સાથે જોડાયેલી છે. હવે આનો જે અર્થ થાય છે તે એ છે કે આપણી સંસ્થાઓએ માત્ર આજનું જ્ઞાન જ નહિ, પરંતુ જે આવતીકાલ માટેનું અતિ મહત્ત્વશીલ જ્ઞાન હશે તેના દ્વારા દોરવણી મેળવવી જોઈએ, અને જે લોકો તેનો ઉપયોગ કરે છે તેઓને તે જ્ઞાન આપવું જોઈએ. અને આથી, સમય અને જ્ઞાન, એ જ્ઞાન કે જે જગતભરમાં આપણી જમાતના ભાઈચારામાં સહભાગી થયેલ છે તેનું આ નઝરાણું, જમાત માટે અને જમાત જેમની વચ્ચે વસવાટ કરે છે તેમના માટે આટલીબધી મહત્ત્વની એક ભેટ છે. આથી, અમે ખાસ કરીને અમારી યુવાન જમાતને ફરમાવીએ છીએ કે આગળ દૃષ્ટિ કરો, જ્ઞાન આધારિત સમાજ માટે કઈ બાબતની જરૂરત પડશે તેની વિચારણા કરો, અને જ્ઞાન આધારિત સમાજના ભવિષ્ય માટે તમારી જાતને તૈયાર કરો. જે આજે છે, તે કદાચ આવતી કાલે ચાલ્યું ગયું હશે. અને આથી, તમે જેમ મોટી ઉંમરના થવા પામો, તેમ આગળ એ બાબતની વિચારણા કરો કે જ્ઞાનનાં એવાં કયાં ક્ષેત્રો છે કે જે તમારા માટે અને તમારાં કુટુંબો માટે અગત્યના બનવા પામશે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

વર્તમાન સમયમાં એ બાબતની સાબિતી છે કે વૈશ્વિક અર્થતંત્રની ગતિ મંદ પડી રહી છે, અને અમુક મુરીદો તેઓ જે આર્થિક પરિસ્થિતિઓમાં જીવી રહ્યા છે તેના વિશે ચિંતિત બનશે. અને અમે ચાહીએ છીએ કે અમારી જમાત એ બાબતથી વાકેફગાર થાય કે અમે માનીએ છીએ કે મંદ ગતિ રહેલી હશે, પરંતુ અમે નથી માનતા કે આ ઉતાવળમાં અથવા યોગ્ય વિચારણા વગર પ્રતિક્રિયા આપવાનો સમય છે. જો મંદ ગતિ છે તો તમે તે મંદ ગતિ માટે તમારી જાતને સંભાળપૂર્વક તૈયાર કરો. નવીન જવાબદારીઓમાં એકદમ ઝડપથી આગળ નહિ વધો; તમારી પ્રવૃત્તિઓના ખર્ચને ઘટાડવા માટેના ઉકેલો શોધી કાઢો; અને સંગઠિત બનો. જે મુરીદો



ITREB FOR INDIA
BOMBAY.

એકસરખા વ્યવસાયમાં હોય, જે મુરીદો એકસરખા ધંધા-રોજગારમાં હોય, સંગઠિત બનો, એ રીતે સંગઠિત બનો કે જ્યાં તમે એકબીજાને સહાય કરી શકો અને તમારી ક્ષમતાઓનો વધારો કરી શકો. અને એ બાબત ધ્યાનમાં રાખો કે કે જો તમે સંગઠન (association)માં દાખલ થાઓ છો, તો તમે એ સંગઠનમાંથી બહાર નીકળવા માટે પણ શક્તિમાન હોવા જોઈએ, અને સન્માનપૂર્વક, ગૌરવપૂર્વક અને બીજાઓને નુકસાન પહોંચાડ્યા વગર બહાર નીકળવા શક્તિમાન હોવા જોઈએ. આથી, જો તમે સંગઠિત થાઓ, તો તમે પ્રમાણિકતાની સાથે સંગઠિત થાઓ; અને જો તમારે કોઈ કારણસર બહાર નીકળવું પડે, તો એ બાબતની સંભાળ રાખો કે તમે બીજાઓ માટે મુશ્કેલી ઊભી ન કરો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધતો જાય છે, જેમ જગતના વિવિધ ભાગોમાંની અમારી જમાત સંગઠિત થતી જાય છે, એ મહત્ત્વનું છે કે તમે તમારા ધર્મના પાલનને નીકટતાથી વળગી રહો, તમે જમાતખાનામાં નિયમિત હાજરી આપો, અને તમે તમારા ધર્મની નીતિમત્તાઓ મુજબ જીવન જીવો, કારણ કે એવું નથી કે એક સમયે તમે તમારા ધર્મમાં હો છો અને બીજા સમયે તમારા ધર્મમાંથી બહાર હો છો. તમે આ પૃથ્વી ઉપર જે દરેક સેકન્ડ જીવન જીવો છો ત્યારે તમે તમારા ધર્મમાં હો છો. અને આથી, જો તમે જમાતખાનામાં હાજરી આપવા શક્તિમાન ન હો, તો પછી ઓછામાં ઓછું તમારી સાથે તસ્બીહ રાખો અને તમારા ધર્મ પ્રતિ વિચાર અર્પણ કરો. અને તમે તસ્બીહ વડે ''યા અલ્લાહ, યા મુહમ્મદ, યા અલી''નું સ્મરણ કરી શકો છો. પરંતુ તમારા ધર્મને તમારા રોજિંદા જીવનના ભાગરૂપ રાખો, અને તેને ધર્મમાં પ્રસંગોપાતના પ્રવેશ તરીકે નહિ રાખો. પ્રસંગોપાતની આ બાબત ઇસ્લામના આપણા તરીકાના ભાગરૂપ નથી.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

જ્યારે તમે યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, અને અન્ય જગ્યાઓએ રહો છો ત્યારે તમે જે સમાજો વચ્ચે રહો છો, તેમની સાથે પુલો બાંધો. સભ્ય સમાજનું ઘડતર કરવા માટે સહાય કરો કે જેથી આપણી પાસે જે ઉદારતા છે, તેને આપણે માત્ર જમાતની અંદર જ નહિ, પરંતુ બીજાઓને પણ તેમાં સહભાગી બનાવીએ, કારણ કે તે ઉદારતા ભવિષ્ય માટેના પુલોનું ઘડતર કરે છે. અને અમે માનીએ છીએ કે એ અતિશય મહત્ત્વનું છે, ખાસ કરીને આપણા ઇતિહાસમાંના એ સમયમાં કે આપણી જમાત એવા નીતિમાન લોકોની એક જમાત તરીકે જોવામાં આવે કે જેઓ બીજાઓ પ્રતિ શુભેચ્છા દર્શાવે છે અને તેઓના જીવનમાં સહાયરૂપ થાય છે. અમે ફરી એક વાર, અમારા સઘળા મુરીદોને, અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ અને અમે ચાહીએ છીએ કે તમે તમારી જમાતો તરફ અમારો વહાલ, અમારો પ્રેમ અને અમારા દુ'આઆશિષો લઈ જાઓ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે જે નઝરાણું અને ભેટો પેશ કરેલ છે તે માટે અમારી જમાત તરફ અમારો ઊંડો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ, અને અમે એવી આશા રાખીએ છીએ કે અમારી જમાત માટે, આ નઝરાણું તમારામાંના દરેક



ITREB FOR INDIA * * BOMBAY.

માટે હજારગણું, હજારગણું વધવા પામે. અમે તમને એ પણ જણાવવા ચાહીએ છીએ કે જો કે, અમે મોડેથી તમારા વચ્ચેથી સીધાવી જઈશું, અમે આશા રાખીએ છીએ કે તમે એક ખુશીભરી સાંજ ધરાવશો અને અમે અહિં, અમારા હ્રદયમાં, અમારા વહાલમાં અને અમારા સ્નેહમાં તમારી સાથે હોઈશું. અમને જણાવવામાં આવ્યું છે કે કોઈ અમારા માટે તમારી બિરયાનીમાંથી થોડો ભાગ લઈ આવશે. આથી, તમે જે બિરયાની ખાશો તેમાંથી જ અમે પણ ખાઈશું. અને અમે ચાહીએ છીએ કે ખુશીના આ દિવસે, તમે વાસ્તવિક ખુશી ધરાવો, ચિંતાઓ નહિ. અને અમે તમને સઘળાઓને, અને તમારી જમાતોને અને તમારાં કુટુંબોને મુશ્કીલ આસાન માટે અમારા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA * BOMBAY *

# મૌલાના હાઝર ઇમામે સિદ્ધપુર, ભારત ખાતે ગૉલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૧૬મી મે, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારાં કુટુંબોને, અને તમારી જમાતોને, તમે જગતના જે પણ ભાગમાંથી આવ્યા હો, તમારામાંના દરેકને અને એકે એકને વ્યક્તિગત રીતે, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારી જમાતને જણાવવા ચાહીએ છીએ કે અમારી ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે અમે તમારી સાથે હોવા બદલ કેટલા અતિશય પ્રમાણમાં ખુશ છીએ. અને અમે ચાહીએ છીએ કે તમે એ યાદ રાખો કે આના જેવા પ્રસંગો ખુશી માટેના, ઉજવણી માટેના, આનંદ માટેના, રમૂજ માટેના, હાસ્ય માટેના, સ્મિત માટેના પ્રસંગો હોય છે; અને અમે ચાહીએ છીએ કે સઘળા મુરીદો જેઓ અહિં હાજર છે અને જગતભરની સઘળી જમાતો દ્વારા આજના દિવસને, આ જ રીતે યાદ રાખવામાં આવે.

અમે આ ફરમાનની શરૂઆતમાં, અમારી ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે અહિં ભારતમાં, ભારતની સરકારે અને જે રાજ્યોની અમે મુલાકાત લીધી છે ત્યાંની સરકારોએ અમને જે અતિશય ઉદારતાપૂર્વક અને અતિશય વિચારશીલ રીતે આવકાર આપેલ છે, તે માટે અમે તેઓ પ્રતિ અમારી ઘણી જ ઉષ્માભરી, અમારી ઘણી જ હૃદયપૂર્વકની અને અમારી ઘણી જ ઊંડી પ્રશંસા વ્યક્ત કરવા પણ ચાહીએ છીએ.

અમે આ ફરમાનની શરૂઆતમાં આ તકે, સઘળા વોલન્ટીયરો કે જેઓએ ભારત ખાતેની આ મુલાકાત દરમ્યાન, જમાત માટે અને અમારા પોતાના માટે સઘળી સહુલતો તૈયાર કરવા જે ભવ્ય કાર્ય કર્યું છે તેમના પ્રતિ પણ પ્રશંસા વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે જ્યાં પણ હોઈએ છીએ, જે અદ્‌ભુત કાર્ય કરવામાં આવ્યું છે તેના માટે અમે પ્રશંસા વ્યક્ત કરેલ છે, અને આ મુરીદોને અમે અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

ITREB FOR INDIA * MUMBAI *

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે છેલ્લે જ્યારે ભારતમાં હતા, અને તેનાથી પણ અગાઉના સમયથી, આ મહાન દેશે ભવ્ય પ્રગતિ કરી છે, અને આ પ્રગતિ સ્થિર છે, તે વિશ્વાસપાત્ર પ્રગતિ છે, તે જગતભરમાં સન્માન પામેલ પ્રગતિ છે. અને આથી, આજે ભારત, અહિંની અને અન્ય સ્થળની અમારી જમાત માટે નોધપાત્ર તક ધરાવતો એક દેશ છે. ૧૯૫૭થી, અમે એ બાબતની ચોકસાઇ કરવા માટે અમારાથી બનતું સઘળું કર્યું છે કે એ સઘળા દેશો કે જેમાં જમાત વસવાટ કરે છે, ત્યાં વૃદ્ધિ પામવા માટે, જીવનની એક વધુ સારી ગુણવત્તાનો વિકાસ કરવા માટે તકો રહેલી હોય, કે જેથી જ્યાં પણ જમાત વસવાટ કરતી હતી, ત્યાં ભવિષ્યની પેઢીઓ પોતાના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા, સિરત અલ્-મુસ્તકીમના માર્ગ ઉપર રહેવા, અને તેમનાં કુટુંબો પ્રતિ, જમાત પ્રતિ તેમજ તેમના દેશો પ્રતિ અને જે લોકોની વચ્ચે તેઓ રહે છે તેમના પ્રતિ પોતાની જવાબદારીઓને પરિપૂર્ણ કરવા શક્તિમાન બને.

આજે, જગતભરની જમાતે નોંધપાત્ર પ્રગતિ કરી છે, પરંતુ આપણે હજી પણ જગતના એવા વિસ્તારો ધરાવીએ છીએ કે જ્યાં ગરીબી છે, જ્યા ઘર્ષણ છે, જ્યાં બુઝુર્ગોની યોગ્ય રીતે સંભાળ લેવામાં આવતી નથી. આથી, અમે આ ગોલ્ડન જ્યુબિલી વર્ષ માટે સંખ્યાબંધ લક્ષ્યાંકો નક્કી કર્યાં છે. પ્રથમ એ છે કે જે વિવિધ દેશોને વિશેષ ધ્યાનની જરૂરત છે, ત્યાં અમે તેઓને શાંતિ, સુશાસન પુનઃ સ્થાપિત કરવા, સમાનતાનું નિર્માણ કરવા - આ દેશોની સઘળી પ્રજા વચ્ચે સમાનતાનું નિર્માણ કરવા માટે સહાય કરવા પ્રયાસો કરવાનું કાર્ય ચાલુ રાખીશું, કે જેથી આ દેશોમાંની સઘળી પ્રજા ભવિષ્ય પ્રતિ આશા અને વિશ્વાસપૂર્વક, સલામતીપૂર્વક તેમજ અમે ફરમાવ્યું છે તેમ વિશ્વાસની સાથે દષ્ટિ કરી શકે. બીજું, હજુ પણ એવા દેશો છે કે જેમાં અમારી જમાતના એવા વિભાગો છે કે જેઓ ઘણા ગરીબ છે. અમે એવું જાણવા નથી ચાહતા કે અમારી જમાતના સભ્યો ગરીબીમાં રહે છે. આથી, અમે આશા રાખીએ છીએ કે આ વર્ષના અંત પહેલાં, અમે અમારી જમાતને એવી પ્રયોજનાઓની જાણ કરી શકીશું કે જે આપણે, જેઓ ઘણા ગરીબ છે, તેમને ગરીબીમાંથી પોતાનો માર્ગ કાઢવા, ભલે પછી તેને અમુક પેઢીઓ પણ લાગી જાય, તેના માટે તેઓને સહાય કરવા સ્થાપિત કરીશું. ત્રીજું, જીવન, માનવ જીવન, અલ્-હમ્દુલિલ્લાહ, વધુ લાંબું થઇ રહ્યું છે. પુરૂષો અને મહિલાઓ, વધારે સારી પરિસ્થિતિઓમાં અને વધારે લાંબા જીવનકાળની સાથે વધુ લાંબું જીવે છે, પરંતુ આપણાં કુટુંબો પહેલાં જેમ હતાં તેમ તે અખંડિત કુટુંબો રહ્યાં નથી. અને આથી, બુઝુર્ગ લોકોને જમાતની સંભાળની જરૂરત છે, તેઓને ઇમામની સંભાળની જરૂરત છે, તેઓ જેમ મોટી ઉંમરના થતી જાય તેમ તેઓ પ્રતિષ્ઠાની સાથે રહેવાર શક્તિમાન બને તેની જરૂરત છે. અને આથી, આશા છે કે, જ્યુબિલી વર્ષના અંત પહેલાં જમાતમાં બુઝુર્ગ લોકોને પ્રતિષ્ઠાની સાથે, સન્માનપૂર્વક અને જીવનની એક સ્વીકૃત ગુણવત્તાની સાથે રહેવા સહાય કરવા તમને સંસ્થાકીય કાબેલિયત ઉપલબ્ધ કરાવવા માટે અમે કાર્ય કરીશું.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

ભારત એક અનેકતાવાદી (pluralist) દેશ છે, અને એ એક આશીર્વાદ છે કે ભારતીય સમાજ અનેકતાવાદી સમાજ છે, કારણ કે કુરૂઆન ઘણું જ સ્પષ્ટ છે. અલ્લાહ ફરમાવે છે, "અમે તમને અનેક કબીલાઓમાં, અનેક રીતે પેદા કરેલ છે, કે જેથી તમે એકબીજાને જાણી શકો." પરંતુ તે એમ પણ ફરમાવે છે કે "અમે તમને એક જ નફ્સમાંથી, એક જ નફ્સમાંથી પેદા કરેલ છે." એ સંપૂર્ણ માનવજાતિની અજોડતાની, ઐક્યતાની એક અનુપમ અભિવ્યક્તિ છે. આથી, એ અમારી આશા છે કે અમારી જમાત ભારતમાંની સઘળી કોમો સાથે મજબૂત સંબંધોનું ઘડતર કરશે, કે જેથી લોકોની વચ્ચે શાંતિ હોય, કે જેથી તમે સાથે મળીને કાર્ય કરી શકો અને તમે અહિં ભારતમાં, તમારી અને તેમની ભવિષ્યની પેઢીઓ માટે સાથે મળીને નવીન તકોનો વિકાસ કરી શકો.

ભારતમાંનું અર્થતંત્ર, બીજા સંખ્યાબંધ દેશોમાં છે તેમ બેશક, ઘણું જ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેનો અર્થ એ થાય છે કે ખાસ કરીને, નાનકડી પહેલો અને નાનકડા સાહસો માટે, યુવાન વ્યાવસાયિકો અને યુવાન વ્યાપારી સંચાલકો, જો તેઓ સંગઠિત બને અને સાથે મળીને કાર્ય કરે તો તેઓના માટે નવીન તકો ઉપલબ્ધ છે. અને આથી, અમે આશા રાખીએ છીએ કે અમારી જમાત - ડોક્ટરો, ડોક્ટરોની સાથે, શિક્ષકો, શિક્ષકોની સાથે, દુકાનદારો, દુકાનદારોની સાથે, ઉદ્યોગપતિઓ, ઉદ્યોગપતિઓની સાથે સંગઠિત બનશે અને સાથે મળીને કાર્ય કરશે. અને અમે અમારી જમાતના વ્યક્તિગતપણાની પ્રશંસા કરીએ છીએ. અમે અમારી જમાતને જાણીએ છીએ. તમારામાંના ઘણા એમ કહે છે, "જો હું એકલો હોઉં, અને હું મારા ભાવિની સંભાળ લઉં તો હું ઘણી સારી સ્થિતિમાં છું, અને કોઈપણ કદી પણ મારા માટે મુશ્કેલી ઊભી કરી શકશે નહિ." પરંતુ, જો તમે સંગઠિત બનો, તો તમારે સમાન હિતમાં સંગઠિત બનવું જોઈએ, પરંતુ, જેઓ જૂથમાં રહેવા માગતા હોય, તેઓને નુકસાન કર્યા વગર તે જૂથને છોડી જવાની તમારી પાસે શક્યતા પણ રહેલી હોવી જોઈએ. અને આથી, તમે સંગઠિત બનો એ પહેલાં, બેસીને એ બાબતની ચર્ચાવિચારણા કરો કે જો એક કુટુંબ છોડી જવાનો નિર્ણય કરે, અથવા તમે જેમ ચાહો છો તેમ સંગઠન કાર્ય ન કરતું હોય, અને તમને નેતૃત્વમાં પરિવર્તન કરવાની જરૂરત જણાય તો તમે એ પરિસ્થિતિને કઈ રીતે હાથ ધરશો. પરંતુ એ યાદ રાખો કે સૌથી વધુ અગત્યની જરૂરિયાત નેતૃત્વમાંની ગુણવત્તા છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

ભારતમાં તમારું ભવિષ્ય, ઔદ્યોગિક જગત સહિત જગતભરમાં તમારું ભવિષ્ય જ્ઞાનના તમારા સંચાલન (management of knowledge) ઉપર નોંધપાત્ર રીતે આધાર રાખે છે. પચાસ વર્ષો પહેલાં માનવજાતિને ઉપલબ્ધ જ્ઞાનનું પ્રમાણ આજે તે છે, તેની સરખામણીએ ઘણું જ નાનું હતું. આજે, દરેક



ITREB FOR INDIA

સેકંડે, દરેક શ્વાસે, માનવજાતિ માટે વધારે પ્રમાણમાં જ્ઞાન ઉપલબ્ધ થતું જાય છે. આથી, શિક્ષણ કદી પણ હતું તે કરતાં વધારે મહત્ત્વપૂર્ણ બનવા પામેલ છે. અને જ્યારે તમે શાળાનું શિક્ષણ પૂર્ણ કરો છો અથવા તમે યુનિવર્સિટીનું શિક્ષણ પૂર્ણ કરો છો ત્યારે તે અટકી જતું નથી. તમારે તમારા જ્ઞાનમાં વધારો કરવાની, અને તમારાં જીવનની ગુણવત્તાને સુધારવા માટે તમારા જ્ઞાનનો વધુ અને વધુ અસરકારક રીતે ઉપયોગ કરવાની હજુ પણ જરૂરત રહેશે. આથી, અમે ચાહીએ છીએ કે (ન ફક્ત) અમારી જમાતની યુવાન પેઢીઓ, પરંતુ કામકાજ કરતી પેઢીઓ પણ, તેમના સમગ્ર જીવનકાળ દરમ્યાન જ્ઞાન મેળવવાનો પ્રયાસ કરવાનું ચાલુ રાખે. અટકી જાઓ નહિ.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આવનારાં વર્ષો દરમ્યાન, અમે ભારતમાંની જમાતને ટકાવી રાખવા માટેના બીજા માર્ગો તરફ દૃષ્ટિ કરીશું. સૌથી પ્રથમ, તમને વધુ અસરકારક સેવા આપવા માટે, તમને એકબીજા સાથે સંપર્કમાં લાવવા માટે, અને નવીન જ્ઞાન પ્રાપ્ત કરવા તકનું ઘડતર કરવા માટે આપણી સંસ્થાઓની ક્ષમતાનો વધારો કરીશું. પરંતુ એ યાદ રાખો કે અમારા દાદાશ્રી ફરમાવતા હતા તેમ, "તમે ઘોડાને પાણી પાસે લઈ જઈ શકો છો, પરંતુ તમે તેને પીવડાવી શકતા નથી." તેનો અર્થ એ થાય છે કે તમે જ્ઞાન ઉપલબ્ધ કરાવી શકો છો, તમે માર્ગદર્શન ઉપલબ્ધ કરાવી શકો છો, પરંતુ જો વ્યક્તિ એ જ્ઞાનનો અને એ માર્ગદર્શનનો ઉપયોગ કરવાનું પસંદ ન કરે, તો કોઈપણ તેમ કરવા માટે તેને દબાણ કરી શકે નહિ. પરંતુ, અમે એવી આશા રાખીએ છીએ કે આવનારાં વર્ષોમાં આપણે જમાત માટે વધુ શિક્ષણ, માઈક્રો-ક્રેડિટ કાર્યક્રમો દ્વારા વધુ નાણાકીય સંસાધનો, ધંધા-રોજગાર અને વ્યવસાયોમાં એકતાનું સર્જન કરવા માટે તમને સહાય કરવા વધુ કાર્યક્રમો ઉપલબ્ધ કરાવી શકીશું, કે જેથી આવનારા દાયકાઓમાં તમે આગળ વધી શકો.

અંતમાં, અમે અમારી જમાતને ફરમાવીશું, એ ભૂલતા નહિ કે દીન અને દુનિયાનું એકસાથે, સમાંતર રીતે અનુસરણ થવું જોઈએ. ઇસ્લામમાં તમે દીન માટે દુનિયાને ત્યજી દેતા નથી, પરંતુ તમે દુનિયા માટે દીનને (પણ) ત્યજી દેતા નથી. તેઓને એકસાથે રાખીને જીવન જીવવું જોઈએ. આપણે આપણા ધર્મની નીતિમત્તા મુજબ જીવન જીવીએ છીએ. આપણે એ ધર્મ મુજબ દરરોજ જીવન જીવીએ છીએ. અને દુ'આ-બંદગીના સામાન્ય કલાકોની બહાર, જો એવા સમયો હોય કે જ્યારે તમે સહાય મેળવવાનો પ્રયાસ કરવાની ઇચ્છા ધરાવતા હો, તો તમારી સાથે તમારી તસ્બીહ લો, તમારી સાથે તમારી તસ્બીહ રાખો અને યા અલ્લાહ, યા અલી, યા મુહમ્મદનું સ્મરણ કરો. તમારી સાથે તમારી તસ્બીહ લો, પરંતુ ભૌતિક બાબતોના જગત માટે ધર્મના જગતને છોડી આપો નહિ.

૯૮ ૪૮



ITREB FOR INDIA MUMBAI

અમે તમારામાંના દરેકને અને એકે એકને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમને સારી તંદુરસ્તી માટે દુ'આ-આશિષો ફરમાવીએ છીએ, અમે તમને લાંબા જીવન માટે દુ'આ-આશિષો ફરમાવીએ છીએ, અમે તમને તમારાં કુટુંબોમાં એકતા માટે દુ'આ-આશિષો ફરમાવીએ છીએ, અમે તમને તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે દુ'આ-આશિષો ફરમાવીએ છીએ, અને અમે તમને મુશ્કીલ આસાન માટે દુ'આ-આશિષો ફરમાવીએ છીએ, અને અમે તમને સિરાત અલ્-મુસ્તકીમ ઉપર મજબૂત રહેવા માટે દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે ભૌતિક તેમજ જ્ઞાન અને સમય એમ બન્નેનું જે ભવ્ય નઝરાણું અર્પણ કર્યું છે તે માટે અમે અમારાં રૂહાની બાળકો પ્રતિ અમારો ઘણો, ઘણો જ ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવવા ચાહીએ છીએ કે જગતભરમાં, સઘળા લોકોની અપેક્ષા તેમના માટે, અને તેમનાં કુટુંબોની ભવિષ્યની પેઢીઓ માટે એક વધુ સારા જીવનની ગુણવત્તા માટેની હોય છે. એ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે, સંગઠિત બનવાની જરૂરત છે, આથી જમાત માટે અમારી પ્રથમ દુ'આ એ છે કે તમે એક મોટા કુટુંબ તરીકે જીવન જીવો, ભાઈચારાની અંદર, બહેનપણાની અંદર સંગઠિત બનો, એકબીજાને સહાય કરો, સાથે મળીને કાર્ય કરો. બીજું, એ યાદ રાખો કે જ્ઞાન અતિ આવશ્યક છે. માનવ ઇતિહાસમાં વર્તમાન સમયમાં, ઔદ્યોગિક જગતમાં જ્ઞાનનું ભારે કેન્દ્રીયકરણ થયેલું છે. પરંતુ, જગતભરના વધુ અને વધુ લોકો માટે, તે જ્ઞાન વધુ અને વધુ ઉપલબ્ધ બનતું જાય છે, પરંતુ અમારા અભિપ્રાય પ્રમાણે, તે પૂરતી ઝડપે થઈ રહ્યું નથી. અને આથી, અમે જગતભરના અમારા મુરીદોને ફરમાવ્યું છે, તમારામાંના જેઓની પાસે જ્ઞાન છે, અને તમારામાંના જેઓ સમય ઉપલબ્ધ કરાવી શકે તેમ છે તો મહેરબાની કરીને જગતભરની જમાતો માટે તે જ્ઞાન અને તે સમય ઉપલબ્ધ બનાવો, કે જેથી જે ઉત્તમ જ્ઞાન આપણી પાસે છે, અને જે ઉત્તમ સમય ઉપલબ્ધ કરાવી શકાય તેમ હોય, તેને આપણે જગતભરની સઘળી જમાતો માટે સાથે લઈ આવી શકીએ. અમારા માટે આ બાબત અતિ ઘણી મહત્ત્વની છે, અને અમે ફરી એક વાર, ભૌતિક તેમજ સમય અને જ્ઞાનના નઝરાણા માટે અમારી જમાત પ્રતિ અમારો ઊંડો આભાર અને પ્રશંસા વ્યક્ત કરવા ચાહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA * MUMBAI *

અમારી ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે તમે જે અતિ સુંદર ભેટ અર્પણ કરી છે તે માટે અમે અમારી જમાત પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. તે ખંજર (dagger) માટેનો એક નાનકડો સુંદર હાથો છે, પરંતુ તેમાં ખંજર નથી - જે ઘણી જ સારી બાબત છે. અને એ હાથો એક ઘોડાના આકારમાં છે, અને ઘોડો, ઇસ્લામની સંસ્કૃતિમાં ખરેખર ઘણો, ઘણો જ મહત્ત્વપૂર્ણ છે, અને અમારા કુટુંબ માટે બેશક તે ઘણો જ મહત્ત્વપૂર્ણ છે.

આ જમાતમાં અમે અનેક બાળકો જોયા છે. અને જ્યારે બાળકો મોટી વયની એક વ્યક્તિનું ચિત્ર દોરે છે, ત્યારે તેઓ શું કરે છે? તેઓ એક વર્તુળ બનાવે છે, અને આંખો માટે તેઓ બે બિંદુઓ મૂકે છે, અને જો એ વ્યક્તિ ખુશ હોય તો તેઓ મોઢું ઉપરની તરફ જતું દોરે છે, અને જો એ વ્યક્તિ ખુશ ન હોય, તો તેઓ મોઢું નીચેની તરફ જતું દોરે છે. અમે જમાતમાં તમામ મોઢાઓ ઉપરની તરફ જતાં જોવા ચાહીએ છીએ.

અમે ફરી એક વાર, તમારાંમાંના દરેકને અને એકે એકને, અમારા અતિશય હેતપૂર્વકના, વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ. અને અમે સર્વ સમયે, સર્વ સમયે - અમારી દુ'આઓમાં, અમારા હૃદયમાં, અમારા વિચારોમાં તમારી સાથે છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA MUMBAI

## મૌલાના હાઝર ઇમામે મુંબઈ, ભારત ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૧૭મી મે, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં હાજર, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, તેઓ જ્યાં પણ હોય, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે તમારાં કુટુંબોના સઘળા રૂહાની સભ્યોને પણ તેમના રૂહોની અનંત શાંતિ અને રાહત માટે અમારા ઉત્તમ દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆતમાં, અમારી જમાતને એ જણાવવા ચાહીએ છીએ કે અમારી ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કરવા અમે અહિં મુંબઈમાં હોવા બદલ કેટલા ખુશી છીએ. અને દરબાર એક ખુશીનો પ્રસંગ હોય છે. તે એક આનંદનો પ્રસંગ હોય છે કે જ્યાં દરેકે ખુશીની અને આનંદની તેમજ ભાઈચારાની લાગણી સાથે સહભાગી થવું જોઈએ. અને અમે આશા રાખીએ છીએ કે અમારી જમાત માટે, આજનો દિવસ, આજની સાંજ સહિત ઘણી જ, વિશિષ્ટ રીતે એક ખુશીનો દિવસ હશે. અને એ યાદ રાખો કે જ્યારે તમે આનંદ મનાવતા હશો ત્યારે અમે તમારી સાથે હોઈશું.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ભારતની આ મુલાકાતો દરમ્યાન, છેલ્લા થોડા દિવસો દરમ્યાન, અમે જે સઘળા સ્થળોની મુલાકાત લીધી છે, તેમાં વોલન્ટીયરો દ્વારા કરવામાં આવેલ અદ્‌ભુત કાર્યની પ્રશંસા કરવા અમને અનેક પ્રસંગો મળ્યા છે. અને અમે આજે વોલન્ટીયરો કે જેઓએ આ મુલાકાતને આટલી બધી આનંદિત બનાવવા માટે જે જુદી જુદી અનેક રીતે શ્રેષ્ઠ કાર્ય કર્યું છે, તેઓના માટે અમારા ઉત્તમ, હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

આ મુલાકાત દરમ્યાન, ભારતની સરકાર, અને જે રાજ્યોની અમે મુલાકાત લીધી છે ત્યાંની સરકારો અતિશય પ્રમાણમાં સૌજન્યપૂર્ણ, ઉષ્માભરી અને આવકાર આપનારી રહી છે. અને અમે આ તકે ફરમાવવા ચાહીએ છીએ કે આવી ઉષ્માભરી રીતે અને આવી મિત્રતાપૂર્ણ રીતે આવકાર પામવારી બાબત કેટલી ઉલ્લાસપૂર્ણ છે. અને અમે તમને એ જણાવવા ચાહીએ છીએ કે અહિં, ભારતમાં અમે જે આ મિત્રતા અને ઉષ્મા તેમજ આવકાર પ્રાપ્ત કરેલ છે તેની અમે કેટલી કદર કરીએ છીએ.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

દરબારોના પ્રસંગોએ, ઇમામ પોતાની જમાત સાથે એક વિશિષ્ટ પ્રસંગની ઉજવણી કરવા માટે ખુશ હોય છે. અને ઇમામ એ ભૂતકાળના વર્ષો સંબંધી વિચાર કરે છે કે જ્યારે તેઓએ આ જવાબદારીઓ મેળવી હતી. અને અમે આ તકે ભારતમાંની અમારી જમાતને ફરમાવવા ચાહીએ છીએ કે અમને એ મુરીદો - મહિલાઓ, સદ્‌ગૃહસ્થો, પુરૂષો, સ્ત્રીઓ કેટલા સારી રીતે યાદ છે - કે જેઓએ આગેવાનીના હોદ્દાઓ - અમુક સમયે જાણીતા, અમુક સમયે બિન જાણીતા હોદ્દાઓ ઉપરથી જમાતની સેવા કરી છે, જેઓએ છેલ્લાં પચાસ વર્ષો દરમ્યાન આટલી અદ્‌ભુત રીતે સેવા કરી છે. અને જો કે, આજે તેઓ આગેવાનીના હોદ્દાઓ ઉપર ન પણ હોય, અમે તેઓને અને તેઓનાં કુટુંબોને જણાવવા ચાહીએ છીએ કે અમે તેઓની સેવાને ભૂલી ગયા નથી. અને તેઓને તેમજ તેઓનાં કુટુંબોને અમે આ દરબારના પ્રસંગે અમારા ઉત્તમ, ઉત્તમ દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આજે, ભારત, ૧૯૫૭ કે જ્યારે અમે અમારા સદ્‌ગત દાદાશ્રીના ઉત્તરાધિકારી બન્યા હતા ત્યારના ભારતથી એક ઘણો જ જુદો દેશ છે. દેશ આગળ વધી રહ્યો છે. તે આર્થિક રીતે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યો છે. તે દેશની અંદરની અને (તેની આજુબાજુના) વિસ્તારોની અંદરની સમસ્યાઓને હાથ ધરી રહ્યો છે, અને તે હવે કોઇપણ શંકા વિના એક એવો શક્તિશાળી દેશ છે કે જે તક પૂરી પાડે છે. છેલ્લાં પચાસ વર્ષો દરમ્યાન, જ્યાં પણ જમાત વસવાટ કરતી આવી રહી છે, ત્યાં અમારા પ્રયાસો એ બાબતની ચોકસાઇ કરવા માટેના રહ્યા છે કે જમાત સલામતીપુર્વક રહે, જે દેશોમાં જમાત વસવાટ કરતી આવી છે, તે દેશો તકના દેશો હોય, અને તેઓ ભવિષ્ય તરફ એવા ભરોસા અને વિશ્વાસની સાથે દૃષ્ટિ કરી શકે કે તેઓ પેઢીઓની પેઢીઓ સુધી તેઓના પોતાના માટે અને તેઓનાં કુટુંબો માટે એક વધુ સારા જીવનનું ઘડતર કરી શકશે. અને અમે અમારી જમાતને ફરમાવવા ચાહીએ છીએ કે, જ્યારે કે આપણે સંખ્યાબંધ દેશોમાં અમુક પરિણામો હાંસલ કર્યા છે, ત્યારે આપણી પાસે હજુ એવા દેશો છે કે જ્યાં જમાત અતિશય પ્રમાણમાં ગરીબ છે, જ્યાં આ દેશોની અંદર ઘર્ષણ છે, જ્યાં જમાતી સંસ્થાઓની હજુ

સ્થાપના કરવામાં નથી આવી. અને આવનારાં વર્ષો દરમ્યાન તે અમારા કાર્ય માટેની એક પ્રાથમિકતા હશે, કે જેથી તાજિકિસ્તાન, અફઘાનિસ્તાન અને તેમના જેવા બીજા દેશોમાં આપણે પુનઃઘડતર પ્રતિ, શાંતિ પ્રતિ અને અનેકતાવાદના વિચાર (notion of pluralism) પ્રતિ આપણું યોગદાન આપી શકીએ. અને અહિં, (ન માત્ર) ભારતમાંની અમારી જમાત માટે, પરંતુ અમારી વિશ્વભરની જમાત માટે પણ અમે એક ઘણો જ વિશિષ્ટ મુદ્દો ફરમાવવા ચાહીએ છીએ: જગતમાં એવો કોઈપણ દેશ નથી, કે જ્યાં જમાત વસવાટ કરતી હોય, ત્યાં જુદા જુદા ઇતિહાસો, જુદી જુદી પાશ્ચાદભૂમિકાઓ, જુદી જુદી ભાષાઓ, જુદા જુદા ધર્મોવાળા લોકો ન હોય. આને જ આપણે "અનેકતાવાદી સમાજ (pluralist society)" કહીએ છીએ. અને જ્યાં સુધી લોકોના આ વિવિધ સમૂહો એકબીજાના ઇતિહાસો અને પ્રણાલિકાઓ તેમજ ધર્મો પ્રતિ સન્માન આપવા શાંતિપૂર્વક રીતે રહેવાનું ન શીખે ત્યાં સુધી કોઈપણ દેશ, વાસ્તવિક પ્રગતિ કરવાની આશા રાખી શકે નહિ. અને કુર્આન ઘણું જ સ્પષ્ટ છે; કુર્આનમાં સ્પષ્ટ આયત છે, જેમાં ફરમાવવામાં આવ્યું છે કે અલ્લાહે માનવજાતિને, સમગ્ર માનવજાતિને, એક જ નફસમાંથી પેદા કરેલ છે. આથી, એ ધ્યાનમાં રાખો કે આપણને આ સંબંધો બાંધવા જરૂરી છે. અને કોમોની અંદર, શાંતિ અને ખુશીનું ઘડતર કરવા માટે આપણે જે પણ સઘળું કરી શકીએ તેમ હોઈએ તો તે કંઈક એવી બાબત છે કે જેનો આપણને પ્રયાસ કરવો જ જોઈએ અને તે કરવું જ જોઈએ.

બીજો મુદ્દો જે આજે અમે અમારી જમાતને ફરમાવવા ચાહીએ છીએ તે જ્ઞાનનો વિચાર (notion of knowledge) છે. જ્ઞાન માનવજીવનના ભાગરૂપ છે. તે માનવજીવનનું એક એવું પાસું છે કે જેમાં મુસ્લિમોને શામેલ થવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, પરંતુ એક ઉદ્દેશની સાથે, અલ્લાહના સર્જનને વધુ સારી રીતે સમજવા માટે તેમાં શામેલ થવું જોઈએ. અને આથી, જ્ઞાન મેળવવાનો પ્રયાસ કરવો એ દરેક મુસ્લિમની તેના સમગ્ર જીવનકાળ દરમ્યાન, એક ફરજના ભાગરૂપ છે. અને એ જ્ઞાનનો ઉપયોગ લોકોના ફાયદા માટે કરવો એ ઇસ્લામની નીતિમત્તા છે. આથી, અમે અહિં, (ન માત્ર) ભારતમાંનાં, બલ્કે બીજાં દરેક સ્થળોમાંનાં અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: એ ધ્યાનમાં રાખો કે જ્ઞાન એ એક બદલાઈ રહેલું ચિત્ર છે, અને તમારા સમગ્ર જીવન દરમ્યાન, તમે જ્યારે શાળામાંના બાળકો હો, ત્યારના તમારા પ્રારંભિક દિવસોથી લઈને, તમે તમારાં બાળકોને જ્યારે જવાબદારીઓ સુપરત કરો ત્યાં સુધી, તમે જે પણ પ્રવૃત્તિઓ કરતા હો તે માટે જ્ઞાન મેળવવાનો પ્રયાસ કરો અને જ્ઞાનનો સારો ઉપયોગ કરો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે જ્યુબિલી વર્ષ માટે સંખ્યાબંધ લક્ષ્યાંકો નક્કી કર્યાં છે. પ્રથમ, જ્યાં પણ શક્ય હોય ત્યાં, જમાતમાં અતિશય ગરીબીની સમસ્યાઓને હાથ ધરવા માટે ક્ષમતાનું સર્જન કરવાનો પ્રયાસ કરવાની બાબત છે. જગતમાં એવા ભાગો છે કે જ્યાં જમાત હજુ પણ બિન સ્વીકાર્ય એવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં રહે છે. અને આથી, આપણે હમણાંથી લઈને અને જ્યુબિલી વર્ષના અંત વચ્ચે જમાતમાંના અતિ ગરીબોને

સહાય કરવા માટેની ક્ષમતાઓ વિકસાવવા સમય વ્યતીત કરીશું. આના માટે સહાયની જરૂરત પડશે, માત્ર આજે જ નહિ, એ જ કુટુંબ માટે અથવા કુટુંબો માટે, જ્યાં સુધી તેઓ ભૌતિક મુશ્કેલીમાંથી બહાર આવવાનો અને એક સ્થિર વાતાવરણમાં પહોંચવા માટેનો પોતાનો માર્ગ ન કાઢી શકે ત્યાં સુધી, તેના માટે, સંભવિત રીતે અનેક પેઢીઓ માટે સહાયની જરૂરત પડશે.

બીજું લક્ષ્યાંક, જે અમે નક્કી કરેલ છે તે આપણી જમાતમાંની બુઝુર્ગ વયની પેઢીઓના જીવનની ગુણવત્તાની સુધારણા કરવાના માર્ગો શોધી કાઢવાનો પ્રયાસ કરવાનું છે. માનવ જીવન વધુ લાંબું થતું જાય છે. સંયુક્ત કુટુંબો પેઢીઓની વચ્ચે વિભાજિત થઈ રહ્યાં છે, અને જમાતના બુઝુર્ગ સભ્યો, ઘણી વાર પોતાને અલગ પડી ગયેલા અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં રહેતા પામે છે. આ યોગ્ય નથી. અને આથી, જમાતના બુઝુર્ગોની સંભાળ લેવા માટે, અને તેઓ એક પ્રતિષ્ઠાભર્યું જીવન જીવી શકે તે માટે ક્ષમતાઓનું ઘડતર કરવા આપણે તકો, પ્રયોજનાઓ, સંસ્થાઓ અને તેના માટે જે પણ જરૂરી હોય તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીશું. આ બીજું લક્ષ્યાંક છે કે જેને ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન સ્થાપિત કરવાની અમે આશા રાખીએ છીએ.

અમે જે ત્રીજું લક્ષ્યાંક ધરાવીએ છીએ તે જમાતની સેવા કરવા માટે, આપણા મુસ્લિમ ભાઈબહેનોની સેવા કરવા માટે, આપણે જે દેશોમાં રહીએ છીએ તેની સેવા કરવા માટે જગતભરમાંની આપણી સંસ્થાઓને મજબૂત બનાવવાનું છે, કારણ કે આપણે જેને અંગ્રેજીમાં "સીવીલ સોસાયટી (civil society)" કહીએ છીએ તે જગતમાંના દરેક દેશમાં માનવ સમાજ માટે એક મૂળભૂત સંસાધન છે. આથી, આપણને સંખ્યાબંધ ક્ષેત્રોમાં સંસ્થાકીય ક્ષમતાનું ઘડતર કરવાની જરૂરત છે, કે જેથી આમ બનવા પામે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે આવનારાં વર્ષો તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે સમાજો બદલાય છે. પરંતુ અતિ આવશ્યક મૂલ્યો સ્થિર, કાયમી, બહુમૂલ્ય અને સન્માનીય રહેવા જ જોઈએ. અને ઇસ્લામમાંનાં અમૂક અતિ આવશ્યક મૂલ્યો - ભલે પછી તમે અહિં ભારતમાં હો, તમે પશ્ચિમી જગતમાં હો, તમે મધ્ય એશિયામાં હો - કેન્દ્રીય મૂલ્યો એ તમારાં છે અને તમારાં રહેવાં જોઈએ, ભલે પછી તમે જ્યાં પણ રહેતા હો. અને ઇસ્લામમાં મૂળભૂત રીતે મહત્ત્વપૂર્ણ કેન્દ્રીય મૂલ્યોમાંનું એક, દીન અને દુનિયા વચ્ચેની સમતુલા છે. તમે એકને બીજા માટે ત્યજી દેતા નથી; તમે તમારા જીવનકાળ દરમ્યાન, સર્વે સમયે એ બન્નેને સાથે રાખીને જીવન જીવો છો. અને આથી, સમાજના દબાણો હેઠળ, અને જીવનની ગુણવત્તાની સુધારણા માટેની શોધ હેઠળ તમારા ધર્મના પાલનને છોડી દેતા નહિ, ત્યજી દેતા નહિ. જમાતખાનામાં નિયમિત રીતે હાજરી આપો. જો તમારા કાર્યનું વાતાવરણ તમને ત્યાં રહેવા માટે જરૂરી બનાવતું હોવાના કારણે તમને મુશ્કેલી હોય, તો તમારી તસ્બીહ લો, તમારી તસ્બીહનો ઉપયોગ કરો. એ દરેક સમયે જ્યારે તમે

તમારી તસ્બીહનો ઉપયોગ કરો છો, તે અલ્લાહનું સ્મરણ છે. અને તે તેના પોતામાં એક આશીર્વાદ છે. યા અલ્લાહનું સ્મરણ કરો, યા મુહમ્મદનું સ્મરણ કરો, યા અલીનું સ્મરણ કરો, ઇમામોનાં નામોનું સ્મરણ કરો, પરંતુ ફક્ત એ સેકંડ, અથવા એ પાંચ સેકંડ, જે તમે તમારા દરરોજના જીવનકાળમાં આપો છો - નિયત સમય નહિ, નિયત સમય નહિ - એ એમ કહેવાનું થાય છે, "હું મારું દરરોજનું જીવન જીવું છું, પરંતુ હું મારા ધર્મને ભૂલી ગયો નથી." આથી, અમે ચાહીએ છીએ કે અમારા મુરીદો આ જ્ઞાનમાં નિરાંત અનુભવે કે ધર્મ એ દરરોજના જીવનના ભાગરૂપ છે. તેને દરરોજના જીવનથી અલગ કરવો ન જ જોઈએ.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણે જેમ આગળ વધતા જઈએ છીએ, તેમ એશિયામાંની, આફ્રિકામાંની, મધ્ય એશિયામાંની જમાત સાથે ભવિષ્યના જ્ઞાન આધારિત સમાજ (knowledge society) પ્રતિ આપણને આગળ વધવાની જરૂરત છે, કારણ કે માનવ જ્ઞાન છેવટે તો, જીવનની ગુણવત્તાના પાયામાં રહેલું છે. અને એટલા માટે અમે અમારી જમાતને ફરમાવ્યું છે કે ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન, અમે ન માત્ર જમાતને સંસ્થાઓ પ્રતિ જીવનનાં ભૌતિક પાસાઓ વડે સહાય કરતાં જોઈને ખુશી થઈશું, પરંતુ તેમને સમય અને જ્ઞાન વડે સહાય કરતાં જોઈને પણ ખુશી થઈશું. અને જ્ઞાનની સુધારણા કરવા માટે - જમાતની અંદર - જગતભરની બીજી જમાતોની અંદર જે શ્રેષ્ઠ જ્ઞાન આપણે શોધી શકીએ - તેને સરહદોની પાર, આ સમય અને જ્ઞાનમાં સહભાગી બનાવવાની બાબત એ તમે આપી શકો તેવી સૌથી ભવ્ય ભેટ છે. અને આથી, આજે અમે ખાસ કરીને, એ સઘળાઓ કે જેઓ નઝરાણાના આ તમામ વિવિધ સ્વરૂપોનું યોગદાન આપી રહ્યા છે, તેઓ પ્રતિ અમારો સ્નેહ, અમારો આદર વ્યક્ત કરવા ચાહીએ છીએ અને અમારા દુ'આ-આશિષો ફરમાવવા ચાહીએ છીએ. અને અમે આ અદ્‌ભુત ડોનરો પ્રતિ અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્યુબિલી વર્ષ દરમ્યાન અમે સંખ્યાબંધ દેશોની મુલાકાત લઈશું, અને અમે શક્ય તેટલા વધુ અને વધુ દેશોમાંની અમારી જમાતને જોવાની આશા રાખીએ છીએ. જોકે, અમે તમારી સાથે શારીરિક રીતે ન પણ રહેતા હોઈએ, પરંતુ એ યાદ રાખો અમે હંમેશાં તમારી સાથે, હંમેશાં તમારી સાથે છીએ. તે એવું છે કે જાણે, આજે અમે અહિં હાજર દરેક મુરીદના ખભા ઉપર અમારો હાથ રાખેલ છે. તમારા માટે ઇમામના આશીર્વાદોનો એ અર્થ છે. અને અમે તમારામાંના દરેકને અને એકે એકને, વ્યક્તિગત રીતે, ફરી એક વાર, સુખ માટે, સારી તંદુરસ્તી માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, મુશ્કીલ આસાન માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે, અને સિરાત અલ્‌-મુસ્તકીમ ઉપર મજબૂત રહેવા માટે અમારા



REB FOR IN

અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

સૌ પ્રથમ, અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવવા ચાહીએ છીએ કે અમે ભૌતિક તેમજ સમય અને જ્ઞાનનું ભવ્ય નઝરાણું કે જે તમે ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે ઇમામને અર્પણ કરેલ છે તેનાથી કેટલા ખુશી થયા છીએ. અને અમે તમને, તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે દિવસના પછીના સમયે, તમે સઘળા એક ઘણો જ ખુશીનો સમય ધરાવશો. અને જો તે ખુશીનો સમય હોય, તો અમે દરેક સેકંડે તમારી સાથે હોઈશું. આનંદ મનાવો અને એ જાણો કે અમે તમારી સાથે આનંદ મનાવી રહ્યા છીએ. તમારામાંના દરેકને, ખાસ કરીને જેઓ બહારથી આવ્યા છે તેઓને, અમે તમારાં કુટુંબોને, તમારી જમાતોને અમારા ઉત્તમ હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ. અને અમે ચાહીએ છીએ કે જેઓ બહારથી આવ્યા છે, જ્યારે તેઓ ઘરે પાછા જાય, તેઓ માટે તમારી સાથે અમારા દુ'આ-આશિષો, અમારો સ્નેહ, અમારો પ્રેમ લઈ જાઓ અને તેઓને કહેજો કે અમે આ પ્રસંગે તેઓ સંબંધી વિચાર કરી રહ્યા છીએ. અમે આજે અહિં હોવા બદલ બેહદ પ્રમાણમાં ખુશ છીએ. અને અમે ફરીથી, તમારામાંના દરેકને, તમારી સઘળી ઉમેદોની પરિપૂર્ણતા માટે અમારા ઉત્તમ, હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



FOR

## મૌલાના હાઝર ઇમામે મુંબઈ, ભારત ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૧૮મી મે, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં હાજર, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારામાંના દરેકને અને એકે એકને, તમારાં કુટુંબોને, તેઓ જ્યાં પણ હોય, તમારી જમાતને, તે જ્યાં પણ હોય, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારાં રૂહાની બાળકોને જણાવવા ચાહીએ છીએ કે તમારી સાથે અમારી ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કરવા ભારતમાં પધરામણી કરવા માટે, અમે કેટલા ખુશી છીએ. તે અતિશય ખુશીનું એક કારણ છે, અને તે અમારા જીવનકાળ દરમ્યાન આવનારાં અનેક, અનેક વર્ષો માટે બેહદ ખુશીનો એક સ્રોત રહેશે. અમે આ પ્રસંગે, તમને એ પણ યાદ અપાવવા ચાહીએ છીએ કે દરબાર ખુશીનો, આનંદપ્રમોદનો, ઉજવણી કરવાનો, ભાઈચારાનો, બહેનપણાની લાગણીનો, અને સુંદર રમૂજનો એક પ્રસંગ હોય છે. અને આથી, અમે આશા રાખીએ છીએ કે બાકીનો સમગ્ર દિવસ ખુશીનો, આનંદનો અને ઉજવણી કરવાનો દિવસ બની રહેશે. અને એ બાબતની ખાત્રી રાખજો કે આ આનંદ મનાવવામાં અને ખુશીમાં અમે તમારી સાથે સહભાગી હશું.

અમે આ ફરમાનની શરૂઆતમાં આ તકે, અને ભારતમાં અમારા ત્રણ દરબારોના અંતિમ દરબારના પ્રસંગે ભારતની સરકાર પ્રતિ, અમે જે રાજ્યોની મુલાકાત લીધી છે તેની સરકારો પ્રતિ અને સઘળી શાસકીય સત્તાઓ (public authorities) પ્રતિ કે જેઓએ અહિં ભારતમાં, અમારી ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે, અમારી મુલાકાતને આટલી ખુશીપૂર્વકની બનાવેલ છે, તે બદલ અમારો ઊંડો અને ઉષ્માપૂર્ણ આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. તેઓએ એ જાણવું જોઈએ કે રાજ્યની આ સંસ્થાઓ દ્વારા તેઓએ જે સદ્‌ભાવ, સૌજન્યશીલતા અને વિચારશીલતા ઉપલબ્ધ કરાવેલ છે તે બદલ અમે અતિશય ઘણી આભારની લાગણીનો અનુભવ કરીએ છીએ.

આના જેવી મુલાકાતની વ્યવસ્થા કરવાનું મુશ્કેલ હોય છે, અને જે અનેક હજારો વોલન્ટીયરોએ આ મુલાકાત માટે યોગદાન આપ્યું છે તેમના વગર, અમારા માટે આટલી બધી વસ્તુઓ નિહાળવા, આટલા બધા સ્થળોમાં, આટલી અનેક મુલાકાતોની વ્યવસ્થા કરવાનું મુશ્કેલ હોત. અને આથી, અમે આ તકે



ITREB FOR INDIA MUMBAI

ભારતભરના સઘળા વોલન્ટીયરો કે જેઓએ ભારતની આ ગોલ્ડન જ્યુબિલી મુલાકાત માટે આવું અદ્‌ભુત કાર્ય કર્યું છે, તેઓને અમારા ખાસ દુઆ-આશિષો ફરમાવવા ચાહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજે, આ દરબારમાં, બીજા દરબારોની જેમ, પરંતુ આજે કદાચ વધારે પ્રમાણમાં એવાં રૂહાની બાળકો છે કે જેઓ ભારતની બહારથી આવ્યા છે, અને અમે ચાહીએ છીએ કે તેઓ, જ્યારે ઘરે પાછા જાય, તેઓનાં કુટુંબોને, તેઓની જમાતોને અમારા અતિશય હેતપૂર્વકના દુઆ-આશિષો પહોંચાડે, તમે જ્યાંથી પણ આવ્યા હો, કે જેથી એ જમાતો પણ એ જાણે કે આ પ્રસંગે, અમે તેમના સંબંધી વિચાર કરીએ છીએ, અને અમે તેઓને અમારા ઉત્તમ, વહાલભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે ઇમામ ભૂતકાળના સમય પ્રતિ દૃષ્ટિ કરે છે અને તેઓ આગળના સમય પ્રતિ દૃષ્ટિ કરે છે. અને અમે આ પ્રસંગે, જમાતના સઘળા રૂહાની સભ્યોને તેમના રૂહોની અનંત શાંતિ અને રાહત માટે અમારા ઉત્તમ, વહાલભર્યા દુઆ-આશિષો ફરમાવવા ચાહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ પ્રસંગે, એ સઘળા મુરીદો કે જેઓએ ૧૯૫૭ થી, જગતના વિવિધ ભાગોમાં જમાતની સેવા કરવા, ઝમાનાના ઇમામની સેવા કરવા, જમાતી સંસ્થાઓનું ઘડતર કરવા સમય અને શક્તિ સમર્પિત કરેલ છે, તેઓ પ્રતિ અમારી પ્રશંસા, અમારા સ્નેહની માયાળુતા વ્યક્ત કરવા ચાહીએ છીએ. તેઓએ જમાતના વિકાસ માટે, જગતભરની જમાતની પ્રગતિ માટે વિરાટ યોગદાન આપેલ છે, અને આ એક એવો પ્રસંગ છે કે જ્યારે અમે તેઓને ખાસ હેતપૂર્વક યાદ ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારી છેલ્લી મુલાકાત પછી અને બેશક, અમારી અગાઉની મુલાકાતો પછી, ભારતે બેહદ પ્રગતિ સાધી છે. તે એક એવો દેશ છે કે જેનું અર્થતંત્ર સ્થિરતાપૂર્વક વૃદ્ધિ પામી રહ્યું છે; તે એક એવો દેશ છે કે જે રાષ્ટ્રીય સમસ્યાઓને બુદ્ધિગમ્ય રીતે, વિચારશીલ રીતે હાથ ધરી રહ્યો છે; તે તકો ધરાવતો એક દેશ છે. અને ૧૯૫૭થી, જમાતના ભવિષ્ય માટે અમારી ઘણી જ મહત્વપૂર્ણ કાળજીઓમાંની એક એ રહી છે કે અને બેશક રહેવાની ચાલુ રહેશે કે એ સઘળા દેશો કે જ્યાં જમાત વસવાટ કરી રહી છે, તે તકો ધરાવતા દેશો હોય. જમાત પાસે જેટલા વધારે તકોવાળા દેશો હોય, અને આ તકોનો ફાયદો મેળવવા માટે તે પોતાને જેટલી વધારે પ્રમાણમાં તૈયાર કરે, તો તેમનાં જીવનની ગુણવત્તા તેટલી વધુ ખુશીપૂર્ણ, વધુ સર્જનાત્મક, વધુ ફળદાયી હશે. અને હજુ પણ સેવા છે, જેમ કે, અફઘાનિસ્તાન,

તાજિકિસ્તાન, કે જ્યાં જમાત ગરીબ છે, જ્યાં આપણને જરૂરી છે તેવી જમાતી સંસ્થાઓ આપણી પાસે નથી. અને આથી, જ્યારે કે ૧૯૫૭થી, જગતના અનેક ભાગોમાં આપણે સારી પ્રગતિ કરી છે, ત્યારે એવા બીજા દેશો છે કે જેમને જગતભરની જમાતની અને ઇમામતની સહાયની હજુ જરૂરત છે.

જ્યુબિલી વર્ષ માટે અમે પોતે અમુક લક્ષ્યાંકો નક્કી કર્યાં છે. પ્રથમ, એ દેશો કે જ્યાં જમાત હજુ પણ ગંભીર મુશ્કેલીમાં વસવાટ કરી રહી છે, તેમની તરફ વિશેષ ધ્યાન આપવાનું છે, અને એ જમાતોને સહાય કરવા, તેમના જીવનની ગુણવત્તાની સુધારણા કરવા, જમાતી સંસ્થાઓનું ઘડતર કરવા માટે આપણે સઘળાઓએ આપણાથી બની શકે તેટલું સર્વકંઈ કરવું જ જોઈએ. બીજું, અમને જમાતમાંની ગરીબીની ચિંતા છે. હજુ પણ એવા દેશો છે કે જેમાં જમાત અતિશય ગરીબી ધરાવે છે, અને જગતના કોઈપણ ભાગમાં, જમાતનો કોઈપણ ભાગ જો અતિશય ગરીબીમાં રહેતો હોય તો અમે જરા પણ ખુશી નથી. આથી આપણે, ઇન્શાઅલ્લાહ, જ્યુબિલી વર્ષના અંત પહેલાં, જમાતના અતિ ગરીબોની વહારે આવવા માટે ક્ષમતાનું - જો જરૂરત હોય તો સંસ્થાઓનું કેવી રીતે ઘડતર કરવું તેની બાબતોને હાથ ધરીશું. અને બેશક, આના માટે અનેક પેઢીઓ સુધી સહાયની જરૂરત પડશે. આપણે એ સમસ્યાનું માત્ર એક જ પેઢીમાં નિરાકરણ કરી શકીશું નહિ. ત્રીજું લક્ષ્યાંક, જે અમે અમારી જમાત માટે ધરાવીએ છીએ તે એ છે કે જેમ જીવન વધુ લાંબું થતું જાય છે, અને જ્યારે કુટુંબો વિઘટિત થવાનું વલણ ધરાવતાં જાય છે, ત્યારે જમાતમાંના બુઝુર્ગોને સ્થાનોની, જગ્યાઓની, સહાયની જરૂરત રહે છે, કે જેથી તેઓ પોતાની બુઝુર્ગ વયમાં પ્રતિષ્ઠાભર્યું જીવન જીવી શકે, અને એ જાણે કે આપણે ઇચ્છીએ છીએ કે તેઓ જેમ મોટી ઉંમરના થતા જાય તેમ જીવનની સ્વીકાર્ય ગુણવત્તાની સાથે જીવન જીવે. આથી, આ એક બીજું ક્ષેત્ર છે કે જેમાં, ઇન્શાઅલ્લાહ, જ્યુબિલી વર્ષના અંત પહેલાં એ સમસ્યા, કે જે ન માત્ર વિકાસ પામી રહેલા જગતમાં, પરંતુ કદાચ તેનાથી પણ વધુ ઔદ્યોગિક જગતમાં થવા પામી રહી છે, તેને હાથ ધરવા માટે આપણે નવીન ક્ષમતાઓનો વિકાસ કરીશું.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

જેમ સમય આગળ વધવા પામ્યો છે, તેમ વિકાસ પામી રહેલ દેશોને, જેને જ્ઞાન આધારિત સમાજ (knowledge society) કહેવામાં આવે છે, તેમાં દાખલ થવા માટે વધુ અને વધુ જરૂરત રહે છે, કારણ કે જો તમે જ્ઞાન આધારિત સમાજમાં દાખલ ન થાઓ, તો વિકાસની સમસ્યાઓ પ્રતિ, જીવનની ગુણવત્તાની બાબતો પ્રતિ, નવા જ્ઞાનનો ઉપયોગ એ વિકાસ પામી રહેલ જગતના લોકોની સેવા કરવા માટે શક્તિમાન બનશે નહિ. અને આથી, અમારી ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ, કે જો તમે ઉદાર બનવાનું ઇચ્છતા હો, તો તમે ફક્ત ભૌતિક ઉદારતાના સંદર્ભમાં જ વિચારતા નહિ, પરંતુ જ્ઞાનની ઉદારતાના, સમયની ઉદારતાના સંબંધમાં પણ વિચાર કરો, કે જેથી ઇસ્માઈલી જમાતનો આ આંતરરાષ્ટ્રીય ભાઈચારો, તેની પાસે જગતના કોઈપણ ભાગમાંથી, જે પણ ઉત્તમ જ્ઞાન હોય, તેનો આપણી સંસ્થાઓની સહાય કરવા ઉપયોગ કરી શકે. અને આથી, આજે અમે



ITREB FOR INDIA MUMBAI

ફરમાવવા ચાહીએ છીએ કે સમય અને જ્ઞાનના નઝરાણાને અર્પણ કરવામાં જગતભરની જમાતની ઉદારતાથી અમે કેટલા ખુશી અને ગૌરવવંત છીએ. આ એક ભવ્ય નઝરાણું છે, જેમ ભૌતિક સહાય છે કે જે આપણને જગતભરમાં આપણી સંસ્થાઓને સ્થિર કરવા અને વિકાસ કરવા શક્તિમાન બનાવશે.

II અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

ભારત જેમ આગળ વધી રહ્યું છે, તેમ તેનું અર્થતંત્ર વધારે અને વધારે એક ઔદ્યોગિક દેશનું અર્થતંત્ર (the economy of an industrialised country) બનવા પ્રતિ તેમજ ઓછા અને ઓછા પ્રમાણમાં કૃષિપ્રધાન દેશનું અર્થતંત્ર (the economy of an agricultural country) બનવા પ્રતિ આગળ વધશે. તેનો અર્થ એ થાય છે કે સમાજના એ પરિબળો કે જે ઔદ્યોગિક સમાજને આગળ વધારે છે, તે ભારતમાં વધુ અને વધુ ઉપસ્થિત બનવા પામશે. વિસ્તૃતિકરણ (scale)ની બાબત વધુ મહત્ત્વની બનવા પામશે અને નાનકડા કૌટુંબિક સાહસોને, યુવાન વ્યાવસાયિકોને ભારતીય સમાજમાંનાં મોટા અને વધુ મોટાં સંગઠનોની સાથે હરીફાઈ કરવાનું મુશ્કેલ જણાશે. અને આથી, અમે ચાહીએ છીએ કે અમારી જમાત આ વલણ (trend)નું પૂર્વ અનુમાન કરે, તેના માટે ડહાપણપૂર્વક તૈયારી કરે, અને સંગઠિત બને, જેઓ એક સરખી પ્રવૃત્તિઓમાં છે - ભલે પછી તે વ્યાવસાયિક પ્રવૃત્તિઓ હોય, ભલે તે વ્યાપાર હોય, ભલે તે ધંધા-રોજગાર હોય - અને તમારી સ્વતંત્રતા માટે ડરો નહિ. જગતભરની અમારી જમાતની જેમ, ભારતમાંની અમારી જમાત એવા મુરીદોની બનેલી છે કે જેઓ જે કરવા માગે છે તે નક્કી કરવા માટે પોતાની સ્વતંત્રતાને પસંદ કરે છે. અને જ્યારે કોઈ એવો ડર હોય છે કે તેઓ કદાચ પોતાની સ્વતંત્રતા ગુમાવી દેશે, તો તેઓ જુદી જુદી દિશાઓમાં દોડે છે - અમે તે જાણીએ છીએ. પરંતુ, તે બાબત અમારી જમાતને સંગઠિત બનવાથી અટકાવી શકતી નથી, કારણ કે જ્યારે તમે સંગઠિત થાઓ છો, ત્યારે તમે કાંઈ કેદમાં દાખલ નથી થતા. તમે એક એવા સંગઠનમાં દાખલ થાઓ છો કે જો તમે તેને છોડીને જવાનું પસંદ કરો, તો તમે એ સંસ્થા અથવા એ સંગઠનમાં જેઓ રહે છે તેમને નુકસાન પહોંચાડ્યા વગર તેને છોડીને જતા રહેવા માટે તમે શક્તિમાન હોવા જોઈએ. આથી, જ્યારે તમે નવા એકમોનું સર્જન કરો છો, અને જ્યારે તમે ખર્ચના સંચાલન (cost management)માં, નવા જ્ઞાનનો ઉપયોગ કરવામાં વધુ સફળ થાઓ છો, ત્યારે એવું નહિ વિચારતા કે તમે કેદમાં દાખલ થાઓ છો. જો વ્યક્તિગત કુટુંબોને, છોડી જવા માટેના સંજોગો ઊભા થાય, તો જેઓ સંગઠનમાં રહે છે તેને નુકસાન કર્યા વગર કેવી રીતે છોડી જઈ શકાય તેનો વિચાર કરો.

અમારી જમાત માટે મહત્ત્વતાની બીજી બાબત અન્ય કોમો સાથેના સંબંધો છે. ૧૯૫૭થી અમે વિકાસ પામી રહેલ જગતનું દરરોજ નિરીક્ષણ કરેલ છે. જુદી જુદી પાશ્ચાદભૂમિકાઓમાંના લોકોને સુમેળતાની સાથે રહેવા માટે તેઓ જે મુશ્કેલી ધરાવે છે, તેની અમે દરરોજ, નોંધ લીધી છે. એ સઘળા દેશો કે જ્યાં જમાત વસવાટ કરે છે, તે અનેકતાવાદી (pluralist) દેશો છે, જુદી જુદી પાશ્ચાદભૂમિકાઓ, જુદા જુદા ધર્મો, જુદી જુદી ભાષાઓવાળા લોકોથી બનેલા દેશો છે. આથી, એ એક શરત છે, જેની અવગણના ન



ITREB FOR INDIA

કરી શકાય તેવી એક શરત છે - કે કોમોએ શાંતિપૂર્વક સાથે મળીને રહેતાં શીખવું જોઈએ, કારણ કે નહિ તો તમે, ભવિષ્યની પેઢીઓમાં કેવળ ઘર્ષણનું જોખમ ચાલુ રાખો છો. અને અમે તમને એ યાદ અપાવીશું કે પવિત્ર કુર્આન ફરમાવે છે કે સમગ્ર માનવજાત, માનવજાતની સંપૂર્ણતા એક જ નફ્સમાંથી પેદા થયેલ છે. એ બાબત ધ્યાનમાં રાખો. કોમો વચ્ચે સંબંધોનું - ઉષ્માભર્યા માનવીય સંબંધોનું અને ભરોસા તેમજ વિશ્વાસનું ઘડતર કરો - કે જેથી સમાજનો અનેકતાવાદ ભવિષ્યની પેઢીઓ માટે એક અસ્કયામત (asset) બનવા પામે, નહિ કે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય માનવીય શાસન (human governance) માટે જવાબદારી (liability) બનવા પામે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

સમય જેમ આગળ વધી રહ્યો છે તેમ, એ યાદ રાખો કે જ્ઞાન એક વ્યક્તિના જીવનનો એક નિયત ભાગ નથી. આજે જ્ઞાન જગતના એક ભાગમાં અથવા જગતના બીજા ભાગમાં, તમારાં જીવનની દરેક, એકે એક સેકંડે આગળ વધી રહ્યું છે. અને આથી, જો અમારી જમાત જ્ઞાન આધારિત સમાજમાં દાખલ થવાનું ઇચ્છતી હોય, તો શિક્ષણનો જીવનભરની એક સતત પ્રક્રિયા તરીકે વિચાર કરો, તમે જે જાણતા નથી તેનું વાંચન કરો, તમે જે જાણતા નથી તે શીખો, તમારી પ્રવૃત્તિઓમાં વસ્તુઓને નવીન રીતે કરવાની (પ્રક્રિયા) દાખલ કરો, કે જેથી જેમ સમય આગળ વધવા પામે, તેમ તમે ભવિષ્ય માટે વધુ અને વધુ, સારી રીતે અને વધુ સારી રીતે તૈયાર હો, કારણ કે ભવિષ્ય માટે તમારી જાતને અને તમારી ભવિષ્યની પેઢીઓને તૈયાર કરવું એ જગતભરની આપણી જમાતના જીવનની ગુણવત્તાની સુધારણા કરવાનું એક સૌથી મહત્ત્વશીલ પાસું છે.

અમે બંગલાદેશ જવા માટે તમારા વચ્ચેથી આજે - હકીકતમાં આવતી કાલે, વિદાય લઈશું, અને અમે ૧૩મી ડિસેમ્બર સુધી, જગતભરની જમાતની અમારી મુલાકાતો ચાલુ રાખીશું. અને જોકે, અમે શારીરિક રીતે તમારી સાથે નહિ હશું, પરંતુ અમે અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં અને અમારી દુ'આઓમાં, દરેક રીતે, તમારી સાથે હશું. અને અમે ભારતની જમાતને યાદ કરીશું. અને અમે તમારા સંબંધી વિચાર કરીશું અને ચિંતા કરીશું, અને અમે એવી આશા રાખીશું કે અમે તમને જે ફરમાનો ફરમાવેલ છે તેના ઉપર તમે અમલ કરી રહ્યા છો. અને એ યાદ રાખો કે અમે જે ફરમાનો તમને ફરમાવેલ છે તેમાં અમે ભારપૂર્વક ફરમાવ્યું છે કે ઇસ્લામમાં, દીન અને દુનિયાની એકસાથે રહેવાની જરૂરતની સમજણને કદી પણ ગુમાવી દેતા નહિ. કદી પણ એક માટે બીજાને ત્યજી દેતા નહિ. આથી, તમારાં જીવનને નીતિમત્તાની વર્તણૂક ભરેલાં જીવન બનાવો. તમારા ધર્મનું નિયમિત રીતે પાલન કરો. જો તમે સામાન્ય રીતે જમાતખાને ન જાઓ તેવા પ્રસંગોએ તમને સહાયની જરૂરત હોય તો તમારી તસ્બીહ લો, અને તમારી તસ્બીહ વડે, યા અલ્લાહ, યા મુહમ્મદ, યા અલી અથવા ઇમામોનાં નામોનું સ્મરણ કરો. એ દરેક સમયે જ્યારે તમે આમ કરો છો, તે તમારાં જીવનમાં આશીર્વાદ છે, અને જ્યારે



ITREB FOR INDIA * MUMBAI *

અમારી જમાત પોતાના ધર્મને તેના દરરોજનાં જીવનના સતત ભાગરૂપે યાદ કરે છે ત્યારે અમે ઘણા જ ગૌરવવંત અને ઘણા જ ખુશી થઈએ છીએ.

અમે તમારામાંના દરેકને, વ્યક્તિગત રીતે, સુખ માટે, સારી તંદુરસ્તી માટે, લાંબા જીવન માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આજે અહિં અમારાં સર્વે રૂહાની બાળકોને, તમે જે ભવ્ય નઝરાણું અર્પણ કર્યું છે અને તમે ઘોડાનું માથું કે જે ખંજર (dagger) ઉપર રહેતું હોય છે, પરંતુ જેમાં હથિયાર નથી, કે જે સારી બાબત છે, તેની જે સુંદર ભેટ અમને અર્પણ કરી છે, તેના માટે અમે અમારો સ્નેહ, અમારો આભાર વ્યક્ત કરીએ છીએ. અને અમે બાકીના સમગ્ર દિવસ માટે - સઘળી પેઢીઓ માટે, સ્ત્રી અને પુરુષો માટે, તેમજ નાનકડાં બાળકો માટે ઘણી ખુશી, ઘણી, ઘણી જ ખુશી ઇચ્છીએ છીએ. અને આ દિવસને ખુશીપૂર્વક યાદ કરજો. અને અમે ફરી એક વાર તમને, મુશ્કીલ આસાન માટે, સુખ માટે, અને તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આજે સાંજના અમારી સ્મિતપૂર્ણ જમાતનો, દરેકનો વિચાર કરવા ચાહીશું.

ITREB FOR INDIA * MUMBAI. *

# મૌલાના હાઝર ઇમામે ઢાકા, બંગલાદેશ ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૨૨મી મે, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં હાજર, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારામાંના દરેકને, વ્યક્તિગત રીતે, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજે આ દરબારમાં, બંગલાદેશ સહિત ત્રીસ જુદા જુદા દેશોમાંના મુરીદો છે. તમે જ્યારે તમારા ઘરે પાછા જાઓ, ત્યારે તમારી સાથે તમારાં કુટુંબો માટે અને તમારી જમાતો માટે અમારા દુ'આ-આશિષો લઈ જશો અને તેઓને કહેજો કે અમે જગતભરની જમાતનો, તમે જ્યાંથી પણ આવ્યા હો, આ પ્રસંગે વિચાર કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆત અમારી જમાતને એવું ભારપૂર્વક ફરમાવીને કરવા ચાહીએ છીએ કે દરબાર ખુશીનો પ્રસંગ હોય છે, તે આનંદ મનાવવાનો પ્રસંગ હોય છે, તે એકતાનો પ્રસંગ હોય છે. અને અમે એવી આશા રાખીએ છીએ કે આજે જે સઘળી જમાત હાજર છે, તે આ દિવસે આનંદ મનાવશે, ખુશી હશે, સંગઠિત હશે, અને આજે સાંજના પણ તમે શ્રેષ્ઠ સમય ધરાવશો.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારી મુલાકાતની તૈયારી કરવા માટે વોલન્ટીયરો દ્વારા કરવામાં આવેલ અદ્દભુત કાર્ય માટે પણ અમે અમારી પ્રશંસા વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે ઘણીબધી સુંદર વસ્તુઓ - રસ્તાઓ ઉપરની કમાનો (arches), એકેડેમી અને નવા જમાતખાનાની પાયાવિધિ માટેની વ્યવસ્થા, આજના દરબારની નોંધ લીધી છે. અને અમે જાણીએ છીએ કે બંગલાદેશમાં અમારી જમાતની સંખ્યા વધુ નથી, અને આથી, અમારી મુલાકાત પ્રસંગે આ સર્વે ઉત્તમ પરિણામો હાંસલ કરવા માટે વોલન્ટીયરોને સામાન્ય કરતાં ઘણું જ વધુ સખત કાર્ય કરવું પડ્યું હશે. અને આથી, વોલન્ટીયરોને અમે અમારા ઉત્તમ, ઉત્તમ, હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.



ITREB FOR INDIA ★ MUMBAI ★

બંગલાદેશની આ મુલાકાત ખાસ કરીને અમારા માટે ખુશીભરી છે, અને હવે અમે આ તકે સરકાર, બંગલાદેશની સઘળી જાહેર સત્તાઓએ આ ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે અમને જે અતિશય અદ્‌ભુત રીતે આવકાર આપ્યો છે તે બદલ તેઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. સરકાર, સરકારની સઘળી સત્તાવાર સંસ્થાઓએ અમને જે ઉત્તમ અને ઉદાર રીતે આવકાર આપેલ છે તે બદલ તેઓ પ્રતિ અમે અમારો ઉષ્માભર્યો આભાર પાઠવીએ છીયે.

અમે આ ફરમાનની શરૂઆતમાં, તમારાં કુટુંબોના સઘળા રૂહાની સભ્યોને, તેઓના રૂહોની અનંત શાંતિ અને રાહત માટે અમારા ઉત્તમ, ખાસ દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની વચ્ચાઓ,

અમે છેલ્લે જ્યારે બંગલાદેશમાં હતા ત્યારથી, આ દેશ નોંધપાત્ર રીતે બદલાયું છે. અને અમે જાણીએ છીએ કે અમારાં રૂહાની બચ્ચાઓ એ બાબતથી વાકેફગાર છે કે છેલ્લાં પચાસ વર્ષો દરમ્યાન અમે એ બાબતની ચોકસાઇ કરવા માટે ઘણા પ્રમાણનો સમય અને પ્રયાસ અર્પણ કરેલ છે કે જ્યાં પણ જમાત વસવાટ કરે છે, ત્યાં આ દેશો તક ધરાવતા દેશો હોય. એ દેખીતું છે, કે જમાતમાંની પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક કુટુંબ તે ક્યાં રહેવા ચાહે છે, તે ક્યાં કાર્ય કરવા ચાહે છે, તે ક્યં તેઓનાં બાળકોને શિક્ષણ અપાવવા ચાહે છે, તેનો નિર્ણય કરશે. પરંતુ જે મહત્વનું છે તે એ છે કે તમારી પાસે પસંદગીઓ રહેલી છે, અને તમે બુદ્ધિગમ્ય રીતે આ પસંદગીઓ કરવા માટે શક્તિમાન છો; તમે જ્યાં પણ હો, તમે જ્યાં પણ જીવન જીવતા હો, તમે ઇસ્લામના મહાન ભાઇચારા તરીકે સંગઠિત રહો. અને આથી, જ્યારે અમને લાગે છે કે જગતના એક વિસ્તારમાં વસ્તુઓ આગળ વધી રહી છે, ત્યારે તે બાબત અમને બેહદ સંતોષ આપે છે. અને અમે માનીએ છીએ કે જોકે, બંગલાદેશમાં જમાત નાની છે, તેમ છતાં આપણે આ દેશની પ્રગતિ તરફ યોગદાન આપવાનું ચાલુ રાખી શકીએ છીએ. જમાત નાની છે, પરંતુ તેની પાસે ક્ષમતા છે, તેની પાસે સારી સંસ્થાઓ છે. તે આ દેશ પ્રતિ ગુણવત્તાવાળી સંસ્થાઓ લઇ આવી રહી છે. અને સમગ્ર ઓશિયામાં, સમગ્ર આફ્રિકામાં, આપણું એક સૌથી મહત્ત્વનું લક્ષ્યાંક સીવીલ સોસાયટી (સભ્ય સમાજ) માં ગુણવત્તા, શિક્ષણમાં ગુણવત્તા, આરોગ્ય-સંભાળમાં ગુણવત્તા, આર્થિક સહાયમાં ગુણવત્તા હાંસલ કરવાનું છે, કે જેથી જમાત સહિત સઘળા લોકો એક એવા વાતાવરણમાં પોતાના ભવિષ્યનું ઘડતર કરવા માટે દૃષ્ટિ કરી શકે કે જે વાતાવરણ વધતા પ્રમાણમાં મજબૂત હોય, વધતા પ્રમાણમાં ક્ષમતા ધરાવતું હોય, અને જેમાં તમે વધતા પ્રમાણમાં વિશ્વાસ ધરાવી શકો.

બંગલાદેશમાંની અમારી જમાત માટે અને બીજાઓ માટે જે બીજો મુદ્દો અમે ફરમાવવા ચાહીએ છીએ તે એ બાબત છે કે જેની અમે ભૂતકાળમાં અમારા આગેવાનો સાથે ચર્ચા કરી છે, અને જે સંબંધી આપણે ઘણા જ સભાન છીએ. આજનું જગત એક હરીફાઇભર્યું જગત છે. આર્થિક સરહદો તૂટી રહી

છે; સાથે મળીને કાર્ય કરતા દેશોના નવા જોડાણો દ્વારા રાષ્ટ્રીય સરહદો તૂટી રહી છે, અને આથી, વ્યક્તિગત દેશો અને પ્રદેશો એમ બન્નેની અંદર તે એક વધુ હરીફાઈભર્યું જગત બની રહ્યું છે. અને આથી, જ્યારે જગત વધુ હરીફાઈભર્યું બને છે, ત્યારે એ ઘણું જ મહત્ત્વનું છે કે જમાતે જ્ઞાનમાં, શિક્ષણમાં, તમે પોતે જેમાં ઉછેર પામ્યા છો તેવા એક વાતાવરણ કરતાં જુદા પ્રકારના વાતાવરણ માટે ભવિષ્યની પેઢીઓને તૈયાર કરવામાં રોકાણ કરવું જોઈએ અને રોકાણ કરવાનું ચાલુ રાખવું જોઈએ. અને શિક્ષણ એક સતત પ્રક્રિયા છે, અને એટલા માટે જ અમે એ જોઈને આટલા ખુશી છીએ કે બંગલાદેશમાં, તમે નજદીકના ભવિષ્યમાં ઇન્શાઅલ્લાહ, એક નહિ પરંતુ બે શ્રેષ્ઠ શાળાઓ ધરાવશો. અને આથી, અમે આશા રાખીએ છીએ કે ભલે મુરીદો - યુવાન મુરીદો - આપણી શાળાઓમાંથી અથવા બીજી શાળાઓમાંથી શિક્ષણ મેળવે, અમે ખરેખર એવો આગ્રહ રાખીએ છીએ કે એશિયા અને આફ્રિકાના વધતા પ્રમાણના હરીફાઈભર્યા જગતમાં, આપણી જમાતે પોતાની બૌદ્ધિક ક્ષમતાઓને પ્રાદેશિક અથવા રાષ્ટ્રીય ધોરણો કરતાં મોખરે રાખવા માટે સખત કાર્ય કરવું જોઈએ, કે જેથી તમે ભવિષ્ય તરફ વિશ્વાસપૂર્વક દૃષ્ટિ કરી શકો.

જગત જેમ વધુ હરીફાઈભર્યું બને છે તેમ એક નાનકડી જમાતમાં - બલ્કે મોટી જમાતમાં પણ, એ અતિ મહત્ત્વનું છે કે તમે સાથે મળીને કાર્ય કરો, તમારાં સંસાધનો - તમારાં માનવ સંસાધનો અને તમારાં ભૌતિક સંસાધનોને એકસાથે જોડીને ક્ષમતાનું સર્જન કરવા પ્રયાસ કરો: ડોક્ટરો, ડોક્ટરોનું સંગઠન બનાવે, એક સરખા ક્ષેત્રમાંના ધંધા-રોજગારના લોકો એક ઘટકમાં સંગઠિત બને. અને અમે જાણીએ છીએ કે અમારી જમાત પોતાની સ્વતંત્રતા પસંદ કરે છે. અમે જાણીએ છીએ કે કુટુંબો એક સમૂહમાં જોડાવવા માટે કોઈપણ સ્વતંત્રતા છોડી દેવાનું પસંદ નથી કરતા. અને અંદરખાનેથી ભયની અમુક એવી લાગણીઓ છે કે જો તમે એક સમૂહમાં દાખલ થાઓ છો, તો તમે તે સમૂહને કદી પણ છોડીને જઈ શકો નહિ. અને અમુક વખતે, એવી લાગણી રહેલી હોય છે કે જો તમે એક સમૂહમાં દાખલ થાઓ છો, તો તમે કેદમાં દાખલ થાઓ છો, અને તમે પછી તેમાંથી પોતાની જાતને કદી પણ બહાર કાઢી શકો નહિ. અને અમે અમારી જમાતને ફરમાવવા ચાહીએ છીએ, કે અમે તે સમજીએ છીએ. પરંતુ તે સંગઠિત નહિ થવા માટેનું સારું એવું પૂરતું કારણ નથી. દેશની અંદર, પ્રદેશની અંદર, સરહદોની પાર સંગઠિત બનો. અને જ્યારે તમે સંગઠિત થાઓ, તો તમારા બહાર નીકળવાના માર્ગનું આયોજન કરો. તમે ફક્ત એવું આયોજન કરી શકો નહિ કે સમૂહો હકારાત્મક રીતે સંગઠિત બનશે. અમુક સમયે વ્યક્તિગત કુટુંબોને છોડી જવાની જરૂરત પડે છે, અને આથી વ્યક્તિગત કુટુંબોના બહાર નીકળવાના માર્ગની એવી રીતે તૈયારી કરો કે કુટુંબો અથવા વ્યક્તિઓ અસ્થિરતા અથવા મુશ્કેલી અથવા પાછળ સમસ્યાઓ રહેવા દીધા વગર બહાર નીકળી શકે. આથી, તેના દુન્યવી પ્રયાસોમાં (જ નહિ), પરંતુ તેના ધર્મના પાલનમાં પણ જમાતની એકતા એક એવી બાબત છે કે જે ન ફક્ત અહિં બંગલાદેશમાં, પરંતુ પ્રમાણિકપણે જોતાં, એ સઘળા દેશો કે જ્યાં જમાત છે, તેમાં જમાતના ભવિષ્ય માટે અતિ આવશ્યક છે.



ITREB FOR INDIA MUMBAI.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે જ્યારે તમારાં જીવનમાં આગળ વધો, ત્યારે એ બાબત ધ્યાનમાં રાખો કે ઇસ્લામમાં દીન - ધર્મ અને દુનિયા - જગત, સાથોસાથ રહે છે. તેઓ અલગ નથી. તમે તમારા ધર્મ મુજબ જીવન જીવો છો, અને આથી, તમારા ધર્મ મુજબ જીવન જીવવાનો અર્થ ધર્મની નીતિમત્તાઓ - ઈમાનદારીની, પ્રમાણિકતાની, ભાઈચારાની, શાંતિની, સ્વસ્થતાની નીતિમત્તાઓ મુજબ જીવન જીવવાનો થાય છે. અને જો તમારી વચ્ચે મુશ્કેલીઓ હોય, તો તમે તેને એવી મુશ્કેલીઓ બનવા નહિ દેતા કે તમે તેનું નિરાકરણ કરી શકો જ નહિ, પરંતુ સમસ્યાઓનો ડહાપણપૂર્વક ઉકેલ લાવવા માટે સાથે મળીને કાર્ય કરવાના માર્ગો શોધી કાઢો. જો જરૂરી હોય તો બહારની સહાય (external support) મેળવવાનો પ્રયાસ કરો. પરંતુ ઘર્ષણને તમારી માનસિકતા (psyche)ના ભાગરૂપ બનવા દેતા નહિ. દુઃખદ રીતે, આ બાબત જગતના બીજા ભાગોમાં, બીજા સમાજોની માનસિકતાના ભાગરૂપ છે, જ્યાં અદાલતી દાવા (litigation) એક મુખ્ય સમસ્યા બની ગયેલ છે. અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે આપણી જમાતમાં કદી પણ એવું બનવા દેતા નહિ. હંમેશાં એવા ઉકેલો શોધી કાઢવાનો પ્રયાસ કરો કે જ્યાં તમે સંગઠિત બની શકો.

અને તમારા ધર્મનું નિયમિત રીતે પાલન કરો. આધુનિક જીવન તમારા ઉપર ભારે માંગો ઊભી કરે છે, પરંતુ તમારા ધર્મનું પાલન ન કરવા માટેનું, તમારી સાથે તમારા ધર્મને ન રાખવા માટેનું તે યોગ્ય કારણ નથી. અને આથી, તમે એક સેકંડ, બે સેકંડ, પાંચ મિનિટો લઈ શકો છો: તમારી તસ્બીહ લો, અને તમારી તસ્બીહ વડે યા અલ્લાહ, યા મુહમ્મદ, યા અલી અથવા ઇમામોનાં નામોનું સ્મરણ કરો, પરંતુ તમારા ધર્મને યાદ કર્યા વગર તમારો દિવસ પસાર થવા દો નહિ. તમારા ધર્મને તમારા દરરોજના જીવનનો ભાગ બનાવો, કારણ કે તે જ ઇસ્લામનો અર્થ છે. ધર્મ અને જગત સાથોસાથ રહે છે, અને તે બેહદ મહત્ત્વનું છે કે દરેક સમયે તમે એ યાદ રાખો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે બંગલાદેશનાં અમારાં સર્વે રૂહાની બાળકોને, અને જેઓ બહારથી આવ્યા છે તેઓને, સારી તંદુરસ્તી માટે, લાંબા જીવન માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, મુશ્કીલ આસાન માટે અને તમારી સર્વે ઉમેદોની પરિપૂર્ણતા માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA MUMBAI

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં હાજર અમારાં સર્વ રૂહાની બાળકોને, તમે જે નઝરાણું અર્પણ કર્યું છે તે માટે, અને તમે જે ભેટ પેશ કરેલ છે તે માટે અમારા ઉત્તમ, હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ. આ ગોલ્ડન જ્યુબિલી દરમ્યાન, અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવ્યું છે કે અમે અતિશય ખુશી થશું, જો તેઓ જ્યુબિલીના આ પ્રસંગે કોઈ ખાસ રીતે સેવા કરવાની ઇચ્છા રાખે છે, તો તેઓએ ન માત્ર ભૌતિક અર્થમાં, પરંતુ સમય અને જ્ઞાનની સાથે પણ ઉદાર બનવું જોઈએ. અને અમે અમારાં રૂહાની બાળકોને, જગતભરના મુરીદોની (ન ફક્ત) ભૌતિક રીતે, પરંતુ સમય અને જ્ઞાનની ઉદારતા માટે પણ અમારી બેહદ ખુશી દર્શાવવા ચાહીએ છીએ. કારણ કે જ્ઞાનમાં સહભાગી બનાવવું, સમયમાં સહભાગી બનાવવું, એ સંસ્થાઓ પ્રતિ માનવ ક્ષમતા લઈ આવવી કે જે સંસ્થાઓ નહિ તો, માનવ ક્ષમતા પ્રતિ પહોંચ ન ધરાવી શકતે, તે એક ભવ્ય ભેટ છે, કારણ કે તેનો અર્થ એ થાય છે કે જગતભરની જમાત માટે માનવ પ્રવૃત્તિઓના, માનવ પ્રયાસના સઘળા ક્ષેત્રોમાંનું ઉત્તમ જ્ઞાન કામે લગાડવા માટે આપણે શક્તિમાન બનીશું. અને અમારી દૃઢ માન્યતા પ્રમાણે, એ બાબત આવનારા દાયકાઓમાં, આપણી સંસ્થાઓની ગુણવત્તા ઉપર, સમયથી આગળ વિચારણા કરવાની, નવીન જ્ઞાન સંબંધી શીખવાની, આપણા માટે કાર્યશીલ બનાવવા માટે નવું જ્ઞાન લઈ આવવાની જે કાબેલિયત તેઓ ધરાવવા પામશે તેના ઉપર ઇન્શાઅલ્લાહ, વ્યાપક અસર ધરાવશે, કારણ કે તે કંઈક એવી બાબત છે કે જે અમારા માટે બેહદ મહત્ત્વની છે. અને આ જ્ઞાન ક્યાંથી આવે છે તેના માટે અમે ચિંતિત નથી. અમે જ્ઞાનની ગુણવત્તા માટે ચિંતિત છીએ કે જે આપણી જમાતની ભવિષ્યની પેઢીઓ માટે આપણે જમાતમાં ધરાવીએ છીએ. આથી, જેઓએ ભૌતિક અને સમય તેમજ જ્ઞાન એમ બન્નેનું નઝરાણું અર્પણ કર્યું છે, તે સઘળાઓને અમે અમારા ઉત્તમ, ખાસ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આશા રાખીએ છીએ કે આજનો દિવસ બંગલાદેશમાંની અમારી સઘળી જમાત માટે અને જેઓ બહારથી આવ્યા છે તેઓના માટે ખુશીનો દિવસ હશે; તે એકતાનો દિવસ હશે; તમે ભૂતકાળમાં જે પણ કંઈ મુશ્કેલીઓ અથવા મતભેદો ધરાવતા હતા, તેને બાજુએ મૂકી દો, ફરીથી શરૂઆત કરો. એ યાદ રાખો એ અમારી ગોલ્ડન જ્યુબિલી છે, અને અમારી જમાતની એકતા એ અમારી ઇચ્છા અને દુ'આ છે. અને જ્યારે અમારાં બાળકો સંગઠિત હોય છે ત્યારે અમે ખુશ હોઈએ છીએ, અને જ્યારે તેઓ સંગઠિત નથી હોતા ત્યારે અમે નાખુશ હોઈએ છીએ.

અમે તમારામાંના દરેકને અને એકે એકને ફરીથી, લાંબા જીવન, સારી તંદુરસ્તી, સુખ, એકતા, સિરાત અલ્-મુસ્તકીમ ઉપરની શક્તિ માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA * MUMBAI *

## મૌલાના હાઝર ઇમામે લંડન, યુનાઈટેડ કિંગ્ડમ ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

પમી જુલાઈ, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે, તમારાં કુટુંબોને અને તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ચાહીએ છીએ કે અમારાં એ રૂહાની બાળકો કે જેઓ યુનાઈટેડ કિંગ્ડમની બહારથી આવ્યા છે, તમે જ્યારે ઘરે પાછા જાઓ, ત્યારે તમારાં કુટુંબો પ્રતિ અને તમારી જમાતો પ્રતિ અમારા દુ'આ-આશિષો, અમારો પ્રેમ, અમારો સ્નેહ લઈ જશો અને તેઓને કહેજો કે ઉજવણીના આ પ્રસંગે - કારણ કે આ ઉજવણીનો પ્રસંગ છે, એ પ્રસંગે, તેઓ અમારા વિચારોમાં અને અમારી દુ'આઓમાં છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આપણી જમાતના સઘળા રૂહાની સભ્યોને, તેઓના રૂહોની અનંત શાંતિ અને રાહત માટે અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આ ફરમાનની શરૂઆતમાં આ જ્યુબિલી મુલાકાત પ્રસંગે જે ઉષ્મા, ઉદારતા અને સૌજન્યશીલતાની સાથે અમને આવકાર આપવામાં આવેલ છે તે બદલ તમારા વતી અને અમારા વતી નામદાર મહારાણી, રાજવી કુટુંબ, યુનાઈટેડ કિંગ્ડમની સરકાર પ્રતિ આપણો અતિશય ઉમળકાભર્યો આભાર વ્યક્ત કરીએ છીએ. અને આપણી સૌની સાથે આ અવસરમાં સહભાગી થવા માટે યુનાઈટેડ કિંગ્ડમની બહારથી અનેક મુરીદો આવેલ છે. અમે ફરમાવ્યું છે તેમ જ્યુબિલી ઉજવણીનો પ્રસંગ છે, અને અમે આશા રાખીએ છીએ કે આજે સાંજના એ દરેક મુરીદ જે આજે અહિં છે, તે અથવા તેણી પોતાના ચહેરા ઉપર સ્મિત ધરાવશે. એ અમારી આશા છે, એ અમારી દુ'આ છે.



ITREB FOR INDIA MUMBAI

વિશેષમાં, આપણા સઘળા અદ્‌ભુત વોલન્ટીયરો, કે જેઓએ આ હૉલને જે અદ્‌ભુત રીતે તૈયાર કરેલ છે; કુટુંબોએ યુનાઇટેડ કિંગ્ડમની બહારના મુરીદોને જે રીતે આવકાર આપેલ છે, તે બદલ અમે અમારી પ્રશંસા, અમારા દુ'આ-આશિષો, અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અને એ સઘળાં રૂહાની બાળકો કે જેઓએ આ ઘણા જ ખુશીભર્યા પ્રસંગ માટે યોગદાન આપેલ છે, તેઓને અમારી પ્રશંસા અને આમરો સ્નેહ તેમજ અમારા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

જ્યુબિલીના વર્ષની શરૂઆતમાં, જગતના વિવિધ ભાગોમાંની જમાતના આગેવાનોએ અને અમે એવાં લક્ષ્યાંકો નક્કી કર્યા છે કે જે અમે જ્યુબિલી વર્ષના અંત સુધીમાં હાંસલ કરવા ચાહીએ છીએ, અને એ લક્ષ્યાંકો શું છે તેમાં અમે તમને સહભાગી બનાવવા ચાહીએ. સૌપ્રથમ, દેખીતી રીતે, જે સમાજો લડાઇની સ્થિતિમાં છે, તેમની શાંતિ માટે સહાય કરવા આપણે શક્ય તેટલું દરેક, શક્ય તેટલું સઘળું કરવા ઇચ્છીએ છીએ. ઇમામના દરેક મુરીદની આ પ્રથમ ફરજ છે કે આપણી જમાત અને બીજાઓ શાંતિભર્યું જીવન જીવી શકે તેની ચોકસાઇ કરવી.

બીજું લક્ષ્યાંક કે જે અમે નક્કી કર્યું છે તે એ છે કે જગતભરમાં હજુ એવી જમાતો છે કે જે ગરીબ છે અને જેઓ એવાં જીવનધોરણોમાં જીવે છે કે જે તમને અને અમને સ્વીકાર્ય જણાશે નહિ. અને આથી, ઇન્શાઅલ્લાહ, વર્ષના અંત સુધીમાં, આપણે એવા સંખ્યાબંધ વિચારો ઉપર કાર્ય કરી ચુક્યા હશું કે કુટુંબોને અતિશય ગરીબીમાંથી બહાર આવવા માટે આપણે કેવી રીતે સહાય કરી શકીએ, ભલે પછી તેને અનેક પેઢીઓ લાગી જાય, કે જેથી તેઓ પણ માનમર્તબાભર્યા જીવનનો આનંદ માણી શકે.

ત્રીજું લક્ષ્યાંક જે નક્કી કરવામાં આવ્યું છે તે એવા મુરીદોને સહાય કરવાનું છે કે જેઓ બુઝુર્ગ છે. અલ્હમ્દુલિલ્લાહ, જીવન વધુ લાંબું થતું જાય છે. પરંતુ તે જેમ વધુ લાંબું થતું જાય, તેમ તેને વધુ ઉદાસીભર્યું બનવા દેવું જોઇએ નહિ, અને આથી, જગતભરમાં આપણી જમાતમાંના બુઝુર્ગોની સંભાળ લેવા માટે આપણે જે પણ કંઇ કરી શકીએ તે કરવું જોઇએ. અને ઇન્શાઅલ્લાહ, આપણે એવી પહેલો ઉપર કાર્ય કરીશું કેજે બુઝુર્ગોને તેમની વૃદ્ધાવસ્થામાં મર્તબાભર્યું અને સ્વીકાર્ય હોય તેવા પ્રકારનું જીવન જીવવા માટે સહાય કરે.

અન્ય લક્ષ્યાંક જે નક્કી કરવામાં આવ્યું છે, તે જગતભરમાં આપણી સંસ્થાઓને મજબૂત બનાવવાનું છે, કારણ કે આપણી સંસ્થાઓ (ન માત્ર) જમાતની સેવા કરવા કાટે, પરંતુ જે દેશોમાં જમાત રહે છે તેની

સેવા કરવા માટે પણ અસ્તિત્વ ધરાવે છે. અને, નક્કર પ્રગતિ તેમજ આધારરૂપ વિકાસનું ઘડતર કરવા માટે આપણને મજબૂત સંસ્થાઓનું સર્જન કરવું જોઈએ અને બીજાઓને તેનું સર્જન કરવામાં સહાય કરવી જોઈએ. અને અમે આ પ્રસંગે એ ફરમાવવા ચાહીએ છીએ કે મજબૂત સંસ્થાઓનું ઘડતર માત્ર ભૌતિક સાધનોથી જ નથી થતું: તે માનવ જ્ઞાનથી થાય છે, તે કાર્યથી થાય છે, તે કટિબદ્ધતાથી થાય છે, તે પ્રમાણિકતાથી થાય છે. એટલા માટે જ આ જ્યુબિલી વર્ષની શરૂઆતમાં અમે અમારી જમાતને ફરમાવ્યું હતું કે તમે તમારી સંસ્થાઓને માત્ર ભૌતિક સહાય આપીને જ નહિ, પરંતુ સમય અને જ્ઞાન આપીને, તમે જ્યાં પણ સહાય આપી શકો તેમ હો ત્યાં સહાય કરો. જ્ઞાન અને સમય, કારણ કે જગતભરની આપણી સંસ્થાઓને તમારા જ્ઞાન અને તમારા સમયની આ ઉદારતામાં સહભાગી બનાવીને તમે તેઓને સહાય કરશો, તમે તેઓની સ્થિરતા, તેઓની કાબેલિયત પ્રતિ, અને આ સંસ્થાઓ જે સમાજોમાં અસ્તિત્વ ધરાવે છે તેમના તરફની તેમની સેવાઓ પ્રતિ યોગદાન આપશો.

અને અમારા જીવનકાળ દરમ્યાન, અમે બે લક્ષ્યાંકો હાંસલ કરવા માટે કાર્ય કર્યું છે: પ્રથમ, જીવનની ગુણવત્તાની સુધારણા કરવી - આપણા તરીકામાં મજબૂત રહેવું - પરંતુ જગતભરની જમાતની જીવનની ગુણવત્તામાં સુધારણા કરવી. અને હજુ પણ, ઘણુંબધું કાર્ય કરવાનું બાકી છે. હજુ પણ એવા દેશો છે કે જ્યાં જમાત એવી સીવીલ સોસાયટીમાં રહે છે કે જે ઘર્ષણમાં છે. એવી જમાતો છે કે જે અતિશય ગરીબીમાં જીવી રહી છે. એવી જમાતો છે કે જેમની પાસે જમાતખાનાઓ નથી. એવી જમાતો છે કે જ્યાં બંધારણીય સંસ્થાઓ સંચાલિત થતી નથી, તે કાર્યરત નથી. આથી, પશ્ચિમમાં જે મુરીદો રહે છે તેમણે એ જાણવું જોઈએ કે એવા અનેક દેશો છે કે જ્યાં ઘણુંબધું કાર્ય કરવાનું બાકી છે.

બીજું લક્ષ્યાંક જે અમે ધરાવીએ છીએ, અને ધરાવવાનું ચાલુ રાખીશું તે, જે સઘળા દેશોમાં જમાત રહે છે, તે દેશોને તક ધરાવતા દેશો બનાવવા માટે જમાતની સાથે, આપણા મુસ્લિમ ભાઈઓ અને બહેનોની સાથે, સીવીલ સોસાયટીની સાથે શક્ય તેટલું સઘળું કરવાનો પ્રયાસ કરવાનું છે. તક ધરાવતા દેશો, કે જેથી જમાત જ્યાં પણ રહે છે ત્યાં આવનારા દાયકાઓ પ્રતિ તે આગળની તરફ દૃષ્ટિ કરી શકે અને કહી શકે: "મારા કુટુંબની આ પેઢી, મારા કુટુંબની આવનારી પેઢી, તેના પછીની પેઢીની પાસે એવા સમાજોમાં રહેવાની તક રહેલી હશે કે જે મુરીદોને હંમેશાં માટે સુધારણા પામતી જીવનની ગુણવત્તામાં રહેવા શક્તિમાન બનાવશે."

અને આજે બપોરના અહિં, ત્રેસઠ દેશો પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. અમારે ફરી પાછું શાળામાં જવું પડશે અને અમારી ભૂગોળ ફરી પાછી શીખવી પડશે, પરંતુ - અમને ફરી પાછું શાળામાં જવું પડશે એ હકીકતને બાજુએ રાખીએ - તો અમને લાગે છે કે જે સિદ્ધાંતો મુજબ આપણે જીવન જીવીએ છીએ, જે નીતિમત્તાઓને આપણે વફાદાર છીએ, તેને કોઈ સરહદો હોતી નથી. તેને ભૂગોળમાંની કોઈ સરહદો હોતી નથી, તેને ભાષામાંની કોઈ સરહદો હોતી નથી, તે આપણી જમાતમાંનાં ભાઈઓ અને બહેનો વચ્ચેની કોઈ સરહદોને જાણતી નથી, અને તમે જ્યાં પણ રહેતા હો, ત્યાં જીવન માટેના તે બહુમૂલ્ય

પાયાઓ છે. આપણા ધર્મની નીતિમત્તાઓ, આપણે જે રીતે આપણા જગતમાં આપણા ધર્મ મુજબનું જીવન જીવીએ છીએ, તે દરેક મુરીદ માટે જીવનનો એક અતિ મહત્ત્વશીલ ભાગ છે. અને જ્યારે કે સમાજ કદાચ બદલાઈ શકે છે, પાયાની નીતિમત્તાઓ બદલાતી નથી: દીન અને દુનિયાને યાદ રાખવાની નીતિમત્તા, સભ્યતાવાળા ગૌરવયુક્ત જીવનની નીતિમત્તા (the ethic of civil dignity), એ બાબતની ખાત્રી કરવી કે સમાજ ગૌરવવંત રીતે જીવન જીવે; સ્વતંત્રતા મોજૂદ હોય, પરંતુ તેનો દુરોપયોગ કરવામાં ન આવે - કારણ કે સ્વતંત્રતાનો દુરોપયોગ થઈ શકે છે - અને મુસ્લિમો તરીકે સ્વતંત્રતાનો દુરોપયોગ ન થવા દેવા માટે આપણી પાસે ડહાપણ હોવું જ જોઈએ. અને આથી, આપણે જે સમાજોમાં રહીએ છીએ તે સંબંધી આપણને મૂલ્યના નિર્ણયો (value judgments) લેવા જ જોઈએ. આપણને શીઆ ઇસ્માઈલી ઇસ્લામના નૈતિક સિદ્ધાંતો ઉપર મજબૂત અને સ્થિર રહેવું જોઈએ. અમે આજે, અમારી જમાતને આ બાબત ઘણી જ સ્પષ્ટપણે ફરમાવવા ચાહીએ છીએ, કારણ કે અમારી સામે જે જમાત છે તે આટલીબધી આંતરરાષ્ટ્રીય જમાત છે અને તમે આ સંદેશાઓને આગળ લઈ જવા, અને બીજા અનેકો પ્રતિ લઈ જવા માટે શક્તિમાન બનશો.

અમે આ તકે અમારાં રૂહાની બાળકોને એ પણ ફરમાવવા ચાહીએ છીએ કે જ્યારે કે તમારી આસપાસ સમાજ બદલાય છે - તમારા સમય ઉપર રહેલી અપેક્ષાઓ બદલાશે, તમારાં બાળકોના સમય ઉપરની અપેક્ષાઓ બદલાશે - તમે જ્યાં સુધી જીવન જીવો, ધર્મ એ પ્રત્યેક દિવસે, પ્રત્યેક રાત્રિએ તમારા જીવનનો ભાગ છે. અને જો કોઈ પણ કારણસર તમારા ધર્મનું જેટલું આવશ્યક છે તેટલા પ્રમાણમાં મજબૂતીપૂર્વક તમે પાલન ન કરી શકો તો તે બાબત તમારા ધર્મને ભુલાવી દેવા માટેનું કારણ બનતી નથી, અથવા કારણ બનવા દેવી જોઈએ નહિ. આથી, તમારી તસ્બીહ લો. તમારી તસ્બીહ લો, અને તસ્બીહ વડે અલ્લાહના નામનું, પૈગમ્બરના નામનું, હઝરત અલીના નામનું, ઇમામોના નામનું સ્મરણ કરો. પરંતુ ધર્મને તમારા રોજિંદા જીવનના ભાગરૂપ બનાવો. એવું કોઈ પણ દિવસે થવા ન દો કે જ્યારે તમે તમારા ધર્મને ભૂલી ગયા હો. અમુક સમાજોમાં ધર્મ સગવડતાની બાબત બની ગયેલ છે, અને તમે તમારા ધર્મની સાથે નિસબત ત્યારે ધરાવો છો કે જ્યારે બાળકનો જન્મ થાય છે અથવા જ્યારે કોઈ વ્યક્તિ અવસાન પામે છે, પરંતુ આધુનિક જગતના ભૌતિકવાદ (materialism)ની સામે ધર્મમાંની અન્ય કોઈ સામેલગીરી અદૃશ્ય થઈ જાય છે. અને અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવવા ચાહીએ છીએ: અમારી જમાતના મુરીદો માટે આવું કદી પણ થવા દેતા નહિ. અને અમને લાગે છે કે - તમારા જ્ઞાન, તમારી બુદ્ધિમત્તા, તમારા ડહાપણ, તમારી સમજણ થકી - તમે એ સમજી શકશો કે જો તમે કોઈક વખત થોડી સેકંડો માટે પણ તમારી તસ્બીહ પઢી શકો તો તમે તમારા ધર્મને યાદ કરો છો. દરેક સમયો સારા છે - કોઈ વિશિષ્ઠ સમય નથી.



ITREB FOR INDIA MUMBAI

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અંતમાં, અમે આ તકે તમને આવનારાં વર્ષો વિશે, અને અમારી જમાત જે સંદર્ભમાં વસવાટ કરશે તેના વિશે ફરમાવવા ચાહીએ છીએ. તાજેતરનાં વર્ષો, મોટાભાગના અર્થતંત્રોમાં, તમે જેમાં રહો છો તે મોટાભાગના દેશોમાં, વિકાસનાં વર્ષો રહ્યાં છે. આજે, એવાં મુખ્ય પરિબળો છે કે જે મોટી સંખ્યાના દેશોમાંના અર્થતંત્રોમાં અસર કરી રહ્યાં છે, અને અમને ચિંતા છે કે એક પ્રકારની મંદ ગતિ (slow down) રહેલી હશે. અમુક લોકો તેને કદાચ મંદી કહે છે, અમુક લોકો તેને કદાચ મંદી કહેતા નથી. તેઓ શું કહે છે તેમાં અમને રસ નથી; અમને એ બાબતમાં રસ છે કે તેઓ તેને જે પણ કહેતા હોય, તેમાંથી તમારી જાતનું તમે રક્ષણ કરો. એક રાષ્ટ્રીય અર્થતંત્રમાંની અથવા એક પ્રાદેશિક અર્થતંત્રમાંની મંદ ગતિમાંથી તમારી જાતનું રક્ષણ કરવાનો અર્થ એ થાય છે કે સૌ પ્રથમ તો બિનજરૂરી જવાબદારીઓ લેવી નહિ, જોખમો લેવા નહિ; પરંતુ તેનો અર્થ સંગઠિત થવાનો પણ થાય છે. જો વ્યાપારી સાહસો (enterprises), વ્યાવસાયિક સંગઠનો (professional associations) સંગઠિત થવા પામે તો તે ઘણું જ સરળ પરિણામ અથવા લક્ષ્યાંક છે, કે જેથી તેઓ (ન માત્ર) ખર્ચાઓને વહેંચી શકે અને તેમાં ઘટાડો કરી શકે, પરંતુ સાથોસાથ, તેઓ જે પણ સમાજોમાં હોય અથવા તેઓ જે પણ પ્રવૃત્તિઓ ધરાવતા હોય, તેમાં પોતાની સ્થિતિઓને મજબૂત બનાવી શકે.

અમે અમારી જમાતને જાણીએ છીએ, અમે અમારી જમાતની પ્રશંસા કરીએ છીએ, અમે અમારી જમાતને પ્રેમ કરીએ છીએ - પરંતુ તેઓ ઘણા જ વ્યક્તિત્વવાદી (individualistic) છે. અને દરેક કુટુંબ કહે છે, "નહિ, નહિ, હું તમને કોઈપણ વસ્તુમાં સહભાગી બનાવીશ નહિ, કારણ કે મને તમારામાં વિશ્વાસ નથી, અથવા તમે આમ કરવાના છો કે તમે તેમ કરવાના છો." પરંતુ અમારા મુરીદો, તમે ભાઈઓ અને બહેનો છો! તમે તમારા ભાઈઓ અને બહેનો સાથે છેતરપિંડી કરતા નથી - તમે જ્ઞાનમાં સહભાગી બનાવો છો, તમે કાબેલિયતમાં સહભાગી બનાવો છો! અને તમે પગલાં લઈ શકો છો કે જેથી જો તમને સંગઠનની અમુક પેઢીમાંથી નિવૃત્ત થવાની જરૂરત પડે તો તમે સંગઠનને નુકસાન પહોંચાડ્યા વગર નિવૃત્ત થઈ શકો છો. આથી, તમે જ્યારે પ્રવેશની યોજના બનાવો, ત્યારે તમે તેની સાથોસાથ બહાર નીકળવાની યોજના પણ તૈયાર કરો, કે જેથી જીવન તમારી આગળ રહેલા સમયમાં તમને જે પણ આપે, તમે તમારી જાતને સંચાલિત ન કરી શકાય એવી પરિસ્થિતિ (unmanageable situation)માં સપડાયેલા જુઓ નહિ કે જે અંતે તમને નુકસાન પહોંચાડે છે. આજે, યુરોપ એક વધુ અને વધુ પ્રમાણમાંનું વિશિષ્ટ બજાર (singular market) છે, અને જો અમે અમારા આગેવાનોને એ પૂછીએ કે આપણે યુરોપમાં સહભાગીતાવાળી કેટલી પ્રવૃત્તિઓ ધરાવીએ છીએ, તો જવાબ "નાનકડો" છે. પૂર્વ આફ્રિકામાં કેન્યા, ટાન્ઝાનિયા, યુગાન્ડા, રવાન્ડા, બુરૂન્ડી એક રાજકીય સંદર્ભમાં સંગઠિત થઈ રહ્યા છે, અને આર્થિક સરહદો અદૃશ્ય થઈ જશે. આ ઈસ્ટ આફ્રિકન માર્કેટ (પૂર્વીય આફ્રિકન બજાર) લગભગ બાર કરોડ અને પચાસ લાખ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. ત્યાં વ્યાપારી સમૂહોનું ઘડતર કરવામાં વધુ મોટી પ્રગતિ સાધવામાં આવી છે. સમાન બજારો (common



ITREB FOR INDIA MUMBAI

markets)ને તમારા માટે ફાયદાકારક બનાવો, અને તેમાં જે નવીન તકો રહેલી છે તેમાંથી ફાયદો મેળવવા માટે તમારી જાતને તૈયાર કરો. આથી, અમે અમારી જમાતને જે ફરમાવવા માગીએ છીએ તે એ છે કે જો તમે જાણતા હો કે આવનારાં વર્ષોમાં અર્થતંત્રમાં મંદ ગતિ સંભવિત છે, તો અકલમંદીપૂર્વકની, કલ્પનાશીલ નવીન પહેલો લો, કે જેથી તમે પરિસ્થિતિને તમારી જાત ઉપર સહેલાઈથી પ્રભાવિત થવા દો નહિ, પરંતુ તમે આગળ જઈ અને પરિસ્થિતિનું પૂર્વથી અનુમાન કરો, તમે તેના માટે તૈયારી કરો. અને ઇન્શાઅલ્લાહ, તમે આ પરિસ્થિતિમાંથી બહાર આવવા પામશો, કારણ કે, દાખલા તરીકે, એ સ્પષ્ટ છે - અને દાયકાઓથી સ્પષ્ટ રહ્યું છે - કે એક દિવસ, તેલ એ આપણા જગતનું સંચાલન કરનાર ઊર્જાનો સ્રોત (energy source) રહેશે નહિ. પરંતુ તેમાં ફેરફાર થવા પામે તે પહેલાં તેને સમય લાગશે. અમારાં રૂહાની બાળકોને કદાચ આશ્ચર્ય થતું હશે કે હાઝર ઇમામ આપણને અર્થતંત્ર વિશે શા માટે ફરમાવી રહ્યા છે? અમે આમ એટલા માટે કરી રહ્યા છીએ, કારણ કે અમારા આગેવાનો અમને આર્થિક બાબતો વિશે પૂછે છે, પરંતુ અમે એ જાણતા નથી કે તેઓ અમારા જવાબોમાં તમને કેવી રીતે સહભાગી બનાવે છે.

અમે આ ફરમાન એમ ફરમાવીને પૂર્ણ કરીશું કે ઇન્શાઅલ્લાહ, જ્યારે તમે સાથે મળશો અને તમે બાકીના દિવસનો આનંદ માણશો, ત્યારે અમે અમારા હૃદય અને અમારા વિચારોની સાથે, અમારા પ્રેમ અને અમારા સ્નેહની સાથે, તમારી સાથે સહભાગી થઈશું.

અમે તમારામાંના દરેકને, વ્યક્તિગત રીતે - વ્યક્તિગત રીતે, જાણે કે અમે તમારા ખભા ઉપર અમારો હાથ મૂકેલ છે - તમારામાંના દરેકને, વ્યક્તિગત રીતે, તમારા માટે અને તમારાં કુટુંબો માટે, અને તમારી જમાતો માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે, સારી તંદુરસ્તી માટે, લાંબા જીવન માટે, સિરાતલ્-મુસ્તકીમ ઉપરની મજબૂતી માટે, અને ખાસ કરીને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના, વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે હમણાં એક સૌથી અદ્‌ભુત ભેટ - પારદર્શક પથ્થરમાં એક ફાતિમી પાત્ર (a Fatimid flask in rock crystal) અર્પણ કરેલ છે - અને તે એવી ભેટ છે કે જે આપણા ઇતિહાસમાં પાછળના સમયની તરફ જાય છે, જેમાં આપણા તરીકાના એવા ઘણાબધા સિદ્ધાંતો સ્થાપિત કરવામાં આવ્યા હતા, કે જેમાંથી આપણે જ્ઞાન અને સમજણ મેળવી શકીએ છીએ, જ્યાં આપણે (ન માત્ર) ઇસ્લામમાં બીજા તરીકાઓ સાથે, પરંતુ બિન-મુસ્લિમો સાથે કેવી રીતે સંબંધિત થઈ શકીએ તેના માટેનું માર્ગદર્શન મેળવી શકીએ છીએ. એ સમયે, જ્ઞાનનું, સમજણનું, અમુક સમયે જેને "માનવતાવાદ" કહેવામાં આવે છે તેનું અદ્‌ભુત કેન્દ્રીકરણ હતું. અને અમે માનીએ છીએ કે જગતભરની જમાતના સઘળા સભ્યો માટે તે એક સ્રોત છે, પ્રેરણાનો સ્રોત, સમજણનો સ્રોત, ઇસ્લામમાંના જુદા જુદા લોકો વચ્ચે એકતાનો સ્રોત છે.



ITREB FOR INDIA * MUMBAI *

અમે હમણાં જ ઉપરથી ઊડતા વિમાનનો અવાજ સાંભળ્યો, અને અમે આશ્ચર્યપૂર્વક એમ વિચારતા હતા કે તમારા સઘળા ત્રેસઠ દેશોના રાષ્ટ્રીય વિમાનો અત્યારે ઉપર ઊડવા માંડશે કે શું!

અમારાં વ્હાલા રૂહાની બચ્ચાઓ, અમે તમને ફરમાવ્યું છે કે ગોલ્ડન જ્યુબિલી ખુશી માટેનો પ્રસંગ છે, શું અમે નથી ફરમાવ્યું? આથી, ચાલો આપણે આનંદ મનાવીએ અને સાથે મળીને હસીએ!

અમે ફરી એક વાર, તમને અમારા ઉત્તમ, હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ. તમારી અતિ પ્રતીકાત્મક ભેટ બદલ, નઝરાણા બદલ - ભૌતિક નઝરાણા અને સમય તેમજ જ્ઞાનના નઝરાણા એમ બન્ને માટે અમે બેહદ આભારી છીએ. અમને ખાત્રી છે કે જમાતની એકતાની સાથે, અને બુદ્ધિગમ્ય રીતે તેમજ અકલમંદીપૂર્વક આગળ વધવાની તેની ઇચ્છાની સાથે આપણે જગતભરમાં, ભવિષ્યની તરફ વિશ્વાસની સાથે દૃષ્ટિ કરી શકીએ છીએ. ઉછાળ ધરાવતા (bumpy) સમયો આવશે, ઉછાળ ધરાવતા (bumpy) સ્થાનો આવશે,  પરંતુ તો પણ માનવજાતત ઉછાળવાળા રસ્તાઓ ઉપરથી જવા માટે વાહનો પણ બનાવે છે. અમે તમારા માટે દિવસનો અંતિમ ભાગ અદ્ભુત હોય તેવી શુભેચ્છા દર્શાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA

## મૌલાના હાઝર ઇમામે લિસ્બન, પોર્ટુગલ ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૧૩મી જુલાઈ, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, તમે જ્યાંથી પણ આવ્યા હો, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ ફરમાનની શરૂઆતમાં અહિં લિસ્બનમાં, અમારી ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે હોવા બદલ અમારી બેહદ ખુશી વ્યક્ત કરવા ચાહીએ છીએ, અને અમે વોલન્ટીયરોના ભવ્ય કાર્ય બદલ અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ કે જેઓએ આ હૉલની સજાવટ કરી છે, પોર્ટુગલની બહારના મુરીદોને આવકાર આપ્યો છે, અને સમય તેમજ પ્રયાસોની આવી ઉદારતા દર્શાવી છે કે જેથી આ દરબાર આવા અદ્‌ભુત વાતાવરણમાં થઈ શકે. અને અમે આપણા વોલન્ટીયરોને અમારા ઉત્તમ દુ'આ-આશિષો અને અમારા અભિનંદનો પાઠવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.

અમે આ દરબારના પ્રસંગે, જમાતના સઘળા રૂહાની સભ્યોના રૂહોની અનંત શાંતિ અને રાહત માટે પણ અમારા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

દરબાર એક ખુશીનો પ્રસંગ છે અને આ ફરમાનની શરૂઆતમાં, અમે તમને એ ભારપૂર્વક ફરમાવવા ચાહીએ છીએ કે ઇસ્લામ વેદનાનો ધર્મ નથી; તે વેરભાવનો ધર્મ નથી; તે ક્રોધનો ધર્મ નથી. તે એક સંતુલિત ધર્મ છે કે જેમાં આપણે ન માત્ર મુશ્કેલીને દૂર કરવામાં આપણી મદદ કરવા બદલ પરંતુ આપણા જીવનમાં ખુશી લઈ આવવા બદલ અલ્લાહ તરફ આપણા શુક્રાનાઓ અદા કરીએ છીએ. અને



ITREB FOR INDIA * MUMBAI *

એ ઘણું જ મહત્ત્વનું છે કે તમે એ સમજો કે સ્મિત એક આશીર્વાદ છે; સ્મિત એ ખુશીની એક અભિવ્યક્તિ છે; અને ખુશી અલ્લાહ તરફથી એક ભેટ તરીકે નવાજીશ થતી હોય છે. આથી, આ દરબારના પ્રસંગે, પછીથી, આપણે થોડી ખુશી અને આનંદમાં સહભાગી થઇશું.

પરંતુ સૌપ્રથમ, અમે આ પ્રસંગે, પોર્ટુગલની સરકારે અમારા માટે અહિં પોર્ટુગલમાં, અમારી જમાત સાથે ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કરવાનું જે ભવ્ય રીતે શક્ય બનાવ્યું છે, બહારથી લોકોને સારી પરિસ્થિતિઓમાં અહિં આવવા અને રહેવા શકિતમાન બનાવેલ છે, અને પોર્ટુગલમાં જમાત પોતાને કાયમી રીતે અને સ્થિર રીતે સ્થાયી બનાવી શકે તે બાબત શક્ય બનાવી છે તે બદલ તેઓ પ્રતિ અમારો બેહદ આભાર વ્યક્ત કરવા ચાહી એ છીએ.

આ મુલાકાત એક નોંધપાત્ર મુલાકાત રહી છે, કારણ કે તમે સારી રીતે જાણો છો તેમ ઉમ્માહ અને પશ્ચિમી જગત વચ્ચેના સંબંધો મુશ્કલીભર્યા રહ્યા છે. અને અમારા મત પ્રમાણે એકબીજા વચ્ચે અને બિન મુસ્લિમ જગત સાથે નવા પુલોનું સર્જન કરવામાં, એકસમાન જ્ઞાન, એકસમાન સમજણનું સર્જન કરવામાં મદદ કરવાની જગતના દરેક ભાગમાંની, દરેક મુસ્લિમ સંસ્થાની ફરજ રહેલી છે. અને આ જ કારણસર આ મુલાકાત દરમ્યાન એક મહત્ત્વના કરારનામા ઉપર સહીસિક્કા કરવામાં આવ્યા છે કે જે દ્વારા ઇમામત, અને જમાતની સંસ્થાઓ તેમજ ધી આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક, પોર્ટુગીઝ સરકાર સાથે કાર્ય કરશે, કે જેથી જગતના વિવિધ ભાગોમાં જે વૈશ્વિક સમસ્યાઓનો આપણે સામનો કરી રહ્યા છીએ તેના વિશેની આપણી સમજણમાં વધારો થઇ શકે. આપણે જ્ઞાનમાં સહભાગીતા કરીશું, આપણે વધુ સારી સમજણ પ્રાપ્ત કરવા એકબીજાને સહાય કરીશું, કે જેથી ઇન્શાઅલ્લાહ, આપણે સમસ્યાઓનું નિરાકરણ કરવામાં યોગદાન આપવા શકિતમાન બનીશું. અને જગતભરમાં શાંતિ અને સ્થિરતા પ્રતિનું આ યોગદાન એ ચોક્કસપણે ઇમામતનું લક્ષણ છે. પ્રથમ, ઇમામે જગતભરમાં પોતાના સઘળા મુરીદોના રક્ષણ અને સલામતી માટે કાળજી ધરાવવી જોઇએ. અને આમ કરવા માટે, નવીન જ્ઞાન, નવીન સમજણ અને મિત્રાચારીના પુલોનું સર્જન કરવા કરતાં થોડું વધારે સારું કરી શકાય તેમ છે. અને અમે ઘણી ઊંડી રીતે ખુશી છીએ કે પોતાના સમાજમાં બહુમતવાદી (pluralist) એવા એક કેથલિક દેશ, પોર્ટુગલે જગતભરમાં ભવિષ્યના વિકાસ માટે ઇમામત સાથે કાર્ય કરવાનું પોતાના હિતમાં અને આપણા હિતમાં નિહાળેલ છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આ પ્રસંગે પોર્ટુગલમાંની (જ નહિ) પરંતુ સામાન્ય રીતે કહીએ તો ઔદ્યોગિક જગતમાંની અને અન્ય જગ્યાઓમાંની અમારી જમાતને ફરમાવવા ચાહીએ છીએ કે આપણી આગળ આવનારાં હવે પછીનાં બે અથવા ત્રણ વર્ષો તરફ આપણને સંભાળપૂર્વક દૃષ્ટિ કરવાની જરૂરત પડશે, કારણ કે એવી સંભાવના છે કે વિકાસ મંદ થવા પામશે. આર્થિક વિકાસની આ મંદ ગતિ (slowing down) નો

સામનો કરવા માટે આપણને અક્કલમંદ બનવાની જરૂરત પડશે, અને આપણને દૂરંદેશી બનવાની જરૂરત પડશે. અક્કલમંદ બનવા માટે અને દૂરંદેશી બનવા માટે આપણને એવી પરિસ્થિતિઓ માટે તૈયારી કરવી જોઈએ કે જ્યાં એવી મુશ્કેલીઓ, દબાણો અને તાણ રહેલ હશે કે જેને આપણને હાથ ધરવાની જરૂરત પડશે.

સૌપ્રથમ, જ્યુબિલી વર્ષ દરમ્યાન અને જ્યુબિલી વર્ષના અંત સુધીમાં, અમે એવી આશા રાખીએ છીએ કે જગતભરની આપણી જમાતના બે વિસ્તારોનું રક્ષણ કરવા અને તેમને સહાય કરવા માટે આપણી પાસે તકો, સંસ્થાઓ અને કાર્યક્રમો રહેલા હશે. પ્રથમ, અતિ ગરીબ - કારણ કે મંદીલક્ષી વાતાવરણમાં એ તે લોકો છે કે જેઓ ઘણીવાર પોતાને અતિશય મુશ્કેલીમાં પામે છે. બીજું, *અલ્હમ્દુલિલ્લાહ*, જીવન વધુ લાંબું થતું જાય છે, અને આપણને એ બાબતની ખાત્રી કરવાની જરૂરત પડશે કે બુઝુર્ગોના જીવનની ગુણવત્તા એ જેવી હોવી જોઈએ તેવી છે; તેઓ જેમ વધુ વૃદ્ધ થતા જાય તેમ તેઓ એક ગૌરવભર્યું જીવન ધરાવતા હોય; તેઓ યોગ્ય સાથ, યોગ્ય આરોગ્ય-સંભાળ ધરાવતા હોય. અને આથી, આ બીજો મુદ્દો છે - બુઝુર્ગોનો મુદ્દો - કે જે અમે આશા રાખીએ છીએ કે જ્યુબિલી વર્ષના અંત સુધીમાં બુઝુર્ગોને તેમની વૃદ્ધાવસ્થા દરમ્યાન મદદ કરવા માટે નવીન તકો વિકસાવવા તરફ ધ્યાન આપવા આપણે શક્તિમાન બન્યા હશું.

બીજું લક્ષ્યાંક જે આપણે નક્કી કર્યું છે તે એ સઘળા દેશો કે જેમાં જમાત રહે છે, તેને તકોવાળા દેશો બનાવવાનો પ્રયાસ કરવા માટે કાર્ય કરવાનું ચાલુ રાખવાનું છે. જીવનનું એક સૌથી મહત્ત્વનું પાસું, પસંદ કરવાની સ્વતંત્રતા છે. પસંદ કરવાની સ્વતંત્રતાનો આધાર એ બાબત પર રહેલો છે કે શું એવા દેશો, આપણા વિશ્વના એવા વિસ્તારો, છે કે જ્યાં જમાત શાંતિની અંદર, એકતાની અંદર રહી શકે, પોતાના ધર્મનું સ્વતંત્ર રીતે પાલન કરી શકે, અને યુવાન પેઢીઓ એવી રીતે ઉછેર પામે કે તેઓ ભવિષ્ય તરફ વિશ્વાસપૂર્વક દૃષ્ટિ કરી શકે. તકોની આ પરિસ્થિતિઓનું સર્જન કરવા માટે ઇમામત સઘળા દેશોમાં, માનવ સાહસ (human endeavour)નાં સઘળાં ક્ષેત્રોમાં, જ્યાં પણ આપણાથી થઈ શકે ત્યાં, એ બાબતની ચોકસાઈ કરવાનો પ્રયત્ન કરવા માટે કાર્ય કરવાનું ચાલુ રાખશે કે સુશાસન (good government) હોય, સારું આર્થિક સંચાલન (good economic management) હોય, સારું શિક્ષણ હોય, સારી આરોગ્ય-સંભાળ હોય, અને લોકો વચ્ચે શાંતિ હોય. આ બીજું લક્ષ્યાંક છે કે જે અમે જ્યુબિલી વર્ષ માટે નક્કી કરેલ છે.

(11)

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

ભૂતકાળમાં ઘણી સમસ્યાઓ ઊભી થવા પામી હતી, કારણ કે ગંભીર મુશ્કેલીઓ અથવા ઔદ્યોગિક જગતમાંની જીવનની ગુણવત્તાની સામે વિકાસ પામી રહેલ જગતની જીવનની ગુણવત્તા વચ્ચે અસમતુલાઓ રહેલી હતી. આમાંની ઘણીખરી મુશ્કેલી ગરીબી, સંસ્થાકીય કાબેલિયતના અભાવ,



FREB FOR INDIA * MUMBAI *

શિક્ષણના નબળા યોગદાન વગેરેના કારણે થવા પામી હતી. જ્યુબિલી વર્ષની શરૂઆતમાં અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવ્યું હતું કે જ્યુબિલી વર્ષના પ્રસંગે તમે હંમેશાં ઘણા જ ઉદાર રહ્યા છો, અને તમે ઇમામતની સંસ્થાઓ પ્રતિ જે ભૌતિક સહાય ઉપલબ્ધ કરાવેલ છે, અને ઉપલબ્ધ કરાવી રહ્યા છો, તે બદલ અમે અતિ આભારી છીએ. પરંતુ અમે એ પણ ફરમાવ્યું હતું કે સમય અને જ્ઞાનની સહભાગીતા માટે અમે તેમજ જગતભરની જમાત અતિ આભારી થશું. જગતભરમાં આપણે મજબૂત સંસ્થાઓનું ઘડતર કરી શકીએ તેનો એક માત્ર માર્ગ, ઉત્તમ સમય અને ઉત્તમ જ્ઞાનની સહભાગીતામાં રહેલો છે, કે જેથી એ સઘળા દેશો કે જે તકો ધરાવતા દેશો બને એવું આપણે ઇચ્છીએ છીએ, તેમાં આપણી સંસ્થાઓ એવી સંસ્થાઓ બનવા પામે કે જેના આધારે આપણે જેની વચ્ચે રહીએ છીએ તે લોકો અને જમાત પોતે આગળ વધી શકે, અને સંસ્થાકીય વિકાસમાં ઉત્તમ પ્રથાઓ (best practices)ની એક પ્રક્રિયાની શરૂઆત કરી શકે, કે જેથી આપણી સંસ્થાઓ આવનારા દાયકાઓ દરમ્યાન જગતભરના અનેક દેશોના જીવનની ગુણવત્તા પ્રતિ નોંધપાત્ર યોગદાન આપી શકે. એટલા માટે જ, જે સઘળા મુરીદોએ કોઈપણ સ્વરૂપે નઝરાણું અર્પણ કર્યું છે તેઓને અમે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવવા ચાહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે ભવિષ્ય તરફ દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે આવનારાં થોડાં વર્ષોમાં, આપણને જમાતમાં આપણા આર્થિક પાયાને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવાની જરૂરત પડશે. તેનો અર્થ સંભાળપૂર્વક રહેવાનો, સંસાધનોનો બિન સલાહભરી રીતે ઉપયોગ ન કરવાનો, તમારી સંસ્થાઓમાં કાબેલિયતનું ઘડતર કરવા માટે નવીન તકોનો પ્રયાસ કરવાનો અને સંગઠિત થવાનો થાય છે. સંગઠિત થવાનો અર્થ એ થાય છે કે સંગઠનો (associations), ભાગીદારી (consortia), એક સરખી પ્રવૃત્તિઓમાં જે મુરીદો છે, પછી તે વ્યવસાયિક પ્રવૃત્તિઓ હોય, અથવા આર્થિક પ્રવૃત્તિઓ હોય, તેઓ વચ્ચે જે પણ અન્ય વ્યવસ્થાઓ તમે ઇચ્છતા હો તેનું સર્જન કરવું. અમે જાણીએ છીએ કે અમુક સમયે આ વ્યવસ્થાઓમાં દાખલ થવા માટે અમારી જમાત થોડી સાવચેત રહેતી હોય છે, કારણ કે સદ્ભાગ્યે, તમે બધા વ્યક્તિત્વવાદીઓ (individualists) છો - અને એ જ બાબત જમાતની મજબૂતી પેદા કરે છે, કારણ કે તમે વ્યક્તિત્વવાદીઓ (individualists) છો. પણ તમને ચિંતાઓ રહેલી છે: જો આપણે આ સમજૂતીમાં દાખલ થઈશું તો શું તે કાર્ય કરશે? કોણ કાર્ય કરશે, જે તેઓએ ન કરવું જોઈએ, વગેરે વગેરે. આથી, અમે આજે અમારી જમાતને ફરમાવીએ છીએ: દાખલ થાઓ, પરંતુ બહાર નીકળવાનો માર્ગ તૈયાર કરો, કે જેથી તમે જે પણ સંસ્થામાં દાખલ થવાનો નિર્ણય કર્યો છે તેને નુકસાન કર્યા વગર તમે પ્રતિષ્ઠાપૂર્વક બહાર નીકળી શકો.



ITREB FOR INDIA
MUMBAI

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણે જે જગતમાં રહીએ છીએ તેમાં એ અતિશય મહત્ત્વનું છે કે આપણા ધર્મની નીતિમત્તાઓ સમજવામાં આવે અને તેનું પાલન કરવામાં આવે, કારણ કે અનેક દેશોમાં આજે આપણે જે જોઈ રહ્યા છીએ તે એ છે કે જ્યાં સરકારો નબળી છે, જ્યાં બંધારણલક્ષી બાબતો (constitutionality) નબળી છે, ત્યાં એ સીવીલ સોસાયટી છે, તે સમગ્ર સીવીલ સોસાયટી છે કે જે વિકાસની પ્રક્રિયાઓમાં સહાય કરવા માટે આગળ આવે છે. જો સીવીલ સોસાયટી અનૈતિક રીતે વર્તણૂક કરે તો પછી સમાજનો વિકાસ જોખમમાં મુકાઈ જાય. આથી, આપણા ધર્મની નીતિમત્તાઓ ઈમાનદારી, પ્રમાણિકતા, લોકો વચ્ચે શાંતિ, આપણી વચ્ચે ભાઈચારા સંબંધી વાત કરે છે. આ બાબતનું તમે જીવનમાં જે પણ કંઈ કરો છો, પછી ભલે તે વ્યવસાયોમાં હોય, આર્થિક ક્ષેત્રમાં હોય કે બીજી કોઈ વસ્તુમાં હોય, તેમાં અમલીકરણ થવું જોઈએ, કે જેથી સીવીલ સોસાયટી એવું સંસાધન બનવા પામે કે જે પ્રતિ તમે યોગદાન આપી શકો અને જેમાંથી તમે સતત પ્રગતિની અપેક્ષા રાખી શકો. અને જો તમે આજે જગત તરફ દૃષ્ટિ કરો, તો તમે અનેક દેશો જોશો - જો તમે તેના વિશે વિચાર કરો - તો તેઓ નબળી સરકારો ધરાવે છે, પરંતુ તેઓએ પ્રગતિ કરવાનું ચાલુ રાખ્યું છે, અને આ એકધારી પ્રગતિ મૂળભૂત રીતે સીવીલ સોસાયટી દ્વારા સંચાલિત થાય છે.

આથી, આપણા ધર્મના સિદ્ધાંતો તમારા દરરોજના સિદ્ધાંતો હોવા જોઈએ. દરેક મુરીદ, સઘળા સમયે: આપણા ધર્મના સિદ્ધાંતો ધ્યાનમાં રાખે. તમારા ધર્મના પાલનમાં નિયમિત રહો. જો કોઈ ખાસ કારણસર તમે જમાતખાનામાં આવવા અશક્તિમાન હો, તો દિવસ અથવા રાત્રીના કોઈપણ સમય દરમ્યાન તમારી તસ્બીહ લો, અને અલ્લાહના નામનું સ્મરણ કરો, હઝરત અલી (અ.સ.)ના નામનું સ્મરણ કરો, ઇમામોનાં નામોનું સ્મરણ કરો. પરંતુ ધર્મને પ્રસંગોપાતની બૌદ્ધિક (occasional intellectual) અથવા રૂહાની ઉપલબ્ધતા (spiritual access)ના ભાગરૂપ બનવા દેતા નહિ. તેને સઘળા સમયે, તમારા જીવનનો દરરોજનો ભાગ બનાવો.

દરબાર ખુશીનો પ્રસંગ છે, અને અમે આજે, આ ફરમાનમાં માત્ર ગંભીર બાબતોનો સમાવેશ કરવાનો જ ઇરાદો નથી રાખતા. અમે તમને અમુક રમૂજ અને હાસ્યમાં સહભાગી બનાવવાનો ઇરાદો રાખીએ છીએ. અમુક સમયે, આધુનિક જીવનમાં અમે આગળની તરફ દૃષ્ટિ કરીએ છીએ અને અમે અમારી જાતને કહીએ છીએ: આપણી આજુબાજુ શું થઈ રહ્યું છે? અને અમે એ બાબત વાંચી છે કે પોર્ટુગલમાં અમારી જમાત વૃદ્ધ થઈ રહી છે, આથી, અમારી રીતે અમે વિચાર કર્યો: અમારા મુરીદો જેમ વૃદ્ધ થતાં જાય છે તેમ વધુ અને વધુ પોતાના ડોક્ટરો અને પોતાના આહાર નિષ્ણાતો (dieticians)ના પ્રભાવ હેઠળ આવતાં જાય છે, અને તેમને કહેવામાં આવે છે કે શું ખાવું અને તેમને કહેવામાં આવે છે કે શું ન ખાવું વગેરે વગેરે. અને અમે અમારી જમાતને અનેક પ્રસંગોએ ફરમાવ્યું છે કે ધૂમ્રપાન નહિ કરો, નશીલી દવાઓમાં સંડોવાતા નહિ. એ તંદુરસ્તી અને નૈતિકતાની બાબતો છે. પરંતુ, હવે અમે એક મોટી





ITREB FOR INDIA * MUMBAI *

મુશ્કેલીનો સામનો કરી રહ્યા છીએ; આપણે બ્રોકલી (એક વનસ્પતિનો છોડ)નું શું કરવું જોઈએ? દરરોજ, આપણે બ્રોકલીના ચમત્કારીક ગુણો વિશે વાંચતા હોઈએ છીએ, અને અમે અમારી જાતને પૂછીએ છીએ: શું અમારે આ બાબતનો જમાત પ્રતિ નિર્દેશ કરવો જોઈએ અને શું અમારે બ્રોકલી ખાવા માટે તમને પ્રોત્સાહન આપવું જોઈએ? આહાર નિષ્ણાતો કહે છે કે તે આપણી સારી તંદુરસ્તી માટે આવશ્યક છે. માનવશાસ્ત્રના નિષ્ણાતો (anthropologists) આપણને જણાવે છે કે આપણે જે પણ કંઈ ખાઈએ છીએ, છેવટે આપણે તેના જેવા દેખાવા લાગીએ છીએ. આથી જે ભવિષ્યની પેઢીઓ વધુ પડતી બ્રોકલી ખાય છે તેના વિશે અમે ચિંતિત છીએ, અને તેઓનો ઉછેર કદાચ ઘણા નાનકડા પગ, ઘણા લાબા કાન અને મૂછના મોટા વાળ સાથે થઈ શકે છે.

આથી, તમે જુઓ કે આપણે હાસ્ય અને ખુશીમાં સહભાગી થઈ શકીએ છીએ. અને અમે અમારી જાતને કહીએ છીએ: અમારી જમાત ઓલમ્પિકની રમતો જોતી હશે - જ્યારે પુરુષો માટેની એક સો મીટર દોડનો વિજેતા ઊભો થઈને એમ કહે કે "શાબાશ બ્રોકલી"! ત્યારે શું થશે? આ બાબત ફરી પાછી ફક્ત એ હકીકત દર્શાવે છે કે ઇસ્લામ ખુશીનો ધર્મ છે. આપણે હસી શકીએ છીએ, અને અમને અમારી જમાત સાથે હસવાનું ગમે છે.

આ ફરમાનના અંતે, અમે તમારામાંના દરેકને અને એકે એકને સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે જમાતની અદ્ભુત ઉદારતા માટે, અને તમે જે અતિશય સુંદર ભેટ અમને પેશ કરેલ છે તે માટે પોર્ટુગલની અમારી જમાત પ્રતિ અને જે જમાતો એ કાઉન્સિલની જવાબદારી હેઠળ છે તેમના પ્રતિ અમારો બેહદ આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. એક હદીસ છે કે જે ફરમાવે છે કે જ્ઞાન ચીન સહિત જ્યાંથી પણ મળે તેમ હોય, ત્યાંથી તમારે મેળવવાનો પ્રયાસ કરવો જોઈએ! તમે અમને એક અતિશય સુંદર ચીનની થાળી અર્પણ કરેલ છે, અને તમે આ અર્થપૂર્ણ ભેટ જે આજે અમને અર્પણ કરેલ છે તે બદલ અમે બેહદ આભારી છીએ.

જો કે, આ સાંજના અમે તમારી સાથે નહિ હશું, અમે વિચારીએ છીએ કે અમારી જમાત, મોટાભાગે સાથે મળે છે અને તમે ડાંડિયારાસ રમશો, અને તમે સમોસા અને બિરયાની જેવી સઘળા પ્રકારની





ITREB FOR INDIA * MUMBAI *

વસ્તુઓ ખાશો. અમે આશા રાખીએ છીએ બ્રોક્લી તેમાં નહિ આવે! અને દરેક સમયે તમે એ બેડોળ વનસ્પતિ જુઓ, તમે હસજો!

અમે આજે તમને - શારીરિક રીતે, પરંતુ રૂહાની રીતે નહિ - અને તમારા ચહેરાઓ ઉપર સ્મિત સાથે, તમારા હ્રદયોમાં શાંતિ સાથે, અને તમારી ઉમેદોની પરિપૂર્ણતા સાથે એક ખુશહાલ, સંગઠિત જમાત તરીકે છોડી જવા ચાહીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.





ITREB FOR INDIA * MUMBAI *

# મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ અલ્-હુસૈનીએ સિરિયામાં મંગળવાર, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૮ના સલમિય્યા ખાતે અને બુધવાર, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૮ના અલ્-ખ્વાબી ખાતે ફરમાવેલ ઇર્શાદ મુબારક

બિસ્મિલ્લાહિર્ રહ્‌માનિર્ રહીમ

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ, ઇસ્લામ અને અન્ય ધર્મોમાંનાં અમારાં ભાઈઓ અને બહેનો.

અસ્સલામુ અલૈકુમ

આ ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે, આપની સાથે ફરી એક વાર હોવા બદલ આ દિવસ અમારા માટે એક વિશિષ્ટ ખુશીનો દિવસ છે. ઇસ્માઈલી ઇમામત અને જમાત ઘણી સદીઓથી સિરિયામાં ઉપસ્થિતિ ધરાવે છે અને તેની સાથે જોડાણ ધરાવે છે. આ ઇર્શાદની શરૂઆતમાં અમે નામદાર પ્રેસિડેન્ટ બશર અલ્-અસદ અને તેમની સરકારના ઉદાર આમંત્રણ બદલ તેમજ અહિં સિરિયામાં અમારા રોકાણ દરમ્યાન તેઓએ અમને જે ઘણો સદ્‌ભાવ અને સૌજન્યશીલતા અર્પણ કરેલ છે તે બદલ તેઓ પ્રતિ અમારો ઉષ્માપૂર્ણ આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

આ મુલાકાતને શક્ય બનાવવા માટે વોલન્ટીયરો અને જીવનનાં દરેક ક્ષેત્રોમાંના અસંખ્ય લોકોએ જે સઘળા પ્રયાસો, સમય અને અન્ય સંસાધનો અર્પણ કરેલ છે, તેનાથી અમે વાકેફગાર છીએ. અમે એ સઘળાઓ પ્રતિ તેઓના સામુહિક પ્રયાસ બદલ અમારો ઉષ્માપૂર્ણ અને ઊંડો આભાર તેમજ અમારી પ્રશંસા વ્યક્ત કરીએ છીએ. આજે, અમે તમારી સાથે અમારી ઇમામતના ૫૦ વર્ષોની ઉજવણી કરી રહ્યા છીએ, અને આવા પ્રકારનો પ્રસંગ કે જેનો સામાન્ય રીતે અમે દરબાર તરીકે ઉલ્લેખ કરીએ છીએ, એ એક એવો પ્રસંગ છે કે જે આપણા સૌ માટે અતિશય ખુશી અને આનંદ લઈ આવે છે. અમે આશા રાખીએ છીએ કે ઘણી જ ખુશીઓ મનાવવામાં આવશે અને તમે એ જાણો કે જ્યારે તમે આ ઉજવણીનો પ્રસંગ મનાવી રહ્યા છો ત્યારે અમે તમારી સાથે હશું.

૨૦૦૧માં અમારી મુલાકાત દરમ્યાન અમે તમને ફરમાવ્યું હતું કે સિરિયાની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પ્રગતિ તેમજ તેના લોકો અને તેની સંસ્થાઓ પ્રતિ આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક પોતાનું યોગદાન આપવા શક્તિમાન બની શકે તે માટે પ્રેસિડેન્ટ અને તેમની સરકાર દ્વારા જે સર્વોત્તમ પાયાઓ મૂકવામાં આવ્યા હતા, તેનાથી અમે કેટલા ખુશ હતા.



ITREB FOR INDIA * MUMBAI *

સિરિયાની નવીન આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા (international standing) અને અનેક ક્ષેત્રોમાં જે પ્રગતિ કરવામાં આવી છે તેનું અમે ખુશી સાથે નિરીક્ષણ કરી રહ્યા છીએ. આજના જગતમાં, સઘળા દેશો, પછી ભલે તે કેટલા પણ મોટા અથવા નાના હોય, તેમનું વૈશ્વિક સ્થાન (global position) એ એક મહત્વની બાબત છે, કારણ કે સંસ્થાઓ અને વ્યક્તિઓ પોતપોતાના સંબંધિત સમાજોમાં જેટલા હરીફાઇપૂર્ણ હોય છે, તેટલું જ દેશોની વચ્ચે આપણું જગત હરીફાઇભર્યું હોય છે.

૨૦૦૧માં સિરિયાની સરકાર અને આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક વચ્ચે કરવામાં આવેલ કરાર, જેને પાર્લામેન્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ હતા, તેણે એ બાબતનું અગાઉથી અનુમાન કર્યું હતું કે શિક્ષણ, માઇક્રો ક્રેડિટ દ્વારા ગરીબીને ઓછી કરવી, ઐતિહાસિક ઇમારતોના પુનઃનિર્માણ અને પુનઃઉપયોગ (restoration and reutilization) દ્વારા સાંસ્કૃતિક વિકાસ, આરોગ્ય સેવાઓની સુધારણા અને ગ્રામીણ ઉત્પાદનશીલતા (productivity) ની સુધારણા પ્રતિ યોગદાન સહિત અનેક ક્ષેત્રોમાંની નવીન પહેલો તરફ આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક સહાય લઇ આવશે. આપણું લક્ષ્યાંક સિરિયાના દરેક લોકો, પછી ભલે તેઓ જે પણ પાશ્ચાદ્‌ભુમિકા (background) માંથી હોય, તેમના જીવનની ગુણવત્તાની સુધારણાનું હતું. આમાંના જે અનેક લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં આવેલ છે, તે પ્રેસિડેન્ટ, તેમની સરકાર અને એ સંખ્યાબંધ સ્થાનિક સત્તાવાળાઓને આભારી છે કે જેમની સાથે અમે કાર્યકર્યું છે અને આજે, તેમની તરફ અમે અમારો ઉષ્માપૂર્ણ આભાર વ્યક્ત કરીએ છીએ.

એ આમારી આશા છે અને દુઆ છે કે આવનારાં વર્ષો દરમ્યાન શાળા અને યુનિવર્સિટીના શિક્ષણના આપણા સહકાર્યભર્યા પ્રયાસોને મજબૂત કરવા અને વિસ્તૃત કરવા, માઇક્રો ઇન્શ્યુરન્સ જેવા નવીન તેમજ જરૂરી ક્ષેત્રોમાં માઇક્રો ક્રેડિટની બિન નફાકારક પ્રવૃત્તિઓને વિસ્તારિત કરવા, ગ્રામીણ અને શહેરી એમ બન્ને વાતાવરણોમાં સાંસ્કૃતિક અસ્કયામતો (assets) નો ફરીથી વિકાસ કરવા આપણે શક્તિમાન બનીશું, કે જેથી તેમને નવીન ઉપયોગિતા આપીને તેમને સામાજિક અને આર્થિક વિકાસ માટે ઉપયોગમાં લઇ શકાય. વૈશ્વિક તાપમાન (global warming) વધવાના કારણે, ખાસ કરીને વેરાન વિસ્તારોમાં પાણીના યોગ્ય નિયમન (good water management) દ્વારા સિરિયાની ખેતીવાડીની પ્રવૃત્તિઓને મજબૂત બનાવવા માટે ઘણું વધારે કાર્ય કરવું જરૂરી છે.

અમે આ બાબતો વિશે તમને સંબોધી રહ્યા છીએ, કારણ કે આ સઘળી બાબતો સિરિયામાંની વર્તમાન અને ભવિષ્યની પેઢીઓની જીવનની ગુણવત્તા ઉપર અસર ધરાવે છે. પ્રત્યેક મુસ્લિમ ઉપર, ઉમ્માહની અંદર સઘળા લોકોની જીવનની ગુણવત્તાની સુધારણા કરવાનો પ્રયાસ કરવાની

જવાબદારી રહેલી છે; અને ઇમામતની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ (development activities) આ જવાબદારીને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહી છે. એ અમારી ઊંડી દઢ માન્યતા છે કે એ જવાબદારી કે જે ઇસ્લામના નાઝિલ થવાના સમયથી સઘળા મુસ્લિમો ઉપર રહેલી છે, તે એક એવી જવાબદારી છે કે જો આપણે એવી અપેક્ષા રાખતા હોઈએ કે એક દિવસ, ઉમ્માહ અને તેની અંદર રહેતા સહુકોઈ પોતાની એ આશા અને દુ'આમાં વિશ્વાસ ધરાવી શકે કે તેમના જીવનની ગુણવત્તા આજે છે તેના કરતાં આવતીકાલે વધુ સારી હશે, તો પછી એ જવાબદારી પ્રતિ આપણે સહુએ સાથે મળીને યોગદાન આપવું જ જોઈએ.

જીવનની ગુણવત્તાને કઈ રીતે સુધારી શકાય તે માટે ઉમ્માહની અંદર તફાવતો રહેલા છે, આમાંના કેટલાક તફાવતો ભૂતકાળના વારસામાં મળેલા છે અને કેટલાક આપણા વર્તમાન સમયના બનાવો થકી પેદા થયેલા છે. આ વિભાજનો, ઉમ્માહની અંદરના સઘળા સમાજો માટે, તેઓ જેમ ઇચ્છે છે તેમ, ઉમ્માહના સઘળા લોકોના જીવનની ગુણવત્તાની સુધારણા કરવાનું મુશ્કેલ બનાવે છે. આ એક દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ છે, અને એમાં કોઈ શક નથી કે તે પરિસ્થિતિ સદીઓથી અસ્તિત્વ ધરાવે છે, પરંતુ આ તફાવતોને દૂર કરવા અને નવા તેમજ કાયમી પુલોનું ઘડતર કરવાનો પ્રયાસ કરવા માટે દરેક પેઢીમાંના દરેક મુસ્લિમ ઉપર જવાબદારી રહેલી છે. અમારી આ દઢ માન્યતાનો પાયો સ્પષ્ટ રીતે આપણા ધર્મની નીતિમત્તામાં રહેલો છે, અને તે આપણે જ્યારે આ ભૌતિક જગતમાં છીએ ત્યારે આપણી ઇસ્લામી જવાબદારીઓમાંથી ઉદ્ભવે છે.

અનંતતાના જગતમાં આપણે શહાદા - લા ઇલાહા-ઇલ્લલ્લાહ - મુહમ્મદુર્-રસૂલિલ્લાહમાં વ્યક્ત કરવામાં આવ્યું છે તેમ ઇસ્લામના ભાઈચારાથી જોડાયેલા છીએ. સમય પોતાની અસર ધરાવે છે, અને આજે, મુસ્લિમ ધર્મની એક સમાન સાક્ષી દ્વારા બંધાયેલા સઘળા એક અબજ લોકો જુદી જુદી સંસ્કૃતિઓમાં રહે છે, જુદી જુદી ભાષાઓમાં સંદેશ-વ્યવહાર કરે છે, જુદાં જુદાં બંધારણો હેઠળ રહે છે, અને પોતાના ધર્મના અર્થઘટનોમાં વિભિન્ન પ્રમાણમાં તફાવતો ધરાવે છે. મુસ્લિમ જગતની આ અનેકતા (plurality) બેશક પાછો ફેરવી ન શકાય તેવો ભૂતકાળમાંનો એક વારસો છે, અને આજે પણ સતત ચાલતો આવે છે, પરંતુ તે આજની અને આવતીકાલની પેઢીઓમાંના આપણા જીવનનાં સઘળા પાસાઓ તરફ જો વધુ વિશાળ ઉપયોગમાં યોગદાન આપે, કે જેમ તેને આપવું જોઈએ, અને તે સ્પષ્ટ રીતે ઇસ્લામના સિદ્ધાંતોની અંતર્ગત હોય, તો પછી તે એક એવી મજબૂતી છે કે જેના માટે આપણે આભારી બનવું જોઈએ. મજબૂતીના સ્રોત તરીકે વિવિધતાનું બહુમૂલ્ય કરવું અને તેમાંથી પ્રેરણા મેળવવી એ મુખ્ય પરિબળોમાંનું એક પરિબળ હતું કે જેણે ભૂતકાળમાંના મુસ્લિમોને મહાન સંસ્કૃતિઓનું સર્જન કરવા શક્તિમાન બનાવ્યા હતા.



ITREB FOR INDIA * MUMBAI *

અમારાં સઘળાં રૂહાની બાળકો, જેઓ આજે અહિં હાજર છે તેઓને, અને તમારાં કુટુંબો, તેઓ જ્યાં પણ હોય, તેઓને બરકાહ માટે, અને તમે જે પણ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છો, તેના ઉકેલ માટે અમે અમારા અતિશય ઉમળકાભર્યા પ્રેમાળ દુ'આઆશિષો ફરમાવીએ છીએ. ઇસ્લામ અને અન્ય ધર્મોમાંનાં અમારાં ભાઈઓ અને બહેનો એ બાબતની ખાત્રી રાખે કે તમારી શાંતિ, તમારી એકતા માટે અને તમારા સુખ માટે અમારી ઊંડી અને હૃદયપૂર્વકની દુ'આઓ તમારી સાથે છે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં સઘળાં રૂહાની બાળકો, જેઓ અહિં હાજર છે, તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે, તમારાં કુટુંબોને તમારા સુખ માટે, મુશ્કીલ આસાન માટે તેમજ તમારાં કુટુંબોના સઘળા રૂહાની સભ્યોની શાંતિ અને રાહત માટે અમારા ઉમળકાભર્યા પ્રેમાળ દુ'આઆશિષો. તમે અમને ઓટોમન કુરૂઆને શરીફની જે ભવ્ય કોપી અર્પણ કરેલ છે તે માટે પણ અમે તમને અમારો ઉષ્માપૂર્ણ આભાર વ્યક્ત કરીએ છીએ. તે સિરિયાની અમારી ગોલ્ડન જ્યુબિલી મુલાકાતની એક અદ્‌ભુત યાદગીરી રહેશે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA * MUMBAI *

## મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ અલ્-હુસૈની આગાખાને ઇશ્કાશિમ, બદખશાન, તાજિકિસ્તાન ખાતે ફરમાવેલ ઇર્શાદ મુબારક

૪થી નવેમ્બર, ૨૦૦૮

બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ, અને ઇસ્લામમાંનાં અમારાં ભાઈઓ અને બહેનો,

તાજિકિસ્તાન ખાતેની આ મુલાકાત સપ્ટેમ્બર, ૧૯૯૮માં અમારી અગાઉની મુલાકાતના તે દિવસથી લગભગ ૧૦ વર્ષ પછી થઈ રહી છે. પરંતુ આ મુલાકાત અમારી ગોલ્ડન જ્યુબિલી દરમ્યાન થઈ રહી હોવાથી તે નોંધપાત્ર રીતે એક જુદી મુલાકાત છે. આવો પ્રસંગ ઇસ્માઈલી કોમ, અમારા અનેક દોસ્ત બિરાદરો, અને અમારા માટે મહાન અને ઉષ્માભરી ખુશી લઈ આવે છે, અને આ બાબત ખાસ કરીને આ સમયે ખરી છે. અમે આ પ્રસંગે, (ન માત્ર) અહિં તાજિકિસ્તાનમાં, પરંતુ નદીની પેલી પાર પણ અમારી જમાતને એ પણ ફરમાવવા ચાહીએ છીએ કે ઇમામના પ્રેમને કોઈ ભૌતિક સરહદો હોતી નથી. કોઈપણ પહાડ, કોઈપણ નદી, કોઈપણ રણપ્રદેશ, તેની જગતભરની જમાત માટેના ઇમામના પ્રેમને અટકાવી શકતા નથી. અમે આ ઇર્શાદની શરૂઆતમાં, આ તકે એ ફરમાવવા ચાહીએ છીએ કે અમારા ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન તાજિકિસ્તાનની મુલાકાત લેવા નામદાર પ્રેસિડેન્ટ રહેમોનના આમંત્રણ માટે અમે કેટલી પ્રશંસા ધરાવીએ છીએ, અને અસંખ્ય સદ્ભાવના અને સૌજન્યશીલતાઓ જે અમને અર્પણ કરવામાં આવી છે તે બદલ અમે તેઓના પ્રતિ અને તેમની સરકાર પ્રતિ તેમજ બદખશાનના પ્રદેશના ગવર્નર અને તેમના વહીવટીતંત્ર પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે વધુમાં, ખોરોગ અને ઇશ્કાશિમના સઘળા સત્તાધિકારીઓએ જમાત અને જગતભરમાંથી બીજાઓને જે અદ્ભુત રીતે આવકાર આપેલ છે તે બદલ તેઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

અમે જીવનનાં જુદાં જુદાં દરેક ક્ષેત્રમાંના અનેક વૉલન્ટીયરો કે જેઓએ આ મુલાકાતને શક્ય બનાવવા માટે પોતાનો સમય અને સંસાધનોનું યોગદાન આપ્યું છે તે બદલ તેઓ પ્રતિ પણ અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. સઘળાઓ એ બાબતની ખાત્રી રાખે કે તેઓ જ્યારે આ ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કરે છે ત્યારે અમે તેમની સાથે આનંદ મનાવી રહ્યા હશું. અને બદખશાનના લોકો દ્વારા અમારું જે ઉષ્માભરી રીતે સ્વાગત કરવામાં આવેલ છે તેનાથી અમે ઘણા જ પ્રભાવિત થયા છીએ.

માત્ર અમુક ૧૫ વર્ષો પહેલાં જ ઇસ્માઈલી જમાતે, અહિં તાજિકિસ્તાનમાં, જગતભરની પોતાની સહ જમાતો અને ઝમાનાના ઇમામ સાથે સીધા સંપર્કો સાધવાની શરૂઆત કરી હતી, પરંતુ એ ૧૫ વર્ષો



ITREB FOR INDIA * MUMBAI *

દરમ્યાન કઇ રીતે બે અતિશય મહત્ત્વપૂર્ણ ઘટનાઓ બની છે તેનું અવલોકન કરવાની બાબત અમારા માટે ઊંડી ખુશીનું કારણ છે :

પ્રથમ, તાજિકિસ્તાને દેશમાં શાંતિનું પુનઃસ્થાપન કરવામાં, મજબૂત અને લાભદાયી નવીન આંતરરાષ્ટ્રીય સંબંધોનુ ઘડતર કરવામાં તેમજ રાષ્ટ્રીય અર્થતંત્રનું પુનઃઘડતર કરવામાં પ્રશંસનીય પ્રગતિ કરી છે.

બીજું, મધ્ય એશિયાની અને સમગ્ર જગતની ઇસ્માઇલી જમાતોએ મહાન એકત્રીકરણ (convergence) નું ઘડતર કર્યું છે, અને પોતાની વૈશ્વિક વિવિધતા (global diversity) માંથી સંપાદન કરીને તેઓ પોતાનું વ્યાપક શ્રેણીનું જ્ઞાન, વિશિષ્ટ પ્રતિભા અને સંસાધનો ઉપર વધુ ઘડતર કરી રહેલ છે. આ ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન, સમય અને જ્ઞાનની ભેટ કે જે જમાતના ઘણાબધા સભ્યોએ જગતભરની અમારી નવીન પહેલોની સહાય માટે અર્પણ કરેલ છે, તે હરીફાઇનું અને તેના કારણે, વિશ્વાસનું એક બેહદ મહત્ત્વનું કારણ છે. આમાંથી, અનેક દેશોમાંની જમાત, અને તેઓ જેમની વચ્ચે રહે છે તે લોકો ઘણો જ મોટો ફાયદો મેળવી રહ્યા છે. આ બાબત વાસ્તવિક રીતે, ઉમ્માહના ફાયદા માટે વ્યવહારમાં મૂકવામાં આવેલ ઇસ્લામનો ભાઇચારો છે. અમે એ ઉમેરવા ચાહીએ છીએ કે અહિં તાજિકિસ્તાનમાં અમારી અમુક પ્રયોજનાઓ આ દેશની બહારથી, સમય અને જ્ઞાનની ભેટમાંથી ફાયદો મેળવી રહી છે અને આ અદ્વિતીય સહાય માટે અમે અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કરીએ છીએ.

આટલી ઉદાર રીતે અર્પણ કરવામાં આવેલ જ્ઞાનની આ વૈશ્વિક ગતિશીલતા (global mobilization) કોઇપણ સમયે પ્રશંસનીય છે, પરંતુ જ્યારે આંતરરાષ્ટ્રીય મંદી કે જે જોખમપૂર્ણ છે, અને જે ખરેખર અસંખ્ય અર્થતંત્રો, ખાસ કરીને વધુ નબળાં અર્થતંત્રોને નુકસાન કરી રહી છે, ત્યારે હમણાંના સમયમાં તે ખાસ કરીને પ્રશંસનીય છે. જ્યારે મંદી આવવા પામે છે, ત્યારે મોટાભાગના દેશોને તેમના પોતાનામાં જ સંકોચાઇ જવું પડે છે, અને આથી, બીજાઓ પ્રતિ પોતાની સહાયને મર્યાદિત બનાવવી પડે છે. આ બાબત, જેઓએ છેલ્લા ૧૫ વર્ષોમાં તાજિકિસ્તાનને તેના અર્થતંત્રનું પુનઃઘડતર કરવામાં સહાય કરી છે, તેમાંના અમુક માટે પણ સંભવિત છે, પરંતુ તે થોડી એવી આશાનું પણ કારણ હોવી જોઇએ કે આ મંદીની ગંભીરતાને તેની અસરમાં, માત્ર આર્થિક ક્ષેત્રમાંની જ નહિ, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાંની તેમજ ઇસ્લામની નીતિમત્તાથી પ્રેરણા પામેલ વોલન્ટીયરી સેવાની ઉદારતાથી કદાચ ઘટાડી શકાય છે.

એ સ્પષ્ટ છે કે આંતરયુદ્ધ (civil war) ના અંત પછી જે સફળતાઓ હાંસલ કરવામાં આવી છે તેના ઉપર ઘડતર કરવા માટે તાજિકિસ્તાનમાં સખત કાર્ય ચાલૂ રાખવાની જરૂરત છે, અને નૂકસાનકર્તા પરિબળોને છૂટ આપવામાં આવવી જોઇએ નહિ. તાજિકિસ્તાનથી નજદીક અને દૂર એમ બન્નેના સંખ્યાબંધ દેશોએ, પોતાના સમાજોને હથિયારોના વાતાવરણમાં અને નશીલા પદાર્થોના વાતાવરણમાં

સંડોવવાની છૂટ આપીને ઘણી જ ભારે કિમત ચૂકવી છે અને તેઓ ભારે કિમત ચૂકવી રહ્યા છે. એ બાબત સમજી શકાય તેવી છે કે માનવીની નિર્ણય લેવાની શક્તિ કદાચ એવા સંજોગોમાં ભૂલ કરી બેસે છે કે જ્યાં કોઈ પૂર્વ આધારરૂપ દાખલાઓ નથી હોતા અને ઉદાહરણો નથી હોતાં, પરંતુ હથિયારો અને નશીલા પદાર્થોના વાતાવરણોમાં, અત્યારના સમયે, સારી રીતે દસ્તાવેજીકરણ કરાયેલાં ઉદાહરણો છે કે જે આવાં વાતાવરણોનાં ભયંકર પરિણામોનું સ્પષ્ટ વર્ણન કરે છે. અમે આશા રાખીએ છીએ કે તાજિકિસ્તાનની સરકાર અને લોકો દ્વારા આ પરિસ્થિતિની સમજણ થકી એવાં વાતાવરણો કદી પણ તમારા સમાજના ભાગરૂપ બનવા પામે તે માટે તેઓ તેમના ડહાપણમાં, તેનો મજબૂત રીતે અસ્વીકાર કરશે.

આના જેવી મુલાકાતો દરમ્યાન, સરકારો, ઇસ્માઈલી ઇમામત અને આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક, તેઓએ જે કાર્યો પરિપૂર્ણ કરેલ છે તેનાં મૂલ્યાંકનોની આપલે કરે છે અને ભવિષ્યનું અગાઉથી અનુમાન કરે છે. એવાં ત્રણ ક્ષેત્રો છે કે જેમાં આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક તાજિકિસ્તાનની અને તેના પ્રદેશોની સરકાર સાથે એક એક બાબતના આધારે (case by case basis) ભાગીદારીમાં વધુ જોશભેર રીતે શામેલ થવાની ઇચ્છા ધરાવે છે.

પ્રથમ, ગરીબીનો મુદ્દો છે, કે જ્યાં અમે માનીએ છીએ કે અનેક દેશોમાં ગરીબીને ઓછી કરવાની પ્રક્રિયામાં ગતિ લાવવા માટે ઘણુંબધું કાર્ય કરવાની જરૂરત છે. અમારા ગોલ્ડન જ્યુબિલી વર્ષના અંત સુધીમાં, ગરીબી ઓછી કરવાની સમસ્યાને હાથ ધરવા માટે અમુક એવી વિશેષ પહેલોની જાહેરાત કરી શકવાની અમે આશા રાખીએ છીએ, જેમાં માત્ર ગરીબીની ભૌતિક વ્યાખ્યા જ નહિ, પરંતુ તેની સામાજિક વ્યાખ્યાનો પણ સમાવેશ કરવામાં આવશે. વધુમાં, અમારા માઈક્રો-ક્રેડિટ કાર્યક્રમોને, તે જે સંસાધનો પ્રસ્તુત કરે છે તેના સંદર્ભમાં, તેમજ તે જે પ્રોડક્ટસ બનાવવા પામશે તેના સંદર્ભમાં નોંધપાત્ર રીતે વિસ્તૃત કરવામાં આવશે.

બીજો મુદ્દો અર્થતંત્રના વિકાસ સાથે સંબંધ ધરાવે છે. તાજિકિસ્તાન પાસે ગણનાપાત્ર પ્રાકૃતિક સંસાધનો (natural resources) રહેલાં છે, પરંતુ તેને યા તો વિકસાવવા માટે ખર્ચાળ છે, અથવા તો તેને પ્રાપ્ત કરવાનું મુશ્કેલ છે, અથવા તો આ બન્ને (પ્રકારની સમસ્યાઓ રહેલી) છે. એ અમારી આશા છે કે આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક ઊર્જાના નવીન સ્રોતો (new sources of energy) માટે યોગદાન આપવા શક્તિમાન બનશે, અને આપણે આનંદ-પ્રમોદના ઉદ્યોગ (leisure industry)ને વિસ્તૃત કરીને તાજિકિસ્તાનના આર્થિક પાયાને, તેમજ રોજગાર-વ્યવસાય (employment)ને અને વિદેશી હૂંડિયામણ (foreign exchange)ની આવકને વ્યાપક બનાવવા માટે યોગદાન આપીશું.

ત્રીજું, વિકાસના તાજેતરના ઇતિહાસે એ દર્શાવી આપ્યું છે કે તેમાં સીવીલ સોસાયટી (સભ્ય સમાજ) દ્વારા કેટલી પ્રચંડ ભૂમિકા ભજવવામાં આવી છે. યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ એશિયાને સંપૂર્ણ રીતે



ITREB FOR INDIA * MUMBAI *

કાર્યશીલ બનાવવી, નવીન અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેશન (પ્રારંભિક બાળવયના શિક્ષણ)નો છેક સેકન્ડરી સિસ્ટમ સુધી વિકાસ કરવો, કલા-કૌશલ્યમાંની આપણી પ્રવૃત્તિઓને વિસ્તારિત કરવી, ઐતિહાસિક ઇમારતોની પુનઃસ્થાપના કરવી, ખોરોગ શહેરની શહેરી સુધારણામાં યોગદાન આપવું, આ બધા એવાં પગલાં છે કે જે તાજિકિસ્તાનમાં સીવીલ સોસાયટીને વિકસાવવામાં પોતાની ભૂમિકા ભજવશે એવી અમે આશા રાખીએ છીએ.

આ બધા પ્રયાસો તાજિકિસ્તાનના અને પ્રદેશમાંના લોકોના જીવનની ગુણવત્તામાં સુધારણા કરવાનો આશય ધરાવે છે, અને જ્યારે કે આ નૈતિક તેમજ વખાણવાલાયક એમ બન્ને લક્ષ્યાંકો છે, છતાં પણ તેને સરકારના, અથવા એક સંસ્થાના, અથવા એક વ્યક્તિના જીવનનો એકમાત્ર ધ્યેય બનવા દેવો જોઈએ નહિ. એક મુસ્લિમ માટે એ ઇસ્લામની નીતિમત્તાઓ છે કે જેણે ભૌતિક જીવનનું માર્ગદર્શન કરવું જોઈએ, અને તેનો અર્થ એ થાય છે કે જીવનની પવિત્રતાનો અને માનવીય મર્તબાનો આદર કરવો; દયાળુતા, કરૂણા, નમ્રતા અને સહિષ્ણુતાનાં મૂલ્યો; ઈમાનદારીની આવશ્યકતા; એ સામાજિક વ્યવહારોમાં ભરોસો કે જેનાં મૂળ સર્વદેશીય નૈતિકતા (cosmopolitan ethics)માં રહેલાં હોય; મતભેદોનું નિરાકરણ કરવામાં ડહાપણભરી વાતચીત; અને જેઓ સંકટમાં હોય તેમને સહાય કરવી કે જેથી તેઓ સ્વ-નિર્ભર બની શકે.

અમારાં એ સર્વે રૂહાની બાળકોને કે જેઓ આજે અહિં છે, અને અમારી સમક્ષ બીજા અનેક લોકોને, અને તમારાં કુટુંબોને, તેઓ જ્યાં પણ હોય, ઇશ્કાશિમમાં, બદખશાનના અન્ય ભાગોમાં, તાજિકિસ્તાનના અન્ય ભાગોમાં હોય, અથવા તાજિકિસ્તાનની બહાર પણ હોય, અમે અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ, અને અમે ચાહીએ છીએ કે તમે જ્યારે તમારાં કુટુંબો અને તમારી જમાતો તરફ પાછા જાઓ, ત્યારે તેઓને આ દુ'આ-આશિષો પહોંચાડજો. અમારાં સર્વે રૂહાની બાળકો પ્રતિ, અને ઇસ્લામમાંના અમારાં ભાઈઓ અને બહેનો પ્રતિ, અહિં, અને તાજિકિસ્તાનના અન્ય વિસ્તારોમાં કે જ્યાં અમે દુર્ભાગ્યવશ મુલાકાત લઈ શકીશું નહિ, એની ખાત્રી રાખજો કે તમારી શાંતિ માટે, તમારી એકતા, તમારા સુખ, તમારી દુન્યવી સફળતા માટે, તમારી સારી તંદુરસ્તી અને મુશ્કીલ આસાન માટે અમારી ઊંડી અને હૃદયપૂર્વકની દુ'આઓ તમારી સાથે છે. અમે તમારાં કુટુંબોના સઘળા મર્હૂમ સભ્યોના રૂહોની અનંત શાંતિ અને રાહત માટે પણ દુ'આઓ ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA * MUMBAI *

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ, અને ઇસ્લામમાંના અમારા ભાઈઓ,

અમને હમણાં આ ગોલ્ડન જ્યુબિલીના સંભારણાની ભેટ તરીકે એક તંબુર અર્પણ કરવામાં આવેલ છે. કોઈકે જણાવ્યું કે અમે સિલ્ક રોડના સંગીતનો આનંદ માણીએ છીએ અને ખાસ કરીને આ અર્થપૂર્ણ ભેટ બદલ અમે તમારો આભાર માનીએ છીએ અને અમે ઇચ્છીએ છીએ કે આજે જે સુંદર સૂર્ય આપણે જોઈ રહ્યા છીએ તે કાયમી રીતે તમારા હૃદયમાં અને તમારા આત્માઓમાં રહે. અને અમે તમને સર્વેને ફરી એક વાર, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે  અમારા ખાસ દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA * MUMBAI *

**મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ અલ્-હુસૈની આગાખાને પોર્શનીવ, બદખશાન, તાજિકિસ્તાન ખાતે ફરમાવેલ ઇર્શાદ મુબારક**

૫મી નવેમ્બર, ૨૦૦૮

બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ, અને ઇસ્લામમાંનાં અમારાં ભાઈઓ અને બહેનો, તેમજ (અન્ય) ધર્મનાં સ્ત્રીપુરુષો,

તાજિકિસ્તાન ખાતેની આ મુલાકાત સપ્ટેમ્બર, ૧૯૯૮માં અમારી અગાઉની મુલાકાતના તે દિવસથી લગભગ ૧૦ વર્ષ પછી થઈ રહી છે. પરંતુ આ મુલાકાત અમારી ગોલ્ડન જ્યુબિલી દરમ્યાન થઈ રહી હોવાથી તે નોંધપાત્ર રીતે એક જુદી મુલાકાત છે. આવો પ્રસંગ ઇસ્માઈલી કોમ, અમારા અનેક દોસ્ત બિરાદરો, અને અમારા માટે મહાન અને ઉષ્માભરી ખુશી લઈ આવે છે, અને આ બાબત ખાસ કરીને આ સમયે ખરી છે. અમે આ પ્રસંગે, (ન માત્ર) અહિં તાજિકિસ્તાનમાં, પરંતુ નદીની પેલી પાર પણ અમારી જમાતને એ પણ ફરમાવવા ચાહીએ છીએ કે ઇમામના પ્રેમને કોઈ ભૌતિક સરહદો હોતી નથી. કોઈપણ પહાડ, કોઈપણ નદી, કોઈપણ રણપ્રદેશ, તેની જમાત માટેના ઇમામના પ્રેમને અટકાવી શકતા નથી. અમે આ ઇર્શાદની શરૂઆતમાં, આ તકે એ ફરમાવવા ચાહીએ છીએ કે અમારા ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન તાજિકિસ્તાનની મુલાકાત લેવા નામદાર પ્રેસિડેન્ટ રહેમોનના આમંત્રણ માટે અમે કેટલી પ્રશંસા ધરાવીએ છીએ, અને અસંખ્ય સદ્ભાવના અને સૌજન્યશીલતાઓ જે અમને અર્પણ કરવામાં આવી છે તે બદલ અમે તેઓના પ્રતિ અને તેમની સરકાર પ્રતિ તેમજ બદખશાનના પ્રદેશના ગવર્નર અને તેમનાં વહીવટીતંત્ર પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

અમે જીવનનાં જુદાં જુદાં દરેક ક્ષેત્રમાંના અનેક વોલન્ટીયરો કે જેઓએ આ મુલાકાતને શક્ય બનાવવા માટે પોતાનો સમય અને સંસાધનોનું યોગદાન આપ્યું છે તે બદલ તેઓ પ્રતિ પણ અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. સઘળાઓ એ બાબતની ખાત્રી રાખે કે તેઓ જ્યારે આ ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કરે છે ત્યારે અમે તેમની સાથે આનંદ મનાવી રહ્યા હશું. અને બદખશાનના લોકો દ્વારા અમારું જે ઉષ્માભરી રીતે સ્વાગત કરવામાં આવેલ છે તેનાથી અમે ઘણા જ પ્રભાવિત થયા છીએ.

માત્ર અમુક ૧૫ વર્ષો પહેલાં જ ઇસ્માઈલી જમાતે, અહિં તાજિકિસ્તાનમાં, જગતભરની પોતાની સહ જમાતો અને ઝમાનાના ઇમામ સાથે સીધા સંપર્કો સાધવાની શરૂઆત કરી હતી, પરંતુ એ ૧૫ વર્ષો દરમ્યાન કઈ રીતે બે અતિશય મહત્ત્વપૂર્ણ ઘટનાઓ બની છે તેનું અવલોકન કરવાની બાબત અમારા માટે ઊંડી ખુશીનું કારણ છે:



ITREB FOR INDIA * MUMBAI. *

પ્રથમ, તાજિકિસ્તાને દેશમાં શાંતિનું પુનઃસ્થાપન કરવામાં મજબૂત અને લાભદાયી નવીન આંતરરાષ્ટ્રીય સંબંધોનું ઘડતર કરવામાં તેમજ રાષ્ટ્રીય અર્થતંત્રનું પુનઃઘડતર કરવામાં પ્રશંસનીય પ્રગતિ કરી છે.

બીજું, મધ્ય એશિયાની અને સમગ્ર જગતની ઇસ્માઇલી જમાતોએ મહાન એકત્રીકરણ (convergence) નું ઘડતર કર્યું છે, અને પોતાની વૈશ્વિક વિવિધતા (global diversity) માંથી સંપાદન કરીને તેઓ પોતાનું વ્યાપક શ્રેણીનું જ્ઞાન, વિશિષ્ટ પ્રતિભા અને સંસાધનો કે જે તેમના છે, તેના ઉપર વધુ ઘડતર કરી રહેલ છે. આ ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન, સમય અને જ્ઞાનની ભેટ કે જે જમાતના ઘણાબધા સભ્યોએ જગતભરની અમારી નવીન પહેલોની સહાય માટે અર્પણ કરેલ છે, તે હરીફાઇનું અને તેના કારણે, વિશ્વાસનું એક બેહદ મહત્ત્વનું કારણ છે. આમાંથી, અનેક દેશોમાંની જમાત, અને તેઓ જેમની વચ્ચે રહે છે તે લોકો ઘણો જ મોટો ફાયદો મેળવી રહ્યા છે. આ બાબત વાસ્તવિક રીતે, ઉમ્માહના ફાયદા માટે વ્યવહારમાં મૂકવામાં આવેલ ઇસ્લામનો ભાઇચારો છે. અમે એ ઉમેરવા ચાહીએ છીએ કે અહિં તાજિકિસ્તાનમાં અમારી અમુક પ્રયોજનાઓ આ દેશની બહારથી, સમય અને જ્ઞાનની ભેટમાંથી ફાયદો મેળવી રહી છે અને આ અદ્વિતીય સહાય માટે અમે અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કરીએ છીએ.

આટલી ઉદાર રીતે અર્પણ કરવામાં આવેલ જ્ઞાનની આ વૈશ્વિક ગતિશીલતા (global mobilization) કોઇપણ સમયે પ્રશંસનીય છે, પરંતુ જ્યારે આંતરરાષ્ટ્રીય મંદી કે જે જોખમપૂર્ણ છે, અને જે ખરેખર અસંખ્ય અર્થતંત્રો, ખાસ કરીને વધુ નબળાં અર્થતંત્રોને નુકસાન કરી રહી છે, ત્યારે હમણાંના સમયમાં તે ખાસ કરીને પ્રશંસનીય છે. જ્યારે મંદી આવવા પામે છે, ત્યારે મોટાભાગના દેશોને તેમના પોતાનામાં જ સંકોચાઇ જવું પડે છે, અને આથી, બીજાઓ પ્રતિ પોતાની સહાયને મર્યાદિત બનાવવી પડે છે. આ બાબત, જેઓએ છેલ્લા ૧૫ વર્ષોમાં તાજિકિસ્તાનને તેના અર્થતંત્રનું પુનઃઘડતર કરવામાં સહાય કરી છે, તેમાંના અમુક માટે પણ સંભવિત છે, પરંતુ તે થોડી એવી આશાનું પણ કારણ હોવી જોઇએ કે આ મંદીની ગંભીરતાને તેની અસરમાં, માત્ર આર્થિક ક્ષેત્રમાંની જ નહિ, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાંની તેમજ ઇસ્લામની નીતિમત્તાથી પ્રેરણા પામેલ વોલન્ટીયરી સેવાની ઉદારતાથી કદાચ ઘટાડી શકાય છે.

એ સ્પષ્ટ છે કે આંતરયુદ્ધ (civil war) ના અંત પછી જે સફળતાઓ હાંસલ કરવામાં આવી છે તેના ઉપર ઘડતર કરવા માટે તાજિકિસ્તાનમાં સખત કાર્ય ચાલૂ રાખવાની જરૂરત છે, અને નૂકસાનકર્તા પરિબળોને છૂટ આપવામાં આવવી જોઇએ નહિ. તાજિકિસ્તાનથી નજદીક અને દૂર એક બન્નેના સંખ્યાબંધ દેશોએ, પોતાના સમાજોને હથિયારોના વાતાવરણમાં અને નશીલા પદાર્થોના વાતાવરણમાં સંડોવવાની છુટ આપીને ઘણી જ ભારે કિમત ચૂકવી છે અને તેઓ ભારે કિમત ચૂકવી રહ્યા છે. એ બાબત સમજી શકાય તેવી છે કે માનવીની નિર્ણય લેવાની શક્તિ કદાચ એવા સંજોગોમાં ભૂલ કરી બેસે

છે કે જ્યાં કોઈ પૂર્વ આધારરૂપ દાખલાઓ નથી હોતા અને ઉદાહરણો નથી હોતાં, પરંતુ હથિયારો અને નશીલા પદાર્થોના વાતાવરણોમાં, અત્યારના સમયે, સારી રીતે દસ્તાવેજીકરણ કરાયેલાં ઉદાહરણો છે કે જે આવાં વાતાવરણોનાં ભયંકર પરિણામોનું સ્પષ્ટ વર્ણન કરે છે. અમે આશા રાખીએ છીએ કે તાજિકિસ્તાનની સરકાર અને લોકો દ્વારા આ પરિસ્થિતિની સમજણ થકી એવાં વાતાવરણો કદી પણ તમારા સમાજના ભાગરૂપ બનવા પામે તે માટે તેઓ તેમના ડહાપણમાં, તેનો મજબૂત રીતે અસ્વીકાર કરશે.

આના જેવી મુલાકાતો દરમ્યાન, સરકારો, ઇસ્માઈલી ઇમામત અને આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક, તેઓએ જે કાર્યો પરિપૂર્ણ કરેલ છે તેનાં મૂલ્યાંકનોની આપલે કરે છે અને ભવિષ્યનું અગાઉથી અનુમાન કરે છે. એવાં ત્રણ ક્ષેત્રો છે કે જેમાં આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક તાજિકિસ્તાનની અને તેના પ્રદેશોની સરકાર સાથે એક એક બાબતના આધારે (case by case basis) ભાગીદારીમાં વધુ જોશભેર રીતે શામેલ થવાની ઇચ્છા ધરાવે છે.

પ્રથમ, ગરીબીનો મુદ્દો છે, કે જ્યાં અમે માનીએ છીએ કે અનેક દેશોમાં ગરીબીને ઓછી કરવાની પ્રક્રિયામાં ગતિ લાવવા માટે ઘણુંબધું કાર્ય કરવાની જરૂરત છે. અમારા ગોલ્ડન જ્યુબિલી વર્ષના અંત સુધીમાં, ગરીબી ઓછી કરવાની સમસ્યાને હાથ ધરવા માટે અમુક એવી વિશેષ પહેલોની જાહેરાત કરી શકવાની અમે આશા રાખીએ છીએ, જેમાં માત્ર ગરીબીની ભૌતિક વ્યાખ્યા જ નહિ, પરંતુ તેની સામાજિક વ્યાખ્યાનો પણ સમાવેશ કરવામાં આવશે. વધુમાં, અમારા માઈક્રો-ક્રેડિટ કાર્યક્રમોને, તે જે સંસાધનો પ્રસ્તુત કરે છે તેના સંદર્ભમાં, તેમજ તે જે પ્રોડક્ટસ બનાવવા પામશે તેના સંદર્ભમાં નોંધપાત્ર રીતે વિસ્તૃત કરવામાં આવશે.

બીજો મુદ્દો અર્થતંત્રના વિકાસ સાથે સંબંધ ધરાવે છે. તાજિકિસ્તાન પાસે ગણનાપાત્ર પ્રાકૃતિક સંસાધનો (natural resources) રહેલાં છે, પરંતુ તેને યા તો વિકસાવવા માટે ખર્ચાળ છે, અથવા તો તેને પ્રાપ્ત કરવાનું મુશ્કેલ છે, અથવા તો આ બન્ને (પ્રકારની સમસ્યાઓ રહેલી) છે. એ અમારી આશા છે કે આગાખાન ડેવલપ્મેન્ટ નેટવર્ક ઊર્જાના નવીન સ્રોતો (new sources of energy) માટે યોગદાન આપવા શક્તિમાન બનશે, અને આપણે આનંદ-પ્રમોદના ઉદ્યોગ (leisure industry)ને વિસ્તૃત કરીને તાજિકિસ્તાનના આર્થિક પાયાને, તેમજ રોજગાર-વ્યવસાય (employment)ને અને વિદેશી હૂંડિયામણ (foreign exchange)ની આવકને વ્યાપક બનાવવા માટે યોગદાન આપવા શક્તિમાન બનીશું.

ત્રીજું, વિકાસના તાજેતરના ઇતિહાસે એ દર્શાવી આપ્યું છે કે સીવીલ સોસાયટી (સભ્ય સમાજ) દ્વારા કેટલી પ્રચંડ ભૂમિકા ભજવી શકાય છે. યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ એશિયાને સંપૂર્ણ રીતે કાર્યશીલ બનાવવી, નવીન અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેશન (પ્રારંભિક બાળવયના શિક્ષણ)નો છેક સેકન્ડરી એજ્યુકેશન સુધી વિકાસ કરવો, કલા-કૌશલ્યમાંની આપણી પ્રવૃત્તિઓને વિસ્તારિત કરવી, ઐતિહાસિક



ITREB FOR INDIA * MUMBAI *

63 62

ઇમારતોની પુન:સ્થાપના કરવી, ખોરોગ શહેરની શહેરી સુધારણામાં યોગદાન આપવું, આ બધા એવાં પગલાં છે કે જે તાજિકિસ્તાનમાં સીવીલ સોસાયટીને વિકસાવવામાં પોતાની ભૂમિકા ભજવશે એવી અમે આશા રાખીએ છીએ.

આ બધા પ્રયાસો તાજિકિસ્તાનના અને પ્રદેશમાંના લોકોના જીવનની ગુણવત્તામાં સુધારણા કરવાનો આશય ધરાવે છે, અને જ્યારે કે આ નૈતિક તેમજ વખાણવાલાયક એમ બન્ને લક્ષ્યાંકો છે, છતાં પણ તેને સરકારના, અથવા એક સંસ્થાના, અથવા એક વ્યક્તિના જીવનનો એકમાત્ર ધ્યેય બનવા દેવો જોઈએ નહિ. એક મુસ્લિમ માટે એ ઇસ્લામની નીતિમત્તાઓ છે કે જેણે ભૌતિક જીવનનું માર્ગદર્શન કરવું જોઈએ, અને તેનો અર્થ એ થાય છે કે જીવનની પવિત્રતાનો અને માનવીય મર્તબાનો આદર કરવો; દયાળુતા, કરૂણા, નમ્રતા અને સહિષ્ણુતાનાં મૂલ્યો; ઈમાનદારીની આવશ્યકતા; એ સામાજિક વ્યવહારોમાં ભરોસો કે જેનાં મૂળ સર્વદેશીય નૈતિકતા (cosmopolitan ethics)માં રહેલાં હોય; મતભેદોનું નિરાકરણ કરવામાં ડહાપણ અને વાતચીત; અને જેઓ સંકટમાં હોય તેમને સહાય કરવી કે જેથી તેઓ સ્વ-નિર્ભર બની શકે.

અમારાં એ સર્વે રૂહાની બાળકોને કે જેઓ આજે અહિં છે, અને અમારી સમક્ષ બીજા અનેક લોકોને, અને તમારાં કુટુંબોને, તેઓ જ્યાં પણ હોય, પોર્શનીવમાં, બદખશાનના અન્ય ભાગોમાં, તાજિકિસ્તાનના અન્ય ભાગોમાં હોય, અથવા તાજિકિસ્તાનની બહાર પણ હોય, અમે અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ. અને અમે ચાહીએ છીએ કે તમે જ્યારે તમારાં કુટુંબો અને તમારી જમાતો તરફ પાછા જાઓ, ત્યારે તેઓને આ દુ'આ-આશિષો પહોંચાડજો. અમારાં સર્વે રૂહાની બાળકો પ્રતિ, અને ઇસ્લામમાંના અમારાં ભાઈઓ અને બહેનો પ્રતિ, તેમજ (અન્ય) ધર્મનાં સ્ત્રીપુરુષો પ્રતિ અહિં, અને તાજિકિસ્તાનના અન્ય વિસ્તારોમાં કે જ્યાં અમે દુર્ભાગ્યવશ મુલાકાત લઈ શકીશું નહિ, એની ખાત્રી રાખજો કે તમારી શાંતિ માટે, તમારી એકતા માટે, તમારા સુખ માટે, તમારી દુન્યવી સફળતા માટે, તમારી સારી તંદુરસ્તી માટે અને મુશ્કીલ આસાન માટે અમારી ઊંડી અને હ્રદયપૂર્વકની દુ'આઓ તમારી સાથે છે. અમે તમારાં કુટુંબોના સઘળા મર્હૂમ સભ્યોના રૂહોની અનંત શાંતિ અને રાહત માટે પણ દુ'આઓ ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ, અને ઇસ્લામમાંના અમારા ભાઈઓ,

આ મુલાકાત પ્રસંગે અને અમારી ગોલ્ડન જ્યુબિલી માટેની અમારી ઉપસ્થિતિ પ્રસંગે, તમે એક તંબુરની અતિ સુંદર ભેટ હમણાં અર્પણ કરી છે. અમે અનેક વર્ષો સુધી સિલ્ક રોડના સંગીતનો આનંદ માણેલ છે અને તમારી ભેટ અમને ઘણી જ ખુશ રાખશે અને અમે તે માટે ઘણા જ આભારી છીએ. ગોલ્ડન



ITREB FOR INDIA MUMBAI

જ્યુબિલીનો પ્રસંગ ઉજવણીનો પ્રસંગ છે. તે ખુશીનો પ્રસંગ છે. તે આનંદ મનાવવાનો પ્રસંગ છે. અને અમે તમારામાંના દરેક માટે અને એકે એક માટે, અને તમારાં સઘળાં કુટુંબો અને તમારી સઘળી જમાતો માટે આશા રાખીએ છીએ કે આ એક ખુશીનો દિવસ હશે. અને એ યાદ રાખો કે તમે જ્યારે આનંદ મનાવતા હશો, ત્યારે અમે તમારી સાથે આનંદ મનાવી રહ્યા હશું. અને તમારી સર્વે ઉમેદોની પરિપૂર્ણતા માટે અમારા ઉત્તમ દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA * MUMBAI *

# મૌલાના હાઝર ઇમામે ટોરન્ટો, કેનેડા ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૨૨મી નવેમ્બર, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે, અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના માતા પિતા તરીકેના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ગોલ્ડન જ્યુબિલી ઉજવણી કરવાનો એક પ્રસંગ છે, અને આ ફરમાનના અંતમાં અમે તમને થોડી રમૂજમાં સહભાગી બનાવવાની આશા રાખીએ છીએ. પરંતુ પ્રથમ અમે વિવિધ મુદ્દાઓને સંબોધવા ચાહીએ છીએ, કારણ કે તેમ થવું જોઈએ અને ત્યાર પછી, આ ખુશીભર્યા પ્રસંગની ઉજવણી કરવા ઇન્શાઅલ્લાહ, આપણે સાથે મળીને હસીશું. પ્રથમ, આ ફરમાનની શરૂઆતમાં, કેનેડાની સરકારે અને પ્રાંતિય સરકારોએ આ મુલાકાતના પ્રસંગે અમને જે સદ્ભાવના અને સૌજન્યશીલતાઓ અર્પણ કરેલ છે તે બદલ અમે તેઓ પ્રતિ અમારો ઉષ્માભર્યો અને હાર્દિક આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે આ ફરમાનની શરૂઆતમાં, અહિં કેનેડા સહિત વિવિધ દેશોમાં આ ગોલ્ડન જ્યુબિલી મુલાકાતો જેટલી ખુશીભરી હોવી જોઈએ તેટલી તેને ખુશીભરી બનાવવા માટે અસંખ્ય મુરીદોએ અતિશય ઘણી મરજિયાત સેવા અર્પણ કરેલ છે, તે બદલ અમારી પ્રશંસા, અમારી ઉષ્માભરી અને ઊંડી પ્રશંસા પણ વ્યક્ત કરવા ચાહીએ છીએ. તમે મુલાકાતીઓનો સમાવેશ કરવા, હૉલને તૈયાર કરવા, અમારો સમય-પત્રક બનાવવા માટેના અસાધારણ પ્રયાસો કર્યા છે કે જેથી અમે જમાત માટે જરૂરત પ્રમાણે કાર્ય કરવા શક્તિમાન બનીએ. અને અમે એ સઘળા મુરીદો કે જેઓએ આજે આ અદ્ભુત સેવા અર્પણ કરેલ છે તેઓને અમારા ખાસ દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આ એક એવો સમય છે કે જ્યારે અમારી વિશ્વભરની જમાતે સંભાળપૂર્વક રહેવાની જરૂરત છે. આ એક એવો સમય છે કે જ્યારે અગાઉથી અનુમાન કરવાની બાબત (predictability) મુશ્કેલીભરી અને નાજુક છે, અને આના જેવા અમુક સમયે, અમારી જમાતે એવા અનુમાનની સાથે ડહાપણપૂર્વક રહેવું જોઈએ કે ભવિષ્ય માનવ જીવનમાં સામાન્ય રીતે હોય છે તે કરતાં વધુ અજ્ઞાત (unknown) છે. અને





ITREO FOR INDIA BOMBAY

આથી, અમે ઔદ્યોગિક જગતમાંનાં (જ નહિ) પરંતુ વિકાસ પામી રહેલા જગતમાંનાં અમારાં રૂહાની બચ્ચાઓને આજે ફરમાવવા ચાહીએ છીએ કે આ સમય, તમારાં સંસાધનોનો જે બાબતો અગ્રમાક્રમ નથી ધરાવતી તેમાં ઉપયોગ કરવાનો, અર્થહીન બાબતો (faivolity) માં સંકળાવવાનો, જે અસ્કયામતો (assets) બિનજરૂરી છે તેને પ્રાપ્ત કરવાનો નથી, કારણ કે વિશ્વભરમાં નાણાકીય જગત અસ્તવ્યસ્ત સ્થિતિમાં છે, અને કારણ કે તે અસ્તવ્યસ્ત સ્થિતિમાં છે તેથી અગાઉથી અનુમાન કરવાની બાબત તેટલી વધુ મુશ્કેલ છે. આથી, અમે નથી ચાહતા કે અમારાં રૂહાની બચ્ચાઓને જગતની નાણકીય અને આર્થિક પરિસ્થિતિમાંની આ અસ્થિરતાથી નુકસાન પહોંચે. અને આથી, અમે અમારાં રૂહાની બચ્ચાઓને ફરમાવીએ છીએઃ ડહાપણપૂર્વક રહો, સંભાળપૂર્વક રહો, દૂરંદેશીપૂર્વક રહો, અને આ કટોકટી પસાર થઇ જાય ત્યાં સુધી જગતના વિવિધ ભાગોમાં તમે જે સામાન્ય જીવન ધરાવશો તેના તરફ પાછા કરવા પહેલાં રાહ જુઓ.

છેલ્લાં પચાસ વર્ષો દરમ્યાન અમારો મોટાભાગનો સમય તમારા મૂળ દેશોને તકો ધરાવતા દેશો, એવા દેશો બનાવવાનો પ્રયાસ કરવામાં વ્યતીત થયો છે કે જેમાં અમારી જમાત આશાની લાગણી સાથે, વિશ્વાસની લાગણી સાથે, ભવિષ્યમાં ભરોસાની લાગણી સાથે રહેવા માટે શક્તિમાન બની શકે, અને અમે અમારી જમાતને કદી પણ એ ફરમાવ્યું નથી - અમે તમને કદી પણ ફરમાવ્યું નથી કે તમારી જાતને માથ પશ્ચિમમાં સ્થાપિત કરો, કે તમારી જાતને માત્ર પૂર્વમાં સ્થાપિત કરો. અને અમે અમારી જમાતને અનેકવાર ફરમાવ્યું છે કે તમે જ્યાં રહો છો, તમે જે કંઇ કરો છો, તમે જેવી રીતે રહો છો, તેમાં તમારાં કુટુંબો વચ્ચે સમતુલા રાખો, કે જેથી વિશ્વના વિવિધ ભાગોની અચોક્કસતાઓ (volatilities) નો સામનો કરવાની તમારી પાસે ક્ષમતા હોય. અને આજે, આપણે ઔદ્યોગિક દેશોમાં ગંભીર અચોકકસતા જોઈ રહયા છીએ. આ અચોકકસતા ઔદ્યોગિક જગતની સરહદો પર અટકશે નહિ અને એમ વિચારવું અપરિપકવ હશે કે આ અસ્થિરતા, આ અચોકકસતા ઔદ્યોગિક જગતની સરહોદ પર અટકી જશે. એવું બનવા પામશે નહિ. જગતના અનેક અનેક જુદા જુદા ભાગોમાં મંદ ગતિ (slowdown) ની પ્રક્રિયાઓ થવા પામશે. આ પ્રક્રિયાઓની સામે મંદીલક્ષી પરિબળો (recessionary forces) થી પોતાનું રક્ષણ કરવા માટે આપણી સંસ્થાઓ શું કરી શકે છે, આપણી જમાત શું કરી શકે છે ?

પ્રથમ બાબત, અમે જેવી રીતે અગાઉ ઉલ્લેખ કર્યો છે તેમ દૂરંદેશીપૂર્વક રહેવાનું છે. બીજી બાબત સીવીલ સોસાયટીની સંસ્થાઓને વધુ મજબૂત બનાવવાનું છે - લોકો લોકોને સહાય કરે. એ સીવીલ સોસાયટીનો પાયો છે, જેમ વધુ લોકો વિવિધ જુદી જુદી રીતે એકબીજાને સહાય કરે તો તે આ ખ્રાસ પરિસ્થિતિનો સામનો કરવા માટે વધુ બહેતર રહેશે. આથી, તમે જે પણ કંઇ કરો છો - તમારાં ધંધા - રોજગારોમાં, તમારા વ્યવસાયોમાં, તમારી વિવિધ પ્રવૃત્તિઓમાં જો તમે સંગઠિત બની શકો - કે જેથી તમે એકબીજાને સહાય કરો, તો તમે જોશો ઇન્શાઅલ્લાહ, આ પ્રક્રિયા તમને એવા હકારત્મક પરિણામો આપશે કે જેને તમે આ પરિસ્થિતિ પસાર થઇ ગયા પછી જાળવી રાખવાની ઇચ્છા કરશો. અને આથી,

તમે જીવન જીવવાના એવા નવીન માર્ગો કે જે તમારા ઉપર મંદીની પરિસ્થિતિના કારણે આવી પડ્યા હશે, તેની તરફ કટિબદ્ધ થશો, પરંતુ જે તમને આવનારાં વર્ષો અને દાયકાઓમાં ફાયદાકારક જણાશે. આથી, આ એક એવી પહેલ છે કે જે મંદી કદાચ જે કંઈ અતિ ખરાબ પરિસ્થિતિ લઈ આવે તેનાથી તમારી જાતનું રક્ષણ કરવા માટે ચોક્કસપણે લેવા યોગ્ય છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે માનીએ છીએ કે વિકાસ પામી રહેલા જગતમાં સંખ્યાબંધ દેશોમાં સારી પ્રગતિ કરવામાં આવી છે, પરંતુ બીજે ક્યાંય હોય તેના કરતાં ત્યાં સુશાસનની વધુ બાયંધરી મળવા પામી નથી. અને જ્યાં શાસન પદ્ધતિ અથવા સરકાર નબળી છે, ત્યાં સીવીલ સોસાયટી એવી સહાયકારી પદ્ધતિ છે કે જે લોકોને પ્રગતિ કરવાનું ચાલુ રાખવા દે છે. આથી, સંપૂર્ણ શ્રેણી (whole specturm)ની સીવીલ સોસાયટીની પ્રવૃત્તિઓમાં સંસ્થાકીય કાબેલિયતોને સહાય કરવાની બાબત એક અતિશય અગત્યની બાબત છે. અને આથી, અમે આજે, અત્યારે, જે મુરીદોએ ગોલ્ડન જ્યુબિલી વખતે સમય અને જ્ઞાન અર્પણ કરેલ છે તેમના પ્રતિ અમારી અતિશય ઊંડાણપૂર્વકની પ્રશંસા અને આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. જગતભરમાં આ રૂહાની બાળકોએ અતિ ઉદારતાપૂર્વક પોતાનો સમય અને પોતાનું જ્ઞાન અર્પણ કરેલ છે, અને તે એ સમય અને એ જ્ઞાન છે કે જે આજે આપણે જે પણ કંઈ કરીએ છીએ તેમાં સુધારણા કરવા, આપણી ક્ષમતાઓમાં વધારો કરવા, જગતના વિવિધ દેશોમાં વિકાસને ટકાવી રાખવા માટે જગતભરની આપણી સંસ્થાઓની સહાયતા કરશે. આથી, ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે, એ સઘળા મુરીદો કે જેઓએ યા તો ભૌતિક સહાય અર્પણ કરી છે અથવા તો સમય તેમજ જ્ઞાનની સહાય અર્પણ કરી છે તેઓને અમે અમારા ઉત્તમ, ઉત્તમ હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અહિં, કેનેડામાં જમાતો જગતના વિવિધ ભાગોમાંથી આવેલ છે, અને જે જમાતો પોતાને કેનેડામાં તાજેતરમાં સ્થાપિત કરેલ છે, જેમ કે મધ્ય એશિયામાંની જમાતો, તેમને અમે પુનઃ ફરમાવવા ચાહીએ છીએ કે આ તમારા માટે ઝડપી લેવાની એક તક છે, તે કેનેડિઅન સમાજના બહુમતવાદ (pluralism)માંથી ફાયદો મેળવવાની, કેવી રીતે જુદી જુદી પાર્શ્વાદભૂમિકાઓ (backgrounds)ના લોકો ખુશીપૂર્વક રહે છે તે સમજવાની, આધુનિક શિક્ષણની પહોંચ મેળવવવાની, અંગ્રેજી ભાષા કે જે આજે મુખ્યત્વે વૈશ્વિક ભાષા છે તેની તરફ પહોંચ મેળવવાની, અને ઇન્શાઅલ્લાહ, તમારા પોતાના દેશમાંના લોકોની સારી સેવા કરવા અને તેઓ પોતાનો વધુ વિકાસ કરી શકે તે માટે તેમને સહાય કરવા માટે એક દિવસ તમારા પોતાના દેશમાં પાછા ફરવા માટે તમારી જાતને તૈયાર કરવા માટેની આ એક તક છે. આથી, અમે નવી આવેલી જમાતો માટે આ બાબત ફરમાવવા ચાહીએ છીએ: આ એક તક છે, એ બાબતની ચોકસાઈ કરો કે તમે તેનો શક્ય તેટલા ઉત્તમ હેતુ માટે ઉપયોગ કરો.



FOR INDIA BOMBAY

ઔદ્યોગિક જગતમાં રહેવાથી તમે એક એવા વાતાવરણમાં રહો છો કે જેની મૂલ્ય પદ્ધતિઓ (value systems) ઇસ્લામની મૂલ્ય પદ્ધતિઓથી અલગ છે - દીન અને દુનિયા વચ્ચેનો સંબંધ અલગ છે; લોકો એકબીજા સાથે જે રીતે સંબંધિત થાય છે તેનું સંચાલન કરતાં સામાજિક પરિબળો અલગ છે. પરંતુ તમારી પોતાની નીતિમત્તાઓને, ઇસ્લામ ધર્મની નીતિમત્તાઓને વફાદાર રહો. તમારા પોતાનો એક કુટુંબ તરીકે - ભાઈઓ અને બહેનો તરીકે વિચાર કરો; એકબીજાને સહાય કરવાનો પ્રયાસ કરો; સમાજમાં જેઓ સૌથી વધુ નબળા છે તેમને ટકાવી રાખવાનો પ્રયાસ કરો; લોકો તરફની તમારી વલણોમાં ઉદાર બનો; વફાદાર અને વિશ્વાસુ બનો. આ એવાં મૂલ્યો છે કે જે ઇસ્લામના આપણા ધર્મમાં અતિશય મહત્ત્વપૂર્ણ છે. અને તમે જ્યાં પણ રહેતા હો, જગતના કોઈપણ ભાગમાં રહેતા હો, આ મૂલ્યો એકસરખા છે. એવું નથી કે તમે જગતના આ ભાગમાં રહો છો, અથવા બીજા ભાગમાં રહો છો, એટલે તે મૂલ્યો તમારાં જીવનમાંથી ગેરહાજર હોય. દુ'આ-બંદગીમાં નિયમિત હાજરી આપો, અને જો તમને એવું લાગે કે જીવનનાં દબાણો તમે જેટલા અનેકવાર ઇચ્છો એટલા જમાતખાનામાં હાજરી આપવાનું તમારા માટે મુશ્કેલ બનાવે છે, તો તસ્બીહ લો. અને તમારી તસ્બીહ વડે, દિવસ અથવા રાત્રીના કોઈપણ સમયે, અલ્લાહના નામનું, હઝરત અલી (અ. સ.)ના નામનું, ઇમામોનાં નામોનું સ્મરણ કરો, પરંતુ ધર્મને તમારા રોજિંદા જીવનના ભાગરૂપ બનાવો. તમે તમારું ભૌતિક જીવન જીવતા હોતા નથી, અને અચાનક તેનાથી અલગ થઈ તમારા રૂહાની જીવન તરફ તમે જાઓ, અને વળી પાછા તમારા ભૌતિક જીવન તરફ પાછા આવો. તે ઇસ્લામ નથી - ઇસ્લામ સુઘળા સમયે તમારા જીવનના ભાગરૂપ છે. આથી, અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ છીએ, તમે જ્યાં પણ હો: તમારા ધર્મ તરફની તમારી કટિબદ્ધતામાં નિયમિત રહો, કે જેથી તે તમારાં જીવનના ભાગરૂપ બની રહે. અને જો અર્થહીન આદતો (frivolous habits) હોય, તો તેવી અર્થહીન આદતોને છોડી આપો. તેમાંની અમુક કેવળ અર્થહીન છે, બીજી અર્થહીન અને દુષ્ટ છે. બન્નેને છોડી આપો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે તમને ફરમાવ્યું છે કે ગોલ્ડન જ્યુબિલીનો પ્રસંગ અમુક ખુશી મેળવવાનો અને સાથે મળીને હસવાનો પ્રસંગ છે. અને જ્યારે માવીતરો પોતાનાં બાળકો સાથે હોય છે, ત્યારે બાળકોને સ્મિત કરતાં અને હસતાં જોવામાં બેહદ ખુશી રહેલી હોય છે. અમે જ્યારે આ અદ્‌ભુત દરબાર માટે અહિં આવ્યા ત્યારે અમારી સાથે શું બન્યું તે વિશે અમે તમને જણાવવા ચાહીએ છીએ. અમે ઇમારતમાં દાખલ થયા અને દિવાલ ઉપર મોટા કાળા અક્ષરોમાં લખેલું હતું 'Loading Ramp' (માલ ચડાવવા અથવા ઉતારવાનું સ્થળ). પરંતુ અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવવા ચાહીએ છીએ કે ઇસ્લામ ખુશીનો ધર્મ છે, માત્ર ગંભીરતાનો ધર્મ નથી. અને આપણે હસી શકીએ છીએ અને સાથે મળીને ખુશી થઈ શકીએ છીએ; આપણે જીવનમાં સારી વસ્તુઓનો આનંદ માણી શકીએ છીએ અને અલ્લાહના આશીર્વાદો માટે તેનો આભાર માની શકીએ છીએ. અને જ્યારે અમે 'Loading Ramp' (માલ



ITREB FOR INDIA * BOMBAY *

ચડાવવા અથવા ઉતારવાનું સ્થળ) વિશે તમને અમારી સાથે હસતા જોઈએ છીએ, અમે વિચારીએ છીએ: સરસ, જ્યાં સુધી તમે મોટાભાગે તેની બીજી જગ્યાએ નકલ ન કરો ત્યાં સુધી એ ઘણી સારી વાત છે.

આથી, અમારાં રૂહાની બાળકો એ જાણશે કે આ પ્રસંગે, તમારી સાથે હોવા બદલ અમે બેહદ ખુશી છીએ; અમે તમારા સુખ માટે, તમારાં લાંબાં જીવન માટે, તમારી સારી તંદુરસ્તી માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે, તમારા કુટુંબમાં એકતા માટે, સિરાતલ્ મુસ્તકીમ ઉપરની મજબૂતી માટે અને મુશ્કીલ આસાન માટે અમે તમને શુભેચ્છા પાઠવીએ છીએ અને દુ'આ કરીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે તમારા ભવ્ય નઝરાણા માટે અને અતિશય સુંદર તકતીવાળું ચિત્ર (panel) જે અમને અર્પણ કરવામાં આવેલ છે તે બદલ અમારી જમાત પ્રતિ ઊંડાણપૂર્વકનો અને ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે આ તકે અમારાં રૂહાની બાળકોને એ પણ ફરમાવવા ચાહીએ છીએ કે ગોલ્ડન જ્યુબિલી વર્ષના અંતે, જગતના વિવિધ ભાગોમાંની જમાત માટે જે અનેક સમસ્યાઓ હાથ ધરવી જરૂરી છે તેની અમે સમીક્ષા કરી ચૂક્યા હશું - અને આવી ઘણી સમસ્યાઓ છે.

સૌ પ્રથમ, આપણે જમાતમાં અતિ ગરીબોને સહાય આપવાની જરૂરત છે - તેઓ જ્યાં પણ રહેતા હોય - અને ઔદ્યોગિક જગતમાં અતિ ગરીબ મુરીદો છે, અને વિકાસ પામી રહેલા જગતમાં અતિ ગરીબ મુરીદો છે. અમારી જમાતના સભ્યો અતિ વધુ ગરીબાઈમાં જીવે તે અમે જોવા નથી ચાહતા. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે તેમની સહાય કરવામાં સમય લાગશે, પરંતુ ઇન્શાઅલ્લાહ, વર્ષના અંત સુધીમાં, જ્યુબિલી વર્ષના અંત સુધીમાં, આપણે અમુક ગંભીર પહેલો ધરાવતા હશું, કે જે ઉપલબ્ધ બનાવવા માટે આપણે શક્તિમાન બનીશું. આપણે અતિ ગરીબો પ્રતિ સહાય લાવવા શક્તિમાન બનીશું.

બીજું ક્ષેત્ર જે પ્રતિ અમે સહાય લઈ આવવા ચાહીએ છીએ તે એવા મુરીદો પ્રતિ સહાય છે કે જેઓ પોતાનાં જીવનના અંત તરફ આગળ વધી રહ્યા છે - તે બુઝુર્ગો છે. માનવ જીવન વધુ અને વધુ લાંબું બની રહ્યું છે, કાર્યશીલ જીવન વધુ લાંબું બની રહ્યું છે, અને એ અતિશય મહત્ત્વનું છે કે જમાતમાંના બુઝુર્ગો પ્રેમ અને વહાલની તેમજ તેઓ માટે આપણે જે કાળજી ધરાવીએ છીએ કે તેઓ પોતાની વૃદ્ધાવસ્થામાં ગૌરવપૂર્વક જીવન જીવે તેની તેઓ લાગણી અનુભવતા હોવા જોઈએ. આથી, આ બીજું ક્ષેત્ર છે કે જ્યાં અમે એવી આશા રાખીએ છીએ કે જ્યુબિલી વર્ષના અંત સુધીમાં આપણે અમુક મહત્ત્વના કાર્યક્રમો ધરાવતા હશું.



ITREO FOR INDIA BOMBAY

ત્રીજું ક્ષેત્ર એવી જમાતો છે કે જેઓ પોતાના વિસ્તારોની અંદર બંધારણીય સંસ્થાઓ અથવા જમાતખાનાઓ ધરાવતી નથી કે જેની તેમને જરૂરત પડશે. અને જો તમે આપણા જગત સંબંધી વિચારણા કરો, તો એવા અનેક દેશો છે કે જ્યાં આ પરિસ્થિતિ છે. આ પરિસ્થિતિનો ઉપાય કરવાની જરૂર છે.

ચોથું ક્ષેત્ર સંસ્થાકીય કાબેલિયતને મજબૂત બનાવવાનું છે, કે જેથી આપણી સંસ્થાઓ વધુ સારી રીતે અને તે ચોક્કસ દેશમાંની જમાતના વધુ મોટા વિભાગને - અને બેશક પ્રાદેશિક રીતે અને કદાચ વૈશ્વિક રીતે સેવાઓ આપે. અને તેમાં માત્ર આપણે ભૌતિક સંસાધનોને જ ઉપયોગમાં નહિ લઈશું, પરંતુ આપણે એ સઘળા મુરીદોની સહાય મેળવવાનો પ્રયાસ કરીશું કે જેઓએ સમય અને જ્ઞાનની સહાય અર્પણ કરી છે, કારણ કે તે એવા મુરીદો છે કે જેઓ ઇન્શાઅલ્લાહ, જગતભરમાં આપણી સંસ્થાઓમાં ઉત્તમ પ્રથાઓ (best practices) હાંસલ કરવા આપણને શક્તિમાન બનાવશે.

અમે વિચાર્યું કે અમે અમારી જમાત સમક્ષ અમુક એવાં લક્ષ્યાંકોની સમજણ આપીએ કે જે અમે જ્યુબિલી વર્ષ માટે ધરાવીએ છીએ, કે જેથી એ કઈ બાબતો છે કે જેને અમે હાંસલ કરવાની ઇચ્છા રાખીએ છીએ તે અંગેની તમારી પાસે સમજણ હોય.

જો કે, અમે શારીરિક રીતે તમારી સાથે નહિ હોઈએ, તેમ છતાં અમે ચાહીએ છીએ કે અમારી જમાત એ જાણે કે તમે હંમેશાં અમારા હૃદયમાં, અમારા વિચારોમાં અને અમારી દુ'આઓમાં છો. અને અમે એક ખુશહાલ, એક સંગઠિત જમાત, એક એવી જમાતની કલ્પના કરવા માંગીએ છીએ કે જે જમાત હસવા માટેની સ્વતંત્રતાની લાગણી અનુભવે, અને એવી જમાત કે જ્યાં લોકો હસી શકતા હોય, અને જ્યાં તેઓને એ બાબત વિશે ચિંતા કરવી ન પડે કે દરબાર હૉલમાં ઇમામ કયા રસ્તેથી પધારશે.

અમે ફરી એક વાર, તમે સઘળાઓને અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



TIMES FOR INDIA BOMBAY

## મૌલાના હાઝર ઇમામે ટોરન્ટો, કેનેડા ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૨૩મી નવેમ્બર, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારામાંના દરેકને અને એકે એકને વ્યક્તિગત રીતે, અને તમારાં કુટુંબોને, અને તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારી જમાતને જણાવવા ચાહીએ છીએ કે આ ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે કેનેડામાંની અમારી જમાત સાથે હોવા બદલ અમે કેટલા બેહદ ખુશી છીએ. અને આ ફરમાનની શરૂઆતમાં - જ્યારે અમે અમારી સમક્ષ ૩૬ જુદા જુદા દેશોમાંની અમારી જમાતને જોઈએ છીએ, ત્યારે અમારી પ્રથમ ફરજ, કેનેડાની સરકાર અને લોકોએ આ મુલાકાત પ્રસંગે જે રીતે અમને આવકાર આપેલ છે અને જગતભરની જમાતને તેઓએ જે રીતે આ આવકાર આપેલ છે તે બદલ તેઓ પ્રતિ "આભાર" વ્યક્ત કરવાની છે. આથી, કેનેડાની સરકાર અને લોકોએ ન માત્ર અહિં, પરંતુ કેનેડાના અન્ય પ્રાંતોમાં તમને અને અમને આટલી ઉષ્માભરી રીતે આવકાર આપેલ છે તે બદલ તેઓ પ્રતિ અમે જે ઊંડા આભારની લાગણી ધરાવીએ છીએ તેમાં તમને સહભાગી બનાવવાનો આ અમારા માટે એક પ્રસંગ છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

ગોલ્ડન જ્યુબિલી અને દરબાર આનંદ મનાવવાનો પ્રસંગ છે. આપણા કુટુંબમાં આપણે ખુશ હોઈ શકીએ છીએ, હસી શકીએ છીએ, સ્મિત કરી શકીએ છીએ. અને જ્યારે આપણે ખુશ હોઈએ છીએ, ત્યારે આપણે અલ્લાહની રહેમતનો સ્વીકાર કરીએ છીએ. આથી, અમે ઇચ્છીએ છીએ કે તમારાં કુટુંબોમાં, તમારાં બાળકોએ અને તમે તમારા ચહેરાઓ ઉપર સ્મિત ધરાવવું જોઈએ. અને જોકે, આપણે મંદીનો સામનો કરી રહ્યા છીએ, મંદીનો સામનો કરવાનો ઉત્તમ માર્ગ હિમતની સાથે, બુદ્ધિમત્તાની સાથે, એકતાની સાથે અને તમારા ચહેરાઓ ઉપર સ્મિતની સાથે છે. ઇન્શાઅલ્લાહ, આપણે આ મુશ્કેલ સમયમાંથી પસાર થઈએ અને વધુ મજબૂત કુટુંબો, વધુ મજબૂત સંસ્થાઓ અને આવનારા દાયકાઓમાં આપણે ક્યાં પહોંચવાની ઇચ્છા ધરાવીએ છીએ તેની વધુ સ્પષ્ટ દૃષ્ટિની સાથે પણ બહાર આવીએ.



ITREB FOR INDIA * BOMBAY *

આ ગોલ્ડન જ્યુબિલિના પ્રસંગે ઇમામતની સંસ્થાએ (ન માત્ર) અહિં ઔદ્યોગિક જગતમાંની જમાતને, પરંતુ ત્રીજા વિશ્વમાંની જમાતને પણ ક્યાં નવીન માર્ગોએ સહાય કરવાનો પ્રયાસ કરવો કોઇએ તે અમે જોવા અને નિહાળવા ચાહતા હતા. અને આપણી જમાતમાં ગરીબાઇ માટે અમને ચિંતા છે, અને આથી, ઇન્શાઅલ્લાહ, ગોલ્ડન જ્યુબિલી વર્ષના અંત પહેલાં જેઓ આર્થિક અને ભૌતિક તકલીફમાં જીવે છે, તેઓને સહાય કરવાનો પ્રયાસ કરવાના કાર્યક્રમો અને પ્રયોજનાઓ સંબંધી અમે તમને જાણ કરી શકીશું, કે જેથી, સમય જતાં ઇન્શાઅલ્લાહ, તેઓ પોતાના માટે એક વધુ સારા ભવિષ્યનું ઘડતર કરી શકે તે માટે તેમને સહાય કરવા આપણે શક્તિમાન હોઇએ.

આપણાં જીવનનું બીજું પાસું એ છે કે માનવ જીવન આંકડાકીય દૃષ્ટિએ (statistically) વધુ લાંબું થતું જાય છે. એ સારી બાબત છે, પરંતુ જમાતમાં બુઝુર્ગોની આપણને સંભાળ લેવાની જરૂરત છે. તેઓ પ્રતિષ્ઠાપૂર્વકનું જીવન જીવી શકે તેમ હોવા જોઇએ, તેઓ વહાલ અને સંભાળ ભરેલ જીવન જીવી શકે તેમ હોવા જોઇએ. અને આથી, ઇન્શાઅલ્લાહ, વર્ષના અંત પહેલાં, ખાસ કરીને આપણે જે મંદીમાં જીવન જીવી રહ્યા છીએ તે જોતાં, બુઝુર્ગો જીવનની બહેતર ગુણવત્તાની પરિસ્થિતિમાં જીવન જીવે તે માટે તેમને સહાય કરવા કાર્યક્રમો ઘડી કાઢવાનો પણ આપણે પ્રયાસ કરીશું.

ગોલ્ડન જ્યુબિલીનું ત્રીજું પાસું એ છે કે જમાતમાંની સંસ્થાઓ જમાત માટે જે કાર્ય કરી શકે તેમ છે તેને વિસ્તૃત કરવા અને સ્થિર બનાવવા માટે આપણને ક્યાં વધુ કાર્ય કરવાની જરૂરત છે તે જોવા માટે અમે આ સંસ્થાઓ તરફ દૃષ્ટિ કરીશું.

**(મૌલાના હાઝર ઇમામે નીચે દર્શાવેલ બાબત ફ્રેન્ચમાં ફરમાવી હતી)**

**(મૌલાના હાઝર ઇમામે જે બાબત ફ્રેન્ચમાં ફરમાવી હતી તેનું ફ્રેન્ચ નહિ બોલતી જમાત માટે ભાષાંતર)**

અમે જાણીએ છીએ કે આજે, ક્યુબેકમાંની જમાત અહિં હાજર છે અને એ સઘળાઓને અમે સંબોધન કરી રહ્યા છીએ કે જેઓ ફ્રેન્ચ બોલે છે. અંગ્રેજી બોલનારા માટે ઘણું અણગમતું, ઘણું અણગમતું અને ફરી એક વાર ઘણું અણગમતું હશે ! પરંતુ અમે એ જમાતને સંબોધન કરી રહ્યા છીએ કે જે ફ્રેન્ચ બોલતી જમાત છે. અમે તમને એ ફરમાવવા ચાહતા હતા કે મહિનાઓ અને કદાચ હવે પછીના એક અથવા બે વર્ષો, જે આપણી સમક્ષ આવનાર છે, તે મુશ્કેલ વર્ષો હશે. જે મંદી પશ્ચિમી જગતમાં શરૂ થયેલ છે તે પશ્ચિમ સુધી પોતાને મર્યાદિત રાખશે નહિ. દુર્ભાગ્યે, આ મંદી વૈશ્વિક સ્વરૂપ લેશે અને આથી, જમાતના સઘળાં કુટુંબો, તેઓ જ્યા પણ રહેતાં હોય, તેઓએ સાવચેતીપૂર્વક, ડહાપણપૂર્વક રહેવું જોઇએ, પોતાની કામગીરીઓને ઘણી જ નિકટથી સંચાલિત કરવી જોઇએ અને મંદીની પરિસ્થિતી માટે તૈયારી કરવા પગલાં લેવા જોઇએ, તેની સાથોસાથ, આપણી આગળ આવનાર સમય માટે શક્ય હોય તેટલાં વધુ સાધનોનો ઉપયોગ કરવો જોઇએ. આ મંદીનું એક સૌથી કઠિન પાસું તેના સમયગાળાને, તેના પ્રભાવને અને આ પરિસ્થિતિથી કોણ પ્રભાવિત થવાના છે તેને સમજવાનો પ્રયાસ કરવા અંગેનું

છે, અને આથી, કુટુંબો અને સંસ્થાઓએ સાવચેત રહેવાની અને આ પરિસ્થિતિનો સામનો કરવા માટેના નવીન માર્ગો શોધી કાઢવાની જરૂરત છે.

**(મૌલાના હાઝર ઇમામે અંગ્રેજીમાં ફરમાન આગળ ફરમાવ્યું હતું)**

જેઓ ફ્રેન્ચ બોલતા નથી, તેઓ માટે અમે એવી આશા સાથે ફરી પાછા અંગ્રેજીમાં ફરમાવીશું કે જેઓ ફ્રેન્ચ બોલે છે તેઓ અંગ્રેજી પણ સમજે છે. અમે એ મંદી વિશે ફરમાવી રહ્યા હતા જે આપણી આગળ રહેલી છે, અને અમે જગતભરની જમાતને ફરમાવી રહ્યા હતા કે આ મંદીનો સામનો કરવા માટે આપણને નવીન માર્ગો તરફ દૃષ્ટિ કરવાની જરૂરત છે. તેમાંનો એક માર્ગ દેખીતી રીતે, બિન જરૂરી ખર્ચાઓમાં ન સંડોવાતા ડહાપણપૂર્વક રહેવાનો છે. પરંતુ તે માર્ગ સંગઠિત થવાનો, મુશ્કેલીનો એકલા સામનો કરવા કરતાં સાથે મળીને સામનો કરવા પ્રયાસ કરવાનો પણ છે, કે જેથી, જો તમે એક સરખા વ્યવસાયમાં હો, જો તમે એક સરખા પ્રકારના ધંધામાં હો, જો તમે પશ્ચિમી જગતમાં અથવા ત્રીજા વિશ્વમાં એકસરખાં સાહસો ધરાવતા હો, તો તમે સંગઠિત બનો અને આ કઠિન પરિસ્થિતિઓનો સામનો કરવાની તમારી ક્ષમતાને વધુ મહત્તમ બનાવો. હવે, અમે અમારી જમાતને જાણીએ છીએ અને અમે જાણીએ છીએ કે અમારી જમાત ઘણી જ વ્યક્તિત્વવાદી (individualistic) - ઘણી જ વ્યક્તિત્વવાદી છે. અને જ્યારે તમે ધંધા-રોજગારના અથવા વ્યવસાયિક પ્રવૃત્તિઓના સંબંધમાં દાખલ થાઓ છો ત્યારે તમારા મગજમાં એ વાત હોય છે: હું તેમાંથી કેવી રીતે બહાર નીકળી શકું? એમ નહિ કે હું તેમાં કેવી રીતે દાખલ થાઉં, પરંતુ હું તેમાંથી કેવી રીતે બહાર નીકળી શકું! અને જોકે, અમે આ પરિસ્થિતિ અંગે રમૂજ કરીએ છીએ, અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવવા ચાહીએ છીએ કે જો તમે એ સવાલો વિશે વિચાર કરો, તો તમે એ જોશો કે તેના વાસ્તવિક અને નક્કર જવાબો છે. તમે સાથે મળીને પ્રવૃત્તિઓ કરવાનો માર્ગ બનાવો, પરંતુ જો બાબતો મુશ્કેલ હોય તો બહાર નીકળવાનો માર્ગ એ રીતે તૈયાર કરો કે જે દ્વારા જેઓ એક સરખા પ્રકારની પ્રવૃત્તિમાં રહેવા માગે છે તેમને નુકસાન કર્યા વગર વ્યક્તિઓ અથવા કુટુંબો બહાર નીકળી શકે. આથી, તમારા વ્યક્તિગતપણા (individuality)ને છોડી દેવાનો ડર રાખવાની જરૂરત નથી. અમે માનીએ છીએ કે વ્યક્તિત્વવાદી હોવું એ ઉત્તમ બાબત છે. બીજી બાજુ, મંદીના સમયે, ભાઈચારામાં, એકબીજાના આદરમાનમાં એક કોમ તરીકે આગળ વધવું એ સમસ્યાઓને હાથ ધરવાનો માર્ગ છે.

તેમને હાથ ધરવાનો બીજો માર્ગ, ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન જમાતની ભવ્ય ઉદારતા થકી છે. સમય અને જ્ઞાનનું જે યોગદાન આપવામાં આવ્યું છે, એ સંપૂર્ણપણે ભવ્ય છે, અને જેઓએ આપણી સંસ્થાઓ માટે સમય અને જ્ઞાન તેમજ ભૌતિક સંસાધનો અર્પણ કરેલ છે તેમના માટે અમે અમારા ઘણા જ ખાસ દુ'આ-આશિષો ફરમાવવા ચાહીએ છીએ. અને તેઓને અમે અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.



FOR INDIA BOMBAY

જગતભરની આપણી સંસ્થાઓ પ્રતિ ગુણવત્તાપૂર્વકનું જ્ઞાન લઈ આવવું એ જગતના વિવિધ ભાગોમાંની જમાતના ભવિષ્યનું એક સૌથી વધુ મહત્ત્વનું પાસું છે. અને અમારા આગેવાનો એ સારી રીતે સમજે છે કે છેલ્લાં ૫૦ વર્ષો દરમ્યાન અમારું એક લક્ષ્યાંક એ રહ્યું છે કે જે દેશોમાં જમાત રહે છે તે દેશોને તકોવાળા દેશો બનાવવા, એવા દેશો બનાવવા કે જ્યાં કુટુંબના સભ્યો ભવિષ્યમાં વિશ્વાસપૂર્વક સ્થાયી થઈ શકે, કારણ કે તમારા માટે એક સૌથી વધુ મહત્ત્વનું પાસું, આજે અને ભવિષ્યમાંની પેઢીઓમાં પસંદગીઓ કરવાની સ્વતંત્રતાનું છે. અમુક વર્ષો પહેલાં એવી લાગણી રહેલી હતી કે ઔદ્યોગિક જગતને મંદી અને મુશ્કેલીની ખબર નહિ પડે અને તે એવું હતું કે તમે અંગ્રેજીમાં કહો છો તેમ (the greener grass of the neighbour) પાડોશીનું ઘાસ વધુ લીલું હોય છે. સરસ, જ્યારે તમે ત્યાં જાઓ છો, ત્યારે ઘણીય વાર, તમે જે ઘાસ ઉપર છો, તેના કરતાં તે ઘાસ વધુ લીલું હોતું નથી. આથી, તમે તમારી પોતાની સંસ્થાઓ પ્રતિ, તમારા પોતાના દેશો પ્રતિ જે કંઈ લાવો છો, તે બાબત તેમને તકોવાળા દેશો બનાવે છે. અને તે એ ક્ષેત્ર છે કે જ્યાં આપણને સાથે મળીને કાર્ય કરવાની જરૂરત છે, કે જેથી, જમાત પાસે શક્ય તેટલાં એવાં અનેક ક્ષેત્રો હોય કે જ્યાં તે આ પેઢીમાં અને ભવિષ્યની પેઢીઓમાં ખુશીપૂર્ણ રીતે જીવન જીવી શકે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

જેમ જીવન આગળ વધતું જાય છે, જેમ પેઢીઓ વૃદ્ધિ પામતી જાય છે, તેમ જીવનનો એક એવો અતિ મહત્ત્વશીલ ભાગ છે કે જેના પ્રતિ અમારે તમારું ધ્યાન દોરવું જોઈએ, અને તે તમારા ધર્મનું પાલન અને ઇસ્લામની નીતિમત્તાઓની અંદર જીવન જીવવાનું છે. ઇસ્લામની નીતિમત્તાઓ સંબંધો વિશે, પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે, અમીર અને ગરીબ વચ્ચેના સામાજિક સંબંધો વિશે અને એવા વિચાર સંબંધી ઘણી જ સ્પષ્ટ છે કે ભાઈચારાની ભાવનામાં તમે એક એવા સામાજિક સંદર્ભનું સર્જન કરવા માગો છો કે જેમાં દરેક વ્યક્તિનું તેનું અથવા તેણીનું સમાજમાં યોગ્ય સ્થાન હોય. અને આથી, સંભાળની નીતિમત્તા, ઉદારતાની નીતિમત્તા, પ્રમાણિકતાની નીતિમત્તા, સહાય અને પોતાના ધર્મનું પાલન - પ્રાસંગિક પ્રવૃત્તિ તરીકે નહિ, પરંતુ દરરોજના જીવનના એક સતત ભાગ તરીકે - તેની નીતિમત્તા તે આજે જમાત માટે એટલી જ અતિ આવશ્યક છે કે જેટલી તે ભૂતકાળમાં રહી હતી અને એટલી જ તે આવનારા દાયકાઓમાં રહેશે.

અને કારણ કે તમે ઔદ્યોગિક જગતમાં રહો છો એટલે એવું નથી કે નીતિમત્તાઓની મહત્ત્વતા જગતના બીજા ભાગો કરતાં કોઈપણ રીતે ઓછી છે અથવા કોઈપણ રીતે જુદી છે. અને આથી, આજે અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: તમારા ધર્મના પાલનમાં નિયમિત રહો; તેને સઘળા સમયે તમારા જીવનના ભાગરૂપ બનાવો. જો તમારી પાસે તસ્બીહ હોય, તો તસ્બીહ વડે અલ્લાહના નામનું સ્મરણ કરો, આપણા પૈગમ્બર (સ.અ.વ.)ના નામનું સ્મરણ કરો, ઇમામોના નામનું સ્મરણ કરો, પરંતુ ધર્મને દરરોજની પ્રવૃત્તિના જીવન કરતાં અલગ ગણો નહિ.



BOMBAY

આજે, અહિં જમાતમાં, મધ્ય એશિયામાંનાં રૂહાની બાળકો છે, એ મુરીદો કે જેઓ કેનેડામાં તાજેતરમાં આવેલા છે, મોટાભાગે તેઓ એવી પાશ્ચાદભૂમિકાઓમાંથી છે કે જે ઘર્ષણ ભરેલ અને દુઃખદ રહેલ છે. અમે તે મુરીદોને એ બાબત ફરમાવવા ચાહીએ છીએ કે જે અમે અમારી જમાતને ૨૦ અથવા વધુ વર્ષો અગાઉ ફરમાવી હતી કે જ્યારે તમે મૂળભૂત રીતે આફ્રિકામાંથી આવ્યા હતા. આજે, કેનેડામાં તમારી પાસે તક રહેલી છે; આધુનિક શિક્ષણ હાંસલ કરવાની તક; વૈશ્વિક ભાષા - અંગ્રેજીની ભાષા કે જે તમે કદાચ વતનમાં જાણતા ન હતા તે શીખવાની તક; તમારી યુવાન પેઢીઓને ભવિષ્ય માટે તૈયાર કરવાની તક; અને ઇન્શાલ્લાહ, એક દિવસ તમારા પોતાના દેશમાં પાછા જઈ અને તેમને એક શાંતિમય અને નક્કર ભવિષ્યનું ઘડતર કરવામાં સહાય કરવાની તક રહેલી છે.

આથી, મધ્ય એશિયા, અફઘાનિસ્તાન, તાજિકિસ્તાનમાંનાં અમારાં રૂહાની બાળકો, તમે મધ્ય એશિયામાંથી જ્યાંથી પણ આવ્યા હો: આ પરિસ્થિતિ તરફ એવી રીતે દૃષ્ટિ નહિ કરો કે આજે તમે એક એવી પરિસ્થિતિમાં રહો છો કે જે તમારા ભવિષ્યને સહાય કરી શકે નહિ. તે તમારા ભવિષ્યને સહાય કરી શકે છે અને તે તેના ઉપર આધાર રાખશે કે તમે સારું શિક્ષણ પ્રાપ્ત કરો, એવું જ્ઞાન શીખો કે જે તમારા માટે અને ભવિષ્યની પેઢીઓ માટે ઉપયોગી બનશે. આથી, અમે મધ્ય એશિયામાંની અમારી જમાતને ફરમાવીએ છીએ: ડહાપણશીલ બનો અને આનો એક તક તરીકે વિચાર કરો.

અંતમાં, અમે અહિં અમારાં સઘળાં રૂહાની બાળકોને, તમારામાંના એકે એકને અને દરેકને, અને તમારાં કુટુંબોને અને તમારી જમાતોને, તમારા સુખ માટે, તમારા લાંબા જીવન માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, તમારી સારી તંદુરસ્તી માટે, સિરાતલ્ મુસ્તકીમ - સીધા માર્ગ - ઉપરની મજબૂતી માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે તમને જણાવવા ચાહીએ છીએ કે કેનડાની આ ગોલ્ડન જ્યુબિલી મુલાકાત પ્રસંગે તમે જે ભવ્ય નઝરાણું પેશ કરેલ છે અને જે અતિશય સુંદર ભેટ તમે અમને અર્પણ કરેલ છે, તેનાથી અમે કેટલાબધા ખુશી થયા છીએ. ઇન્શાઅલ્લાહ, એ નઝરાણું તમારામાંના એકે એક અને દરેક માટે તમારા જીવનકાળ દરમ્યાન અનેક હજારગણું વધવા પામે, અને તમે આ મંદીમાંથી સુખરૂપ પસાર થઈ જાઓ, અને તેમાંથી વધુ મજબૂત બનીને બહાર આવો. અમે આ તકે એ પણ ફરમાવવા ચાહીએ છીએ કે જોકે, અમે તમારી સાથે શારીરિક રીતે ન પણ હોઈએ, અમારી જમાત હંમેશાં અમારા હ્રદયમાં અને અમારા વિચારોમાં અને અમારી દુ'આઓમાં હોય છે.



FOR INDIA BOMBAY

અને આ ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન, અમે એ જોઈશું કે પશ્ચિમી જગતની બહારની જમાતો માટે શું કરવાની જરૂરત છે. દાખલા તરીકે, મધ્ય એશિયામાં, જ્યાં જમાતો ન તો બંધારણીય સંસ્થાઓ ધરાવે છે અને ન જમાતખાનાઓ ધરાવે છે, અને ન તો એવી અનેક ઇમારતો અને સંસ્થાઓ ધરાવે છે કે જે જગતભરમાં આપણી જમાતો સામાન્ય રીતે ધરાવતી હોય છે. આથી, આજે પણ, આપણી સંસ્થાઓ જે પ્રકારે જમાતને સેવા આપવા માટે શક્તિમાન છે તેમાં અસમતુલા છે. તમે એ સમજી શકશો કે આ એક એવી બાબત છે કે જે અમારા માટે ચિંતાની બાબત છે, અને અમે જાણીએ છીએ કે આ જરૂરિયાતો, જે આગળ રહેલી છે તેને પહોંચી વળવા માટે જમાત અને ઇમામતની સહાય કરવામાં તમે ઘણા જ ઉદાર રહ્યા છો.

આજે સાંજના તમારા વચ્ચેથી સીધાવી જતી વખતે અમે આપણી જમાતના સઘળા રૂહાની સભ્યોના આત્માની શાંતિ અને રાહત માટે અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ. અને અમે ફરીથી, તમે સઘળાઓને સુખ માટે, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે અને એકતા તેમજ સિરાતલ્ મુસ્તકીમ ઉપરની મજબૂતી માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અંતમાં, વોલન્ટીયરોને, તમે સઘળાઓને મુબારકીઓ, કે જેઓએ બહારથી આવેલી જમાતની સંભાળ લીધી છે, જેઓએ આ અદ્ભુત સજાવટો કરી છે, જેઓએ નીચેની દિવાલો ઉપર અમુક રમૂજી સંકેતો લખ્યા છે - અમે આજે તેની વિગતમાં જઈશું નહિ. પરંતુ કેનેડાની અમારી મુલાકાત એક ઘણી, ઘણી જ ખુશહાલ મુલાકાત રહી છે અને અમે આશા રાખીએ છીએ કે તમે એ જાણો છો કે અમારી ખુશીમાં અમે તમને સહભાગી બનાવવા ઇચ્છીએ છીએ. અમે જ્યારે અહિં હતા, ત્યારે અમે અમારી જાતને એ પૂછતા હતા કે ૩૬ જુદા જુદા દેશોમાંની જમાતને કઈ બાબત સંગઠિત બનાવી શકે, અને અમે નક્કી કર્યું કે અમે આશા રાખીએ છીએ કે તે બાબત આજે સાંજના ડાંડિયારાસ હશે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

# મૌલાના હાઝર ઇમામે કેલ્ગરી, કેનેડા ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૨૪મી નવેમ્બર, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારામાંના દરેકને, અને તમારાં કુટુંબોને, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

તમે જ્યાંથી પણ આવ્યા હો, તમે જ્યારે ઘરે પાછા જાઓ, ત્યારે અમે ચાહીએ છીએ કે તમારાં કુટુંબોને અને તમારી જમાતોને અમારા દુ'આ-આશિષો પહોંચાડજો અને તેઓને કહેજો કે તેઓ આ પ્રસંગે જાણે અહિં હાજર હતા તેવી જ રીતે અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં અને અમારી દુ'આઓમાં છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે તમને જણાવવા ચાહીએ છીએ કે અમે કેનેડામાં પાછા પધારવા માટે કેટલા બેહદ ખુશી છીએ અને અમે આજે સાંજના આ ફરમાનની શરૂઆત તમને એમ ફરમાવીને કરવા ચાહીએ છીએ કે (ન માત્ર) અમારી આ મુલાકાત - અમારી ગોલ્ડન જ્યુબિલી મુલાકાત દરમ્યાન - કેનેડાની સરકાર અને લોકોની સૌજન્યશીલતા અને ઉદારતા બદલ, પરંતુ આ દેશે જગતના અનેક, અનેક સ્થળોની આપણી જમાતને જે રીતે સહાય કરી છે તે બદલ - જમાત વતી અને અમારા વતી - પણ અમે કેટલાબધા આભારી છીએ.

અમે આ ફરમાનની શરૂઆતમાં આ તકે, આપણા વોલન્ટીયરો દ્વારા કરવામાં આવેલ ભવ્ય કાર્ય બદલ અમારી પ્રશંસા અને આભાર પણ વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે જાણીએ છીએ કે કેનેડાની ગોલ્ડન જ્યુબિલી મુલાકાતનાં સઘળાં પાસાઓ ઉપર દેખરેખ રાખવા અને કાર્ય કરવા માટે, જે હૉલ છેલ્લી ઘડીએ આપવામાં આવ્યા હતા તેની તૈયારીઓ કરવા માટે, જે લોકો બહારથી આવ્યા છે તેમનો સમાવેશ કરવાની તૈયારી માટે તેઓએ કલાકોના કલાકો વિતાવ્યા



૧૦૯ ૨૦૮

ITREB FOR INDIA BOMBAY

છે. અમે અમારા સઘળા અદ્‌ભુત વોલન્ટીયરોને અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

દરબાર ખુશીનો પ્રસંગ છે, અને આજે સાંજની શરૂઆત આપણે ગંભીર બાબતો વિશે વાતચીત કરીને કરીશું, પરંતુ તે પછી અમે અમારાં રૂહાની બાળકોને હસાવવાની આશા રાખીએ છીએ, કારણકે તમારા ચહેરાઓ ઉપરનું સ્મિત અમારા માટે ખુશી લઇ આવે છે.

આજે આપણે આર્થિક મંદીની ગંભીર વૈશ્વિક સમસ્યા જોઇ રહ્યા છીએ. આ મંદી કેટલો લાંબો સમય સુધી રહેશે, જગતના ક્યા ભાગોને તે પહેલા પ્રભાવિત કરશે, ક્યા દેશો પછીથી પ્રભાવિત થશે, અને તે પ્રભાવ કેટલો ઊંડો હશે તે સંદર્ભમાં મંદી વિશે નક્કી કરવાનું દુર્ભાગ્યે અતિશય મુશ્કેલ છે. આથી, આપણી આગળ જે રહેલું છે તેને અમે "આર્થિક અજ્ઞાત સ્થિતિ" (economic unknown) કહીશું. બાબત આમ હોવાથી, એ સલાહભર્યું છે કે ઘણા જ ડહાપણપૂર્વક રહેવું જોઇએ, અજ્ઞાત સ્થિતિ માટે તમારી જાતને એવી રીતે તૈયાર કરવી કોઇએ કે તમે માત્ર એ બાબતની જ વચનબદ્ધતા આપો કે જે તમારા જીવનમાં અતિ આવશ્યક હોય, જેમ કે મિલ્કતોને હાંસલ કરવી કે હાંસલ ન કરવી, અથવા જ્યારે અર્થતંત્ર સંકોચાઇ રહ્યું હોય ત્યારે વિસ્તૃતિકરણ કરવું કે નહિ, અને તમારા વ્યવસાયોમાં અથવા તમારા ધંધા-રોજગારમાં તમે જ્યારે કાર્ય કરતા હો ત્યારે, વધુ અસરકારક પરિણામો હાંસલ કરવા માટે નવીન તકો તરફ દૃષ્ટિ કરવી. અને અમે ચાહીએ છીએ કે અમારી જમાત એ વિચાર કરે કે બે બાબતો કરવી એ એક સારી તક છેઃ એકસરખા વ્યવસાયોમાંના અથવા એકસરખા ધંધા-રોજગારમાંના લોકો વચ્ચે સંગઠિત બનવું કે જેથી તમે, તમારામાંના પ્રત્યેક એકલા હો તેના કરતાં સાથે મળીને તમે વધુ મજબૂત બની શકશો. અને અમે જણીએ છીએ કે અમારી જમાત અમુક સમયે, સંગઠિત થવાથી ડરતી હોય છે, કારણ કે તમારા મગજમાં એ પ્રશ્ન હોય છેઃ હું કેવી રીતે બહાર નીકળી શકું ? એ અમારા મુરીદોનું અદ્‌ભુત વ્યકિતગતપણું (individuality) છે. પરંતુ તમારે એવો વિચાર કર્યા વગર એ ગોઠવણમાં દાખલ થવાનું હોતું નથી કે તમે એક બુદ્ધિગમ્ય, પરિપક્વ માર્ગે અને તમે જેમને છોડીને જઇ રહ્યા છો તેમને નુકસાન કર્યા વગર એ ગોઠવણમાંથી કેવી રીતે બહાર નીકળી શકો. અને આથી, અમે અમારી જમાતને ફરમાવીશુંઃ જ્યાં પણ થઇ શકે તેમ હોય ત્યાં, - અને અમે તેમાં ઉમેરો કરીશુંઃ સરહદોની પાર, માત્ર કેનેડાની અંદર જ નહિ, પરંતુ સરહદોની પાર તમે સંગઠિત બનો. બીજી બાબત જે અમે જગતના અનેક ભાગોમાંના અમારાં રૂહાની બાળકોને ફરમાવેલ છે તે એ છે કે જો તમારાં કુટુંબો જગતના વિવિધ ભાગોમાં રહેતાં હોય, તો પછી સામાન્ય રીતે કહીએ તો તે તંદુરસ્ત પરિસ્થિતિ છે, કારણ કે વિશ્વનાં અર્થતંત્રોની અસ્થિરતા (volatility) એવી છે કે ૧૦, ૧૫

અથવા ૨૦ વર્ષો દરમ્યાન પ્રદેશનાં અર્થતંત્રો એક અથવા બીજી રીતે કઈ રીતે આગળ વધવાના છે તેની આગાહી કરવાનું અતિશય મુશ્કેલ છે. અને અમારાં રૂહાની બાળકોને એ યાદ હશે કે અમે તમને કેટલીય વખત વારંવાર ફરમાવેલ છે: તમે જે સ્થળોમાં રહો છો અને કાર્ય કરો છો તેમાં વિવિધતા રાખો. અમે અમારાં રૂહાની બાળકોને એમ પણ ફરમાવ્યું છે કે છેલ્લાં વર્ષો દરમ્યાન અમારું કાર્ય એ બાબતની ચોકસાઈ કરવાનો પ્રયાસ કરવાનું રહ્યું છે કે એ સઘળા દેશો કે જ્યાં તમે રહો છો તે તકો ધરાવતા દેશો હોય. અને, એશિયામાં, આફ્રિકામાં, મધ્ય-પૂર્વમાં, પશ્ચિમી જગતમાં પણ જ્યાં મુશ્કેલીઓ હતી - અને કોઈ પણ વ્યક્તિ ૧૯૮૦નાં વર્ષોની મંદીને ભૂલશે નહિ કે જેમાં યુરોપ અને અન્ય જગ્યાઓમાં અનેક કુટુંબોને ઉથલપાથલ (reversals) સહન કરવી પડી હતી - એ હકીકત કે વિકલ્પો ધરાવવા અને એ દેશો તરફ દૃષ્ટિ કરવી કે જે તમને તકો પૂરી પાડતા હોય એ બાબત કંઈક એવી છે કે જે અતિશય મહત્ત્વતાભરી છે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણે જ્યારે ભવિષ્ય તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે અમે અમારી જાતને પૂછીએ છીએ: ગોલ્ડન જ્યુબિલી વર્ષના અંતે એવી કઈ સમસ્યાઓ છે કે જેને જગતભરની અમારી જમાત માટે હાથ ધરવાની જરૂરત છે? પ્રથમ સમસ્યા ગરીબીની છે. જગતભરમાં, ઔદ્યોગિક જગતમાં અને અન્ય જગ્યાઓએ એવા મુરીદો છે કે જેઓ સખત ગરીબીમાં રહે છે, અને અમે એવી આશા રાખીએ છીએ કે વર્ષના અંત પહેલાં, આપણે તેઓને સહાય કરવા માટે કાર્યક્રમોની યોજના બનાવવા અને તેના વિશે તમને જાણ કરવા શક્તિમાન બનીશું કે જેઓ આર્થિક મુશ્કેલીમાં છે, ખાસ કરીને જેઓ ગરીબીમાંથી બહાર નીકળવા પોતાનો માર્ગ કાઢવા અશક્તિમાન છે, અને જ્યાં ગરીબી એ જ કુટુંબની એક પછી બીજી પેઢીને પ્રભાવિત કરી રહી છે. આ કંઈક એવી બાબત છે જેને સ્વીકારવી ન જ જોઈએ.

બીજું પાસું વૃદ્ધાવસ્થા છે. અલ્‌-હમ્દુલિલ્લાહ, જીવન, માનવ જીવન, લાંબું અને વધુ લાંબું થતું જાય છે, પરંતુ બુઝુર્ગો ગૌરવપૂર્વક, પ્રતિષ્ઠાપૂર્વક, તેમની આસપાસ સ્નેહની સાથે જીવવા માટે શક્તિમાન બનવા જોઈએ, કે જેથી તેઓ જેમ વૃદ્ધ થતાં જાય, તેમ તેઓ ગુણવત્તાભર્યું જીવન ધરાવે. આથી, આપણે એ બાબત પ્રતિ દૃષ્ટિ કરીશું કે એની ચોકસાઈ કેવી રીતે કરવી કે જમાતમાંની બુઝુર્ગ પેઢીઓ એવી શૈલી અને ગુણવત્તાની સાથે જીવન જીવે કે જે સ્વીકાર્ય હોય.

ત્રીજી સમસ્યા કે જેની તરફ અમે દૃષ્ટિ કરી રહ્યા છીએ તે સંસ્થાકીય ક્ષમતા છે. જગતના એવા ભાગો છે કે જ્યાં જમાતખાનાઓ નથી. જગતના એવા ભાગો છે કે જ્યાં બંધારણીય સંસ્થાઓ નથી; જગતના એવા ભાગો છે કે જ્યાં શાળાઓ નથી, આરોગ્ય કેન્દ્રો નથી, અને નાણાંકીય સેવાઓ નથી. આ જગતના એવા ભાગો છે કે જેના પ્રતિ આપણે આવનારાં વર્ષોમાં દૃષ્ટિ



ITREB FOR INDIA * BOMBAY *

કરીશું, અને આપણે જગતભરની જમાતોને જે સહાય આપીએ છીએ તેમાં સમાનતા લાવવાનો પ્રયાસ કરીશું. અને, આ સંદર્ભમાં, અમારી પાસે બે બાબતો છે કે જેનો અમે નિર્દેશ કરવા ચાહીએ છીએ. પ્રથમ પશ્ચિમી જગતમાંની, અને ખાસ કરીને અહિં કેનેડામાંની મધ્ય એશિયામાંની જમાત છે.

મધ્ય એશિયામાંનાં અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમારા અહિંના સમયગાળાને અથવા તમારા રહેણાંકને એક એવા સમય તરીકે ન નિહાળો કે જે ગુમાવી દીધેલ હોય, અને એવા સમય તરીકે કે જેમાં તમે તમારા ભવિષ્યનું ઘડતર કરી શકો નહિ. આ તકનો ઉપયોગ તમે તમારાં બાળકોને શિક્ષણ આપવા, અંગ્રેજીની વૈશ્વિક ભાષા શીખવા, તમારી જાતને એવી રીતે સ્થાનબદ્ધ કરવાની શક્યતામાંથી દરરોજ ફાયદો ઉઠાવવા માટે કરો કે અમુક સમય પછી જો તમે તમારા વતનના દેશોમાં પાછા જવા ઇચ્છો અથવા તો તમે બીજે ક્યાં પણ જવા ઇચ્છો, તો તમે જ્યારે મૂળ રીતે તમારા વતનના દેશો છોડ્યા હતા તેના કરતાં તમે વધુ સારી રીતે સજ્જ હો.

બીજી બાબત જે અમે ફરમાવવા ચાહીએ છીએ તે ઘણી જ મહત્ત્વની છે. અમારા મુરીદો આ ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે ભૌતિક રીતે અને સમય તેમજ જ્ઞાનની સાથે એમ બન્ને રીતે અતિશય ઉદાર રહ્યા છે. અને જે મુરીદોએ સમય તેમજ જ્ઞાન અને ભૌતિક સહાય અર્પણ કરી છે તેઓને આ શ્રેષ્ઠ, શ્રેષ્ઠ સહાય માટે અમે અમારા ઘણા જ ખાસ અને અતિશય વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

જ્ઞાનમાં સહભાગી બનાવવું, જગતના વિવિધ ભાગોમાંની આપણી જમાતને તેના જીવનની ગુણવત્તામાં સુધારણા કરવા શક્તિમાન બનાવવી - આ ઇસ્લામમાં ભાઈચારાના અર્થનું એક ઘણું જ, ઘણું જ મહત્ત્વશીલ પાસું છે. અને અમે બેહદ ખુશી છીએ કે આ ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે આટલાબધા અનેક મુરીદોએ સરહદોની પાર અને જગતના વિવિધ ભાગોમાં બીજાઓને સહાય કરવા આગળ આવવા માટેની સેવા અર્પણ કરી છે.

અમે આજે રાતના અમારાં રૂહાની બાળકોને એ પણ ફરમાવીશું કે ભલે તમે ઔદ્યોગિક જગતમાં અથવા તો જગતના અન્ય ભાગોમાં રહેતા હો, તમારા ધર્મની નીતિમત્તાઓ, તમારા ધર્મનું પાલન, તમારા ધર્મની દૃષ્ટિએ જે ઉચિત હોય તે મુજબ જીવન જીવવું એ તમારા ભવિષ્ય અને જમાતના ભવિષ્ય માટે અતિ મહત્ત્વશીલ છે. અને આથી, ઈમાનદારી, પ્રમાણિકતા,



ITREB FOR INDIA * BOMBAY *

દયાભાવના, ઉદારતા, અને જેઓ જરૂરતમંદ હોય તેમને સહાય: આ સઘળા આપણા ધર્મની નીતિમત્તાઓના ભાગરૂપ છે, તેને તમારા દરરોજના જીવનના ભાગરૂપ બનાવો. ધર્મને તમારા જીવનનું એવું પાસું બનવા નહિ દો કે (જેમાં) તમે દાખલ થાઓ અને તમે પછી બહાર નીકળો, અને તમે પછી દાખલ થાઓ અને તમે પછી બહાર નીકળો. તમારો ધર્મ સઘળા સમયે તમારા જીવનના ભાગરૂપ છે. આથી, જ્યારે પણ તમે કરી શકો, તમારી તસ્બીહ લો, અલ્લાહના નામનું, હઝરત પૈગમ્બર (સ.અ.સ.)ના નામનું, ઇમામોનાં નામનું સ્મરણ કરો, પરંતુ તમારા ધર્મને તમારા દરરોજના જીવનના ભાગરૂપ બનાવો, એવો પ્રાસંગિક સમય નહિ કે જે તમે તમારા ધર્મને અર્પણ કરતા હો.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

દરબાર આનંદ મનાવવાનો સમય છે અને સ્મિત કરવાનો સમય છે અને અમે અમારાં રૂહાની બાળકોને સ્મિત કરતાં જોવા ચાહીએ છીએ. આથી અમે ચાહીએ છીએ કે અમારાં રૂહાની બાળકો આજે ખુશી ધરાવે, જીવનનો આનંદ માણે, અલ્લાહે આપણને જે ઉત્તમ ચીજો આપી છે તે બદલ તેના શુક્રાનાઓ અદા કરે. અને એ ધર્મ પ્રતિ સચ્ચાઈપૂર્ણ રહો, એ ધર્મ કે જે ન માત્ર દોરવણી આપે છે પરંતુ ખુશી પણ લઈ આવે છે. અને અમે તમારામાંના દરેકને અને એકે એકને ફરી એક વાર, તમારા લાંબા જીવન માટે, તમારી સારી તંદુરસ્તી માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, મુશ્કીલ આસાન માટે અને તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે અમારા અતિશય ઉમળકાભર્યા, અને અમારા અતિશય હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે સાંજના આ છેલ્લાં મંતવ્યોની શરૂઆત આ પ્રંસગે એમ ફરમાવીને કરવા ચાહીએ છીએ કે જમાતના સઘળા રૂહાની સભ્યોના આત્માઓની શાંતિ અને રાહત માટે અમે અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

તમે જે ભવ્ય નઝરાણું અને અંગત ભેટ અમને અર્પણ કરી છે તે બદલ અમે તમારા પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા પણ ચાહીએ છીએ અને એમ ફરમાવીએ છીએ કે એ અમારી દુ'આ છે કે આ નઝરાણું તમારાં જીવનમાં અનેક હજારગણું વધવા પામે, કે જેથી, તમે તમારા



TIMES FOR INDIA BOMBAY

ભૌતિક જીવનમાં તમારી જાતને સુખાકારીની સ્થિતિમાં પામી શકો, રૂહાની જીવનમાં મજબૂતી અને ભવિષ્યની સ્પષ્ટ દૃષ્ટિ મેળવી શકો. અને અમે જેવી રીતે અમારા વિચારોમાં અને અમારી દુ'આઓમાં (તમારી સાથે) હોઈએ છીએ, તેવી રીતે સઘળા સમયે અમારી જમાત સાથે હશું, ભલે અમે શારીરિક રીતે તમારી સાથે ન પણ હોઈએ, અને બીજી વખત અમને બૅઝમેન્ટ (હૉલના નીચેના ભાગ)માં મોકલતા નહિ, કારણ કે અમે ફરી પાછા તમને તે વિશે હસાવીશું.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



FOR INDIA
BOMBAY

## મૌલાના હાઝર ઇમામે વેનકુવર, કેનેડા ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૨૫મી નવેમ્બર, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે અહિં, અમારાં સર્વે રૂહાની બાળકોને, અને તમારાં કુટુંબોને, તેઓ જ્યાં પણ હોય, અને તમારી જમાતોને, આ પ્રસંગે, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના, અને અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

કેનેડામાં અમારા માટે આ છેલ્લો દરબાર છે, અને તે અતિશય ખુશીનો પ્રસંગ છે. અને કેનેડાની સરકારે ભૂતકાળમાં જગતભરની જમાત માટે જે સઘળું કર્યું છે, જે રીતે તેમણે ઇમામનું સ્વાગત કરેલ છે, જે રીતે તેમણે ઇમામતની સંસ્થાઓને આવકાર્યા છે, જે રીતે તેમણે જમાતની અંદર સઘળી પાશ્ચાદભૂમિકાના કેનેડાવાસીઓને આવવા અને આપણી જગતભરની સંસ્થાઓને સેવા આપવા માટે શક્તિમાન બનાવેલ છે, તે બદલ તેઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા દ્વારા અમે શરૂઆત કરવા ચાહીએ છીએ. આથી, આજનો પ્રસંગ અમારા માટે કેનેડાની સરકાર અને લોકો પ્રતિ વિશિષ્ટ આભાર વ્યક્ત કરવાનો પ્રસંગ છે.

બીજું, અમે હજારો વોલન્ટીયરો કે જેઓએ કેનેડાની આ મુલાકાત માટે આવું અદ્‌ભુત કાર્ય કર્યું છે, તેઓ પ્રતિ અમારી પ્રશંસા અને અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. આથી, અમે સઘળા વોલન્ટીયરોને તેઓએ અહિં અને કેનેડામાં અન્ય સ્થળોએ જે અદ્‌ભુત કાર્ય કર્યું છે તે બદલ અમે તેઓ પ્રતિ અમારો અતિશય આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

આ ફરમાનની શરૂઆતમાં અમે જમાતના સઘળા રૂહાની સભ્યોના આત્માઓની અનંત શાંતિ અને અનંત રાહત માટે પણ અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



OR INDIA * BOMBAY *

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આપણે આપણી સમક્ષ આવી રહેલ આર્થિક મુશ્કેલીભર્યા સમયનો સામનો કરી રહ્યા છીએ, અને (ન માત્ર) ઉત્તર અમેરિકામાં જે વસ્તુઓ બની રહી છે તેનાથી, પરંતુ જમાત જ્યાં વસવાટ કરે છે તેવા મોટાભાગના દેશોમાં જેની અસર થનાર છે તેનાથી પણ તમે સારી રીતે વાકેફ છો. આથી, આગળના સમય પ્રતિ, સંભાળપૂર્વક, વિચારણાપૂર્વક અને ડહાપણપૂર્વક દૃષ્ટિ કરવાનું જરૂરી છે. અને અમે માનીએ છીએ કે જો તમે તેમ કરો છો, તો તમે આ મંદીની કોઇપણ બિન-ઇચ્છાવાયોગ્ય અસરને મર્યાદિત બનાવવા માટે શક્તિમાન બનશો.

પ્રથમ સંભાળપૂર્વક રહો. જ્યા આવશ્યક ન હોય ત્યાં સંસાધનોનો ઉપયોગ નહિ કરો, બિનજરૂરી જોખમો નહિ લો. બીજા શબ્દોમાં કહીએ તો પ્રવૃત્તિનાં નવીન ક્ષેત્રોમાં દાખલ થાઓ નહિ, સિવાય કે તમને ખાત્રી હોય કે પ્રવૃત્તિનાં એ નવીન ક્ષેત્રો તમારા માટે તાત્કલિક રીતે ફળદાયી બની રહેશે. વિસ્તૃતિકરણ અને બિન-ડહાપણભર્યા વિકાસ માટેનો આ સમય નથી; આ સમય સંભાળપૂર્વક રહેવાનો છે.

બીજું, આ મંદીનાં નકારાત્મક પરિણામોથી તમારી જાતનું રક્ષણ કરવા માટેના માર્ગો અને સાધનો તરફ દૃષ્ટિ કરો. સંગઠિત બનો, ખર્ચાઓમાં ઘટાડો કરો, એ બાબતની ખાત્રી કરવાનો પ્રયાસ કરો કે તમારી પ્રવૃત્તિઓ વધુ અસરકારક હોય. વ્યવસાયિકો સંગઠનોનું ઘડતર કરી શકે છે. એકસરખા ધંધા-રોજગાર અથવા વ્યાપારમાંના લોકો ખર્ચાઓમાં ઘટાડો કરવા માટે ખરીદી માટેનાં સંગઠનોનું સર્જન કરી શકે છે. જો તમે ખર્ચાઓ ઘટાડવા માટે અને વધુ અસરકારક બનવા માટે વિચારણા કરો તો અનેક સરળ માર્ગો છે. સંગઠિત બનવાની બાબત આપણી જમાતની અંદર સ્થાપિત થયેલ ટેવ નથી. તમે સઘળા ઘણા જ વ્યક્તિત્વવાદી (individualistic) છો, અને તમારામાંના અનેક તમારી જાતને એવો સવાલ નથી કરતા કે સહમતિમાં દાખલ થવું સારી બાબત છે કે કેમ, પરંતુ તમે તમારી જાતને એવો સવાલ કરોછો કે "હુંઆ સહમતિમાંથી બહાર કેવી રીતે નીકળી શકું ?" અને અમે આમરા મુરીદોને કેવળ કે ફરમાવવા ચાહિએ છીએઃ સહમતિઓમાં એવી રીતે દાખલ થાઓ કે જો સંજોગો તમારા માટે બહાર નીકળવાનું જરૂરી બનાવે તો તમે સભ્યતાપૂર્ણ રીતે, તાર્કિક રીતે, બીજાઓને નુકસાન કર્યા વગર તેમ કરી શકો.

અમારા વહાલાં રૂહાની બચ્ચાઓ,

ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન અમને એ બાબતોની ચિંતા છે કે જેને જગતભરની જમાત માટે હાથ ધરવાની જરૂરત છે, અને એવી ત્રણ બાબતો છે કે જેના વિશે અમને ચિંતા છે. પ્રથમ એ છે કે ઔદ્યોગિક જગતમાં અને અન્ય સ્થળોએ જમાતમાં હજુ પણ એવા લોકો છે કે જેઓ ગરીબ છે, અને અમે તેના માટે ઘણા જ ચિંતિત છીએ કે આ ગરીબીને કુટુંબની એક પેઢીથી બીજી પેઢી સુધી ચાલુ

રહેવા દેવી જોઈએ નહિ. અને આથી, ઇન્શાઅલ્લાહ, વર્ષના અંત પહેલાં, અમે અમારી જમાતને એવી સહાય પદ્ધતિના અમુક વિચારો, અમુક ખયાલોમાં સહભાગી બનાવી શકીશું કે જે અતિ ગરીબો, જમાતમાં તેઓ જ્યાં પણ હોય, આ પદ્ધતિઓ તેને હાથ ધરશે.

જે બીજી ચિંતા અમે ધરાવીએ છીએ તે આશીર્વાદની વિપરિત પરિસ્થિતિ છે. આશીર્વાદ એ છે કે સ્ત્રીપુરુષો વધું લાંબું જીવન જીવી રહ્યાં છે. વિપરિત પરિસ્થિતિ એ સંભાળ છે કે જે તેઓ જેમ મોટી વયના થતાં જાય તેમ તેઓએ મેળવવી જોઈએ અને મેળવવી જ જોઈએ. અને આથી, આ એવી બીજી બાબત છે કે એ બાબતની ખાત્રી કરવાનો પ્રયાસ કરવા જેને અમે પોતે હાથ ધરવા માગીએ છીએ કે જમાતમાંના બુઝુર્ગો પોતાનું જીવન ગૌરવપૂર્વક જીવી શકે, તેઓ પોતાનું જીવન તેમના જીવનના અંત સુધી અસ્વીકાર્ય સ્થિતિમાં એકલા છોડી દેવાયેલ હોવાની લાગણીની સાથે નહિ, પરંતુ પોતાની આજુબાજુ સ્નેહ હોવાની લાગણીની સાથે જીવી શકે.

જે ત્રીજી બાબતની અમને ચિંતા થાય છે તે એ જમાતો છે કે જેઓ આજે, આજ સુધી જમાતખાનાઓ નથી ધરાવતી, બંધારણીય સંસ્થાઓ નથી ધરાવતી, એવી સહાય પદ્ધતિઓ નથી ધરાવતી કે જે તેઓએ પોતાના સંબંધિત સમાજોમાં પોતાને વધુ કાયમી રીતે સ્થાપિત બનાવવા માટે ધરાવવી જોઈએ. અને આથી, આવનારાં વર્ષોમાં અમે એ બાબત તરફ દૃષ્ટિ કરીશું કે જગતના આ ભાગો પ્રતિ જમાતી અને ઇમામતની સંસ્થાઓને કેવી રીતે વિસ્તારિત કરી શકાય. આમ, આ મુદ્દાઓ છે કે જેને હાથ ધરવાની જરૂરત છે, કે જેને હાથ ધરવા માટે અમે આગળ દૃષ્ટિ કરીએ છીએ.

પરંતુ અમે ઘણા જ સદ્‌ભાગી ઇમામ છીએ, કારણ કે અમારી જમાત ઉદાર છે. તેના સમયની સાથે ઉદાર, તેના જ્ઞાનની સાથે ઉદાર, તેના સાધનોની સાથે ઉદાર છે. અને આથી, અમે આ તકે એ સઘળાઓને અમારા ખાસ દુ'આ-આશિષો ફરમાવીએ છીએ કે જેઓએ સમય અને જ્ઞાનનું નઝરાણું, ભૌતિક સહાય અર્પણ કરેલ છે અને તેઓ આથી, અમને એવો વિશ્વાસ આપે છે કે આવનારાં વર્ષોમાં જ્યાં પણ જમાત વસવાટ કરે છે ત્યાં જગતભરમાં તેમને જ્ઞાનમાં સહભાગી બનાવવા, કાબેલિયતમાં સહભાગી બનાવવા, ક્ષમતામાં સહભાગી બનાવવા આપણે શક્તિમાન બનીશું, કે જેથી આ દેશોને તમારા માટે ચિંતા-ફિકરના દેશો (countries of preoccupation)માંથી તમારા માટે તકોના દેશો (countries of opportunity)માં પરિવર્તિત કરવાનું ઝડપી બને. આ અમારું લક્ષ્યાંક છે, અને આથી, એ સઘળાઓ કે જેઓએ સમય અને જ્ઞાન તેમજ ભૌતિક સહાય અર્પણ કરેલ છે તેઓને અમે અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



OF INDIA ★ BOMBAY ★

અમે એ ફરમાવવા ચાહીએ છીએ કે આ ઉદારતા ઇસ્લામની નીતિમત્તાઓના ભાગરૂપ છે, અને આથી અમારા માટે એ બેહદ ખુશીનું કારણ છે કે જમાત હજુ પણ આપણા ધર્મની નીતિમત્તાઓ: ઉદારતાની, ઓછા સુસ્થાપિત લોકો માટેની સંભાળની, પ્રમાણિકતાની, ઈમાનદારીની, સેવાની નીતિમત્તાઓ પ્રતિ મજબૂતીપૂર્વક વચનબદ્ધ છે અને ઇન્શાઅલ્લાહ, વચનબદ્ધ બની રહેશે. અને છેલ્લા થોડા દિવસો દરમ્યાન કેનેડામાં મુસાફરી કરતી વખતે, આજે કેનેડાની જમાતને જે આદરમાન અને પ્રશંસાની સાથે જોવામાં આવે છે તેને જોવા, તેની નોંધ લેવા અને તેના વિશે સાંભળવાનું અમારા માટે બેહદ ખુશીનું કારણ રહ્યું છે. આથી અમે કેનેડામાંની અમારી જમાતને ફરમાવીએ છીએ: એ બાબતની ખાત્રી રાખો કે આ અમારા માટે ઘણી, ઘણી જ વધારે ખુશીનું કારણ છે, અને ઇન્શાઅલ્લાહ, તે બાબત આ દેશમાં તમારી ભવિષ્યની પેઢીઓ માટે એક પાયો બની રહેશે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

સમય આગળ વધતો જાય છે તેમ આપણને આગળ દૃષ્ટિ કરવાનું જરૂરી છે, અને આગળ દૃષ્ટિ કરવાનો અર્થ સંસ્થાઓને પોતાને વધુ મજબૂત બનાવવા શક્તિમાન બનાવવાનો પણ થાય છે, કે જેથી તેઓએ જે લોકોને સેવા આપવી જ જોઈએ તેમને વર્ષોના વર્ષો સુધી, દાયકાઓના દાયકાઓ સુધી તેઓ વધુ સારી રીતે સેવા આપી શકે. અને આથી, એક લક્ષ્યાંક જે અમે ધરાવીશું તે આપણે જે સંસ્થાઓ કેનેડામાં અને અન્ય સ્થળોએ ધરાવીએ છીએ તેને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવાનું છે કે જેથી તમે એવો વિશ્વાસ ધરાવી શકો કે આ સંસ્થાઓ જે દેશો અને જે જમાતોની તેઓએ સેવા કરવી જ જોઈએ તેમાં એક વધુ વિશાળ ભૂમિકા ભજવશે. જો તમે એ દેશો તરફ દૃષ્ટિ કરશો કે જેમાં જમાત વસવાટ કરી રહી છે, તો અમુકની પાસે આ માળખાઓ નથી; અમુકની પાસે માર્ગદર્શન આપવા માટે જરૂરી શિક્ષિત સ્ત્રીપુરુષો નથી. અને આથી, અમે મધ્ય એશિયામાંનાં અમારાં એ રૂહાની બાળકો કે જેઓ અહિં કેનેડામાં છે તેમને ફરમાવીએ છીએ: આ બાબતને એક તક સ્વરૂપે જુઓ, દુ:ખભરી પરિસ્થિતિ સ્વરૂપે નહિ. કેનેડામાં વસવાટ કરવાની તકનો તમને અને તમારાં બાળકોને શિક્ષિત બનાવવા માટે ઉપયોગ કરો. નવીન જ્ઞાન શીખો કે જે તમે જ્યારે ઇન્શાઅલ્લાહ શાંતિપૂર્ણ અફઘાનિસ્તાન તરફ પાછા જાઓ ત્યારે તમારા માટે ઉપયોગી બનશે. અને આથી, તમારી જાતને એવું નહિ કહો કે કારણ કે તમે કેનેડામાં કરૂણ પરિસ્થિતિઓમાં આવેલા છો, એટલે એ કરૂણ પરિસ્થિતિઓ તમે તમારા ભવિષ્ય તરફ જે રીતે દૃષ્ટિ કરો છો તેને પ્રભાવિત કરતી હોવી જોઈએ. આવું બનવા નહિ દો. તમારી જાતને ભવિષ્ય માટે તૈયાર કરો, અને ઇન્શાઅલ્લાહ, એક દિવસ તમે પાછા જશો, તમે તમારી પોતાની સંસ્થાઓની આગેવાની કરશો, તમે તમારા દેશોના વિકાસ પ્રતિ યોગદાન આપશો.



TIMES FOR INDIA * BOMBAY *

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે ફરી એક વાર, અહિં તમારામાંના દરેકને, અને તમારાં કુટુંબોને અને તમારી જમાતોને, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, સુખ માટે, તમારી ઉમેદોની પરિપૂર્ણતા માટે, તમારાં કુટુંબોની એકતા માટે, સિરાતલ્-મુસ્તકીમ ઉપરની મજબૂતી માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે જે ભવ્ય નઝરાણું અર્પણ કર્યું છે અને જે સુંદર ભેટ તમે અમને અર્પણ કરી છે તે બદલ અમે અમારો ઘણો જ ઊંડો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ, અને અમે આશા રાખીએ છીએ કે આ નઝરાણું તમારા માટે, તમારામાંના પ્રત્યેક માટે હજારગણું વધવા પામે, અને તમે દુન્યવી મુશ્કેલીઓથી સલામત રહો, તમે તમારા ધર્મ ઉપર મજબૂત રહો, કેનેડામાં અને એ સઘળા દેશો કે જેનું તમે આજે પ્રતિનિધિત્વ કરો છો તેમાં ઇસ્લામના ઇસ્માઈલી તરીકાનું સારી રીતે પ્રતિનિધિત્વ કરવાનું ચાલુ રાખો.

અમે તમને ફરી એક વાર, અમારા અતિશય હેતપૂર્વકના માતાપિતા તરીકેના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

દરબારો ખુશીના પ્રસંગો હોય છે, અને અમે અનેક સમયે અમારી જમાત સાથે રમૂજ કરી છે, અને તેમની સાથે કેટલેક અંશે એ બિનઅપેક્ષિત રીતે થયેલ છે, અને અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવ્યું છે, સ્મિત એક આશીર્વાદ છે. આપણે અલ્લાહના એટલા માટે જ શુક્રાનાઓ અદા નથી કરતા કે તે આપણું માત્ર દુન્યવી મુશ્કેલીઓથી રક્ષણ કરે છે; આપણે તેના શુક્રાનાઓ એટલા માટે પણ અદા કરીએ છીએ કે તે આપણને જીવનમાં ખુશીઓ આપે છે. આથી અમે તમને એ જણાવવા ચાહીએ છીએ કે અમે તમારી સાથે હોવા બદલ બેહદ ખુશી છીએ, તમારા ચહેરા ઉપર સ્મિત જોઈને અમને ખુશી થાય છે, અને અમે એવી આશા રાખીએ છીએ કે જીવન તમને ભવિષ્યમાં અનેક, અનેક વધારે સ્મિત અર્પણ કરશે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



FOR INDIA
BOMBAY

## મૌલાના હાઝર ઇમામે સિંગાપુર ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે
## ફરમાવેલ મુબારક ફરમાન

૩જી ડિસેમ્બર, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે આજે અહિં હાજર અમારાં સર્વે રૂહાની બાળકોને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, તેઓ જ્યાં પણ હોય, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આજે સવારના અમે અમારી જમાતને એ જણાવવા ચાહીએ છીએ કે તમારી સાથે હોવા બદલ અમે કેટલાબધા ખુશી છીએ. અમે માનીએ છીએ કે આજે સવારના અહિં જે જમાત હાજર છે, તેમાં અમુક ૬૪ દેશો પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આથી, આજે તમારી મારફત અમે અમારી વિશ્વભરની જમાતને સંબોધન કરી રહ્યા છીએ. અમે આ ફરમાનની શરૂઆતમાં સિંગાપુરના પ્રેસિડેન્ટ અને સરકારે જે સૌજન્યશીલતા અને સદ્દ્ભાવનાપૂર્વક અમને અહિં સિંગાપુરમાં આવકાર આપેલ છે, અને જગતભરમાંથી મુરીદોને અહિં આવવા અને આ પ્રસંગમાં સહભાગી થવા માટે આવકારેલ છે તે બદલ તેઓ પ્રતિ અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે અમારા વોલન્ટીયરો કે જેઓએ અહિં સિંગાપુરમાં અને સમગ્ર ગોલ્ડન જ્યુબિલી વર્ષમાં અન્ય સ્થળોએ ભવ્ય કાર્ય કર્યું છે, તે બદલ તેઓ પ્રતિ પણ અમારી જમાત અને અમારા પોતાના તરફથી અમારી પ્રશંસા, અમારો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ, અને અમે તેઓને અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

આ ફરમાનની શરૂઆતમાં અમે જમાતના સઘળા રૂહાની સભ્યોના આત્માઓની અનંત શાંતિ અને અનંત રાહત માટે પણ અમારા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.



TIMES FOR INDIA BOMBAY

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આજે તમે જગતના અનેક જુદાં જુંદા સ્થળોમાંથી એકંત્ર થયા છો, અને તમે અનેક રીતે જગતભરની અમારી જમાતના વૈશ્વિકરણનું પ્રતિનિધિત્વ કરો છો. વૈશ્વિકરણની આ પ્રક્રિયા છેલ્લાં ૫૦ વર્ષોમાં સતત ધોરણે થતી રહી છે, અને વૈશ્વિકરણાની આ પ્રક્રિયા બેમાંથી એક બાબત કરી શકે છેઃ તે જમાતને યા તો વધુ મજબૂત બનાવી શકે અને તરીકાના પાલનને વધુ મજબુત બનાવી શકે અને જમાતને ભવિષ્ય માટે સારી રીતે તૈયાર કરી શકે; અથવા તો તે જમાતને અનેક જુદા જુદા દેશોમાં ફેલાવી દઇને જમાતને નબળી પાડી શકે, પછી તે સંગઠિત રહે નહિ અને તેમની વિવિધ પ્રવૃત્તિઓમાં તે ફેલાઇ જવા પામે.

એ અમારી આશા અને દુઆ છે કે વેશ્વિકકરણની પ્રક્રિયાઓ જમાતને વધુ મજબૂત બનાવશે, તે તમને અખંડતાની વધુ મજબૂત ભાવના, દિશાસૂચનની વધુ મજબૂત ભાવના, તમારા પોતાની અંદર ભાઇચારા અને સ્નેહની વધુ મજબૂત ભાવના પ્રદાન કરશે. તમારી ક્ષમતાઓને વધુ મજબૂત બનાવો; દેશોની અંદર અને દેશોની પાર સાથે મળીને કાર્ય કરો, કે જેથી જમાતની ભવિષ્યની પેઢીઓ વૈશ્વિકરણની આ પ્રક્રિયામાંથી ફાયદો મેળવી શકે. આમ, આ પ્રક્રિયા તમારા માટે કાર્યશીલ બને અને તમે તેની અંદર બુદ્ધિશાળી રીત અને કાબેલિયતપૂર્વક કાર્ય કરો તે માટે અમે અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુઆ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન.

આજનું જગત ૧૯૫૭માં જે પ્રમાણેનું જગત હતું તેના કરતાં અસાધારણ રીતે જુદું છે, અને અમે આ છેલ્લાં વર્ષો દરમ્યાન, જ્યાં જમાત રહે છે તે સઘળા દેશોને તકોના દેશો બનાવવા માટે શક્ય તેટલું સઘળું કરવાનો પ્રયાસ કરેલ છે, કારણ કે એ દેખીતું છે કે જગતના અનેક ભાગોમાં જમાત તે દેશોમાં કાયમી રીતે ઉપસ્થિતિ ધરાવે છે. અને આથી એ અતિ મહત્ત્વપૂર્ણ છે કે એ દેશો એવા દેશો હોવા જોઇએ જે - ઇન્શાઅલ્લાહ, જમાત માટે અને તમારી ભવિષ્યની પેઢીઓ માટે તકોના દેશો બનવા પામશે અથવા બની ચૂક્યા છે. એ દેશોની સંપૂર્ણ વૈશ્વિક શ્રેણી કે જેમાં જમાત વસવાટ કરી રહી છે તેની તરફ દ્દષ્ટિ કરતાં કોઇ પણ એક સમયે એ સમગ્ર દેશો તકોના દેશો બની શકશે - એ બાબત અસંભવિત છે. એ બાબત કેવળ બિન વાસ્તવિક છે. પરંતુ, બીજા તરફ એ અતિ મહત્ત્વપૂર્ણ છે કે આપણે એવી પરિસ્થિતિ તરફ આગળ વધીએ કે જ્યાં બહુમતી, એ દેશોની વિશાળ બહુમતી કે જ્યાં જમાત વસવાટ કરે છે તે તકોના દેશો હોય.

એ દેશો તકોના દેશો બની રહે અને જમાત એ દેશોમાં પોતાની ઉપસ્થિતિને જાળવી રાખે અને તેમાં વધારો કરે તે માટે શિક્ષણ એક એવો પાયાનો સિદ્ધાંત છે કે જેને દરેક યુવાન મુરીદે - વાસ્તવમાં, કોઇપણ વયના દરેક મુરીદે - જીવનમાં પ્રાથમિક ધ્યેય બનાવવો જોઇએ. આપણે જે 'જ્ઞાન આધારિત સામજ' (knowledge society) તરીકે ઓળખાય છે, તેમાં જીવન જીવી રહ્યા છીએ, અને એ જ્ઞાન

આધારિત સમાજની અંદર પ્રગતિ કાર્યદક્ષતા દ્વારા, કાબેલિયત દ્વારા હાંસલ કરવામાં આવે છે. અને જો તમે આપણા પોતાના ઇતિહાસમાં, ઉમ્માહના ઇતિહાસમાં ભૂતકાળ પ્રતિ વિચાર કરો તો તમે દાખલા તરીકે, મધ્ય એશિયા સહિત જગતના વિવિધ ભાગોમાં એ મહાન ખલીફોનાં નામ જાણી શકશો, કે જેમણે એ સમયે ખિલાફતને વધુ મજબૂત બનાવવા માટે પોતાના સઘળા પ્રતિનિધિઓને જગતના કોઈપણ ભાગમાંથી જ્ઞાનને પાટનગરના શહેરમાં લઈ આવવા માટેનાં સૂચનો આપ્યાં હતાં. અને તેઓએ એ લક્ષ્યાંક સિદ્ધ કર્યું હતું. આથી એ મહત્ત્વનું છે કે અમારી જમાત, અને ખાસ કરીને જમાતમાંની યુવાન છોકરીઓ અને યુવાન છોકરાઓએ એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે શિક્ષણ મૂળભૂત રીતે માનવ પ્રયાસનું એક મહત્ત્વનું પાસું છે. તેને તમારું બનાવો - જ્યારે તમે યુવાન હો, ત્યારે તેને તમારું બનાવો, જ્યારે તમે મધ્યમ ઉંમરના હો, ત્યારે તેને તમારું બનાવો, જ્યારે તમે બુઝુર્ગ હો, ત્યારે તેને તમારું બનાવો.

અમે ચાહીએ છીએ કે અમારી જમાત આજે વૈશ્વિક પાસાઓના સંદર્ભમાં વિચાર કરે, કારણ કે જમાત એક વૈશ્વિક જમાત છે. આપણે મંદીનો સામનો કરી રહ્યા છીએ; આપણે એશિયામાં મંદીનો સામનો કરી રહ્યા છીએ, આપણે આફ્રિકામાં મંદીનો સામનો કરી રહ્યા છીએ, આપણે મધ્ય પૂર્વમાં, મધ્ય એશિયામાં, ઉત્તર અમેરિકામાં, યુરોપમાં મંદીનો સામનો કરી રહ્યા છીએ. આપણે એક વૈશ્વિક મંદીનો સામનો કરી રહ્યા છીએ. અને એ મંદીનો કાબેલિયતપૂર્વક સામનો કરવા માટે, સૌ પ્રથમ, આપણને એક કોમ તરીકે રહેવું જોઈએ, કે જ્યાં આપણે દેશોની અંદર અને સરહદોની પાર આપણી સઘળી શક્તિઓને એકસાથે લાવી શકીએ; કે જેથી આપણે જે કંઈ કરીએ છીએ તેમાં આપણે અસરકારતા હાંસલ કરી શકીએ અને આપણા ખર્ચામાં ઘટાડો કરી શકીએ. વ્યવસાયિકો સંગઠિત બને, ધંધા-રોજગાર સંગઠિત બને, જ્યાં જરૂરી હોય ત્યાં માઈક્રો-ક્રેડિટ ઉપલબ્ધ બનાવવામાં આવે, જમાત માટે સહુલતો - આ બધું ઉપલબ્ધ બનાવવામાં આવે કે જેથી અમારી જમાતને આગળ આવનાર મંદીથી બેહદ પ્રમાણમાં સહન કરવું ન પડે. આથી અમે અમારાં રૂહાની બાળકોને આજે ફરમાવીએ છીએ: સંભાળપૂર્વક રહો; સંસાધનોનો બિન જરૂરી ખર્ચ નહિ કરો; સાથે મળીને કાર્ય કરો કે જેથી તમે તમારી ક્ષમતાઓમાં વધારો કરી શકો; અને હવે પછીનાં થોડાં વર્ષો માટે સાવચેત બનો, અનુચિતપણે ભવ્ય રીતે નહિ રહો. 'ભવ્ય' યોગ્ય શબ્દ નથી - અમને ફરમાવવું જોઈએ, 'ઉડાઉ (spendthrift)' નહિ બનો. પરંતુ અમારાં રૂહાની બાળકોએ એ બાબતથી વાકેફગાર રહેવું જોઈએ કે આ મંદી એ કંઈ ઉત્તર અમેરિકન મંદી જ નથી - એ એક વૈશ્વિક મંદી છે, અને આથી, આપણને જરૂર છે કે જ્યાં પણ તમે રહેતા હો, સંભાળપૂર્વક રહો.

બીજી બાબત જે અમે અમારી જમાતને ફરમાવીશું તે એ છે કે જે જ્ઞાન તમારી પાસે છે તેના વડે તમે તમારા ધંધા-રોજગારોમાં, તમારાં વ્યવસાયો કે જે ૧૯૫૭માંની પરિસ્થિતિથી ઘણા જુદા છે, તેમાં અસરકારકતાના સ્તરો હાંસલ કરવા માટે તમે શક્તિમાન છો. અને આથી, અમે એવી આશા રાખીએ છીએ કે જે સઘળા દેશોમાં તમે રહો છો તેમાં (ન માત્ર) તમારી કાબેલિયતો, પરંતુ તમારા ધર્મની નીતિમત્તાઓ પણ તમારી પડખે મજબૂત રહેશે, કે જેથી તમે આદરમાનનાં એવાં સ્થાનો હાંસલ કરી શકો કે જે જગતભરમાંની જમાત માટે સ્વીકૃતિ (recognition)નું સર્જન કરશે.



FREE FOR INDIA BOMBAY

નીતિમત્તાઓની બાબતો - પ્રમાણિકતાની, ઈમાનદારીની, વફાદારીની, ઉદારતાની - આ બાબતો કે જે આપણા ધર્મમાંથી આવે છે, તે તમારા ભવિષ્યના જીવન માટે અતિ મહત્ત્વશીલ છે. જગતના અમુક ભાગોમાં જીવનના ભૌતિક પાસા પ્રતિ દૃષ્ટિ કરવાનું અને ધર્મના પાસાને ભૂલી જવાનું વલણ રહ્યું છે; અથવા તો ધર્મ કંઈક એવી બાબત બની જવા પામેલ છે કે જે પ્રાંસગિક હોય અને કાયમી નહિ. ઇસ્લામમાં ધર્મનું પાલન કાયમી, દરરોજનું, સર્વ સમયનું હોય છે - તમે તમારા ધર્મ મુજબ જીવન જીવો છો. અને આજે અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: જમાતખાનામાં હાજરી આપવી, તમારી તસ્બીહ તમારી સાથે રાખવી, તમારી તસ્બીહમાં અલ્લાહના નામનું, હઝરત અલી (અ.સ.)ના નામનું, ઇમામોના નામનું સ્મરણ કરવું, પરંતુ તમારા ધર્મને તમારાં જીવનમાં ઉપસ્થિત રાખવું તે સંપૂર્ણપણે અતિ આવશ્યક છે; કે જેથી તમે દીન અને દુનિયા વચ્ચે સમતુલા રાખો, કે જેથી જે રીતે તમે જીવન જીવો છો તેમાં ધર્મની નીતિમત્તાઓ કાયમી રીતે તમારી માનસિકતા (psyche)ના ભાગરૂપ બની રહે; કારણ કે અમને સંપૂર્ણપણે ખાત્રી છે કે આ એક એવો સિદ્ધાંત છે કે જેને પેઢીઓની પેઢીઓની પેઢીઓ સુધી જાળવી રાખવો જોઈએ.

અમે 'ઉદારતા' શબ્દનો નિર્દેશ કરેલ છે. અમારાં રૂહાની બાળકો આ ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે અતિશય ઉદાર રહ્યા છે. તેઓ ભૌતિક રીતે ઉદાર રહ્યા છે, અને તેઓ સમય અને જ્ઞાનમાં સહભાગી બનાવવામાં ઉદાર રહ્યા છે. અને અમારાં એ રૂહાની બાળકો કે જેઓ આટલાબધા ઉદાર રહ્યા છે તેમને અમે આ ભવ્ય ઉદારતા બદલ અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

—

વૈશ્વિકરણનાં પરિબળો જમાતને સેવા આપતાં બને તેમાંનો એક માર્ગ આપણા જ્ઞાનની આધારશીલાને, આપણા વૈશ્વિક જ્ઞાનની આધારશીલાને જગતભરની સઘળી જમાતો પ્રતિ, સઘળી સંસ્થાઓ પ્રતિ ઉપલબ્ધ બનાવવાનો છે, અને જમાત સમય અને જ્ઞાન અર્પણ કરશે તે માટેની અમારી અભિલાષા બરાબર એ જ પ્રમાણેની છે. અમને આશા છે કે સમય અને જ્ઞાન સમગ્ર જમાતમાં, સમગ્ર જગતમાં ફેલાવા પામશે, કે જેથી જમાતની અંદર આપણે જે ઉત્તમ જ્ઞાન ધરાવીએ છીએ અથવા જમાત માટે જે ઉપલબ્ધ છે તેમાંથી આપણે હંમેશાં, દરેક જગ્યાએ ફાયદો મેળવવા શક્તિમાન હોઈએ. અમે જમાતોમાં એવા યુવાન નેતૃત્વ માટે પણ દૃષ્ટિ કરીએ છીએ કે જેઓ અલગ પડી ગયેલ છે, જ્યાં આધુનિક શિક્ષણ ઉપલબ્ધ નથી. અને આથી, અમે અમારાં એ રૂહાની બાળકો કે જેઓ સદ્ભાગી છે, જેઓએ આ દેશો છોડી દીધા છે અથવા જેઓ આ દેશોમાંની સારી સંસ્થાઓમાં અભ્યાસ કરી રહ્યા છે તેઓને ફરમાવીએ છીએ: તમારું શિક્ષણ પૂરું કરો અને આગળ આવો. તમારા જ્ઞાન સાથે, તમારી શક્તિ સાથે, તમારી વચનબદ્ધતા સાથે આગળ આવો અને જમાતી સંસ્થાઓને સકારાત્મક રીતે પ્રગતિ કરવા માટે સહાય કરો. અને જો તમે આપણા આજના જગતનો વિચાર કરો છો, તો તમે એ દેશોનો વિચાર કરો છો કે જ્યાં જમાતી સંસ્થાઓ ઉપસ્થિત નથી, બંધારણીય સંસ્થાઓ ઉપસ્થિત નથી, જમાતખાનાઓ ઉપલબ્ધ

નથી. ત્યાં જમાત અને ઝમાનાના ઇમામ દ્વારા હજુ ઘણું કાર્ય કરવાનું બાકી છે. અને એ ઘણું જ મહત્ત્વનું છે કે તકની આ સમાનતા જગતભરની જમાત માટે એક લક્ષ્યાંક બની રહેવું જોઈએ.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમે એ બાબતથી વાકેફગાર છીએ કે અહિં અમારાં અનેક રૂહાની બાળકો મોટા દેશોની અંદર નાની જમાતોનું પ્રતિનિધિત્વ કરે છે; પરંતુ સંગઠિત રહો, એકબીજાને સહાય કરો, તમારી નીતિમત્તાઓને જીવંત રાખો, તક માટે દૃષ્ટિ કરો, તકનો સારી રીતે ઉપયોગ કરો અને તમારી વિવિધતાને આવનારાં વર્ષોમાં જમાત માટે એક મજબૂતી તરીકે આગળ લઈ આવો.

અમે તમારામાંના દરેકને અને એકે એકને, ફરી એક વાર, તમારા સુખ માટે, તમારા લાંબા જીવન માટે, તમારાં કુટુંબોની એકતા માટે, સિરાતલ્ મુસ્તકીમ ઉપરની મજબૂતી માટે અને મુશ્કીલ આસાન માટે અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે જે નઝરાણું અર્પણ કર્યું છે અને તમે જે ભવ્ય ભેટ અમને અર્પણ કરેલ છે કે તે બદલ તમે સઘળાઓ પ્રતિ અમે અમારો ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ, (તે ભેટ) અમને આપણા ઇતિહાસની મહાનતાની યાદ અપાવે છે, અને જે આપણે જેમ આગળ વધી રહ્યા છીએ તેમ અમને વિશ્વાસની એવી સમજ આપે છે કે જગતના લોકોની ભલાઈ માટે આપણે એક નોંધપાત્ર બળ બની રહેવાનું ચાલુ રાખીશું, અને આપણા પોતાના તરીકા ઉપર મજબૂત રહીશું,

આ સમય દરમ્યાન, અને બેશક, જ્યુબિલી વર્ષની શરૂઆતમાં અમે અમુક સંખ્યાનાં લક્ષ્યાંકો ધરાવતા હતા કે જેને અમે જ્યુબિલી વર્ષ દરમ્યાન હાંસલ કરવા માંગતા હતા, અને અમે અમારી જમાતને આજે અતિ ટૂંકમાં અમુક લક્ષ્યાંકોમાં સહભાગી બનાવવા ચાહીએ છીએ, કે જેથી અમે આ વર્ષના અંત પછી જે હાંસલ કરવા ચાહીએ છીએ તે શું છે તેનાથી તમે વાકેફગાર હો. પ્રથમ ગરીબીની સમસ્યાને હાથ ધરવાનું છે. ઔદ્યોગિક જગત સહિત જગતના અનેક ભાગોમાંની જમાતમાં ગરીબી છે. આ બાબત અમને સ્વીકાર્ય નથી, અને આથી, ઇન્શાઅલ્લાહ, વર્ષના અંત પહેલાં, જમાતમાંના ગરીબો માટે સહાયની પદ્ધતિઓ વિકસાવવાનો પ્રયાસ કરવાના ઉકેલો ઉપર આપણે કાર્ય કરતાં હશું; કે જેથી ગરીબોની આ જ પેઢી નહિ પરંતુ ખાસ કરીને ભવિષ્યની પેઢીઓ પણ ગરીબીમાંથી પોતાનો માર્ગ



BOMBAY INDIA

કાઢવા અને આવનારાં વર્ષોમાં જીવનની ગૌરવપૂર્વકની અને સારી ગુણવત્તા પ્રતિ આગળ વધવા શક્તિમાન બનશે.

બીજું લક્ષ્યાંક જે અમે ધરાવીએ છીએ તે એ હકીકતની નોંધ લેવાનું છે કે સદ્દભાગ્યે, માનવ જીવન લાંબું અને વધુ લાંબું થતું જાય છે, જમાત બુઝુર્ગ થઈ રહી છે, પરંતુ એ પણ એટલું જ અતિ મહત્ત્વશીલ છે કે જેમ બુઝુર્ગો લાંબું જીવન જીવવા પામે, તેઓ પોતાની આસપાસ સ્નેહ, પ્રતિષ્ઠા અને સંભાળની સાથે જીવન જીવવા શક્તિમાન હોય. અને આથી, બુઝુર્ગોની વહારે આવવાના કાર્યક્રમો તરફ આપણે દૃષ્ટિ કરીશું.

ત્રીજું લક્ષ્યાંક જે અમે ધરાવીએ છીએ તે જગતના વિવિધ ભાગોમાંની જમાતી સંસ્થાઓને વધુ મજબૂત બનાવવાનું છે, કે જેથી એ દેશોમાં કે જ્યાં જમાત વસવાટ કરે છે ત્યાં આપણી જમાત પ્રતિ સામાજિક વિકાસ, આરોગ્ય-સંભાળ, શિક્ષણ તેમજ આર્થિક વિકાસ એમ બન્ને સંદર્ભમાં તે ઘણી વધુ સહાય લઈ આવી શકે.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

દરબાર આનંદ મનાવવાનો પ્રસંગ છે, અને અમે આશા રાખીએ છીએ કે આજે સાંજના તમે આનંદ મનાવશો. જ્યારે તમે સ્મિત કરો છો તે બાબત અમને ખુશ કરે છે, કારણ કે ઇસ્લામમાં સ્મિત એ અલ્લાહ તરફથી રહેમત છે. અને આથી, અમે ઇચ્છીએ છીએ કે તમે તમારા જીવનમાં સ્મિત કરતા રહો, તમે ખુશી મેળવવા પામો. અમે તમને ફરી એક વાર, અમારા અતિશય ઉમળકાભર્યા અને અમારા અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

## મૌલાના હાઝર ઇમામે પેરિસ, ફ્રાન્સ ખાતે ગોલ્ડન જ્યુબિલી દરબાર પ્રસંગે ફરમાવેલ મુબારક ફરમાન

૧૧મી ડિસેમ્બર, ૨૦૦૮

**(મૌલાના હાઝર ઇમામે આ ફરમાનની શરૂઆત ફ્રેન્ચમાં કરી હતી)**

**(મૌલાના હાઝર ઇમામે જે ફરમાન ફ્રેન્ચમાં ફરમાવ્યું હતું તેનું ફ્રેન્ચ નહિ બોલતી જમાત માટે ભાષાંતર)**

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

આજે અમે અમારું ફરમાન થોડું ફ્રેન્ચમાં અને થોડું અંગ્રેજીમાં ફરમાવીશું. આથી, અમે આશા રાખીએ છીએ કે સઘળી જમાત ઓછામાં ઓછું, અમારા આજના ફરમાનનો અમુક ભાગ સમજવા પામશે.

અમે આજના અમારા ફરમાનની શરૂઆત આજે તમારી સાથે હોવા બદલ અમારી જમાત પ્રતિ અમારી અતિશય ખુશી દર્શાવીને કરીએ છીએ. આ દરબાર જ્યુબિલી વર્ષનો અંતિમ દરબાર છે અને આથી, આ દરબાર અમારા માટે ઘણો જ મહત્ત્વનો છે.

પ્રથમ, અમે તમને એ ફરમાવવા ચાહીએ છીએ કે અમારી સાથે અમારા કુટુંબના સભ્યો હોવાના કારણે અમે કેટલાબધા ખુશી છીએ; કારણ કે દરરોજના જીવનમાં, કાર્યમાં, કુટુંબના નજદીક હોવાની બાબત એ સુખચેનનું, સમાન વિચારણા અને હાસ્યની શક્યતાનું કારણ છે કે જે આપણા કુટુંબમાં એક ઘણો જ મોટો ભાગ ભજવે છે. આથી, અમે તમને ફરમાવવા ચાહીએ છે કે અમારી સાથે અમારું કુટુંબ હોવા બદલ અમે કેટલાબધા ખુશી છીએ.

આ ફરમાનની શરૂઆતમાં, અમે આજે અહિં હાજર અમારી સઘળી જમાતને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને અમારા ઉત્તમ, માતા પિતા તરીકેના વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે જમાતના સઘળા રૂહાની સભ્યોના આત્માઓની શાંતિ અને રાહત માટે પણ અમારા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.



ITREB FOR INDIA ★ BOMBAY ★

આ દરબાર એક ઐતિહાસિક અને બહુમતવાદી (pluralistic) યુરોપિઅન દેશ ફ્રાન્સમાં થઇ રહેલ છે, કે જે પોતાની સરહદોની અંદર યુરોપમાંની સૌથી મોટી મુસ્લિમ વસ્તી ધરાવે છે. આ યુરોપિઅન દેશ પોતાના ઇતિહાસના જુદા જુદા સમયે, પછી તે આફ્રિકા, સબ સહારન આફ્રિકા, મઘરીબ, ઓશિયા, કે મધ્યપૂર્વમાં હોય, ઉમ્માહ સાથે અસાધારણ ઐતિહાસિક સંપર્કો ધરાવતો હતો. આથી, આપણે એક એવા દેશમાં છીએ કે જે મુસ્લિમ જગતને જાણે છે; આથી, આપણે અહિં એક એવા દેશમાં છીએ કે જે ઇસ્લામમાં તફાવતોને સમજે છે અને જેણે અમારા કુટુંબને અને અમને તેમજ ઇમામતની સંસ્થાઓને ઘણા, ઘણા જ લાંબા સમયથી આવકારેલ છે અને જે આપણને ઉત્તમ સ્થિતિઓમાં પ્રોત્સાહનની સાથે કાર્ય કરવા શક્તિમાન બનાવે છે. અને આજે અમે જાહેર રીતે ફ્રાન્સનો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ.

આ સંબંધો આવનારા વર્ષોમાં ચોક્કસપણે વધુ મજબુત બનશે અને જે કરારનામા ઉપર આપણે પરમ દિવસે સહીસિક્કા કરેલ છે, તે આપણને ફ્રાન્સમાં, ન માત્ર સ્વયં ફ્રાન્સમાં, પણ બીજા એવા અનેક દેશોમાં કાર્ય કરવા શક્તિમાન બનાવશે કે જ્યાં જીવનની ગુણવત્તાની સુધારણા કરવાના માર્ગે વધુ ઝડપથી આગળ વધવા માટે આપણને નવીન ભાગીદારીઓનું ઘડતર કરવાની જરૂરત છે.

**(મૌલાના હાઝર ઇમામે અંગ્રેજીમાં ફરમાન આગળ ફરમાવ્યું હતું)**

અમે માનીએ છીએ કે અહિં અમારી મોટાભાગની જમાત અંગ્રેજી બોલે છે, આથી અમે અંગ્રેજીમાં ફરમાવીશું. અમે ફરમાવવા ચાહીએ છીએ કે સમગ્ર જગતમાંની જમાતના એ આગેવાનોને અમારી સમક્ષ જોઇ અમે કેટલા અતિશય ખુશી થયા છીએ, કે જેઓએ અમારી સાથે વર્ષોનાં વર્ષોનાં વર્ષો સુધી વફાદારીપૂર્વક, ભક્તિભાવનાપૂર્વક કાર્ય કર્યું છે, જમાત પછી ભલે જ્યાં પણ રહેતી હોય ત્યાં તે પ્રગતિ કરે એ બાબતની ચોકસાઇ કરવા માટે તેઓએ જમાતની સેવા કરી છે. આથી, અમે ચાહીએ છીએ કે અમારા ભૂતકાળના આગેવાનો એ યાદ રાખે કે અમે તેઓને યાદ કરીએ છીએ અને અમે તેઓને અમારા ઉત્તમ, ખાસ, વહાળભર્યા દુ'આ-આશીો ફરવાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

છેલ્લાં પચાસ વર્ષો દરમ્યાન એવાં સંખ્યાબંધ લક્ષ્યાંકો રહ્યાં છે કે જેને અમે હાંસલ કરવા ચાહતા હતા. પ્રથમ, શીઆ ઇસ્માઇલી ઇસ્લામના તરીકાની જુદી જુદી કડીઓને વધુ મજબુત બનાવવાનું, તેની ઓળખને વધુ મજબુત બનાવવાનું, તેનો બહુમતવાદ (pluralism) સમજવામાં આવે, ભાઇચારાની લાગણી સરહદોની પાર જાય તે અર્થેનું હતું, કે જેથી જગતના એક ભાગમાંના મુરીદો એ જાણે કે તેઓ અન્ય જગ્યાઓએ પોતાનાં ભાઇઓ અને બહેનો ધરાવે છે. બીજું, અમે એ બાબતની ખાત્રી કરવા માંગતા હતા કે શીઆ ઇસ્માઇલી ઇસ્લામના તરીકા અને ઇસ્લામમાંની અન્ય કોમો વચ્ચેના સંબંધો આગળ વધવા પામે, કે જેથી આપણાં અર્થઘટનો, પ્રસંગોપાત અલગ હોય, તેમ છતાં હકીકત એ છેકે

આપણે મુસ્લિમ છીએ. ઇસ્લામના લોકો વચ્ચેની એકતા એ બીજું પાસું છે કે જેને વિકસાવવાનો અમે પ્રયાસ કરેલ છે. ત્રીજું પાસું એ બાબતની ચોકસાઈ કરવા માટેનો પ્રયાસ કરવાનું રહ્યું છે કે સમય જતાં, જે દેશોમાં જમાત વસવાટ કરે છે તે તકોના દેશો બને, કે જેથી આજે જે કુટુંબો ત્યાં છે, ભવિષ્યમાંની પેઢીઓ જ્યારે ભવિષ્ય તરફ દૃષ્ટિ કરે ત્યારે સુખચેનની લાગણી ધરાવે - એ અર્થમાં સુખચેન કે આ દેશો આ પેઢીને અને હવે પછીની પેઢીને અને તેના પછીની પેઢીને જીવનની એક વધુ બહેતર ગુણવત્તા આપશે. અને આ બાબત મુશ્કેલ રહી છે. પરંતુ આજે, જગતભરમાંની ઇસ્માઈલી કોમ - અને આ બાબત અમે આ જ્યુબિલી વર્ષના અંતે કહી શકીએ છીએ - ઘણી જ ઉચ્ચ રીતે પ્રતિષ્ઠિત છે. આથી, આ પ્રસંગે અમે અમારા મુરીદોને ફરમાવીએ છીએ: મુબારક. મુબારક, કારણ કે અમે જ્યારે જગતભરમાં મુલાકાત લીધી છે, ત્યારે તમે જે સઘળા દેશોમાં વસવાટ કરો છો તેમાં જમાત જે પ્રતિષ્ઠા ધરાવે છે, તે જોવાની બાબત અમારા માટે અતિશય ખુશી લઈ આવેલ છે.

આપણે જ્ઞાન આધારિત સમાજ (knowledge society)માં રહીએ છીએ. આપણે લોકોની વૈશ્વિક કોમમાં રહીએ છીએ, કે જેઓ એકબીજા સાથે હરીફાઈ કરે છે, અને જમાત પ્રગતિ કરવાનું ચાલુ રાખે તે માટે અતિ આવશ્યક છે કે જ્ઞાન, અને જ્ઞાનની સહભાગીતા, જીવનદૃષ્ટિ (philosophy)ના અને જમાત જે રીતે કાર્ય કરે છે તેના વધુ અને વધુ ભાગરૂપ બનવી જોઈએ. અને એટલા માટે જ, અમે ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે, અમારી જમાતને ફરમાવ્યું હતું: સમય અને જ્ઞાનમાં સહભાગી બનાવો. સરહદોની પાર, કોમોની વચ્ચે, વ્યવસાયિકોની વચ્ચે, ધંધા-રોજગારની પ્રવૃત્તિઓમાં સમય અને જ્ઞાનમાં સહભાગી બનાવવું - જ્ઞાનની આ સહભાગીતા આવનારા દાયકાઓ માટે અતિશય મહત્ત્વની છે. અને આથી, અનેક, અનેક, અનેક મુરીદો કે જેઓએ જમાતની સેવામાં સમય અને જ્ઞાન અર્પણ કરેલ છે, તેઓ પ્રતિ અમે અમારો આભાર અને અમારી પ્રશંસા વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે તેઓને અમારા ઉત્તમ, હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એવાં અનેક રૂહાની બાળકો પણ છે કે જેઓએ ભૌતિક સહાય અર્પણ કરેલ છે કે જેથી આપણી સંસ્થાઓ વિકાસ પામી શકે, અને તેઓને પણ અમે અમારા ઉત્તમ, હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

સમાજો પોતાની સંસ્થાઓની મજબૂતીના પ્રતાપે આગળ વધે છે. જગતના કોઈપણ ભાગમાં, કોઈપણ કોમ, જે મજબૂત સંસ્થાઓ નથી ધરાવતી, તે એક એવી કોમ છે કે જે પોતાના ભવિષ્ય માટે તૈયારી કરવા અને તેનું ઘડતર કરવા શક્તિમાન નથી. સદ્‌ભાગ્યે, છેલ્લાં પચાસ વર્ષો દરમ્યાન, જમાત અને ઇમામત સંસ્થાઓનું ઘડતર કરી શકી છે, અને ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન અમારું એક લક્ષ્યાંક



ITREB FOR INDIA BOMBAY

આગળ જોવાનું અને એ બાબત નક્કી કરવાનો પ્રયાસ કરવાનું રહ્યું છે કે એવી કઈ સંસ્થાઓ, જગતના ક્યા ભાગોમાં છે કે જેને વધુ મજબૂત બનાવવાની જરૂરત છે, કે જેથી તેઓ ભવિષ્યમાં જમાતની વધુ અને વધુ અસરકારક રીતે સેવા કરી શકે. સંસ્થાકીય મજબૂતી એક લક્ષ્યાંક રહ્યું છે.

બીજું લક્ષ્યાંક, ગરીબી નાબૂદ કરવાનો પ્રયાસ કરવાનું રહ્યું છે. એવા મુરીદો છે કે જેઓ જગતના વિવિધ ભાગોમાં ઘણી, ઘણી જ વધુ ગરીબાઈમાં રહે છે; અને તે માત્ર વિકાસ પામી રહેલા જગતમાં જ નહિ, તે બાબત ઔદ્યોગિક જગત માટે પણ સાચી છે. આ જીવનનું એક એવું પાસું છે કે જેને આપણને બદલાવવું જ જોઈએ અને આથી, ઇન્શાઅલ્લાહ, તેરમી ડિસેમ્બરના જગતભરની જમાતના આગેવાનો સાથે, આપણે એ બાબતની સમીક્ષા કરીશું કે જગતના વિવિધ ભાગોમાંની જમાતના અતિ ગરીબો માટે સહાયની પદ્ધતિ કઈ રીતે લાવી શકીએ.

આજ બાબત બુઝુર્ગોને પણ લાગુ પડે છે. માનવ જીવન વધુ લાંબું થઈ રહ્યું છે, અને અમે એ બાબતનો પ્રયાસ કરવા અને ખાત્રી કરવા ચાહીએ છીએ કે જમાતમાંના બુઝુર્ગો ગુણવત્તાપૂર્વકનું અને સન્માનભર્યું જીવન જીવવાની સ્થિતિમાં હોય, અને આપણને એ બાબતની ખાત્રી કરવી જોઈએ કે આ બાબત તેમના માટે શક્ય હોય. આથી, ફરીથી, જે મુરીદો આ મુશ્કેલીઓમાં છે તેઓને સહાય કરવા માટેની નવીન તકો તરફ તેરમી ડિસેમ્બરના આપણે દૃષ્ટિ કરીશું.

પરંતુ આ બધું માનવ જીવન સંબંધિત છે. હવે આપણે આપણા ધર્મની નીતિમત્તાઓ સંબંધી વાત કરીએ. શારીરિક જીવન મર્યાદિત છે; રૂહાની જીવનને મર્યાદા હોતી નથી, અને અમે ચાહીએ છીએ કે અમારાં રૂહાની બાળકો તમારા ધર્મના પાલનમાં નિયમિત રહે. અમે ચાહીએ છીએ કે તમે એ સમજો કે તમારા ઉપર જ્યારે દુન્યવી દબાણો છે, ત્યારે તમારો ધર્મ તમારી સાથે સર્વ સમયે રહે તે બાબતને તમારે છોડી આપવી જોઈએ નહિ. અને અમે અમારાં રૂહાની બાળકોને અનેક પ્રસંગોએ ફરમાવ્યું છે: તમારી તસ્બીહ લો, તેને તમારી સાથે રાખો, અલ્લાહના નામનું, અથવા હઝરત અલી (અ.સ.)ના નામનું, અથવા ઇમામોનાં નામોનું સ્મરણ કરો, પરંતુ ધર્મને એક સમય માટેની જ બાબત અને જીવનને બાકીના બધા સમયની બાબત નહિ બનાવતા. ઇસ્લામમાં બન્ને સાથોસાથ રહે છે. અને ઇસ્લામની નીતિમત્તાઓ - ગરીબોને સહાય કરવાની, ભાઈચારાની, સંગઠિત બનવાની, મજબૂત (rigorous) અને ઈમાનદાર તેમજ વિશ્વાસુ બનવાની - આ બધી નીતિમત્તાઓ ભવિષ્ય માટે અતિ મહત્ત્વશીલ છે. અને તે ફક્ત સામાન્ય માનવ જીવનમાં જ અતિ મહત્ત્વશીલ નથી; તે ખાસ કરીને હવે પછીનાં બે અથવા ત્રણ વર્ષોમાં અતિ મહત્ત્વશીલ બનવાની છે, કારણ કે આપણે એક વૈશ્વિક મંદી તરફ દૃષ્ટિ કરી રહ્યા છીએ. અને જ્યારે તમે એક વૈશ્વિક મંદીનો સામનો કરતા હો, ત્યારે એ પડકારને હાથ ધરવાનો એક માર્ગ સરહદોની પાર જવા માટે, તમારી કાર્યક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે વ્યવસાયિક સંગઠનોમાં, ધંધા-રોજગારના એકમોમાં સંગઠિત બનવાનો છે, કે જેથી તમે ભાઈઓ અને બહેનો તરીકે તમારી પ્રવૃત્તિઓને સાથે લઈ આવવા અને વધુ સારી કામગીરી કરવા માટે શક્તિમાન હો. આથી, આજે અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ છીએ: સંભાળપૂર્વક રહો, બિન જરૂરી જોખમો નહિ ઉઠાવો, ઉડાઉ



ITREB FOR INDIA * BOMBAY *

(spendthrift) નહિ બનો. જો તમે સંગઠિત થાઓ છો તો ઈમાનદારીની સાથે સંગઠિત થાઓ. અમુક વખતે, અમે અમારી જમાતને ફરમાવીએ છીએ: તમે બધા વ્યક્તિત્વવાદીઓ (individualists) છો. અમે તે જાણીએ છીએ. અને જ્યારે તમે સંગઠિત થાઓ છો, ત્યારે તમે એ નથી પૂછતા કે જ્યારે તમે સંગઠિત થાઓ ત્યારે વસ્તુઓ કેવી રીતે ચાલશે. તમે એમ પૂછો છો: જ્યારે વસ્તુઓ બરાબર ન ચાલે તો હું કેવી રીતે બહાર નીકળી શકું? સંગઠિત થવાનો આ માર્ગ નથી.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

દરબાર ખુશી મનાવવાનો પ્રસંગ છે, અને અમે તમને એ ફરમાવવા ચાહતા હતા કે જ્યારે અમે અહિં આવી રહ્યા હતા ત્યારે મુખ્ય રસ્તા (highway) ઉપર અમે ભવ્ય સ્વાગત સંકેત પાટિયાઓ જોઈને કેટલાબધા ખુશી થયા હતા.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

અમને અમારી જમાત સાથે હસવાનું ગમે છે, અને અમે અમારી જમાતને ઘણીય વાર ફરમાવ્યું છે કે ખુશી અલ્લાહ તરફની ભેટ છે, અને આપણને તેના માટે તેના શુક્રાનાઓ પણ અદા કરવા જોઈએ. અમે તમારામાંના દરેકને, વ્યક્તિગત રીતે, ફરી એક વાર, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા વહાલભર્યા દુ'આ-આશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન, લાંબા જીવન માટે, સારી તંદુરસ્તી માટે, સુખ માટે, તમારાં કુટુંબોમાં એકતા માટે, દુન્યવી સફળતા માટે, સિરાતલ્ મુસ્તકીમ ઉપરની મજબૂતી માટે અને ખાસ કરીને મુશ્કીલ આસાન માટે.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

તમે અમને જે ભવ્ય તિમૂરી તખતી અર્પણ કરેલ છે તે બદલ અને જે ભેટો તમે અમારા કુટુંબને અર્પણ કરેલ છે તે બદલ અમે તમારા પ્રતિ અમારો ઉષ્માભર્યો આભાર વ્યક્ત કરવા ચાહીએ છીએ. અમે તમારું નઝરાણું પણ કબૂલ ફરમાવીએ છીએ અને અમે દુ'આ કરીએ છીએ કે તે તમારા માટે, તમારામાંના દરેક માટે હજારગણું વધવા પામે.

ખરેખર જે હજારો વોલન્ટીયરો - અમારાથી નજદીક, અમારાથી દૂર - તેઓ પ્રતિ અમારો અતિશય આભાર, અમારી અતિશય પ્રશંસા અમે વ્યક્ત કર્યા સિવાય આ દરબાર પૂર્ણ થવો જોઈએ નહિ, કે જે સઘળાઓએ સમગ્ર ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન એ બાબતની ચોકસાઈ કરવા માટે સેંકડો જુદી જુદી



BOMBAY

રીતે આવી નોંધપાત્ર સેવાઓ અર્પણ કરી છે કે ગોલ્ડન જ્યુબિલીનું વર્ષ એવું હોય કે જેવું તેઓ ચાહતા હતા, અને જેવું અમે ચાહતા હતા. આથી, આજે અમે ચાહીએ છીએ કે જે સઘળાઓએ સેવા આપી છે તેઓ એ જાણે કે તેઓ કેટલાબધા અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં, અમારી દુ'આઓમાં અને અમારા આભારમાં છે. અને એ બાબત ધ્યાનમાં રાખો કે જેઓ ઇમામની સૌથી વધારે નજદીક કાર્ય કરે છે, તેઓ એ લોકો છે કે જેઓ ઇમામ તરફથી અતિ વધારે દબાણ અનુભવે છે. આથી, અમે એ બાબતથી સારી રીતે વાકેફ છીએ કે જેઓ અમારી નજદીક છે તેઓ અમારી દૃષ્ટિ હેઠળ છે; જેઓ થોડા વધુ દૂર છે, તેઓ જે અદ્‌ભુત કાર્ય કરે છે તે અમે સઘળું જોઈ શકીએ છીએ. આથી, આજે અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવવા ચાહતા હતા કે તેઓએ જે ભવ્ય સેવા અર્પણ કરી છે તે માટે અમે બેહદ ખુશી અને આભારી છીએ.

અમારા મુરીદો આજે સમગ્ર જગતમાંથી આવેલા છે. આ પુરુષો અને સ્ત્રીઓનો એક વિશાળ ભાઈચારો છે. અમે ચાહીએ છીએ કે તે ભાઈચારો એક વાસ્તવિક ભાઈચારો બને, કે જેથી તમે જ્યાંથી પણ આવ્યા હો, અને જે પણ દેશમાં તમે સ્થાયી થયા હો, તે દેશની જમાત તમને આવકારે છે, તમને સહાય કરે છે, તમને પ્રોત્સાહન આપે છે, તમને સાંભળે છે. અને તમે તેઓને સાંભળો છો અને તમે તેઓ પાસેથી શીખો છો. શું અલગ છે તે તમે શીખો છો, અને શું એકસરખું છે તે તમે શીખો છો - જે અલગ છે તેનો તમે આદરમાન કરો છો અને જે એકસરખું છે, તેને તમે આવકારો છો. અને અમે ચાહીએ છીએ કે અમારાં રૂહાની બાળકો એ વિચારે કે એક દિવસ, એ બાબત શક્ય બની શકે છે કે મોટાભાગના એ દેશો કે જ્યાં જમાત વસવાટ કરે છે તે તકો ધરાવતા દેશો બનશે, અને તેને તકો ધરાવતા દેશો બનાવવા પ્રતિ તમે યોગદાન આપ્યું હશે. આવનારાં દાયકાઓમાં અમારી જમાત માટેની આ અમારી આશા અને અમારી દુ'આ છે.

ફરી એક વાર, અમે તમને અમારા અતિશય ઉમળકાભર્યા, અમારા અતિશય હેતપૂર્વકના દુ'આ-આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

એ ધ્યાનમાં રાખો કે જોકે, અમે શારીરિક રીતે તમારી સાથે કદાચ ન હોઈએ, તમે હંમેશાં અમારા હ્રદયમાં, અમારા વિચારોમાં અને અમારી દુ'આઓમાં છો. કોઈપણ સમુદ્ર, કોઈપણ રણપ્રદેશ, કોઈપણ પહાડ જમાતને ઇમામથી અલગ કરી શકતા નથી.

ખાનાવદાન.

(1)

## જમાતી આગેવાનોને નવાજીશ ફરમાવેલ મુલાકાત પ્રસંગે મૌલાના હાઝર ઇમામે ફરમાવેલ તાલિકા અને ફરમાન મુબારક

એગ્લેમોન્ટ, ૧૩મી ડિસેમ્બર, ૨૦૦૮

અમારાં વહાલાં રૂહાની બચ્ચાઓ,

૧૩મી ડિસેમ્બર, ૨૦૦૮ના અમારા જન્મદિન પ્રસંગે, કે જે અમારી ગૉલ્ડન જ્યુબિલી ઉજવણીનું સમાપન પણ દર્શાવે છે, અમે અમારાં જગતભરનાં સઘળાં રૂહાની બચ્ચાઓને અમારા અતિશય ઉષ્માભર્યા અને અતિશય હેતપૂર્વકનાં માતા-પિતા તરીકેના વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે અમારાં એ સઘળાં રૂહાની બાળકો કે જેઓએ આ પ્રસંગે મુબારકબાદીના સંદેશાઓ મોકલાવેલ છે અને સર્વીસો પેશ કરેલ છે, તેઓને અમારા વહાલભર્યા દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

આ દિવસે અમે જગતભરના અમારા દરેક મુરીદના ખભા ઉપર અમારો હાથ મૂકીએ છીએ. અમે અમારાં સઘળાં રૂહાની બાળકોને વ્યક્તિગત રીતે સુખ માટે, સારી તંદુરસ્તી માટે, તમારા કુટુંબોમાં એકતા માટે, તમારી સઘળી ઉમેદોની પરિપૂર્ણતા માટે, મુશ્કિલ આસાન માટે, સિરાતલ મુસ્તકીમ પરની મજબૂતી માટે, શાંતિ માટે, તમારી જિંદગીઓમાં માર્ગદર્શન આપવા રૂહાની રોશની માટે અને દુન્યવી સફળતા માટે અમારા અતિશય ઉષ્માભર્યા અને અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુ'આ આશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે આજે એ લાખો વૉલિન્ટીયરો કે જેઓએ આપણા તરીકામાંની વૉલિન્ટીયરી સેવાની અદ્ભુત પ્રણાલિકાને ભવ્ય રીતે જાળવી રાખેલ છે અને આ ગૉલ્ડન જ્યુબિલીને અજોડ બનાવવા પોતાનો સમય, જ્ઞાન અને સંસાધનો અર્પણ કરેલ છે તેઓની પ્રશંસા કરીએ છીએ અને અમારા હેતપૂર્વકના દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

અમે અમારાં સઘળાં રૂહાની બાળકોના આત્માઓની અખંડ શાંતિ અને રાહત માટે અમારા ઉત્તમ વહાલભર્યા દુ'આ આશિષો ફરમાવીએ છીએ.

અમારા વહાલા જમાતના આગેવાનો,

આજે, આ ખાસ દિવસે જગતભરના, અમારી જમાતના સઘળા આગેવાનોને, તમારામાંના દરેકને અને એકે એકને, વ્યક્તિગત રીતે અમે અમારા ખાસ દુ'આઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

ગૉલ્ડન જ્યુબિલી વરસની આ અંતિમ મુલાકાત છે, અને જમાતમાં અમે જે ગુણવત્તાવાળી આગેવાની ધરાવીએ છીએ તે જોવા માટે અમને એક અદ્ભુત તક સાંપડી હતી, અને અમે તમને એ જણાવવા ઇચ્છીએ છીએ કે અમે તે આગેવાની માટે કેટલો ગૌરવ ધરાવીએ છીએ. અગર જો જમાત અને ઇમામ તે આગેવાની ધરાવતા ન હોત તો, છેલ્લા પચાસ વરસોમાં આપણે જે પ્રગતિ કરી છે તે શક્ય જ ન બની હોત. અને તમે વૉલિન્ટીયરી આગેવાનીની એ લાંબી પ્રણાલિકાને અનુસરો છો, એ પ્રણાલિકા, જે ઘણા ઘણા દાયકાઓથી અસ્તિત્વ ધરાવે છે, અને અમે તમને એ જણાવવા ચાહીએ છીએ કે ભૂતકાળના વર્ષોમાં એ કાર્ય માટે કે જે તમે જમાત માટે અને ઝમાનાના ઇમામ માટે કરેલ છે અમે તેના માટે કેટલું ગૌરવ ધરાવીએ છીએ અને અમે કેટલા આભારી છીએ. આથી, અમે આ પ્રસંગની નોંધરૂપે, પ્રથમ, તમારામાંના દરેકે દરેકને વ્યક્તિગત રીતે અને તમારા કુટુંબોને કે જેઓએ તમને સહાય કરેલ છે, અને જમાતોને, આ મુલાકાત પ્રસંગે અમારા ખાસ, ખાસ દુ'આઆશિષો ફરમાવીએ છીએ. ખાનાવદાન.

આ જ્યુબિલી વરસ, જે વાસ્તવમાં એક વરસ કરતાં લાંબું હતું, અમારા માટે જગતના જુદા જુદા ભાગોમાંની જમાતોને જોવા અને જગતના જુદા જુદા ભાગોમાં જમાત તેઓના ધર્મની પ્રથાઓનું જે જુદી જુદી રીતે પાલન કરે છે, તેઓ સંભવિતપણે જે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, પ્રથાઓમાંની વિભિન્નતાઓને, અંગતપણે અને સીધી રીતે સમજવા માટે, અને ઘણા જ ટૂંકા સમયગાળામાં આ બધા જ્ઞાનને આગળ લાવવા માટેની અમારા માટે એક અજોડ તક હતી. અને આથી, જ્યુબિલી વરસનું અમારું પ્રથમ મંતવ્ય ધર્મના પાલન સંબંધી મુદ્દાઓને સંબોધવાનું છે, અને આ મુદ્દાઓને અમે આ ફરમાનમાં પછીથી વધુ વિસ્તૃત રીતે સંબોધીશું.

અમે આ ફરમાનની શરૂઆતમાં તમને અને તમારા દ્વારા તમારા દેશોના આગેવાનોને એ પણ કહેવા ચાહીએ છીએ કે, ગૉલ્ડન જ્યુબિલીના પ્રસંગે આપણી ખુશીઓમાં તેઓ જે રીતે સહભાગી થવા ઇચ્છતા હતા તે માટે તેઓની સરકારો, તેઓની સંસ્થાઓ પ્રતિ અમે કેટલા આભારી છીએ. અને તે મહત્વનું છે કે, તમે જે દેશોમાં રહો છો તેની સરકારો અને જુદા જુદા નિર્ણયો ઘડનારાઓ પ્રતિ ન માત્ર તમારે આભાર વ્યક્ત કરવો જોઈએ, પરંતુ તમારે આ સંપર્કોને જાળવી રાખવા જોઈએ, કારણ કે સરકારોએ તમને, અને અમને, શિષ્ટાચાર, માન, સદ્‌ભાવ, ઉદારતા દર્શાવેલ હતી. આપણે તે સંબંધોને સંબંધિત દેશોના લાભાર્થે અને જમાતના લાભાર્થે સતત ધોરણે જાળવી રાખવા જોઈએ.

બીજો મુદ્દો, જેમાં અમે અમારા આગેવાનોને સહભાગી બનાવવા ચાહીએ છીએ તે એ છે કે આ અતિશય પ્રમાણની શ્રેણીબદ્ધ મુસાફરીઓ (set of journies)એ અમને દરેક દેશમાંની જમાતની સ્થિતિ ઉપર વિચારણા કરવા માટે એક તક પૂરી પાડેલ છે, અને જ્યારે અમે ભૂતકાળમાં, જુલાઈ ૧૯૫૭ માટે વિચારીએ છીએ, અને આજે જે પરિસ્થિતિ છે તેની તે સમયે જે પરિસ્થિતિ હતી તેની સાથે સરખામણી કરીએ છીએ ત્યારે, અમને સંતોષ થાય છે કે જગતના ઘણા ભાગોમાં નોંધપાત્ર પ્રગતિ કરવામાં આવી છે. પરંતુ એજ સમયે, આપણે જગતના જુદા જુદા ભાગોમાંની જુદી જુદી જમાતો વચ્ચે જીવનની ગુણવત્તામાં ઘણા ઘણા ઊંડા તફાવતો ધરાવીએ છીએ. અને આથી, પ્રથમ બાબતોમાંની એક જે આજે અમે અમારી જમાતના આગેવાનો સાથે સ્થાપિત કરવા ચાહીએ છીએ તે એ છે કે આપણે બધાએ ખરેખર સાથે મળીને ઘણું જ સખ્ત કાર્ય કરવું જ જોઈએ, જેથી એ જમાતો, કે જે કેટલાક કરતાં વધુ મુશ્કેલ પરિસ્થિતિઓમાં જીવી રહી છે, તેઓ એક એવા વાતાવરણમાં જીવવા સમર્થ બને જે એક પ્રગતિમય વાતાવરણ હોય, જ્યાં જીવનની ગુણવત્તા વધુ સારી થઈ રહી હોય. જ્યારે કે ૧૯૫૭માં જગતભરમાં પરિસ્થિતિ મુશ્કેલ જણાતી હતી, જે આજે તે પ્રમાણે નથી. જગતમાં માત્ર કેટલાક ચોક્કસ વિસ્તારો છે, જેમાં આપણે ધ્યાન કેન્દ્રિત કરવાનું છે, પરંતુ અમે વિચારીએ છીએ કે એ અતિ આવશ્યક છે કે આપણે જગતના આ વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, અને ચોક્કસપણે સમય અને જ્ઞાન અને ભૌતિક નઝરાણું આપણને આમ કરવા માટે સમર્થ બનાવશે. આ લક્ષ્યાંકને હાંસિલ કરવા માટેની એકમાત્ર શરત એ છે કે યુવાન પુરુષો અને યુવાન સ્ત્રીઓ શિક્ષિત તેમજ જમાતની વૉલિન્ટીયરી સેવા કરવાની ઇચ્છા ધરાવતા બનાવવા જોઈએ. જ્ઞાન, બૌધ્ધિક ક્ષમતાઓ, વ્યવસાયિક ક્ષમતાઓના સંદર્ભમાં જમાતમાંના ઉત્તમ સભ્યોની વૉલિન્ટીયરી સેવાનો આ સિધ્ધાંત, તે આ દેશોમાં આપણે જે પ્રગતિ કરવા ઇચ્છીએ છીએ તેના સંપૂર્ણપણે કેન્દ્રીય હોય. અને આથી, અમે આશા રાખીએ છીએ કે

જમાતના આગેવાનો, બધા સાથે મળીને, આ નબળી જમાતોમાંના આગેવાનોને આગળ આવવા માટે, જમાતને વૉલન્ટીયરી સેવા આપવા પ્રોત્સાહિત કરશે અને આપણને સંસ્થાઓ, માળખાઓ અને ક્ષમતાઓ બાંધવા સમર્થ બનાવશે, જેમ, આપણે જગતના બીજા ભાગોમાં કર્યું છે.

આ પછીનો મુદ્દો, જે ગોલ્ડન જ્યુબિલી વરસ દરમ્યાન ઉદ્ભવવા પામ્યો છે તે એ છે કે જગતના ચોક્કસ ભાગોમાં કઈ યોજનાઓ અને કયા કાર્યક્રમો સફળ રહ્યા હતા, અને કયા એવા છે જે હજુ જ્યાં હોવા જોઈએ ત્યાં નથી, તેનું મૂલ્યાંકન કરવાનો છે. અને અમે વિચારીએ છીએ કે તે સ્પષ્ટ છે કે, જ્યુબિલી વરસ દરમ્યાન, આપણે બધાએ જગતના જુદા જુદા ભાગોમાં સમસ્યાઓ કે જેને સંબોધવાની જરૂરત છે તેનું નિરીક્ષણ કર્યું, અને આ સમસ્યાઓને આગળ વધારવા પ્રયાસ કરવામાં જમાતના આગેવાનો સાથે કાર્ય કરવાનો અમારો સંકલ્પ છે, જેથી, જ્યાં નવી સંસ્થાઓ, નવી તકો જરૂરી હોય, ત્યાં આપણે તેને ગોઠવીએ. અમે આપણી જગતભરની જમાતની જીવનની ગુણવત્તામાંની અસમતુલા વિષે ચિંતિત છીએ, અને જ્યાં જીવનની ગુણવત્તા એવી નથી કે જેવી હોવી જોઈએ, અમે માનીએ છીએ કે આપણા બધાની એ એક ગંભીર જવાબદારી છે કે માનવીય અને ભૌતિક સંસાધનોને સજ્જ કરીએ, સમય આપીએ કે જેથી આપણે નવીન પહેલોને તેની જગ્યાએ મૂકવા સમર્થ બનીએ જે જમાતને, આ દેશોને જગતના સમાજમાં નવીન સામાજિક અને આર્થિક સ્થિતિ શોધવામાં મદદ કરશે.

૧૯૫૭થી, એ અમારો હેતુ રહ્યો છે કે ભવ્ય શીઆ ઇમામી ઇસ્માઈલી ઓળખને અને ધર્મના વિવિધ અર્થઘટનો, વિચારો અને પ્રથા ધરાવતી અન્ય મુસ્લિમ વિચારધારાઓ સાથેના આંતર-સંબંધોને વર્તમાન સમયના પ્રયાસો વડે, આપણા ઇતિહાસમાંથી તેને પુનઃસંસ્થાપિત કરવા અને તેને મજબૂત બનાવવા. અમને એ લાગે છે, કે જમાતના ઇતિહાસના આ સમયે જયારે વિવિધ પ્રણાલિકાઓ એકત્રિત થઈ રહી છે ત્યારે ઝમાનાના ઇમામે કરેલ અર્થઘટન મુજબ ઇસ્લામના શીઆ ઇસમાઈલી તરીકામાં મૂળ ધરાવે છે, એવા ભક્તિભાવપૂર્ણ અભિવ્યક્તિઓના વિવિધ સ્વરૂપો સહિતના ધર્મના એ પાસાઓ અને ક્રિયાને આગળ લાવવા એ ખાસ કરીને મહત્વનું બની રહે છે.

અમારી જમાતને એ જણાવતા અમને ખુશી થાય છે કે આ બાબતો ઉપર પૂર્વ-ભૂમિકાનું કાર્ય અને વિચાર આગળના સ્તરે છે, અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇસ્માઈલી સ્ટડીઝ અને તરીકા એન્ડ રિલિજીઅસ એજ્યુકેશન બોર્ડો દ્વારા આપણા ઇતિહાસમાં પાછા જઈને આરબ જગત, એશિયન જગત વચ્ચે વિવિધ કડીઓ જે આપણા ઇતિહાસના ભાગરૂપ છે,

તેને શોધી કાઢવાનું જે કામ પાછલા વરસોમાં થયું છે તે તમે જાણો છો, જેથી બધી જમાતો ભલે પછી તે કોઈ પણ પાશ્ચાદભૂમિકામાંથી હોય, તેઓ આપણા ધર્મના આ સમયે અમલીકરણ સાથે ઓળખાવી શકવા શક્તિમાન હશે. અમને અમારી જમાતને એ જણાવતા ખુશી થાય છે કે આપણે આ કાર્યમાં કેટલાક સારા નિષ્કર્ષો ઉપર આવ્યા છીએ, અને જેમ સુસંગત લખાણ (text)ને આખરી રૂપ આપવામાં આવશે, આ કાર્યનું અમલીકરણ ઇતરેબો અને આઈ.આઈ.એસ. દ્વારા આવતા વરસ દરમ્યાન આગળ લઈ જવામાં આવશે.

જમાતના સમગ્ર ઇતિહાસ દરમિયાન, ફાતિમીદ સમય દરમિયાન પણ, ઇસમાઈલી તરીકાનું એ એકધારું લક્ષણ રહ્યું છે કે એ ક્રિયાઓ કે જે ખાસ કરીને આપણા તરીકાની હોય અને તે કે જે શરીઅતના ભાગરૂપે, અલબત્ત સાંપ્રદાયિક વિશિષ્ટતાઓ સાથે, બધા મુસ્લિમો માટે સર્વ સામાન્ય હોય, તે વચ્ચે પૂરકતા રહી છે. આના ઉદાહરણોમાં નમાઝ અને દુ'આ વચ્ચેનું ઐતિહાસિક સહઅસ્તિત્વ તેમજ અંગત ઇબાદત અને વ્યક્તિગત શોધનો વિચાર છે, કે જેનું ઇસ્લામમાં મહત્વનું સ્થાન છે. કારણ કે તે ધર્મના જીવન સાથેના સંબંધથી નિસ્બત ધરાવે છે. આ દૃષ્ટિકોણના કારણે, શીઆ ઇસમાઈલી ઇસ્લામમાં, ઝમાનાના ઇમામ વિવિધ બંદગીઓ, તસ્બિહો, બૈતુલ ખયાલ, કસીદાઓ, ગિનાનોને માન્ય કરે છે, કે જેના દ્વારા એક વ્યક્તિ ઇલાહી તત્ત્વને આધિન થઈ શકે છે અને દુન્યવી જીવનના ભૌતિકવાદની સામે, તેમજ રોજિંદા જીવનના બીજા અનેક પડકારો સામે તેને અથવા તેણીને સુરક્ષિત રાખી શકે છે.

અમારી એ ઇચ્છા છે કે આપણા ધર્મની ક્રિયાઓની આ સમજણ આપણી જમાતના ધાર્મિક શિક્ષણમાં, ખાસ કરીને સેકેન્ડરી સ્કૂલ કરિક્યુલમ, જે ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇસ્માઈલી સ્ટડીઝ હેઠળ હાલમાં તૈયાર થઈ રહ્યું છે, તેમાં ઔપચારિક રીતે વ્યક્ત થવી જોઈએ.

આ સંદર્ભમાં અમે અમારી સંસ્થાઓને એ સુચન કર્યું છે કે લગભગ આવતા વર્ષમાં વિશ્વની જમાતોને, શીઆ ઇમામી ઇસ્માઈલી નમાઝનું નિયમ અનુસાર, એક સરખું લખાણ ઉપલબ્ધ કરવામાં આવે, જેને અમે મંજૂર કરેલ હશે. આ લખાણ, જે ઐતિહાસિક રીતે જમાતમાં અમલમાં રહેલા નમાઝના ઘણા ખરા સ્વરૂપો સાથે અને ઇસ્લામની બીજી ઘણી વિચારધારાઓ સાથે સંપૂર્ણપણે સુસંગત છે, તે આપણા તરીકામાં વંશપરંપરાગત ઇમામતની કેન્દ્રિયતાને પ્રતિબિંબિત કરશે. તે ઇમામે ઝમાન દ્વારા માર્ગદર્શિત કરાયેલી

દરેક વ્યક્તિની અંગત શોધના સિદ્ધાંતનો અને એક સમાન માનવજાતના વિચારની જમાતની ઐતિહાસિક વચનબદ્ધતાનો પણ એકરાર કરશે.

આ સિદ્ધાંતો નિકાહના એકસરખા લખાણમાં પણ પ્રદર્શિત થશે જે આવતા થોડા મહિનાઓમાં, અમારી સંસ્થાઓ દ્વારા વિશ્વભરની જમાતને ઉપલબ્ધ કરાશે.

અફઘાનિસ્તાન, તાજિકિસ્તાન અને ઉત્તરીય પાકિસ્તાનના નાસિર ખુસરૂની પ્રણાલિકાવાળા ઘણા સભ્યો અત્યારે પશ્ચિમ જગતમાં વસે છે. ચિરાગ રોશનની વિધિ તેઓની પ્રણાલિકાનો અંતર્ગત ભાગ છે, અને તેથી, અમે અમારી સંસ્થાઓને આદેશ આપ્યો છે કે, જેટલુ શક્ય હોય એટલું જલ્દી, એક સમાન લખાણ ઉપલબ્ધ કરાવે કે જે આ વિધિના અમલીકરણ વખતે ઉપયોગમાં લાવી શકાય. આ લખાણ પણ અમે જે સિદ્ધાંતોનો ઉલ્લેખ કરી ગયા તેને પ્રતિબિંબિત કરશે.

બીજો મુદ્દો જે અમે અમારી જમાત સાથે બહાર લાવવા ચાહીએ છીએ, તે મુદ્દો છે જમાતની ગુણવત્તાનો, કારણ કે, ઇસ્લામમાં *દીન અને દુનિયા* વિભાજિત નથી, અને તે ઇમામની જવાબદારી છે, જમાતના આગેવાનોની જવાબદારી છે, આપણી સંસ્થાઓની જવાબદારી છે, કે જગતભરની જમાતની જીવનની ગુણવત્તાને વધારવાના પ્રયત્નો કરે.

જમાતની ભૌતિક સુખાકારી અને જીવનની ગુણવત્તા અનેક દાયકાઓથી મુખ્ય ચિંતા રહી છે. અમુક વરસો અગાઉ, અમે જમાતના આગેવાનોને અને અમારી સંસ્થાઓને ફરમાવ્યું હતું, તેઓ ખાસ કરીને એ મુરીદો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે કે જેઓ લાંબા ગાળાની ગરીબીની પરિસ્થિતિઓમાં સપડાયેલા છે કે જેમાંથી બહાર આવવાનો કોઈ દેખીતો રસ્તો નથી, અને એ નિર્બળ મુરીદો કે જેની જીવનની ગુણવત્તા વૃદ્ધાવસ્થા, અપંગતા, અને સ્વાસ્થ્યની કાયમી સમસ્યાઓને કારણે પ્રતિકૂળ (adverse) રીતે અસર પામેલી છે. આ ચિંતા ધનવાન, વિકાસિત દેશોમાંની જમાતો સહિત બધા ક્ષેત્રોને લાગુ પડે છે. બીજા શબ્દોમાં, જમાત જે જીવનની ગુણવત્તા ભોગવી રહી છે તે ગુણવત્તા નબળી છે, જે જગતના કોઈ પણ ભાગમાં જોખમ મુક્ત નથી, તેને બદલવા માટે આપણાથી શક્ય તેટલું બધુ કરી છુટવું જોઈએ.

જમાતમાં સખત સંશોધનના આધાર પર, આપણી સંસ્થાઓ એ તારણ પર આવી છે કે:

* જીવનની નબળી ગુણવતા માંટે ઘણા કારણો છે;

- ગરીબી, વૃદ્ધાવસ્થા, લાબા ગાળાની બીમારી અને અપંગતાની સમસ્યાઓ સામાન્ય રીતે એકબીજા સાથે સંકળાયેલ છે, તેઓ એકબીજાથી અલગ નથી;

- કુટુંબોને એવી સેવાઓની જરૂરત હોય છે કે જે જરૂરિયાતોના જટિલ સમૂહને એક એક કરીને ઉકેલવા ખાસ કરી તૈયાર કરાયેલી હોય. આ રીતે કોઈ જાદુઈ ઉકેલ નથી કે જે આ દરેક પરિસ્થિતિઓને હાથ ધરી શકે;

- ઓછી આવક અને જીવનના નીચા ભૌતિક ધોરણો ઉપરાંત, ગરીબ મુરીદો લાંછન, પ્રતિષ્ઠાનો અભાવ અને આપણી સંસ્થાઓમાં અને સમાજ જીવનમાં પૂર્ણ રીતે સહભાગી બનવાની તકોનો અભાવ પણ અનુભવતા હોય છે;

- આપણી સંસ્થાઓએ, એટલા માટે ફક્ત વ્યક્તિગત પાસાઓ ઉપર નહિં પણ સમગ્ર રીતે જીવનની ગુણવત્તા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ;

- ઉકેલો, ઘણા જુદા જુદા સંસાધનો જેવા કે શિક્ષણ, ટ્રેનિંગ, રોજગારી, સાહસો, રહેઠાણો, સ્વાસ્થ્ય સંભાળ, પોષણ અને અન્યનો સમાવેશ કરે છે. આ બાબત માટે સહકાર્યની જરૂરત પડશે, કે જેથી મુરીદોને આ સંસાધનો પ્રાપ્ત કરવા માટે અનેક સંસ્થાઓ સાથે વ્યવહાર કરવો ન પડે.

શક્ય ઉકેલોને ચકાસવા માટે અને મૂલ્યાંકન કરવા માટે ૨૦૦૯ના અંત સુધીમાં ૫૦ યોજનાઓ શરૂ કરવા માટેના પ્રસ્તાવો તૈયાર કરવામાં આવેલ છે. આમાં દાખલા તરીકે, (નીચેની બાબતો)નો સમાવેશ છે:

- વિકાસ પામતા દેશોના ખેડૂતોને ઔદ્યોગિક દેશોમાંની બજારો સાથે સાંકળવા, જે તેમને તેઓના કાર્યની ઊપજને, ખાસ કરીને જમાતનાં છુટક વેપારીઓ અને ધંધાદારીઓના જોડાણો દ્વારા, ઓછા ખર્ચે વેચવા શક્યં બનાવશે, અને આપણે એ ક્યારેય ન ભૂલવું જોઈએ કે જગતભરની જમાતની બહુમતી આજે પણ ગ્રામ્ય વાતાવરણમાં વસે છે;

- અનેક-વિધ પેઢી (multi generation), સમાજોની વસાહતો વિકસાવવી, જ્યાં વૃદ્ધ મુરીદો તેમના કુટુંબો સાથે અને બીજી વયનાં મુરીદો સાથે રહી શકે, ભલે તેમની સેવાઓને સમય સાથે બદલાતી રહેવાની જરૂર હોય. બીજા શબ્દોમાં વૃદ્ધ લોકો

જીવનના વાતાવરણમાં પોતાને એકલવાયા અનુભવે, જ્યાં તેમને આજુબાજુમાં કોઈ સહાય મળે તેમ ન હોય તેનાથી આપણે બચવાનો પ્રયાસ કરવો જોઈએ;

- ગ્રામ્ય અને શહેરી પાશ્ચાદભૂમિમાં ઘર આધારિત સામાજિક સંભાળ;

- વૃદ્ધ મુરીદો માટે જમાત કેન્દ્રિત સામાજિક અને દિવસ દરમ્યાનના કાર્યક્રમો;

- વ્યવહારિક સહાય, જેવી કે આવડતોની તાલીમ અને રોજગાર સુરક્ષિત કરવું;

- નાણાકીય સેવાઓ, જેવી કે બચત યોજનાઓ, શૈક્ષણિક લોન, આરોગ્ય વીમા, પેન્સન, ગીરોખત (mortgages) અને વ્યાપાર વિકાસ;

- જે મુરીદોને સહાયની જરૂરત હોય તેમની સાથે સહભાગીતામાં કાર્ય કરવા માટે તાલીમબદ્ધ કેસ મેનેજરોની ટુકડી.

આ બાબત તમને શું જણાવે છે? આ બાબત તમને એ જણાવે છે કે આ મુદ્દાઓને હાથ ધરવા માટે, આપણને અનેકવિધ પ્રયાસોને ઉપયોગમાં લેવાની જરૂરત છે, કારણ કે એકાદ પ્રયાસ ગરીબ કુટુંબોને અથવા બુઝુર્ગને તેમની પરિસ્થિતિઓમાંથી બહાર નીકળવાના માર્ગ શોધવા શક્તિમાન નહિ બનાવી શકે.

પ્રયોજનાઓનું સંયોજન એ બાબતની ચોક્સાઈ કરવા માટે તૈયાર કરવામાં આવેલ છે કે, વૈશ્વિક અને સ્થાનિક સ્તરે સઘળા પાસાઓ, સઘળા સંદર્ભો, સઘળી કાઉન્સિલોના વિસ્તારોને આવરી લેતાં શક્ય તેટલા વિવિધ બોધપાઠો શીખવામાં આવે. બીજા શબ્દોમાં, પરીક્ષણના આ ૫૦ કાર્યક્રમો એ બાબતને સમજવા માટે સંચાલિત કરવામાં આવશે કે, જગતના વધુ ભાગોમાં વધારે મુરીદોને આપણે તે ઉપલબ્ધ કરાવીએ તે પહેલાં આ અભિગમ અસરકારક છે કે નહિ.

જમાતના જે સભ્યો તેમાંથી સંભવિતપણે લાભ મેળવવાના છે, તેમને એ બાબતની ચોક્સાઈ કરવા માટે આ પ્રયોજનાઓમાં ભાગીદારો તરીકે સહભાગી બનાવવામાં આવશે કે તેમના દૃષ્ટિકોણ કાર્યક્રમના હેતુઓ અને યોજનાઓના અગ્ર ભાગમાં રહેલ હોય. બીજા શબ્દોમાં, આપણને જે બાબત કરવાની જરૂર છે તે કાર્યક્રમોની શરૂઆત કરવાની છે, જે કાર્ય કરવામાં આવી રહ્યું છે તેમને લાભાર્થીઓ કઈ રીતે જોઈ રહ્યા છે, તેની માહિતી

મેળવવા માટે તેમને સાંભળવાનું છે, કે જેથી આ વિવિધ સમાજોમાં એ કાર્યને આપણે નિયમિત ધોરણે વ્યવસ્થિત બનાવી શકીએ.

ભૌતિક અને સમય તેમજ જ્ઞાન એમ બન્નેના ગોલ્ડન જ્યુબિલી નઝરાણાનું એક મોટું પ્રમાણ આ પ્રયાસો તરફ સમર્પિત કરાશે. ખાસ કરીને, આ ક્ષેત્રમાં આપણા પ્રયાસોને સહાય કરવા માટે ગોલ્ડન જ્યુબિલીના લાંબા ગાળાના વારસા તરીકે *ગોલ્ડન જ્યુબિલી ક્વોલિટી ઓફ લાઈફ ઇમ્પ્રુવમેન્ટ ફંડ* તરીકે ઓળખાતા એક સમર્પિત ભંડોળનું સર્જન કરવામાં આવશે. આથી, આ એક વચનબદ્ધતા છે કે જે લેવામાં આવેલ છે અને જે સમયમાં કાયમી હશે, કે જેથી જગતના કોઈપણ ભાગમાં જે પણ પેઢીઓ પોતાને મુશ્કેલીઓમાં હોય, તો એવી નાણાકીય સંસ્થા હોય કે જે તેમની વહારે આવી શકે.

આ પ્રવૃત્તિઓના કારણે જે નોંધપાત્ર નવીન જરૂરતો ઊભી થશે, તેને પહોંચી વળવા માટે આપણી સંસ્થાઓને મજબૂત કરવાની જરૂરત રહેશે, અને તેનાં પરિણામોની જમાતના આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવશે.

સ્થાનિક સ્તરે, કાઉન્સિલોને હેલ્થ બોર્ડસ, એજ્યુકેશન બોર્ડસ, વેલ્ફેર, હાઉસિંગ જેવા અલગ અલગ બોર્ડો ઉપર વ્યક્તિગત પાસાઓની જવાબદારીઓ છોડી દેવા કરતાં, સમગ્ર રીતે જીવનની ગુણવત્તાના સઘળા પાસાઓ ઉપર સંકલિતપણે, સામુહિક રીતે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરત રહેશે. જો ગરીબ લોકોને એક સંસ્થાથી બીજી સંસ્થા પાસે જવાનું રહેશે તો તેઓ આ સહાયકારી કાર્યક્રમોમાંથી કદી પણ સફળતાપૂર્વક ફાયદો નહિ મેળવી શકશે. આ બાબતના સંસ્થાકીય સૂચિત અર્થો બંધારણ (કોન્સ્ટિટ્યૂશન)માં પ્રતિબિંબિત કરવામાં આવશે, અને સંસ્થાઓની નિમણૂકોના હવે પછીના સમયગાળામાં તેને અભિવ્યક્ત કરવામાં આવશે. એમાં કોઈ શક નથી કે જમાતના બંધારણને ફરીથી ગોઠવવાની જરૂરત પડશે, કે જેથી આ નવીન પહેલોને બંધારણમાં દાખલ કરી શકાય.

અમે માહિતી અને જ્ઞાનની આપલે કરવા અને ઉપયોગ કરવા તેમજ આપણી સંસ્થાઓને નિષ્ણાત સહાય પૂરી પાડવા માટે એક ગોલ્ડન જ્યુબિલીની પહેલ તરીકે *જમાતી ક્વોલિટી ઓફ લાઈફ રિસોર્સ સેન્ટર*ની સ્થાપના કરવાનો પણ નિર્ણય કરેલ છે. આ રિસોર્સ સેન્ટર એગ્લેમો ખાતે સ્થિત હશે અને આથી, આવનારા વર્ષોમાં આ સંસ્થાની કામગીરીનું અમે પ્રત્યક્ષ નિરીક્ષણ કરી શકીશું.

જે બીજા મુદ્દાને આપણે હાથ ધરીશું, તે કંઈક આપણા સઘળા માટે પ્રમાણમાં નવું છે, તે આપણા શિક્ષણના કાર્યક્રમોના મહત્ત્વને બદલાવવાની જરૂરતનું છે. અહીં ચાઈલ્ડહૂડ ડેવલપ્મેન્ટ આધુનિક સમાજની એક લાક્ષણિકતા બની રહેલ છે, અને મનોલક્ષી વિજ્ઞાને (ન્યુરો સાયન્સ) આજે એવું દર્શાવી આપ્યું છે કે બાળપણના પ્રારંભિક વર્ષોમાં જ નાની ઉંમરની વ્યક્તિઓ કે જ્યારે મોટી થતી હોય છે ત્યારે જ તેમની કાબેલિયતો શ્રેષ્ઠ રીતે વિકાસ પામે છે. આનો જે અર્થ થાય છે તે એ છે કે આવનારા હવે પછીના દાયકાઓ દરમ્યાન, જગતભરની જમાત માટે, ગ્રામીણ વિસ્તારોમાં, શહેરી વિસ્તારોમાં, અહીં ચાઈલ્ડહૂડ ડેવલપ્મેન્ટ સેન્ટર્સને સ્થાપવાનો પ્રયાસ કરવા માટે આપણને સખત, સખત કાર્ય કરવું પડશે, અને અમે માનીએ છીએ કે આ બાબત અસરકારક રીતે, ઝડપી રીતે કરી શકાય તેમ છે, અને એ મૂળભૂત રીતે અમારી રૂહાની દીકરીઓના હાથમાં રહેશે. તેઓ એવી વ્યક્તિઓ છે કે જેમના પ્રતિ દૃષ્ટિ કરીને અમે ફરમાવીશું કે, આપણા યુવાન લોકોને આ નવીન તકો આપવા માટે જમાતને સહાય કરો, ઇમામને સહાય કરો, અને અમે વાસ્તવિક રીતે એમ માનીએ છીએ કે પ્રારંભિક બાળવયના વિકાસની આ તકો આપવા માટે આપણે જેટલા વધારે શક્તિમાન બનીશું તેટલા વધુ જલ્દી આપણે આ સમાજોના સંબંધિત સમાજોમાં તેમના ભવિષ્યને ફરીથી સ્થાનબદ્ધ કરવા શક્તિમાન બનીશું, કે જેથી ભવિષ્યમાંના જીવન માટે જમાતને તૈયાર કરવા નવીન ક્ષેત્રમાંની આ એક મોટી જવાબદારી છે.

હવે, અમે નઝરાણાના મુદ્દા સંબંધી અને નઝરાણાનો કઈ રીતે ઉપયોગ થનાર છે તે વિશે સંબોધવા ચાહીએ છીએ. અમે જમાતની ઉદારતા, ભૌતિક ઉદારતા, અને સમય તેમજ જ્ઞાનની એમ બન્ને ઉદારતા માટે અમે જે કદરદાની ધરાવીએ છીએ તેનાથી શરૂઆત કરીએ છીએ. અમે ચાહીએ છીએ કે આ ઉદારતા, જમાત અને તમે જેઓની વચ્ચે રહો છો તે લોકોના ફાયદા માટે તેમજ આપણી સંસ્થાઓની ભવિષ્યની કાબેલિયતનું ઘડતર કરવા માટે સંપૂર્ણપણે પરત કરવામાં આવે.

અમે સઘળા રૂહાની બાળકોને તેમના નઝરાણા માટે, ભૌતિક તેમજ સમય અને જ્ઞાનના નઝરાણા માટે અમારા ઉત્તમ, ઉત્તમ વહાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ, અને અમે ચાહીએ છીએ કે જ્યારે તમે ઘરે જાઓ, ત્યારે એ સઘળા મુરીદો કે જેઓએ આ ઉદારતા અર્પણ કરી છે, તેમને અમારા દુઆઆશિષો પહોંચાડજો. ખાનાવદાન, ખાનાવદાન.

એ સમજવું અગત્યનું છે કે સમય અને જ્ઞાન આપણા માટે શા માટે અતિ આવશ્યક બનવા પામેલ છે. અમારી જમાતના આગેવાનોને એ યાદ હશે કે, ઘણા લાંબા સમય અગાઉ, તેઓએ આર્થિક રીતે અને સામાજિક રીતે સુધારણા કરવાની શરૂઆત કરી હતી, તે પહેલાં અમે તમને તમારા વિવિધ દેશોમાં ફરમાવ્યું હતું કે કાળજીપૂર્વક રહો, એમ માનતા નહિ કે તમારા સમાજો સ્થગિત રહેનાર છે, કે પરિવર્તન થનાર નથી, કે તમારા સમાજોમાં પ્રતિસ્પર્ધા આવનાર નથી. અને અમને અમુક મુરીદોને એમ ફરમાવ્યું હોવાનું યાદ છે કે, તેના માટે તમારી જાતને તૈયાર કરો, અને તેઓએ અમારી સામે મૂંઝવણભરી રીતે જોયું હતું. અમે તેઓને જે ફરમાવવાનો પ્રયાસ કરતા હતા તેના માટે તેઓને તદ્દન ખાતરી ન હતી. અમે તેઓને જે ફરમાવવાનો પ્રયાસ કરતા હતા, તે એ હતું કે આપણને આપણી ક્ષમતાઓને વધારવાની જરૂરત હતી, કે જેથી આપણી સંસ્થાઓ, આપણાં કુટુંબો બદલાઈ રહેલા વાતાવરણમાં હરીફાઈ કરવા માટે સતત રીતે વધુ સારી સ્થિતિમાં હોય.

સમય અને જ્ઞાનના સૌથી મહાન સ્રોતોમાંથી સમય અને જ્ઞાનનો ઉપયોગ કરવો એ આપણા માટે એ બાબતની ચોકસાઈ કરવાનો એક માર્ગ છે કે વિશ્વભરની જમાત જ્ઞાનમાંથી ફાયદો હાંસલ કરી શકે, ભલે જ્યાં પણ તેનો વિકાસ થયો હોય.

આપણે અગાઉથી જ સમય અને જ્ઞાનમાંથી ફાયદો હાંસલ કરી રહ્યા છીએ, અને અમે એ બાબત ઉપર ભાર આપવા ચાહીએ છીએ કે - આ ઉદારતા - આપણી જમાતની એક લાંબી પ્રણાલિકા છે અને બેશક, તેનો કુરૂઆનમાં વિસ્તારપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેનો હદીસમાં વિસ્તારપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી એ મહત્ત્વનું છે કે આપણે સૌ એ સમજીએ કે આ એક લાંબા સમયથી સ્થાપિત કરાયેલ પ્રણાલિકા છે, અને એ પ્રણાલિકાને આપણી જમાતના ફાયદા માટે કાર્ય કરતી બનાવી શકીએ, એ હકીકતને સરળ રીતે કહીએ, તો લોકોના જીવનની ગુણવત્તાની સુધારણા માટે તેમને કઈ રીતે સહાય કરવી તેના માટે આપણા ધર્મની અંદર જે ભલામણો કરવામાં આવી છે તેને આપણી જમાત વ્યવહારમાં મૂકી રહી છે.

આથી, નઝરાણાનો ઉપયોગ નીચે પ્રમાણેની રીતે કરવામાં આવશે. સૌપ્રથમ, જમાતના નિર્બળ સભ્યો, ખાસ કરીને બુઝુર્ગો, જેઓ ગરીબીમાં જીવે છે અથવા શારીરિક જોખમની સ્થિતિમાં જીવે છે, તેમના જીવનની ગુણવત્તાને હાથ ધરતી નવીન પહેલોમાં તેનો ઉપયોગ કરવામાં આવશે. શારીરિક જોખમના સંદર્ભમાં, જે મુરીદો એવા ભૌતિક વાતાવરણોમાં રહે છે કે જે ભયજનક છે, તેમના માટે આવનારા દાયકાઓમાં અમે ખૂબ જ વધારે કાર્ય કરવા ચાહીએ છીએ. જે લોકો ભૂકંપની વલણવાળા (seismic) વિસ્તારોમાં રહે છે

અને જેઓ જોખમમાં છે, તેઓની સમસ્યાંઓને ઉકેલવામાં આપણે સફળ નથી થયા. આપણે એ જાણતા નથી કે એ ભૂકંપ સંબંધી જોખમ ક્યારે થવા પામશે, પરંતુ આપણે એ જાણીએ છીએ કે ત્યાં જોખમ રહેલું છે. આપણે એવો દંભ ન કરી શકીએ કે આપણે તે જાણતા નથી. આથી, અમારા મંતવ્ય પ્રમાણે, આપણને પરિવર્તનની એ પ્રક્રિયાઓને સ્થાનબદ્ધ કરવા માટે સખત કાર્ય કરવાની જરૂર છે, કે જે પ્રક્રિયાઓને આ સમાજો તેમની પોતાની બનાવી શકે, અને તે પછી તેમની ભવિષ્યની જરૂરતો પ્રતિ તેમને અનુકૂળ બનાંવી શકે.

બીજું ક્ષેત્ર, જેમાં નઝરાણાનો ઉપયોગ કરવામાં આવશે તે જમાતખાનાઓ, ઇસ્માઈલી સેન્ટરોનું બાંધકામનું ક્ષેત્ર છે, ખાસ કરીને જગતના એ વિસ્તારોમાં કે જ્યાં આપણે પૂરતા પ્રમાણમાં જમાતખાનાઓ કે ઇસ્માઈલી સેન્ટરો ધરાવતા નથી.

આપણે નઝરાણા ભંડોળનો ઉપયોગ આપણા ઇતિહાસને સાંકળી લેવા માટે, સંસ્કૃતિમાં આપણા પ્રતિભાશાળી યુવાન લોકોને સાંકળી લેવા માટે કરીશું, કે જેથી આપણે નવીન શૈક્ષણિક સામગ્રી, શીખવવા માટેની નવીન સામગ્રીનું સર્જન કરવા અને આપણા ઇતિહાસને વધુ અને વધુ કાબેલ રીતે સમજવા શક્તિમાન બનીએ, કે જેથી ભવિષ્યમાં આપણી ઓળખને વધુ મજબૂત કરવા માટે ભૂતકાળમાંથી આપણે પ્રેરણા મેળવી શકીએ. અને આ અતિ ઉચ્ચ મહત્ત્વનું પાસું છે, કારણ કે તમે સૌ જાણો છો તેમ, તેમાંની ઘણીખરી ઓળખને, ખાસ કરીને શીઆ જગતમાં બાજુએ મૂકી દેવાની વલણ ધરાવવામાં આવે છે, અને એ દરેક જગ્યાએ કે જ્યાં પણ આપણે જઈ શકીએ અને શોધી શકીએ ત્યાં જઈને શોધવાની આપણી ફરજ છે, પ્રણાલિકાઓ શું છે એ સમજવા માટે કોઈપણ પ્રયત્ન બાકી ન રાખીએ, એ પ્રણાલિકાઓને ફરી જીવંત બનાવો, અને તેને નવીન જીવન પ્રદાન કરો, અને ભવિષ્યમાં જમાતની ઓળખ માટે તેને ઉપયોગમાં લો.

અમે તમને અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેશનનો નિર્દેશ કરેલ છે, અમારે તમને ઉચ્ચ સ્તરના (tertiary) શિક્ષણ અને માધ્યમિક (secondary) શિક્ષણ વિશે જણાવવું છે. આપણે નઝરાણાનો આરોગ્ય-સંભાળ માટે, જે મુરીદો પ્રાથમિક આરોગ્ય-સંભાળની પણ પહોંચ નથી ધરાવતા તેમના આરોગ્ય-સંભાળની ગુણવત્તાની સુધારણા કરવા માટે, અથવા ક્ષેત્રના બીજા છેડે, એવા મુરીદો માટે ઉપયોગ કરીશું કે જેઓ ઔદ્યોગિક જગતમાંના ઉચ્ચ સ્તરના કેન્દ્રોમાં જવા મોટી રકમોનો ખર્ચ કરે છે, જ્યારે કે અમે માનીએ છીએ કે જમાત જે દેશોમાં રહે છે તેમાં ક્ષમતાની વૃદ્ધિ કરવી એ આપણી જવાબદારી છે.

આપણે નઝરાણાનો સાંસ્કૃતિક વારસામાં ઉપયોગ કરીશું. શા માટે? કારણ કે એ અમારી દૃઢ માન્યતા છે કે સાંસ્કૃતિક અનેકતાવાદ (cultural pluralism)માં વૃદ્ધિ કરવા, તમારા પોતાના દેશોની અંદર સાંસ્કૃતિક અનેકતાવાદને સમજવું એ તેનો ખુલાસો આપવાનો એક માર્ગ છે કે, સમાજો વિવિધ ઇતિહાસો ધરાવતા હોય છે, પરંતુ તેઓ પોતપોતાના પારસ્પરિક ઇતિહાસોનો આદર કરી શકે છે. બીજું, એ મહત્ત્વનું છે કે ઔદ્યોગિક જગતમાં, બિન-મુસ્લિમ જગતમાં, તેઓ આપણી સંસ્કૃતિઓને આજે જેમ જુએ છે, તે કરતાં અલગ રીતે તેઓએ જોવું જોઈએ. અને અમે જેમ ઓટાવામાં ફરમાવ્યું હતું તેમ આપણને ઔદ્યોગિક જગત પ્રતિ આપણી ઇસ્લામી પ્રણાલિકાઓમાંથી શ્રેષ્ઠ લઈ આવવું રહ્યું. તે એ છે કે તેઓએ જોવું જોઈએ, અને નહિ કે નરસું.

અંતે, આપણે નઝરાણાનો ઉપયોગ વ્યાપક રીતે ગ્રામીણ વિકાસ માટે કરીશું, કારણ કે અનેક, અનેક દેશોમાં આપણા ગ્રામીણ મુરીદો, હજુ પણ એ વાતાવરણમાં ઘણી, ઘણી જ વિશાળ તકલીફમાં છે.

આપણે આગળ તરફ દૃષ્ટિ કરીએ. આગળ શું છે? આગળ શું છે? સૌપ્રથમ, આપણને આપણી વિવિધ જમાતોમાં જીવનની ગુણવત્તામાં સમાનતા વધારવાનો પ્રયાસ કરવો જોઈએ, તે આપણી પ્રથમ ફરજ છે; જમાતો કે જે સંઘર્ષભરી પરિસ્થિતિઓમાંથી, બિન કાર્યક્ષમ સરકારો, વગેરેમાંથી બહાર આવવા પામી છે, અને આથી, તેમના જીવનની ગુણવત્તામાં સુધારણા કરવા પ્રયાસ કરવા અને તેમને શક્તિમાન બનાવવા આપણને એ જમાતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

બીજું, આપણે જે દેશોમાં રહીએ છીએ તેમાં સીવીલ સોસાયટી (નાગરિક સમાજ)ને આપણને વધુ મજબૂત બનાવવો જોઈએ. અમે અમારી જમાતને અનેક પ્રસંગોએ ફરમાવ્યું છે કે માનવીય શાસન વ્યવસ્થા (human governance) સંબંધી એક પાના ઉપર સ્પષ્ટપણે કોઈ પણ રીતે લખવામાં આવ્યું નથી. આવનારા દાયકાઓમાં દરેક પ્રકારની વિવિધ સરકારો રહેલી હશે. અને જો આમ હોય તો, એ અતિ આવશ્યક છે કે સીવીલ સોસાયટીએ જ્યાં સરકારો નબળી છે ત્યાં પણ માનવ વિકાસને ટકાવી રાખવો જોઈએ, અને અમે માનીએ છીએ કે આપણી સંસ્થાઓ, જમાત અને બીજાઓના ફાયદા માટે આ કાર્ય કરવા માટે વધુ અને વધુ કાર્યક્ષમ બનશે.

અને આગાખાન યુનિવર્સિટી, ધી યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ એશિયા, એકેડેમીઓ, આપણી હોસ્પિટલો, આપણી નાણાકીય સંસ્થાઓ માટે આવનારા દાયકાઓ કેવા હશે તેના વિશે

જો તમે આગળ વિચારણા કરો, તો અમે માનીએ છીએ કે તમે એ જોશો કે જેમ સમય આગળ વધતો જાય છે, તેમ સીવીલ સોસાયટીના વિકાસમાં સહભાગી થવાની આપણી શક્તિઓમાં વૃદ્ધિ થતી જશે. જો તેઓ વૃદ્ધિ પામે, આપણે આપણી ભવિષ્યની પેઢીઓ માટે, પરંતુ એ દેશોમાં એકંદર રીતે જીવનની સુધારેલી ગુણવત્તા માટે પણ ભવિષ્યને તૈયાર કરીશું.

આપણને મુસ્લિમ સમુદાયો વચ્ચે સંબંધો જોડવા જોઈએ. વર્તમાન સમયમાં, તમે સારી રીતે જાણો છો તેમ જગતભરમાં મુસ્લિમ સમાજો વચ્ચે બેહદ પ્રમાણમાં સંઘર્ષના, તણાવના પ્રવાહો રહેલા છે. આ ઉમ્માહને કમજોર બનાવે છે, તે મુસ્લિમ જગતની અંદર લોકો વચ્ચે પહેલાં કદી પણ હતાં તે કરતાં વધુ ઊંડાં વિભાજનોનું સર્જન કરે છે. સામાન્ય રીતે કહીએ તો, આ વિભાજનો રાજકીય મુદ્દાઓમાંથી જન્મેલા છે, પરંતુ મુસ્લિમ સમાજો વચ્ચેના સંબંધોના સઘળા પાસાઓ ઉપર તેના પ્રત્યાઘાત પડે છે. અને આથી, અમે વિચારીએ છીએ કે આપણે જ્યાં પણ કરી શકીએ ત્યાં સમાજો સાથેના સંબંધોને વધારવા માટેનો પ્રયાસ કરવો જોઈએ, કે જેથી આપણે તેમની સાથે એવી મૂલ્યપદ્ધતિ (value system)ની આપલે કરીએ કે જે મુસ્લિમ મૂલ્યપદ્ધતિ હોય. એક વખત એ બાબત - મુસ્લિમ મૂલ્યપદ્ધતિ, એ મૂલ્યપદ્ધતિ અને તે ઘણી જ મજબૂત મૂલ્યપદ્ધતિ છે, એ સમજાઈ જાય તો તે આ દેશોની માનસિકતાના ભાગરૂપ બની રહેશે, અને તેઓ એ મૂલ્યપદ્ધતિમાં ગૌરવ અને આત્મવિશ્વાસ તેમજ સુખ મેળવી શકશે, પરંતુ તે એક સાચી નૈતિક પદ્ધતિ હોવી જોઈએ અને ફક્ત રાજકારણથી જ દોરવાયેલી હોવી જોઈએ નહિ. જો તે રાજકારણથી દોરવાયેલ પદ્ધતિ હોય, તો આપણને તેનાથી ઘણે દૂર રહેવું જોઈએ, કારણ કે આપણને રાજકારણ અને દીનને ભેગાં કરવા જોઈએ નહિ. અમે માનીએ છીએ કે આ એક મહત્ત્વનો સંદેશ છે.

તે પછીનો મુદ્દો જેને આપણને હાથ ધરવો જોઈએ, તે તમે જ્યાં રહો છો તે વિવિધ દેશોમાં આવનારા દાયકાઓ માટે જમાતને યોગ્ય રીતે સ્થાનબદ્ધ કરવા અંગેનો છે, અને તેનો અર્થ આગળ દૃષ્ટિ કરવાનો અને એ સમજવાનો પ્રયાસ કરવાનો છે કે આ સમાજો કેવી રીતે પરિવર્તન પામશે; એવી કઈ મૂલ્યપદ્ધતિઓ છે કે જેને તમારે આગળ લઈ જવાની જરૂર છે, કારણ કે જેમ સમય આગળ વધતો જાય છે, તેમ તમારી પાસેથી અમુક મૂલ્યપદ્ધતિઓમાં પરિવર્તન કરવાની અપેક્ષાઓ રખાશે. સ્વતંત્રતા સ્વછંદતા બનવાની વલણ ધરાવતી જાય છે (Freedom is tending to become licence). એ સ્વીકાર્ય નથી. સ્વતંત્રતાનો દુરોપયોગ એ સ્વતંત્રતાનો ગેરઉપયોગ કરવો છે. અને આથી, અમને લાગે છે કે આપણને ઘણી જ સંભાળ લેવી જોઈએ કે આપણે આપણા ધર્મની

નીતિમત્તાને સમજીએ, આપણા ધર્મની નીતિમત્તાને વફાદાર રહીએ, અને બીજાઓને એની સમજણ આપીએ કે અમારી પાસે અમારી પોતાની નીતિમત્તા છે. આપણને તેઓને આપણી સઘળી નીતિમત્તામાં સહભાગી બનવાનું જણાવવું જોઈએ નહિ, અને ન તો તેઓએ આપણને સહભાગી બનાવવાનું જણાવવું જોઈએ. ખાસ કરીને જ્યારે આપણને લાગે કે જીવનના સિદ્ધાંતો વિવિધ લોકો, વિવિધ સરકારો, વગેરે વચ્ચે સ્પષ્ટ રીતે અલગ છે. અમારી જમાત એ સારી રીતે જાણે છે કે અમારા મંતવ્ય પ્રમાણે, અમે બાંધછોડ કરેલ નથી, અને અમે બાંધછોડ કરીશું નહિ, કારણ કે અમે માનીએ છીએ કે આપણી તરફ દૃષ્ટિ કરવાનું, અને અમે એવી આશા રાખીએ છીએ કે તેને સમજવાનું અને આપણી પદ્ધતિઓનું બહુમૂલ્ય કરવાનું બાકીના જગત ઉપર રહેલું છે. અમે દાખલા તરીકે, *દીન અને દુનિયા* તરફના વલણનો નિર્દેશ કરીએ છીએ. બેશક, અમે તેનાથી આગળ જઈશું, અમે માનીએ છીએ કે આપણી પાસેથી શીખવા માટે તેઓની પાસે ઘણું રહેશે અને ઘણું કરવાનું રહેશે. આથી, સામાજિક સંબંધોમાં અમર્યાદિત સ્વતંત્રતાને ક્ષણિક વિચારણાઓને સંતુષ્ટ કરવા માટે અથવા નશીલા પદાર્થોનો ઉપયોગ, કે જે અંતે અનેક અનેક લોકો માટે જીવનની ગુણવત્તા માટે પ્રતિકૂળ બની રહેશે, તેને આપણી મુલ્યપદ્ધતિઓમાં આડે આવવા માટે બાંધછોડોને પરવાનગી આપવાનો અમારો કોઈપણ, જરાપણ ઇરાદો નથી.

આથી, અમે અમારાં રૂહાની બાળકોને આજે ફરમાવીએ છીએ કે આપણે જ્યારે આગળ દૃષ્ટિ કરીએ ત્યારે આપણે શું બનવા ચાહીએ છીએ, એવું શું છે જે આપણા જીવન માટે મહત્ત્વનું છે, એવું શું છે કે જે આપણાં બાળકોના જીવન માટે મહત્ત્વનું છે તે વિશે આપણે વિચાર કરીએ. એ માર્ગદર્શન આપનારો સિદ્ધાંત છે, જેની સાથે આપણને કાર્ય કરવું જોઈએ. આથી, આજે અમે અમારાં રૂહાની બાળકોને ફરમાવીએ છીએ, હા, આપણે બીજાઓ સાથે કાર્ય કરવાનો પ્રયાસ કરીશું; આપણે પુલો બાંધવાનો પ્રયાસ કરીશું, પરંતુ આપણી મૂલ્યપદ્ધતિઓ અથવા આપણી ઓળખના ભોગે કદી પણ નહિ. એ બાંધછોડ છે કે જે આપણે નહિ કરીશું.

અમારાં વહાલાં રૂહાની બાળકો, આ તમારા માટે એક લાંબું, ઘણું જ લાંબું ફરમાન છે. તે એવા સંખ્યાબંધ મુદ્દાઓને સ્પર્શ કરે છે કે જેને હાથ ધરવા મુશ્કેલ છે, પરંતુ તે અમારા આગેવાનો અને અમારી પોતાની વચ્ચેના સંબંધની ખાસિયત છે. અમને લાગે છે કે ગંભીર મુદ્દાઓ સંબંધી તમને ફરમાવી શકવા માટે અમે ખુશકિસ્મત છીએ અને જગતમાં ૧૦ વર્ષોમાં, ૧૫ વર્ષોમાં, ૨૦ વર્ષોમાં, ઇન્શાઅલ્લાહ જમાતને અમે ક્યાં જોવા ચાહીએ છીએ એ તમને સમજવાનું છે. તે એ છે કે જે મહત્ત્વનું છે.

અમે તમને એ જણાવવા ચાહીએ છીએ કે આ ગોલ્ડન જ્યુબિલીના પ્રસંગે અમે કેટલાબધા ખુશી છીએ અને તેને સૂચક બનાવવા માટે, અમે સંખ્યાબંધ એ મુરીદોને ટાઈટલોની નવાજેશ ફરમાવીશું કે જેઓએ ખાસ કરીને સુંદર સેવાઓ આપી છે:

જોકે, અમે એ બાબત ઘણી, ઘણી જ સ્પષ્ટ કરવા ચાહીએ છીએ કે જે કાર્ય કરવામાં આવેલ છે તેમાં માત્ર ૨૦૦૬ના સમાપન સુધીના મુરીદોની સેવાઓને આવરી લેવામાં આવેલ છે. બીજા શબ્દોમાં, જે મુરીદોએ ૨૦૦૭માં અને ૨૦૦૮માં અસાધારણ કાર્ય કર્યું છે તેમનો આ સૂચિમાં સમાવેશ થયેલ નથી. જેમ ગોલ્ડન જ્યુબિલી પસાર થતી ગઈ, તેમ એવા મુરીદોની સંપૂર્ણ સૂચિ બનાવવાનું અશક્ય હતું કે જેઓ છેલ્લા બે વર્ષોમાં આટલી સુંદર રીતે સેવાઓ આપી છે. આથી, અમે આગેવાનોને ફરમાવ્યું છે કે ૨૦૦૯ કે જે માત્ર ૧૭ અથવા ૧૮ દિવસ દૂર છે, તેમાં ૨૦૦૭માં, ૨૦૦૮માં મુરીદો દ્વારા આપવામાં આવેલી સેવા તરફ આપણે દ્રષ્ટિ કરીશું, અને ૨૦૦૯ના અંત પહેલાં તેને માન્ય કરવાનો પ્રયાસ કરીશું. આથી, શું થવા પામ્યું, કે ૨૦૦૬ પછી શું બનશે એ સંબંધી જો તમે મુરીદો પાસેથી સવાલો સાંભળો તો તેઓને એવી ખાતરી આપજો કે તેઓને ભૂલી જવામાં આવ્યા નથી. તેઓને ભૂલી જવામાં આવશે નહિ. પરંતુ એ મહત્ત્વનું છે કે તે નૈતિક રીતે અને ન્યાયપૂર્ણ રીતે કરવામાં આવવું જોઈએ અને તેમાં એ મુરીદોને માન્યતા મળવી જોઈએ કે જેઓએ અસાધારણ રીતે સેવાઓ આપી છે અને જેઓએ અમારી ગોલ્ડન જ્યુબિલી દરમ્યાન વ્રધારાની વિશિષ્ટ સેવાઓ આપી છે.

અમારા માટે આ એક ભવ્ય વર્ષ રહ્યું છે, અથવા હકીકતમાં ૧૮ મહિનાઓ - એક વર્ષ કરતા વધારે, અને અમે વિચારીએ છીએ કે ગોલ્ડન જ્યુબિલી વર્ષ દરમ્યાન એ સર્વે પરિણામો કે જે આપણે હાંસલ કરવાનો પ્રયાસ કરતા હતા તેને હાંસલ કરવામાં આવ્યા છે.

અને અમે ફરી એક વાર તમને તમે જે ભવ્ય કાર્ય કર્યું છે તે બદલ અભિનંદન આપવા ચાહીએ છીએ, અને અમે ચાહીએ છીએ કે જે સઘળા મુરીદોએ તમને સહાય કરી છે, તેમને અમારા ખાસ દુઆઆશિષો પહોંચાડજો અને તેમને એ કહેજો કે અમે બેહદ ખુશીપૂર્વક અનેક દેશોની મુલાકાત લીધી હતી. ઇમામ માટે એ બાબત અપેક્ષાઓ માંગી લેતી (demanding) રહી છે, અને તે બીજાઓ માટે પરિશ્રમભરી રહી છે, પરંતુ આપણે હંમેશાં તે જાણતા હતા કે આમ થવાનું છે; તે ખાસ કરીને પરિશ્રમભરી રહી હતી એ અર્થમાં કે તેણે આપણને ભૂતકાળનું પૃથક્કરણ કરવા અને ભવિષ્યમાં નવીન જવાબદારીઓ લેતી કરેલ છે.

અમે ફરી એક વાર, તમારામાંના દરેકને અને એકેએકને, તમારાં કુટુંબોને, તમારી જમાતોને, આ ભવ્ય કાર્ય બદલ અમારા ખાસ દુઆઆશિષો, ખાસ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવદાન, ખાનાવદાન, ખાનાવદાન.

અમે ચાહીએ છીએ કે અમારા આગેવાનો એ જાણે કે અમે તેમની કેટલી પ્રશંસા કરીએ છીએ – અમે ચોક્કસ નથી કે અમે હંમેશાં તે જણાવી શક્યા હતા – કારણ કે સમય મૂલ્યવાન છે; પરંતુ અમે એવી પ્રશંસા ધરાવીએ છીએ, અમે ઉમ્માહના બીજા કોઈ એવા ભાગ વિશે વિચાર કરી શકતા નથી કે જેઓ આપણે જેવી ધરાવીએ છીએ તેવી આગેવાની ધરાવતા હોય, અને તે આપણું સુંદર સદ્‌ભાગ્ય છે. આથી, તમારા કુટુંબના સભ્યોને, તમારી જમાતોને આ ખુશીમાં સહભાગી બનાવજો, તેમને કહેજો કે ઇમામ તેમના માટે અતિશય ગૌરવ ધરાવે છે. ખાનાવદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમે તમને ફરમાવીએ છીએ કે, જ્યારે તમો તમારા ઘરે પાછા ફરો, ત્યારે તમારી જમાતો સાથે ગૉલ્ડન જ્યુબિલીના પ્રસંગે બન્ને ભૌતિક અને સમય અને જ્ઞાનના તેઓએ અર્પણ કરેલ ભવ્ય નઝરાણા માટે અમારો આભાર અને પ્રશંસા પહોંચાડજો. અમારા રૂહાની બચ્ચાઓને કહેજો કે એ અમારો ભરોસો છે કે તેઓની ઉદારતા ઇન્શાહઅલ્લાહ, આવનારા દાયકાઓમાંની ક્ષમતાઓમાં એક મહાન અસર ધરાવશે. તેઓની ઉદારતા ભવિષ્યમાંના ઘણા વરસોમાં આપણી સંસ્થાઓને શક્તિમાન બનાવવામાં, આપણા યુવાનોને આગળ વધવામાં, જુદા જુદા દેશોમાં કે જ્યાં તેઓ વસવાટ કરવાનું અને કાર્ય કરવાનું પસંદ કરશે તેમાં પોતાની જાતને યોગ્ય રીતે સ્થાપિત કરવા માટે યોગદાન આપશે.

તમારામાંના કેટલાક આજે વિદાય થશે, બીજા કેટલાક વિદાય નહીં થાય, પરંતુ અમે તમને ભવિષ્યમાં સમયાંતરે આવવા અને અમારી સાથે કાર્ય કરવા બોલાવીશું, જેથી આપણે ગૉલ્ડન જ્યુબિલી વરસના અંતે સાથે મળી જે કરવા માટે નક્કી કર્યું છે, તેને વાસ્તવમાં અસરકારક રીતે આગળ વધારીએ, કારણ કે આપણી સંસ્થાઓ બહુ જ ઝડપથી વૃદ્ધિ પામી રહી છે. અને એ અમારી આશા અને દુઆ છે કે, હમણાંથી ૧૦ અથવા ૧૫ વરસ પછી, જમાતની ક્ષમતા તે જે દેશોમાં રહે છે તેમાંથી મોટાભાગના દેશો,

અથવા અગર જો તે ઘણા મોટા દેશો હોય, તે દેશોમાંના વિભાગો કે જ્યાં જમાત વસવાટ કરે છે, તે ઘણી જ નોંધપાત્ર હશે, ખરેખર, અને આ એ છે કે જે જગતમાં ઇસ્લામના શીઆ ઇસ્માઈલી તરીકા પાસે હોવું જોઈએ. અમે તમારા માટે મહત્વાકાંક્ષી છીએ, પરંતુ તમારા માટે મહત્વાકાંક્ષી સાચી રીતે, જેવી રીતે એક પિતા અને માતા તેના બાળક માટે મહત્વાકાંક્ષી હોય છે, તે ઇચ્છે છે કે તેઓ સારી રીતે, યોગ્ય રીતે અને નૈતિક રીતે કાર્ય કરે. આ એ વિચારો છે જેમાં અમે તમારી સાથે સહભાગી બનાવવા ચાહીએ છીએ, અને જો કે અમે આજે તમારાથી શારિરીક રીતે વિદાય લઈ રહ્યા છીએ, અમે હંમેશાં તમારી સાથે છીએ. અમે તમારી સંભાળ રાખીએ છીએ, અમે તમારા વિશે વિચારીએ છીએ, અમે તમારા માટે દુ'આ કરીએ છીએ, અને અમે ઇચ્છીએ છીએ કે તમે એ જાણો કે અમે હંમેશાં અમારી જમાત સાથે છીએ. અમારી જિંદગીમાં અમારા માટે ક્યારેય પણ જમાતની સેવા કરવા સિવાય બીજું કંઈપણ મહત્ત્વનું રહેલ નથી. ખાનાવદાન, ખાનાવદાન.

અલ્લાહ મહોરિય્યા સલવાત પઢો.

મૌલાના હાઝર ઇમામના આએ માયાળુ તાલિકા અને ફરમાન મુબારકની નવાજીશ બદલ મારા તેમજ નેશનલ કાઉન્સિલના સઘળા મેમ્બરો તથા દરેક ઇમામત સંસ્થાઓના હોદ્દેદારો તરફથી આપ સૌ જમાતને લાખો લાખો મુબારકીઓ છે.

ગૉલ્ડન જ્યુબિલી ઉજવણી વરસ દરમ્યાન મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી વિશ્વભરની જમાતાની મુલાકાત લઈ દીદારની નવાજીશ ફરમાવી તેમજ આપશ્રીની તેમજ જમાતની ખિદમત કરવા માટે જે તકની બક્ષીસ ફરમાવી તે બદલ આપણે સૌ મૌલાના હાઝર ઇમામના લાખો લાખો શુકાનાઓ અદા કરીએ છીએ. આવનારા વરસો દરમ્યાન મૌલાના હાઝર ઇમામ વિશ્વભરની જમાત માટે જે ઉત્તમ ગુણવત્તાવાળુ જીવન ઇચ્છે છે તે માટે આપણે સૌ સાથે મળી ઇમામે ઝમાનની આએ ઇચ્છાને સાકાર કરવા માટે આપણી જાતને તૈયાર કરીએ, જેથી આજે ઇમામે ઝમાનની રહેમતો અને દુ'આઆશિષો થકી જે હાસિલ કરવા ભાગ્યશાળી થયા છીએ તે જ પ્રમાણે આવનાર ભવિષ્યમાં હજુ વધુ રહેમતો અને બરકતો મેળવવા ભાગ્યશાળી બની શકીએ તેમજ આ તકે આપણે એ જમાતોને પણ યાદ કરીએ કે જેઓ અનિવાર્ય સંજોગોને કારણે ગૉલ્ડન જ્યુબિલીની આએ ખુશીઓ અને રહેમતો મેળવવા ભાગ્શાળી નથી બની શક્યા અને એવી દુ'આઓ કરીએ કે તેઓ જલ્દીથી તેને મેળવવા ભાગ્યશાળી બને.

શુભેચ્છાઓ અને યા અલી મદદ સાથે
નિઝામુદ્દીન એન. અજાણી
પ્રેસિડેન્ટ